સફરનામા : પુસ્તક શ્રેણી : પુસ્તક-1

# સફરનામા

## સૌરાષ્ટ્ર

•

: લેખન :

સરૂપ ધ્રુવ

•

: પ્રકાશન :

**‘દર્શન’**

અમદાવાદ

**SAFARNAMA : PUSTAK SHRENI : PUSTAK - 1**

**SAURASHTRA**

by Saroop Dhruv

© Saroop Dhruv

**આવૃત્તિ- 1**

**વર્ષ : 2015**

**નકલ : 500**

| | | |
|---|---|---|
| **સહયોગ રાશિ :** | : | Rs. 150.00 |
| **વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે** | : | Rs. 75.00 |
| **કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** | : | **કે. શ્રીનિવાસ.** |
| **લે-આઉટ** | : | **ઈશ્વરભાઈ પ્રજાપતિ** |
| **મુદ્રક** | : | **સત્યમ્ પ્રિન્ટ** |

**પ્રકાશક-વિતરક :** **'દર્શન'**, 19-બી, પહેલો માળ, વિશ્વનગર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક, અમદાવાદ-380051

**રજી. સરનામું :** 9, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક વિસ્તાર, પો. વેજલપુર, અમદાવાદ -380 051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : **darshan.org@gmail.com**

**વેબ સાઈટ** : **www.darshanahmedabad.org**

## અમે આભારી છીએ


- 'પ્રેમલ જ્યોતિ' પરિવાર (ગુજરાત જેસુઈટ સોસાયટી).
- 'સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ'નાં તાલીમાર્થી યુવા સાથીઓ.
- 'સાઝા સાંસ્કૃતિક અભિયાન' અને 'ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશિયેટિવ' ના બિરાદર સાથીઓ.
- 'જનવિકાસ; ઉત્થાન; સફર; અમન સમુદાય અને અન્ય સ્વૈચ્છિક સંગઠનોનાં સાથીઓ.
- 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ' - સૂરતના ડો.કિરણ દેસાઈ અને ડો. સત્યકામ જોષી.
- સાંસ્કૃતિક અભ્યાસુ શ્રી સંજય ચોકસી (સૂરત).
- શ્રી ચંદ્રકાંત કડિયા
- **Mensen met een Missie** (નેધરલેન્ડ)
- કેટલાંક વિદેશી અને ભારતીય સંસ્કૃતિનાં અભ્યાસુઓ.
- 'દર્શન'નાં સહકર્મીઓ - કે.શ્રીનિવાસ; નિયતિ ગાંધી.
- બિરાદર ઈશ્વરભાઈ પ્રજાપતિ.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે -** | **હિરેન ગાંધી** | 1 |
| | … થોડુંક પહેલાં | 4 |
| **મુકામ - 1.** | લોથલ - ઈતિહાસનીયે પેલી પારનો ઈતિહાસ | 12 |
| **મુકામ - 2.** | આપણાં અભયારણ્યો અને… | 37 |
| **મુકામ - 3.** | ગઢડાનું સ્વામીનારાયણ ધામ:ગુજરાતનો આગવો ધર્મસંપ્રદાય | 40 |
| **મુકામ - 4.** | પાલિતાણા : જિનશાસન દેવની ધર્મનગરી | 58 |
| **મુકામ - 5.** | દીવ : દેશમાં જ પરદેશ | 76 |
| **મુકામ- 6.** | જય સોમનાથ! | 91 |
| **મુકામ- 7.** | વેરાવળ | 113 |
| **મુકામ- 8.** | સાસણગીર | 118 |
| **મુકામ- 9.** | જૂનાગઢ | 128 |
| **મુકામ - 10.** | પોરબંદર | 169 |
| **મુકામ - 11.** | મંદિર એક - કથા અનેક | 187 |
| **મુકામ - 12.** | દ્વારકા | 190 |
| **મુકામ - 13.** | બેટ દ્વારકા | 204 |
| **મુકામ - 14.** | આ પણ દ્વારકા છે, દોસ્તો! | 219 |
| **મુકામ - 15.** | જામનગરના રસ્તે | 225 |
| **મુકામ - 16.** | પિરોટન બેટ- સમુદ્રી અભયારણ્ય, ખિજડિયા પક્ષી અભયારણ્ય | 230 |
| **મુકામ - 17.** | "હેલો સાંભળો જી!" | 233 |
| **મુકામ - 18.** | ઝોળી ને ડંગોરાવાળાં ડોસો ડોસી | 237 |
| **મુકામ - 19.** | રજવાડું - ગઈકાલે અને આજે પણ…? | 240 |
| | … અને થોડું પછી | 255 |
| **પરિશિષ્ટ - 1.** | પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ | 260 |
| **પરિશિષ્ટ - 2.** | સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ | 269 |
| **પરિશિષ્ટ - 3.** | સૌરાષ્ટ્ર સંદર્ભ સૂચિ | 273 |
| **દર્શનનાં પ્રકાશનો** | | 274 |




# એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે…

આ પુસ્તિકાશ્રેણી એક લટાર છે- ગુજરાતની સદીઓ પુરાણી ભાતીગળ અને સહિયારી સંસ્કૃતિઓની. અત્યંત રોચક અને અલ્હાદક છે- આ લટાર; પણ સાથે સાથે એ અનેક તીખા, તૂરા અને કડવા સવાલો પણ ઉજાગર કરતી જાય છે. અને એ સવાલોના મૂળમાં છે - છેલ્લા થોડા દાયકાથી ગુજરાતની સંસ્કૃતિઓ સાથે થઈ રહેલ - રાજનીતિની સેળભેળ. ગુજરાતની 'મહાજન'ના નામે ઓળખાતી 'વ્યાપારી સંસ્કૃતિ'એ સર્જેલી એક નોંધપાત્ર વિડંબના ભણી પણ આપણું ધ્યાન ખેંચે છે. છેક પુરાણકાળથી માંડીને વીસમી સદી સુધીમાં ગુજરાતના સાહસિક શ્રમજીવીઓ, કલાકારો, કારીગરો, ખલાસી-ખારવાઓ, વ્યાપારીઓ અને શાસકોએ ગુજરાતની વિવિધતાપૂર્ણ ભૌગોલિક વાસ્તવિકતાઓને આધાર બનાવી સર્જેલા ભાતીગળ અને સહિયારા સાંસ્કૃતિક વારસાઓમાંથી કેટલાંક વારસાઓ પ્રત્યે આજના ગુજરાતીઓ અને શાસકો સદંતર આંખ આડા કાન કરતા રહે છે અથવા પછી એને તદ્દન અવાવરૂ બનાવી દેવાની તજવીજો કરે છે; અને બીજી તરફ બીજા કેટલાક પસંદગીના વારસાઓને ચોક્કસ રંગેરૂપે રંગી, એમાં ચોક્કસ પ્રકારના સંદર્ભોનું આરોપણ કરી નવા ઘાટઘૂટ સાથે આકર્ષક પેકેજીસમાં પેકેજીંગ કરી એનો આધુનિક ઢબે મોટાપાયે પ્રચાર-પ્રસાર કરાઈ રહ્યો છે- અને એ પણ કાં તો 'પ્રવાસન ઉદ્યોગ'ના વિકાસ માટે કાં પછી એકરંગી સંસ્કૃતિના ભ્રામક ખ્યાલને વાસ્તવિકતા તરીકે ઠસાવવા માટે.

આજના ગુજરાતના આવા 'પ્રોસેસ્ડ કલ્ચર' (નિશ્ચિત સાંસ્કૃતિક પ્રક્રિયાઓ વડે હકીકતો સાથે શક્યતા - સંભાવનાઓ, વાયકાઓ, ભ્રમણાઓ, દુરાગ્રહો-

પૂર્વગ્રહો વગેરેની ભેળસેળ કરી તૈયાર કરાયેલ સાંસ્કૃતિક પેકેજીસ)ની પ્રચાર દોડ અને બજારદોડમાં એ સહિયારી અને ભાતીગળ સંસ્કૃતિઓની 'ઓર્ગેનિક' (પ્રાકૃતિક) 'ખુશ્બૂ' અને તેનાં 'સ્વાસ્થ્યપ્રદ' તત્વોને તદ્દન નામશેષ કરી દેવાયેલ છે. સવાલ એ ઊભો થાય છે કે- કેમ આ 'પ્રોસેસ્ડ કલ્ચર' બતાડાય છે, સંભાળાવાય છે? કોણ રમી રહ્યું છે આ સાંસ્કૃતિક રાજનીતિની રમત? આજની બજાર સંસ્કૃતિ? ગુજરાતમાં વધતી જતી સાંસ્કૃતિક કટ્ટરતા? સંસ્કૃતિ અને રાજનીતિની ભેળસેળ? આ લટારનો હેતુ આ અને આવા સવાલોના ઉત્તરો આપવાનો નથી; પરંતુ આવા સવાલો ઉજાગર કરવાનો જરૂર છે.

આ સફરનામાઓ આપણને બૌધ્ધ, જૈન, ઇસ્લામી, હિન્દુ, ખ્રિસ્તી જેવી ધાર્મિક સંસ્કૃતિઓની સાથે સાથે વૈષ્ણવ, સ્વામિનારાયણ, સૂફી અને ભગત સંપ્રદાયોની સાંપ્રદાયિક સંસ્કૃતિઓનો પરિચય પણ કરાવે છે. એ ગુજરાત અને સિંધ પ્રદેશના પેટાળમાં છૂપાયેલી ભવ્ય સિંધુ સભ્યતાની હડપ્પા અને મોંહે - જો - દડો જેવી આર્યેતર સંસ્કૃતિઓની પણ ઝલક તાદૃષ્ય કરે છે. સફરોના આ અહેવાલોમાં ઇતિહાસ પણ છે, વર્ણનો પણ છે, માહિતી પણ છે, વિશ્લેષણ પણ છે અને સંસ્કૃતિઓને જોવા-સમજવાનો નિખાલસ, તટસ્થ અને વૈજ્ઞાનિક ઢબનો દૃષ્ટિકોણ પણ છે. આ દૃષ્ટિકોણ કોઇ વિદ્વાન અધ્યાપકનો કે શૈક્ષણિક સ્વરૂપનો નથી. એ જીજ્ઞાસુ અભ્યાસુનો છે, સાંસ્કૃતિક પ્રવાસીનો છે, જનવાદી સાંસ્કૃતિક કર્મશીલનો છે. વળી એ આલેખાયા છે- જનવાદી સર્જકની કેળવાયેલી કલમ વડે અને એથી જ એ કેટલાક સીધા-સોંસરા સવાલો-વિધાનોને અત્યંત માર્મિક અને કલાત્મક સ્વરૂપે નિરૂપી શકાઇ છે.

દેખીતી રીતે પ્રવાસવર્ણન જેવા લાગતા આ સફરનામાઓમાં પાત્રો છે, સંવાદો છે, પાત્રોના મનોભાવો છે, મત-મતાંતરો છે, ચર્ચાઓ છે અને વળી ક્યાંક ક્યાંક લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને શિષ્ટ ગુજરાતી સાહિત્યનો છંટકાવ પણ છે. આ સફરનામાઓમાં મોટાભાગનાં પાત્રો વાસ્તવ અને કલ્પનાના મિશ્રણ વડે સર્જાયાં છે. તો વળી રૂપેણ બંદરનાં ફાતમાબેન, કેવડિયાના મૂળજીકાકા, સરદાર સ્ટેચ્યૂના વિસ્તારોના સક્રિય કર્મશીલ લખનભાઇ જેવા પાત્રો તદ્દન





વાસ્તવિક છે. આ તમામ લાક્ષણિકતાઓના કારણે આ સફરનામાઓની રજૂઆતની શૈલી-પ્રસ્તુતિ-ખાસ્સી જીવંત અને રસપ્રદ બની છે.

છેલ્લા થોડા દાયકાથી કેટલાંક કટ્ટરવાદી સાંસ્કૃતિક સંગઠનો-પરિબળોએ ગુજરાતની વૈવિધ્યસભર, રંગબેરંગી સંસ્કૃતિઓને એક જ રંગમાં રંગવાના ખતરનાક, જીવલેણ અખતરા(પ્રયોગો) શરૂ કર્યા છે અને બીજી તરફ 'વિકાસ ભૂખ્યા' ગુજરાતીઓએ આજની યુવા પેઢીને સંસ્કૃતિઓને એક 'પ્રોડક્ટ' તરીકે જાણતી-નાણતી કરી દીધી છે ત્યારે, છેલ્લાં પાંત્રીસ વર્ષથી સતત યુવા અભ્યાસુ મંડળીઓ સાથે ગુજરાતની 'સાંસ્કૃતિક સફરો' ખેડતાં સાંસ્કૃતિક કર્મશીલ ડૉ.સરૂપ ધ્રુવનો આ સાંસ્કૃતિક હસ્તક્ષેપ સમયસરનો અને સચોટ લાગે છે. આ હાથપોથીઓ જરૂરથી સાંસ્કૃતિક, સામાજિક અને રાજનૈતિક બાબતોમાં રસ ધરાવતા યુવાઓ, અભ્યાસુઓ, તાલીમાર્થીઓ, વિદ્યાર્થીઓ તેમ જ કર્મશીલો માટે નવા સાંસ્કૃતિક ઉઘાડની દિશા ચીંધનાર દીવાદાંડી તરફની લટાર પૂરવાર થશે.

ગઇ સદીમાં હિટલરના સમયના જર્મનીએ આપણને (સમગ્ર માનવજાતને) શીખવેલો પેલો પાઠ આપણે કદી ભૂલી ન શકીએ. 'ફાસીવાદ હંમેશા સંસ્કૃતિના માર્ગે આવે છે અને પછી તે આખાયે સમાજના દિલો-દિમાગ ઉપર કબ્જો જમાવે છે.' જર્મનીના એ કાળમાં જ બર્તોલ્ત બ્રેખ્ત આ હકીકતને હંમેશા માટે યાદ અપાવવા જ પેલી પ્રસિધ્ધ કાવ્યપંક્તિ સર્જી હતી-

***"શું અંધકારનાં પણ ગીત ગવાશે?...***
***હા! અંધકારમાં અંધકારનાં પણ ગીત ગવાશે...!"***

આ સફરનામા 'અંધકારમાં અંધકારનાં ગીત' સમાન છે.

**હિરેન ગાંધી**

22 મે, 2015.

## ... થોડુંક પહેલાં

સાંસ્કૃતિક તાલીમાર્થીઓની સાથે બેસીને ચિંતન અને રચના ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસની ભૂમિકા ચર્ચી રહ્યાં હતાં. સ્વાભાવિક રીતે જ જૂથમાંથી પ્રશ્ન આવ્યો કે આને આપણે શા માટે 'સાંસ્કૃતિક પ્રવાસ'કહીએ છીએ?

જવાબમાં રચનાએ કહ્યું કે આ પ્રવાસનો મુખ્ય હેતુ ગુજરાતની સંસ્કૃતિનો પરિચય આપવાનો નાનકડો પ્રયાસ છે.

શેખરના મનમાં લાગલો સવાલ ઊઠ્યો અને એ તેણે બધાંની વચ્ચે મૂક્યોઃ ''આ 'સંસ્કૃતિ' તે 'કોની' સંસ્કૃતિ? ગુજરાત તો ભાતીગળ પ્રદેશ છે છતાં પણ અમુક સંસ્કૃતિને જ 'મુખ્ય પ્રવાહની સંસ્કૃતિ', 'આ જ તો છે ગુજરાતની સંસ્કૃતિ' એમ કહીને સમાજના તમામ વર્ગો- સમુદાયો ઉપર લાદવામાં આવી છે... તો પછી આપણે પણ..?''

''શેખર, આમ તો તારી વાત સાચી છે; આપણે કદાચ ઉપર ઉપરથી તો કહેવાતા મુખ્ય પ્રવાહની સંસ્કૃતિને ઓળખવાનો પ્રયાસ કરવાનાં છીએ પણ એમ કરતાં કરતાં સ્વાભાવિક રીતે જ એની સમાંતરે અને તેનાથી સામા પ્રવાહે ચાલતી લોકસંસ્કૃતિઓ અથવા તો હાંસિયા ઉપર ધક્કેલી દેવાયેલા લોકસમુદાયોની સંસ્કૃતિઓ વિશે પણ સીધી યા આડકતરી ઓળખ મળવાની જ છે. ખરેખર તો એ સવાલો મહત્વના છે કે આ પ્રયાસથી સંસ્કૃતિ વિશેની આપણી સર્વસાધારણ (જનરલ) સમજદારીમાં શો ઊમેરો થશે? કેવા પૂર્વગ્રહો-ગેરસમજો ઓગળશે? આખરે તો આપણે સૌ સાંસ્કૃતિક ફાસીવાદનો સામનો કરી રહ્યાં છીએ; તો એ સંદર્ભે આ પ્રવાસ આપણી સજ્જતામાં શો વધારો કરી શકશે એ નોંધવાનું છે.''





મીના અને યાસ્મિન અંદરોઅંદર કંઇક ગૂસપૂસ કરી રહ્યાં હતાં. ચિંતને પૂછ્યું: ''અરે, અંદર અંદર કેમ મૂંઝાઓ છો? કંઇ પૂછવું છે તમારે?''

છેવટે મીનાએ મૌન તોડ્યું: ''ચિંતનભાઇ, આ સંસ્કૃતિ શબ્દ જરા બરોબર સમજાવો ને!''

## સંસ્કૃતિ અને સભ્યતા એટલે?

ચિંતને મંડળી તરફ ભરપૂર નજર નાંખીને શરૂ કર્યું: ''માનવ સમાજના વિકાસની સાથે સંકળાયેલા બે મહત્વના મુદ્દા છે- સભ્યતા અને સંસ્કૃતિ.''

મંડળીમાં વળી ગણગણાટ શરૂ થયો: ''સંસ્કૃતિની વાત કરતાં હતાં એમાં આ 'સભ્યતા'વળી ક્યાંથી આવી?''

''સભ્યતા એટલે તો સારી રીતભાત-ને?''

''પેલું રીક્ષામાં લખેલું હોય છે ને... 'સભ્યતાથી બેસવું!''

''તે એને ને આ સંસ્કૃતિને શું લાગેવળગે?'' થોડાક સ્ફૂટ અને થોડાક અસ્ફૂટ સવાલો તરતા થયા.

લાક્ષણિક સ્મિત સાથે ચિંતને આગળ ચલાવ્યું: ''એક શબ્દના ઘણી વાર એક કરતાં વધારે અર્થો નીકળતા હોય છે.મોટેભાગે એકબીજા સાથે સંકળાયેલા પણ હોઇ શકે. આપણા સંદર્ભમાં 'સભ્યતા'નો અર્થ જોઇએ તો, જીવનને સરળ અને આરામદાયક બનાવવાની ટેક્નીક તે સભ્યતા. જેમાં રહેઠાણો બનાવવાં, પોષાક પહેરવા અને તે બનાવવા, રસોઇ કરવી ને જમવી, નાનાં મોટાં ઓજારો-સાધનો ઘડવાં ને વાપરવાં, વાહનો બનાવવાં અને તેનો ઉપયોગ કરવો, આરોગ્ય જાળવવા સફાઇ-ઇલાજથી માંડીને ઓપરેશન ને ટ્રાન્સપ્લાન્ટ સુધીની ટેક્નીકો વગેરે 'સભ્યતા' ના રૂપો છે. ટૂંકમાં, જીવન જીવવાનાં સંસાધનો (મિકેનિઝમ-રિસોર્સિઝ)... જેનો ક્રમિક વિકાસ થતો રહે અને વિજ્ઞાન-ટેક્નોલોજી સાથે તે આગળ વધતાં રહે તે સભ્યતા.''

રચનાએ જોડ્યું: “... અને માનવસમાજનાં વલણો, વર્તનો, આશાઓ, ટેવો-આદતો, ભાષા-બોલીઓ ઉપરાંત અભિવ્યક્તિની અલગ અલગ રીતો-ગાવું, નાચવું, વાદ્યો વગાડવાં, માત્ર રહેઠાણ સિવાયનાં મકાનો બાંધવા, કળા-સ્થાપત્ય ઉપરાંત આસ્થા-શ્રદ્ધા, એને જીવંત રાખવાની પરંપરાઓ, વિધિઓ, રૂઢિ-રિવાજો, તહેવારો... આ બધાંને આપણે ‘સંસ્કૃતિ’નાં રૂપો કહીશું. જેના ઘડતરમાં અને પ્રસારમાં ધર્મોનો મોટો ફાળો હોઇ શકે. આમ જુઓ તો સભ્યતા અને સંસ્કૃતિ જીવંત તત્વો છે અને માનવ સમાજ સાથે હંમેશા સંકળાયેલાં હોય છે.”

આ સાંભળીને ધીરજને પ્રશ્ન થયો: “બહેન, સંસ્કૃતિ એટલે તો જે કાંઇ બાપદાદાના વારાથી ચાલતું આવે છે, જૂનવાણી છે - એ નહિ?” રચનાથી હસી દેવાયું, “સારું કર્યું પૂછી લીધું- પણ હવે આ સુધારી લેવા જેવી ભૂલ છે. આ માટે ‘ઇતિહાસ’, ‘પરંપરા’ વગેરેની સમજણ પણ સ્પષ્ટ કરી લઇએ. ઇતિહાસ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે- જેનો અર્થ છે- ઇતિ હ આસ- એટલે કે આમ બન્યું હતું. સ્વાભાવિક રીતે આ હકીકત, તથ્ય સાથે જતો મુદ્દો છે અને ભૂતકાળનો મુદ્દો છે. એ વાત સાચી કે માનવસભ્યતા અને સંસ્કૃતિનો પણ ભૂતકાળ હતો પણ એ આજે પણ જીવે છે તે એના એ રૂપે નહિ; બદલાય પણ છે અને અમુક વખત સદંતર લોપાઇ જાય છે- ભૂંસાઇ જાય છે. પરંપરાનો મતલબ છે ‘સાંકળ’... જે એકધારી ચાલતી આવે છે. કેટલીક પરંપરા ઐતિહાસિક છે તો કેટલીક જીવંત-હજી ચાલુ છે. જેમ કે ભારતમાં સતી થવાનો રિવાજ હવે ઐતિહાસિક પરંપરા બની ગયો છે પણ દિવસમાં પાંચ વખત નમાઝ પઢવી તે એક જીવંત પરંપરા છે. આવાં ઉદાહરણો તમે જાતે શોધી શકો.”

ચિંતને આગળ કહ્યું: “આપણા આ પ્રવાસને લાગેવળગે છે ત્યાં સુધી આ પ્રવાસમાં તમને ઇતિહાસ, પરંપરા, જીવંત સભ્યતા-સંસ્કૃતિ બધાંને જોવા તપાસવાના મોકા મળશે. બધું જોતાં-સમજતાં તમે આ બધાં વચ્ચેનો સંબંધ અને તફાવત પણ ઓળખતાં થશો અને ખાસ તો, સ્થાપિત હિતો, સંસ્કૃતિ-પરંપરા-ઇતિહાસ વગેરેનો ઉપયોગ કે દુરૂપયોગ કેવી રીતે પોતાને મનફાવતી રીતે કરે





છે તે પણ સમજતાં થશો. સરવાળે, આ પ્રવાસ તમારી અંદરના સવાલોને બહાર લાવશે.”

રચનાએ પૂરું કરતાં કહ્યું, “... અને આ સવાલોના જવાબોની શોધ આપણી સહિયારી હશે. જવાબો પણ બધા જ મળી જશે એવી ખાત્રી ન અપાય....કદાચ નવા સવાલો ઊભા થશે, એટલું અચૂક! સંસ્કૃતિ મહાન જ હોય, એનું ગૌરવ કરવું જ પડે, એને માન આપવું જ પડે એવી શિખામણો અને માન્યતાઓથી મુક્ત થઇને, સંસ્કૃતિ સામે સવાલો પૂછતાં થઇએ એની આ શોધયાત્રા બનશે, એટલું નક્કી.” ચિંતને બધાંને પૂછ્યું- “હજી કોઇને કંઇ પ્રશ્ન હોય તો પૂછો.ચાલુ પ્રવાસે બહેન તમારી સાથે વાતો તો કરશે જ, છતાંય પૂર્વભૂમિકા સંદર્ભે બાકી રહેતું હોય તો નિઃસંકોચ અત્યારે જ પૂછી લેશો તો સરળતા રહેશે.”

## ‘ગુજરાત’ એટલે?

બાદલે સહેજ સંકોચ સાથે સવાલ કર્યો, “આમ તો ગુજરાત વિશે વધુ જાણવા-સમજવા તો મળવાનું જ છે પણ એક પાયાનો મુદ્દો રહી જતો લાગે છે. આ ‘ગુજરાત’ નામ કેવી રીતે પડ્યું હશે? દરેક નામની પાછળ કોઇ ને કોઇ મતલબ તો હોય જ ને? જેમ કે, મોટું રાષ્ટ્ર તે ‘મહારાષ્ટ્ર’, રાજાઓનું સ્થાન તે ‘રાજસ્થાન’, દેશની બરોબર મધ્યમાં આવ્યો તેથી ‘મધ્યપ્રદેશ’... તો ગુજરાતનું શું?”

વંદનાએ વચ્ચે જ કહ્યું, પણ એના અવાજમાં સંકોચ હતો- “મને થોડોક ખ્યાલ છે, કહું? અમે ગુજરાતી ભાષાવિજ્ઞાન ભણતાં ત્યારે આ જ મુદ્દો નીકળેલો તેથી યાદ છે. ‘ગુજરાત’શબ્દ ‘ગુર્જર રાષ્ટ્ર’માંથી ઊતરી આવેલો શબ્દ છે. ગૂર્જરજાતિના લોકોએ વસાવ્યું તેથી ‘ગૂર્જરરાષ્ટ્ર’-એમ માનવામાં આવે છે.”

હમિદના કાન ચમક્યા “યહ ગૂર્જર લોગ તો વે જાટ- ગુજ્જર કહે જાતે હૈં, વહી ના?”

“હા, એ જ લગભગ.”

''પણ હાલમાં તો ગુજ્જરો હરિયાણા ને પંજાબમાં વસે છે ને?''

''હા, પણ પ્રજાઓ અને અનેક જાતિ-સમુદાયોની અવરજવર તો હજારો વર્ષોથી અહીં થતી રહી છે. ત્રણ તરફ સમુદ્ર અને એક તરફ હિમાલયવાળા આ ભૂખંડનું બહુરંગીપણું તેની ભૌગોલિક સ્થાન- સ્થિતિને પણ આભારી છે.''

''બહેન, તમે કેમ ભૂખંડ શબ્દ વાપર્યો? - દેશ નહિ?'' મીનાના સાદા સવાલનો જવાબ ચિંતને આપ્યો ત્યારે સમજાયું કે ખરેખર, દેશ-રાષ્ટ્ર-રાજ્ય... જેવા શબ્દો સમજવાની પણ જરૂર હોય છે. ''આપણો દેશ 'ભારત' એક રાષ્ટ્ર તરીકે તો દોઢ સોએક વર્ષથી જ ઓળખાય છે. અને આપણે જેને 'રાષ્ટ્ર'કહીએ છીએ તે અભિગમ(ખયાલ) મૂળે આધુનિકતાની દેણ છે. મતલબ રાષ્ટ્ર-રાજ્યની ભાવના-વિભાવના લગભગ દોઢ સો - બસો વર્ષ દરમ્યાન જ ઘડાતી આવી છે. પણ સદીઓથી અહીં કેટલીયે પ્રજાતિઓ આવતી રહી છે, વસતી રહી છે, સ્થળાંતર કરતી રહી છે. ભારતની ત્રણ બાજુએ દરિયો છે, અને ઉત્તરે પર્વતમાળાઓ છે. આ તમામ રસ્તેથી આર્યો, શકો, હૂણો એવા અનેક સમુદાયો અહીં આવ્યા, અહીંના નદીકિનારાનાં ફળદ્રૂપ મેદાનોમાં વસવાટ કર્યો, ખેતી કરી, ગામ વસાવ્યાં... સભ્યતા અને સંસ્કૃતિ-બંને ખિલવ્યાં. આ ગૂર્જરો વિશે પણ કેટલાક વિદ્વાનોના મત છે કે તેઓ મધ્યએશિયા અને રશિયાની દક્ષિણે આવેલા જ્યોર્જિયા નામે પ્રદેશમાંથી દોઢેક હજાર વર્ષ પહેલાં પોતાનાં પશુધન સાથે અહીં ઊતરી આવ્યાં હતાં અને પશ્ચિમ ભારતના આ વિસ્તારોમાં વસ્યા. જે ગૂર્જરો અહીં વસ્યા, તેમના નામ ઉપરથી આ વિસ્તારને 'ગૂર્જરદેશ' કે 'ગૂર્જર રાષ્ટ્ર' નામ મળ્યું. ઉચ્ચારભેદે, લોકજીભે ઘસાતાં ઘસાતાં એ ગુજરાત બન્યું તે પણ છેક 13-14 મી સદી પછી. 11મી સદીમાં મોહમ્મદ ગઝની સાથે આવેલા તેના ઇતિહાસકાર બરનીએ પોતાના ઇતિહાસમાં આ પ્રદેશને 'ગુજ્જેરાત'તરીકે ઓળખાવ્યો. અંગ્રેજોથીયે પહેલાં અહીં પોર્ચુગીઝો આવેલા, તેઓ વળી 'ગુઝેરાટ' બોલતા અને લખતા. આમ ફક્ત 600 વર્ષથી આ પ્રદેશ 'ગુજરાત' તરીકે ઓળખાયો એમ કહેવાય.'' ચિંતને નામકરણની વિગતો આપી.





રચનાએ ઊમેર્યું: ''જો કે આજે જેને 'ગુજરાત' કહીએ છીએ એ એની રાજકીય ઓળખ છે અને 1960માં ઓફિશ્યલી આ વિસ્તારને આ નામ મળ્યું એમ કહેવાય. આજે એના અલગ અલગ ભૌગોલિક વિભાગો છે, તે મધ્યકાળથી સ્વાતંત્ર્ય સુધી વળી અલગ અલગ પ્રાદેશિક રાજ્યો / રજવાડાં હતાં; જેમ કે ઉત્તર ગુજરાતમાં વડનગરથી સાબરમતી સુધીનો પ્રદેશ આનર્ત કહેવાતો; જે પુરાણોમાં ઇ.સ.5મી થી 11 મી સદી દરમ્યાન, ઓળખાયો છે. નર્મદા કિનારાથી છેક મહારાષ્ટ્રના નાલા સોપારા સુધીના પ્રદેશને 'લાટ' કહેવાતો. જૈન પ્રબંધોમાં આ નામ જાણીતું છે. પુરાણો અને મહાભારતમાં જેને 'સુરાષ્ટ્ર' કહ્યો છે તે આજનું સૌરાષ્ટ્ર છે. 'કચ્છ'નો કોઈ પ્રાચીન ઉલ્લેખ નથી. ફક્ત મધ્યકાલીન ઇતિહાસમાં કચ્છ તો સિંધના એક ભાગ તરીકે ઓળખાતો અને એ સિંધ તો આજે પાકિસ્તાનમાં છે. અને ખરું પૂછો તો આ તો નજીકનો બે-અઢી હજાર વર્ષનો જ ઇતિહાસ છે; એથીયે પહેલાં મોંએં-જો-દડો અને લોથલ, ધોળાવીરા ને દેશળપરની વાત કરીએ તો વળી સિંધુસભ્યતા દરમ્યાન આ ભૌગોલિક વિસ્તારનું નામ વળી શુંએ હશે?... લિપિ સમજવાના અભાવે કે લેખિત ઇતિહાસના અભાવે આપણે એ સમય વિશે તો અંધારામાં જ છીએ! એ પણ 'ગુજરાત'ના ભૌગોલિક સીમાડા કહેવાય!''

''હજી વિગતોમાં થોડાં ઊંડાં ઊતરીએ તો આખો સૌરાષ્ટ્ર તો 300 થી યે વધુ રાજ્યો- રજવાડાંનો પ્રદેશ હતો. જેના મુખ્ય ભાગો જાણીતા છે તે કહું તો જૂનાગઢને 'સોરઠ' કહેતા, અમરેલીને 'બાબરિયાવાડ', જામનગર તે 'હાલાર', સુરેન્દ્રનગર તે 'ઝાલાવાડ', ભાવનગર તે 'ગોહિલવાડ', રાજકોટ-પોરબંદર તે 'બારાડી', અને દ્વારકા તે 'ઓખો' નામે ઓળખાતાં. અને આખું સૌરાષ્ટ્ર 'કાઠિયાવાડ' કેમ કહેવાય તે જાણો છો?- હજારો વર્ષ પહેલાં ભૂમધ્ય સમુદ્ર તરફથી ઊતરી આવેલા સિથિયનો તે કાઠીઓ કહેવાયા અને એમનો પ્રદેશ તે કાઠિયાવાડ! હવે કહો, કેટકેટલા સમુદાયોની મા-ભોમ છે આ કહેવાતું ગુજરાત?!''

"અચ્છા... એનો મતલબ એ કે આજે જે ગુજરાત કહેવાય છે એના તો અનેક ટુકડા હતા..." શેખરે પોતાની રીતે સમીકરણ માંડ્યું.

"એને ટુકડા કેમ કહેવાય? એ બધા અલગ રાજકીય વિભાગો હતા. અમુક અંશે ભૌગોલિક વૈવિધ્ય પણ હતું જ... અને આજે પણ દરેક વિસ્તારમાં કંઇક આગવી ખાસિયતો બચી ગઇ છે. આપણને આ વૈવિધ્ય પણ જોવા મળશે." રચનાએ કહ્યું.

"સરવાળે, એક વાત યાદ રાખવા જેવી ખરી કે આપણે અમુક-તમુક વિસ્તારની સંસ્કૃતિ વિશે અભિમાન રાખતાં હોઇએ છીએ કે આ તો 'અમારી આગવી'સંસ્કૃતિ! હવે વિચારો- અહીં કેટકેટલું મિશ્રણ અને કેટકેટલો પરસ્પરનો પ્રભાવ પડ્યો છે તે સમજવા જેવું છે! 'આગવું'એટલે શું- એ પણ વિચારતાં રહેજો. સભ્યતા અને સંસ્કૃતિ વિવિધ સમયગાળે, વિવિધ પ્રકારની માનવજાતિઓ વચ્ચેના સંબંધો-સંપર્કો અને આદાન-પ્રદાનથી જ આકાર લેતી હોય છે. માનવજાતનો આખો ઇતિહાસ આવા મેળાપો અને મિશ્રણોનો જ ઇતિહાસ છે. એમાં શુદ્ધ, શ્રેષ્ઠ, ઉચ્ચ, પવિત્ર... એવું બધું કંઇ નથી- ન હોઇ શકે; અને જે લોકો આવી વાતો કરે છે, આવા હઠાગ્રહો રાખે છે તેમનો એમાં કંઇક સ્વાર્થ હોય છે એ પણ પકડજો." ચિંતને જાણે નવી કેડી ચિંધી આપી.

રચનાએ સમેટતાં કહ્યું, "અમને લાગે છે કે આપણો આ પ્રવાસ આ તબક્કે કંઇક નવી સમજ અને કંઇકંઇ નવા પ્રશ્નો ઊભા કરશે... જરૂર પડશે આંખ, કાન, મન અને મગજને ખુલ્લાં રાખવાની- હું તો કહીશ- ખુલ્લાં હૈયે જોજો ને જાણજો. મનમાં જે લાગે તે નિખાલસતાથી બોલજો. 'સંસ્કૃતિ' સામેના મૌનની સંસ્કૃતિ આપણે તોડવાની છે, એ છે આપણા પ્રવાસની પહેલી તૈયારી. ફિડબેક મિટીંગ લગભગ રોજેરોજ થશે. બધાં ભાગ લેજો અને વિચારોના આદાનપ્રદાનનો લ્હાવો લેજો. બીજા સામાન વિશે કોઇ સૂચના નથી આપવાની પણ ડાયરી-પેન-ગમે તો ચિત્રપોથી-હોય તો કેમેરા





સાથે રાખજો અને સતતનું દસ્તાવેજીકરણ કરતાં રહેજો. મોકળા રહેજો ને મોકળાશની મજા માણજો."

ચિંતને જાણે છેલ્લી વાત કરી- "આનંદ સાથે જાણકારી મળશે અને જાણકારીનું વિશ્લેષણ થતું રહેશે. ટૂંકમાં કહું તો જાગૃત નાગરિક બનવાનો આ એક મઝાનો મોકો છે... તો પછી... ઝંપલાવો!"

★★★

**મુકામ - 1.**

# લોથલ - ઇતિહાસનીયે પેલી પારનો ઇતિહાસ



**લોથલ સાઈટ**

હાઈવે 8 ઉપર, સાંસ્કૃતિક પ્રવાસીઓની મિની-બસ અમદાવાદથી લોથલના રસ્તે જઇ રહી હતી. રસ્તાની બંને તરફ બાવળનાં ઝૂંડની પાછળ ખારો પાટ પથરાયેલો દેખાયો. રેતાળ ઢોળાવો પાછળથી ડોકાતી તરડાયેલી રાખોડી માટી સફેદ ઓઘરાળાથી ખરડાયેલી હતી. ધીરજે પ્રશ્ન તરતો મૂક્યો : ‘‘રચના બહેન, આ રોડની બંને તરફ મીઠા જેવું દેખાય છે પણ મીઠું તો નથી; એ શું?’’





‘‘આ વિસ્તારને ‘ખારો પાટ’કહેવાય તે આ ‘ખાર’ને લીધે. આ વિસ્તાર ખંભાતના અખાતથી ખાસ દૂર નથી. ક્યારેક અખાતનાં પાણી અહીં સુધી ધસી આવે છે, અહીંની જમીન-ખેતર ઉપર બધે ફરી વળે છે ને પરિણામે ખેતરને - ક્યારેક ઊભા પાકને તો ક્યારેક ગામનાં ગામને ખાસ્સું નુકસાન પહોંચાડે છે. આવા ઉપદ્રવને ‘વાધું’ કહેવાય - વધે તે વાધું!’’ રચનાની માહિતીએ મંડળીમાં સવાલો ઉઠાવ્યા.

‘‘તો તો અહીંની જમીન નકામી થઈ ગઈ હશે, નહિ?’’

‘‘સાવ નહિ. સિઝનમાં કપાસ તો પાકે છે અને પશ્ચિમે આગળ જાઓ ત્યાં ‘ભાલ’તરીકે ઓળખાતા પ્રદેશના ઘઉં તો ખૂબ પ્રખ્યાત થઇ ગયા છે.’’ ‘‘ભાલિયા ઘઉંની જાત પણ દળદાર ને લાંબી અને સ્વાદ પણ મીઠો.’’ શેખરને ખેતીવાડીમાં ખાસો રસ. રચનાએ નવો મુદ્દો વહેતો મૂક્યોઃ ‘‘કદાચ તમને ખ્યાલ હશે કે હજારો વર્ષ પહેલાં અહીંના ભૂપૃષ્ઠમાં ઘણા ફેરફાર થયા હતા.પહેલાં અહીં દરિયો હતો. સૌરાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે પાણી હતાં અને કચ્છ તો ટાપુ જ હતો.’’

‘‘તો.... આ વાધું એ વળી પાછો ફરી રહેલો દરિયો હશે?’’ બાદલને પ્રશ્ન થયો. ‘‘ જે રીતે સૌરાષ્ટ્ર-કચ્છના દરિયા કિનારે ઉદ્યોગો વધી રહ્યા છે, તેનાં રસાયણોનો કચરો દરિયામાં ઠલવાઇ રહ્યો છે તે જોતાં વળી પાછા ભૂસ્તરીય ફેરફારો થાય તો કંઇ કહેવાય નહિ.’’

‘‘યહાં કી હવામેં કૈસી સિલી સિલી બૂ આ રહી હૈ?...શાયદ ઇસી કો કહતે હોંગે ઇતિહાસ કી પહચાન?!’’ આમિરે આસપાસની હવાને માણતાં માણતાં કહ્યું

‘‘ભાઇ સાબ, ઇતિહાસ કી નહીં- ઇસે ભૂગોલકી પહચાન કહતે હૈં!’’ યાસ્મિને સુધાર્યું.

‘‘કદાચ ઇતિહાસ અને ભૂગોળ બંનેની ખૂશ્બૂ કહેવી જોઇએ’’ વંદનાએ વળી ઓર સુધાર્યું.

ત્યાં જ બસે દક્ષિણ દિશાએ હૂક ટર્ન લીધો અને બાવળનાં ઝૂંડથી ભરચક રેતાળ-ટેકરિયો વિસ્તાર શરૂ થયો. થોડા થોડા અંતરે ઘેરા ભૂરા રંગનાં કશીક માહિતી આપતાં પાટિયાં દેખાવા લાગ્યાં "હરપ્પન સભ્યતાનું પ્રાચીન બંદર લોથલ." થોડી વારે અનેક વળાંકો પસાર કરતી બસ એક ટેકરાની સામે અટકી. ડાબી તરફ ટીંબો ને જમણી તરફ બેઠા ઘાટનું અનાકર્ષક મકાન. દરવાજે સરકારી પાટિયાં પાછળ ટિકિટ- ઘર. થોડાક વિદેશી સહેલાણીઓ પીઠથેલા(બેકપેક) ભેરવીને આમતેમ ફરતા દેખાયા. "આ?" - બસમાં બેઠા બેઠાં જ મિત્રોએ ગણગણાટ શરૂ કર્યો.

"આ લોથલ? અહીં શું જોવા જેવું છે વળી?

"અલ્યા, આપણા પ્રવાસનું પહેલ્લું જ સ્થળ સાવ આવું?"

"પતા નહીં, રેત કે ટીલેમેં ક્યા દેખને જૈસા હૈગા?"

"અરે, તમે ઉતરો તો ખરાં.અહીં તો આખેઆખા યુગ દટાઇને પડ્યા છે. માણસજાતે કેવી કેવી રીતે સમાજને ઘડ્યો છે તે જોવાનું છે - આવો"- મંડળી નીચે ઊતરી તો ખરી. ત્યાં કનુભાઇ ડ્રાઇવરે બૂમ મારીઃ "અડધી કલ્લાકમાં પતાવી દેજો હોં- જમવાનું રસ્તામાં જ રાખીશું." ને પછી મિત્રોને સંબોધીને રચનાએ પૂછ્યું "અહીં ટીંબા પર 'સાઇટ' છે અને પેલું મ્યુઝિયમ છે. અહીં અલગ અલગ રીતે જોવાનો અનુભવ કર્યો છે -ક્યારેક સાઇટ જોઇને પછી મ્યુઝિયમ જોયું છે તો ક્યારેક મ્યુઝિયમ જોયા પછી સાઇટ જોઇ છે. તો ક્યારેક વળી સાઇટ-મ્યુઝિયમ-ને વળી પાછી સાઇટ-એવો ક્રમ પણ રાખ્યો છે. બોલો, આપણે શું કરવું છે?"

"મ્યુઝિયમમાં શું છે?"

"આ ટીંબામાંથી જે કંઇ મળી તે સામગ્રીનો સંગ્રહ છે, માહિતી આપતાં ચિત્રો છે, સ્થળનો ઇતિહાસ વગેરે આપતું પુસ્તક મળે છે...."

"તો તો પહેલાં મ્યુઝિયમ જોઇએ- સમજીએ ને પછી સાઇટ ઉપર જઇશું." મીનાએ પોતાની ઇચ્છા જણાવી.





"પણ સૌથી પહેલાં તો લોથલ વિશે વિગતવાર સમજવું પડશે ને? બહેન, આ પણે અંદર પેલું માંડવા જેવું દેખાય છે, ત્યાં જઇને બેસીએ ને બધું જાણીએ- સમજીએ." બાદલે સીધી માંડવા તરફ દોટ મૂકી. ટિકિટો લઇને સૌ માંડવે પહોંચ્યા. ગોઠવાયાં અને રચનાને લાગલું જ પૂછયું, "બહેન, સૌથી પહેલાં આ 'લોથલ' નામનો અર્થ કહો- કંઇક વિચિત્ર લાગે છે!" ધીરજે એકડે એકથી જ શરૂઆત કરી.

વંદનાને ભાષાનો ઠીકઠીક અભ્યાસ; તેણે અર્થઘટન કરવાનો પ્રયત્ન કર્યો-

"લોથનો અર્થ તો 'લાશ' થાય ને? સ્થળ નું નામ એવું હોય?"

"હોય, તારું અર્થઘટન તદ્દન સાચું, વંદના. લોથ-લાશો જ્યાંથી મળી આવી તે લોથલ...એમ કહેવાય છે."

"મતલબ કે અહીં લાશો દાટેલી હતી?" મીનાની આંખો પહોળી થઇ ગઇ.

"ના, પણ આ સ્થળની ખબર પડી તે આ લાશો નીકળવાથી. તમને શરૂઆતથી જ કહું તો આ સ્થળની શોધખોળની પાછળ માણસજાત વિશે જાણકારી મેળવવાની જિજ્ઞાસા છે!"

"એટલે કે આ સ્થળની શોધ કરવામાં આવી હતી?" ધીરજને સમજાયું નહિ.

## સંસ્કૃતિ-સભ્યતાની શોધમાં...

"હા અને ના!" રચનાએ યુરોપના જ્ઞાનપ્રકાશ યુગ (રેનેસાં) ના પાછલા ચરણની જ્ઞાનપિપાસાના ઉલ્લેખથી શરૂઆત કરીઃ "ઓગણીસમી સદીમાં યુરોપના કેટલાક ઇતિહાસલેખકો, સમાજવિજ્ઞાનીઓ, ભાષા- વિજ્ઞાનીઓએ પૂર્વના દેશો તરફ નવી નજરે જોવા માંડ્યું હતું. મોટાભાગના પૂર્વના દેશો પશ્ચિમની મહાસત્તા બ્રિટન-ફ્રાન્સ-વગેરેનાં સંસ્થાનો(કોલોની) હતાં. અહીંના પ્રાકૃતિક સ્રોતો અને માનવશક્તિનો પૂરેપૂરો લાભ ઉઠાવનારી મહાસત્તાઓ વગેરેને મન પૂર્વના દેશો જંગલી, પછાત, અંધશ્રદ્ધાળુ, ગરીબ અને અજ્ઞાની હતા. પણ પેલા નવી દષ્ટિથી જોનારાઓ પૂર્વની પ્રાચીન સભ્યતાઓ-સંસ્કૃતિ-

સાહિત્ય-ધર્મસંપ્રદાયોનો અભ્યાસ કરીને કંઇક અલગ તારણો ઉપર આવ્યા હતા. ખાસ કરીને હિંદુસ્તાન, ચીન, જાપાન, આફ્રિકા જેવા ભૂખંડોની પ્રાચીનતા અને ભવ્યતાને સ્વીકારતા થયા હતા. આવા વિદ્વાનો પોતાને મળેલા માહિતી સ્રોતો શાસ્ત્રો-પુરાણો-ગીતા, મહાભારત, રામાયણ, સંસ્કૃત નાટકો વગેરેને કારણે આ ભૂખંડને 'આર્યદેશ'માનતા થયા હતા. જેમની સાથે આપણે ત્યાંના વિદ્વાનો અને ઇતિહાસ લેખકોએ આર્યપ્રજાની સાંસ્કૃતિક મહાનતાનો મહિમા ગાવો શરૂ કર્યો જેમાં એમને પશ્ચિમના એ ઓરિએન્ટાલિસ્ટ (પૂર્વની વિદ્યાઓના અભ્યાસી) વિદ્વાનોમાં મેક્સમૂલર, એ.બી.કીથ, સર વિલિયમ્સ જોન્સ વગેરે હતા તો ગુજરાતમાં દુર્ગાશંકર શાસ્ત્રી, મણિલાલ નભુભાઇની વિચારસરણી સાથે પાછળથી ક.મા.મુનશી, કે.કા.શાસ્ત્રી જેવા વિદ્વાનો જોડાયા હતા જેમણે આખા આ ભૂખંડને આર્યાવર્ત તરીકે ઠસાવવામાં મોટો ફાળો આપ્યો.''

''આવું 'ઠસાવવા' જેવો શબ્દ કેમ વાપર્યો, બહેન?'' શેખરનું કુતૂહલ મહત્વનું હતું. ''એમાં આપણી આજની હાલતના મૂળિયાં વવાયાં છે એટલે.ખેર, એ વિદ્વાનો ઉપરાંત દયાનંદ સરસ્વતી, વિવેકાનંદ જેવા ધાર્મિક-સાંસ્કૃતિક નેતાઓ પણ પોતાની રીતે સનાતન ધર્મ, આર્યસંસ્કૃતિ, વેદ-પુરાણો, જ્ઞાતિપ્રથા, વર્ણાશ્રમ, સ્ત્રી-ધર્મ... વગેરે સાથે આર્યસંસ્કૃતિની સર્વશ્રેષ્ઠતાનો પ્રચાર કરી રહ્યા હતા.

''... પણ ત્યારે જ વળી પશ્ચિમના વીસમી સદીના વિદ્વાનોના અભ્યાસને કારણે નવી બારી ખૂલી અને નવી જ દિશા દેખાઇ. પેલા ઓરિએન્ટાલિસ્ટોથી આગળ વધીને માનવસભ્યતાઓના અભ્યાસને એક રીતે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઓપ આપ્યો.પુરાતત્વવિદ્યાના આધારે જે તથ્યો ઉજાગર થયા તેને કારણે આર્યો કરતાંયે પહેલાંની માનવસભ્યતાની શોધ થઇ અને આગળ વધી.''

''કઇ? કઇ વિદ્યા બહેન? પુરાત...?'' વંદના ગૂંચવાઇ હતી; આમિર-હમીદ-પરવીન, યાસ્મિન અને વિલ્સન માટે તો શબ્દ જ નવો હતો! 'પુરાતત્વ- એટલે જૂનો-પુરા-પહેલાંની સભ્યતાની ચીજો ઉપરથી અનુમાન





કરીને તથ્યમૂલક વિચારધારા વિકસાવવી તે- પુરાતત્ત્વ વિદ્યા (આર્કિયોલોજી)''.

''એવી ચીજો કઇ? ક્યાંથી મળે?''

''જમીનમાં ખોદકામ કરતાં જ્યારે ઠીકરાંના રૂપે વાસણો, ઓજારો, ઘરવખરી કે ઘર વપરાશનાં જણાતાં સાધનોના ટુકડા, હાડકાં- જે પશુપંખીના હોય ને માણસોનાંયે હોય... તો એનો અભ્યાસ કરવાથી દટાયેલી માનવસભ્યતાની જાણકારી મળે.''

''આખ્ખી સભ્યતા દફન હોય જાવે? વો કૈસે!'' હમિદને સવાલ થયાં.

''કુદરતી હોનારતો જેવી કે ભૂકંપ, સુનામી, પાણીનું પૂર, જંગલની આગ (દાવાનળ) દુકાળ જો મોટા પ્રમાણમાં બને તો ગામોનાં ગામ કે શહેરોનાં શહેર સુદ્ધાં દટાઇ જતાં નોંધાયા છે. મોટી નદીઓ જ્યારે વહેણ બદલી નાખે ત્યારે પણ આવું થાય. ક્યારેક માનવસર્જિત દુર્ઘટનાઓ જેવી કે મોટું યુદ્ધ, ધાડ (લૂંટફાટના હેતુથી થયેલો ટોળાબંધ હુમલો) કે હુલ્લડો થાય ત્યારે પણ માનવસભ્યતા નાશ પામે કાં તો મોટા પ્રમાણમાં સ્થળાંતર થવાના કારણે પણ આવું થવાની શક્યતા.''

''મતલબ કિ બાદ મે ચલકે અગર વહાં ખોદા જાય તો માનવસમાજ કી નિશાનિયાં મિલ સકતી હૈં?'' પરવીને તારણ કાઢ્યું.

''હા, એ ખોદકામને પુરાતત્વવિદ્યાની પરિભાષામાં ઉત્ખનન(એસ્કેવેશન) કહેવાય છે. ઉત્ખનન દરમ્યાન મળી આવેલી ચીજવસ્તુઓની માપણી, તોલ અને તેના પર કેમિકલ ચકાસણી(ટેસ્ટ) કરીને તારણો-પરિણામો કાઢવામાં આવે છે.''

''પણ આવાં ઉત્ખનન શા આધારે થાય? કંઇ એમનેમ તો નહીં જ થતાં હોય ને?!'' શેખરે તાર્કિક સવાલ કર્યો.

"સાચી વાત.ક્યારેક વિસ્તારના સ્થાનિક લોકોને કશુંક હાથે ચડે, માટી ખોદતાં કોઇક અવશેષો મળી આવે કે નવાં બાંધકામ કરવા ખોદવા જાય ત્યારે કંઇક જડી આવે ત્યારે જો તકેદારીપૂર્વક લાગતાવળગતાને જાણ કરવામાં આવે તો વ્યવસ્થિત રીતે ઉત્ખનન થાય."

"આવા 'લાગતાવળગતા' એટલે?"

"જ્યારથી અંગ્રેજોએ આપણા દેશમાં ઉત્ખનનની શરૂઆત કરી ત્યારથી આખો એક સરકારી વિભાગ શરૂ કરવામાં આવ્યો - પુરાતત્વખાતું (આર્કિયોલોજીકલ ડિપાર્ટમેન્ટ) અને એમાં સરકારી અધિકારી ઉપરાંત તે વિષયના નિષ્ણાતોની નિમણૂંક કરવામાં આવી; જે આજે પણ બરકરાર છે."

"વિષયના નિષ્ણાતો મેળવવા એ વિષયનો અભ્યાસ પણ કરવો-કરાવવો પડે ને?"

"હાસ્તો. ગઇ સદીમાં જ આપણી વડોદરા- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને પૂનાની ડેક્કન યુનિવર્સિટીમાં પુરાતત્વવિદ્યાનો અભ્યાસ કરવા ખાસ વિભાગો શરૂ થયા (ફેકલ્ટી ઓફ આર્કિયોલોજી, ઇન્ડોલોજી), જો કે નિષ્ણાતો પણ ઓછા છે જ! અમદાવાદની ગૂજરાત વિદ્યાસભાની નિશ્રામાં ભો.જે, વિદ્યાભવનમાં વિશેષ અભ્યાસક્રમ શિખવવામાં આવે છે; બાકી તો ખાનગી કે સરકારી કોલેજોમાં આની કોઇ જોગવાઇ નથી."

"ઐસા ક્યોં, બહન?" યાસ્મિનને નવાઇ લાગી- "ઇતના ઇમ્પોર્ટન્ટ મુદ્દા હૈ ફિર ભી કોઇ પઢાતા નહીં હૈ?"

"યાસ્મિન, ઇમ્પોર્ટન્ટ મુદ્દો તો એ છે કે હજી પણ આપણા દેશમાં ને સમાજમાં ઇતિહાસ, પુરાતત્વને ખાસ મહત્વ જ નથી અપાતું. ધર્મકથા ને પુરાણકથાથી જ માનવસમાજ વિશે જાણી લીધાનો સંતોષ માની લેવાય છે. માનવસમાજની બુદ્ધિ, શક્તિ, સૂઝબૂઝને બદલે ઇશ્વરકૃપા અને નસીબના જોરે જ દુનિયા ચાલી રહી છે એવું મોટેભાગે મનાય છે પછી આવા નક્કર અને વૈજ્ઞાનિક





અભિગમવાળા અભ્યાસની માથાકૂટમાં કોઇ પડે?!" રચનાએ ઊભરો ઠાલવ્યો. "અને અહીં જ પૂર્વ અને પશ્ચિમના દષ્ટિકોણનો ભેદ પરખાઇ આવે છે. સમાજને વૈજ્ઞાનિક અભિગમ સાથે, બદલાતા દષ્ટિકોણ સાથે વખતોવખત જાણતા સમજતા રહેવું તેનું નામ આધુનિક પ્રકારનું અધ્યયન, પણ આપણે ત્યાં તો પરંપરાને જ...જે ચાલતું આવે છે તેને જ જેમનું તેમ સ્વીકારી લેવાનું વલણ છે ત્યાં પરિવર્તનની શી આશા?"

"આ લોથલ પણ એવું ઉત્ખનન કર્યા પછી જડી આવ્યું હતું?" વિલ્સને પાછાં બધાંને પાટે ચડાવ્યાં.



**ઈંટની દિવાલ**

"હા. લોથલ તો 1954માં મળી આવ્યું. સ્થાનિક લોકોને માટી ખોદતાં હાડકાં, મોટી ઇંટો, વાસણનાં ઠીકરાં મળ્યાં, જેની જાણ એક શિક્ષકે વડોદરાના પુરાતત્વ વિભાગમાં કરી ત્યારે પ્રો.ડો.એસ.આર.રાવની આગેવાની નીચે અહીં ખોદકામ શરૂ થયું અને દટાયેલું બંદરી નગર(પોર્ટ સીટી) હાથમાં આવ્યું. આને આર્યો અહીં આવ્યા તે પહેલાંની સભ્યતા માનવાને નક્કર કારણ હતું

કેમ કે અગાઉ વાત કરી એવા પશ્ચિમના નવાચારી વિદ્વાન સર જોન માર્શલ સિંધુ નદીના પટમાં કોઇ પ્રાચીન સભ્યતાના અવશેષો મળતાં 1920માં જે ઉત્ખનન કરાવેલું તે 'હડપ્પા' સભ્યતા સાથે મળતા આવતા અવશેષો લોથલમાં મળ્યા હતા.એની પહેલાં હડપ્પા નજીક જ મોહન-જો-ડેરો- અથવા મોંએ- જો-ડેરોનો ટીંબો ખોદતાં એ જ કક્ષાની અને એ જ સમયગાળાની સભ્યતા મળી ચૂકી હતી.''

''મતલબ કે 'આર્યો પહેલાં' શબ્દ વિશે વાત કરીએ તો પહેલાં આ ત્રણે શહેરોનાં નામકરણ તરફ ધ્યાન આપીએ. 'લોથલ'શબ્દ લાશ-લોથના મથકને સૂચવે છે. 'હડપ્પા'એટલે જ્યાં હડ્ડીઓ-હાડકાં પાયા ગયા- મળી આવ્યાં અને મોંએ-જો-ડેરો એટલે મૂએલાંનો / મરેલાંનો ડેરો-ઢેરો-ટેકરો.હવે ખ્યાલ આવે છે, વર્તમાન સમાજના હાથમાં વર્ષો પૂર્વે વસેલી માનવસભ્યતાનાં હાડકાં-મૃત અવશેષો હાથમાં આવેલાં-એ કેવી સામ્યની નિશાની છે?''

''પણ મને ખ્યાલ છે ત્યાં સુધી આ સભ્યતાને 'સિંધુઘાટીની સભ્યતા' કે 'સિંધુસંસ્કૃતિ'કહે છે; ખરી વાત?''

''હા શેખર. કેમ કે પેલાં બંને નગરો જે આજે પાકિસ્તાનમાં છે, તે સિંધુ નદીના કાંઠે વસેલાં.એ.કનિંગહામે કરેલા વર્ષોના પ્રયાસો પછી 1850માં એને જાહેરમાં મૂકવામાં આવ્યા ત્યારે આ નામ આપવામાં આવેલું.ત્યાર પછી 1920-21માં આર.ડી.બેનરજીએ ક્રમશઃ ખોદકામ અને સંશોધન આગળ વધાર્યાં.જેના પગલે સિંધુનદીનાં મેદાનો ઉપરાંત, પંજાબ અને રાજસ્થાનના અમુક વિસ્તારોમાં પણ સિંધુસંસ્કૃતિ-સભ્યતાના અવશેષો મળ્યા. આમાં સર જોન માર્શલ ભળ્યા. 1940માં પશ્ચિમ ભારતના તમામ પ્રદેશોમાં સિંધુઘાટી સભ્યતાનું ઉત્ખનન અને અધ્યયન કર્યા પછી પેલા ઓરિએન્ટાલિસ્ટ વિદ્વાનોના આર્યોને અપાયેલા સર્વાંગી મહત્વના સિદ્ધાંત સામે મોટો પડકાર ઊભો થયો; તે એ કે આ ભૂખંડને ફક્ત 'આર્યવર્ત' કઇ રીતે કહેવાય? આર્યોથીયે પહેલાંની આ સભ્યતાનો વિકાસ કરનારા માનવસમુદાયને આ ભૂખંડના આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક વિકાસના મૂળ પૂર્વજો કેમ ન કહેવા? શા માટે આર્યોના





વર્ચસ્વને ન પડકારી શકાય? વગેરે વિવાદો ઉઠ્યા પણ શમી પણ ગયા અને લગભગ સર્વસ્વીકૃત થયું કે આ ભૂખંડ ઉપર- પશ્ચિમ ભારતમાં આર્યો પૂર્વે એક સુસંકૃત અને દુનિયાના અન્ય ભૂખંડો સાથે સંકળાયેલો માનવસમાજ વસતો હતો. વળી એ જ અરસામાં આ અધ્યયનના પગલે દક્ષિણ ભારતમાં પણ આર્યો પૂર્વે દ્રવિડ પ્રજા વસતી હતી અને તેમની સભ્યતા-સંસ્કૃતિ પણ ખાસી વિકસિત હતી અને પશ્ચિમ, દક્ષિણ અને પૂર્વે વહેતા સમુદ્રને કારણે વ્યાપાર-વહેવાર દ્વારા એ પ્રજાઓ પણ દુનિયાભરમાં ફેલાયેલી-સંકળાયેલી હતી એ સાબિત થતું ગયું, જેમાં પુરાતત્વવિદ્યા, ભાષાવિજ્ઞાન, નૃતત્વવિદ્યા(એન્થ્રોપોલોજી) જેવી નવી વિદ્યાશાખાઓનો મોટો ફાળો હતો. જેની શરૂઆત બ્રિટીશ શાસન દરમ્યાન અને વૈજ્ઞાનિક પદ્ધતિની કેળવણી-શિક્ષણપ્રથાને કારણે થઇ હતી એ નિઃશંક બાબત હતી.''

ધીરજે સવાલ કર્યો કે ''વિદેશીઓ પાસે આ સમજવાની વૈજ્ઞાનિક પદ્ધતિ હતી અને આર્યો પાસે નહોતી?''

ના - આમ તો કેટલીક યુરોપિયન પ્રજા આર્ય હતી પણ 16મી સદીથી એમણે વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી હતી.''

''એનો અર્થ એ કે પેલો આર્યમહિમા પણ વિદેશી વિદ્વાનોએ કરી બતાડ્યો અને એની જગ્યાએ દ્રવિડો કે આર્યો સિવાયની મહાન સભ્યતાઓ પણ એની બીજી પેઢીના વિદેશી વિદ્વાનોએ ચિંધી બતાડી.'' શેખરે સચોટ તારણ આપ્યું. ''બિલકુલ. અને ફક્ત આ લોથલ જ નહિ, ગુજરાતની જ વાત કરીએ તો રંગપુર, રોઝડી, કચ્છમાં દેશલપર અને ધોળાવીરા ખૂબ જાણીતાં સિંધુસભ્યતાના નમૂના છે તો પેલી તરફ નર્મદા કિનારાના લાંબા-પટે પણ દ્રવિડ કે આર્યેતર સભ્યતાઓના અવશેષો મળી આવ્યા જે પણ અતિપ્રાચીન છે. આ બધું જોતાં પેલા 'આર્યવાદી' દષ્ટિકોણ અને આર્યવાદી વિદ્વાનોનો છેદ ઊડી જાય.''

''પણ એ મુદ્દો સ્વીકારી લેવામાં આવ્યો એવું તમે ના કહ્યું?'' વંદનાએ યાદ કરાવ્યું.

''અલબત્ત હા. પણ એ તો આઝાદી પછી તરતના નેતાઓ અને વિદ્વાનોએ માન્ય રાખ્યું કે આ દેશમાં આર્યો આવતાં પહેલાં પણ કોઇ મહાન સભ્યતા હતી. હું સ્કૂલમાં ભણતી હતી ત્યારે આ નવા વિચારો પાઠ્યપુસ્તકમાં સમાવેલા. કદાચ તમે પણ એવું જ ભણ્યાં હશો- યાદ નથી?''

''બહેન, બધાં વતીનો જવાબ આપું? અમે તો ઇતિહાસ લગભગ ભણ્યાં જ નથી એમ કહો તો ચાલે! પરીક્ષા પૂરતી તૈયારી કરી લેતાં. શિક્ષકો પણ ખાસ શિખવતા નહિ. પાઠ જાતે વાંચવાનું કહેતા પણ કોણ વાંચે?'' બાદલની વાતને વિલ્સને આગળ વધારી- ''ઇતિહાસ વિશે આટલું વિચાર્યું છે જ કોણે! અમારે તો બસ, પરીક્ષામાં ખાલી જગ્યા પૂરો અને જોડકાં ગોઠવો, એટલે પત્યું!''

''માનવસભ્યતા જૈસા તો કુછ હમ કહાં સમઝતે ભી થે!'' આમિરે કબૂલ્યું.

''પણ તો પછી પ્રોબ્લેમ ક્યાં છે?'' વિલ્સને પૂછયું.

''પ્રોબ્લમ છેલ્લાં ત્રીસેક વરસથી શરૂ થયો છે અને આર્યો પૂર્વે કોઇ પણ સભ્યતા-સંસ્કૃતિ હોઇ જ ન શકે એવો આગ્રહ રાખનારા લોકો ચારેબાજુ બને તેટલા જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે કે દ્રવિડ કે અનાર્ય, આર્યેતર, અસુર વગેરે પ્રજાઓ આવી સભ્ય હોઇ જ ન શકે. આ જે કંઇ અવશેષો મળ્યા છે તે પણ આર્યોની સભ્યતાના જ નમૂના છે.''

''કેમ, શા માટે આવી જીદ?''

''અલ્યા ભઇ, એક ને એક બે જેવી વાત છે. આર્યો પહેલાંના લોકો આટલા આગળ પડતા(એડવાન્સ) હતા, પ્રગતિશીલ અને જાણકાર હતા એવી સાબિતી મળે તો આર્યોની સંસ્કૃતિનું નીચું ન પડી જાય?''

''ઇસમેં ક્યોં વાંધા હૈગા ઇનકો?'' યાસ્મિને ભોળા ભાવે પૂછ્યું.

''કેમ કે આર્યોની સંસ્કૃતિએ વેદો આપ્યા; જેમાં વર્ણવ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા, સ્ત્રી-પુરુષના ભેદભાવ, ઊંચનીચના ભેદભાવ જેવા જડબેસલાક માળખાં આપ્યાં, એ આર્યઋષિઓમાં મનુ જેવાએ 'મનુસ્મૃતિ' આપી, ચાણક્યે,





'ચાણક્યનીતિ'આપી જેને કારણે સમાનતા, ન્યાય અને પરસ્પર સહકારને બદલે વર્ચસ્વવાદી સમાજ વ્યવસ્થા સ્થપાઇ, મહાન કહેવાઇ અને હજારો વરસથી એને પાળી-પોષીને મહાન પરંપરા તરીકે પચાવી દેવાઇ.'' રચનાએ વિસ્તારથી સમજાવ્યું.

''ઓ... એટલે કે જો આર્યવાળી થિયરી માન્ય રાખીએ તો જ આ પરંપરા જીવતી રહે ને એ પરંપરા જીવતી રાખનારા પોતાના મતલબથી આર્યો સિવાયની સભ્યતા-સંસ્કૃતિનો અનાદર કરવા લાગ્યા.'' બાદલે ફોડ પાડ્યો.

''એટલે કે આર્યન થિયરી હિંદુઓનું વર્ચસ્વ સ્થાપી આપે છે ને હિંદુત્વવાદીઓને એ જ જોઇએ છે. આજકાલ જે રીતે હિંદુત્વવાળાઓ આપણી સંસ્કૃતિ જ સારી છે, સાચી છે, જૂનામાં જૂની અને મહાન છે એવાં ગાણાં ફરીફરીને ગાતાં થયા છે એને માટે આ 'સિંધુસભ્યતા' મોટો પડકાર છે.''

''શેખર, અને એટલે જ એને પણ એ લોકો 'આર્યન' મનાવવાની ધમપછાડા કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે દુનિયાભરની તમામ સભ્યતા કરતાં આર્યસભ્યતા જૂની છે એટલું જ નહિ- બીજી સભ્યતાઓ પણ અહીંથી જ નીકળી છે. દુનિયાભરમાં જે કંઇ બન્યું તે અહીંથી જ શરૂ થયું છે.''

''અલબત્ત, આ હિંદુત્વવાળાએ હવે ટી.વી.ઉપર પણ 'મેડ ઇન ઇન્ડિયા'જેવા કેટલા કહેવાતા સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ કરી દીધા છે! અહીં બધું જ હતું- વિમાનો, સ્ટેમસેલ-ટેક્નીક, અણુ-પરમાણુ શસ્ત્રો, જાતિપરિવર્તનની ટેક્નીક... વગેરે વગેરે વગેરે... અને બધું આર્યોની જ ભેટ છે.એક જાતનું મિથ્યાભિમાન!'' શેખર જાણે ભાવાવેશમાં હતો.

''ફક્ત મિથ્યાભિમાન જ નહિ- ફાસીવાદઃ એકહથ્થુ-એકરંગી ફાસીવાદનાં આ લક્ષણો છે; જે બીજાનું અસ્તિત્વ, બીજાનું પ્રદાન, બીજાની સફળતાનો હંમેશા નકાર કરે છે કેમ કે એમને સતત બીજાનો ડર લાગે છે!'' રચનાએ કહેલી મહત્વની વાત ઉપર સોપો પડી ગયો.

''બહેન, આ લોથલને પણ આ લોકો આર્યસંસ્કૃતિનું મનાવે છે?'' વંદનાએ પૂછ્યું.

''હા, શરૂઆત થઇ ગઇ છે. પણ આપણે પેલો વિશાળ દૃષ્ટિકોણ મનમાં રાખીને જોવાનું. મને કહો, લોથલ એક બંદર હતું અને અહીંથી દુનિયાભરમાં વેપાર થતો હતો એમ જ્યારે કહેવાય ત્યારે અહીંથી ચડેલો માલ ઉતારનાર સામે છેડે પણ કોઇ બંદર હશે ને?''

''હાસ્તો! તે...''

''આ નવા વિદ્વાનો(!) એવું કહે છે કે લોથલ ધરતી પરનું પહેલું બંદર હતું! વિચારો, આ શક્ય છે?''

''નહિસ્તો! પણ બહેન એ કહો કે આવી ભવ્ય બીજી કોઇ પ્રાચીન સભ્યતા હતી ખરી?''

''હા, આજે જેને ગલ્ફ કન્ટ્રીઝ કહે છે તે પહેલાં સુમેરિયા કહેવાતું. યુફ્રેટીસ અને તૈગ્રીસ નદીના તટે, નાઇલ નદીના તટે, હોઆંગહો નદીના તટે અને એમેઝોન નદીના તટે- પ્રાચીન સુમેર, ઇજિપ્ત(મિસર), ચીન અને દક્ષિણ અમેરિકાની માયા સભ્યતા લગભગ સિંધુસભ્યતાની સમાંતરે ચાલતી હતી. પૃથ્વીના ગરમ ગણાતા પ્રદેશોમાં સભ્યતાઓ વિકસી હતી.તે પછીના ગાળામાં ગ્રીસ અને ઇટલીની સભ્યતાઓ મહાન ગણાય છે. સમુદ્રતટના સંબંધોને કારણે અલબત્ત, અરસપરસ સાંસ્કૃતિક અસરો થઇ હશે, આપ-લે થઇ હશે કેમ કે સંસ્કૃતિ નદીઓની જેમ વહેતી રહે છે. સદંતર નાશ પામે તોય કંઇક ને કંઇક પ્રભાવો છોડતી જાય છે. પણ આવો દૃષ્ટિકોણ ન રાખીએ તો ચોક્કસ સંસ્કૃતિ બંધિયાર ખાબોચિયું બને અને ગંધાઇ ઊઠે એમાં ના નહિ!'' રચના જરાક ઊંડી ઉતરી ગઇ. ધીરજે પાછો દોર સાંધ્યો- ''આ લોથલ ક્યા સમયે વસ્યું હશે એની માહિતી છે?''

''ઓ હા... લોથલ એક જ નહિ, અનેક સમયે -ક્રમે ક્રમે વસેલી વસાહત છે. ખોદકામ કરતાં કુલ ત્રણેક થર / સ્તર મળ્યા છે જેમાં ત્રણ તબક્કે વસેલી ને





ઉજડેલી સભ્યતાની નિશાનીઓ મળી આવી છે. ડો. એસ.આર.રાવે 1954માં સૌથી પહેલું ખોદકામ કરાવ્યું તે નગરની સમયગણના આજથી 1900 થી 2000 વર્ષ ઇ.પૂર્વેની એટલે કે ત્રણથી સાડાત્રણ હજાર વર્ષ જૂની. ત્યાર પછી વધારે ખોદતાં નીકળેલો સ્તર ઇ.પૂ. 2200 - 2300 વર્ષ જૂનો હતો અને સૌથી ઊંડેથી મળી તે સામગ્રી ઓછામાં ઓછાં 2500 ઇ.પૂર્વેની હતી. આ ત્રણે વસાહતો એક જ જનજાતિની અને હડપ્પા-મોંએ-જો-દડોની સમકાલીન સભ્યતાની હતી એ અભ્યાસ ઉપરથી પૂરવાર થયું છે.''

''પણ આ સભ્યતાઓ કેવી રીતે નાશ પામી હશે? '' વિલ્સને પ્રશ્ન પૂછયો.

''મોટેભાગે, અહીં થી માંડ ત્રીસેક કિ.મી.દૂર વહેતા સમુદ્રનાં પાણી ફરી વાળ્યાં હશે અથવા તો નજીક વહેતી નદી; જે આજે 'ભોગાવો'કહેવાય છે- તેણે પોતાનું વહેણ બદલ્યું હશે તેમાં વસાહતો ડૂબી હશે ને પાણી પાછાં વળ્યાં પછી ફરી પાછી વસી હશે એમ માનવામાં આવે છે.''

''વૈસે ઇસ અભ્યાસ મેં પાની કી માર, આગ કા કહેર યા ઔર કોઇ રિઝન કા ભી તો પતા ચલતા હોગા?'' હમિદનો સવાલ મહત્વનો હતો.

''હા- સ્તરના દેખાવ અને કેમિકલ ટેસ્ટ પરથી આ તરત જાણી શકાય.'' રચનાએ કહ્યું

''છતાં પણ આપણી સામે જે દેખાય છે તે માણસજાતની ઓળખ આપે છે. કલ્પના કરો કે માણસજાતે લગભગ વાનરાવસ્થામાંથી, ટટ્ટાર થતી કરોડરજ્જૂના આધારે બે પગે ઊભા રહીને અને બે હાથની કરામત વડે પોતાની જિંદગીને કેવી રીતે જીવવા લાયક બનાવી હશે અને કેવી કેવી સિદ્ધિઓ મેળવી હશે... તેનો પરિચય તે આ - લોથલ સાઇટ અને લોથલ મ્યુઝિયમ!''

''તો... ચાલો- ઝંપલાવીએ?'' અને બાદલે મિત્રમંડળીને જ્ઞાનસાગરમાં ડૂબકી મારવા આગળ કરી.

## મ્યુઝિયમ : એક અજાયબ નગરી!

મંડળી સંગ્રહસ્થાનમાં પ્રવેશી કે બિલકુલ સામેની દીવાલ ઉપર એક લાંબું-પહોળું ચિત્ર ગોઠવેલું જોયું. આમ તો કલ્પનાચિત્ર હતું પણ વસ્તુ વાસ્તવિક હતું અને શૈલી ફોટોગ્રાફી જેવી. એ ચિત્ર બંદર તરીકે ધમધમતા લોથલની કલ્પનાને મૂર્ત કરતું હતું. અહીંથી મળી આવેલા અવશેષો, આસપાસની કુદરત વગેરેના આધારે આ ચિત્ર બન્યું હશે. સૌથી પહેલું ધ્યાન ખેંચે તેવો હતો પાણી ભરેલો બંદરની ગરજ સારતો ધક્કો. એનો પાછળનો છેડો સ્થાનિક નાળામાં ભળીને, લંબાઇને પશ્ચિમ છેડે વહેતા સમુદ્ર તરફ જતો દેખાતો હતો જે તેની ટેકનિકલ સ્થિતિ ઉપરાંત બંદર તરીકેની યોગ્યતા પૂરવાર કરતો હતો. એમાં ઊભેલાં મધ્યમકદનાં છએક વહાણો- એમાં ચડાવાતી, ઊતારાતી માલની ગાંસડીઓ. તેમાં પ્રવૃત્ત શ્રમજીવીઓ, ગાંસડીઓ લઇ જતાં બળદગાડાં જોઇને લોથલની બંદર તરીકેની પ્રવૃત્તિઓનો ખ્યાલ આવતો હતો. બંદરના ધક્કા (ડૉકયાર્ડ) પાસે જ હતાં ગોદામોઃ સીધી હરોળમાં ઇંટેરી મકાનોને ઘાસનાં છાપરાં છાયેલાં હતાં. પાછળના વિસ્તારમાં ઇંટેરી ઘરોની હારમાળા હતી. નાના કદનાં મકાનો કદાચ શ્રમજીવી તબક્કાના લોકોનાં હતાં તો મોટા કદનાં મકાનો સમૃદ્ધ સમુદાયનાં હતાં. ઘરોની અંદરના ઓરડા, પાણીની કોઠીઓ, સ્નાનાગાર, નીકો, નાળાં, કૂવા બધું જ આબેહૂબ દોરેલું હતું. નગર અને નાગરિકોની સુરક્ષા માટે ચોફેર મોટી ઇંટોનો કિલ્લો ચણેલો હતો. દીવાલની પેલો પાર વનરાજિ દેખાતી હતી જેમાં હાથી, હરણ, ગેંડા જેવાં સ્થાનિક પ્રાણીઓ દોર્યાં હતાં. જે કોઇ માણસો દેખાતા હતા તે સૌ કંઇ ને કંઇ પ્રવૃત્તિ કરતા દોર્યાં હતાં. તેમણે શરીરને સફેદ કપડાથી વીંટાળીને ઢાંકેલાં હતાં. આ સફેદ કપડું અહીંના વિસ્તારમાં પાકતા કપાસમાંથી બનાવેલું હતું. નગરની અંદર શંખ-અકીક જેવી સામુદ્રી અને પર્વતીય ચીજોમાંથી દાગીના-વપરાશની વસ્તુઓ બનાવવાની ભઠ્ઠી પણ હતી અને ત્યાં કારીગરો કામ પણ કરી રહ્યા હતા. બળદો ઉપરાંત હાથીઓ પાસે પણ મોટાં લાકડાં વગેરે ભારે સામાન ખેંચાવવાનું કામ ચાલતું હતું.





વનરાજિની પહેલાં અને ગામકોટની બહાર ચાસવાળાં ખેતરો પણ હતાં. સરવાળે એક બંદર અને ખેતીપ્રધાન નગરની મહત્તાને તાદશ્ય કરતું આ માનચિત્ર જાણે લોથલનું દસ્તાવેજીકરણ હતું.

મન ભરીને ચિત્ર માણતી મંડળીમાંથી સવાલ ઊઠયો કે કોણે બનાવ્યું છે આ ચિત્ર? ક્યાંય ખૂણામાં સહી કરેલી દેખાય છે? પણ અફસોસ, કશું ન દેખાયું. ‘‘બિચારા ચિત્રકારને પગાર આપીને સરકારે કદર કરી લીધી હશે!’’ શેખરથી કોમેન્ટ કર્યા વિના ના રહેવાયું : ‘‘દામ આપી દીધા, હવે નામની શી જરૂર?!

ચિત્રની પાસેનાં પાટિયાંમાં ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષામાં આપેલી માહિતી તો મ્યુઝિયમની બહાર કરેલી ચર્ચા દરમ્યાન મળી ચૂકી હતી.

ત્યાર પછી, વિવિધ વિભાગો જોયા જેમાં અલગ અલગ કાચનાં કબાટોમાં રાખેલા અવશેષો જોયા. વસ્તુઓનું વ્યવસ્થિત વર્ગીકરણ કરેલું, કબાટો ઉપર જે તે ઓળખ આપતી ચબરખીઓ પણ ચોડેલી.જેમાં સૌથી પહેલાં લોથલ પાસેના સમુદ્રમાંથી મળેલા શંખ અને છીપમાંથી બનેલી બંગડીઓ, કાનની વાળીઓ વગેરે મૂકેલા. ઉપરાંત નજીકના પર્વતીય વિસ્તારોમાં મળતાં અકીક પથ્થરમાંથી બનેલી માળાઓ પણ હતી. કાચ જેવા પદાર્થમાંથી બનાવેલા નાના-મોટા ને સાવ ઝીણા અને તેની રંગબેરંગી માળાઓ પણ હતી. મણકાને જોવા એક સૂક્ષ્મદર્શક કાચ (મેગ્નેફાઇંગ ગ્લાસ) પણ મૂકેલો જેમાંથી જોતાં ઝીણામાં ઝીણાં મણકાંની સાઇઝ અને કારીગરીનો અંદાજ આવતો હતો. ‘‘કેવું બારીક કામ? ‘‘ - સૌ એકી અવાજે બોલી ઉઠયા. રંગીન અકીક ઉપરાંત અહીં પાછળનાં સ્તરોની વસાહતોમાં સોનું પણ વપરાતું હશે- કબાટમાં સોનાનાં ગોળ ચકતાંની માળા મૂકેલી તે સાબિતિ! ‘‘ઓહો... આ પીળી ધાતું! પ્રાગ્-ઐતિહાસિક (ઇતિહાસકાળથીયે પહેલાંના સમયના) માણસનેય નથી છોડ્યા એણે!’’

ત્યાર પછીના કબાટમાં પથ્થર અને પ્લાસ્ટર ઓફ પેરિસમાંથી બનાવેલી ચોરસ-ગોળ-ઓબડધોબડ ઘાટઘૂટવાળી કેટલીક નાનીમોટી તકતીઓ મૂકેલી. ‘‘મિત્રો, લોથલ એક બંદર હતું એટલે ગોદામોમાં આવતા અને જતા માલની

ગાંસડીઓ ઉપર મહોર (સીલ) મારવી એક વહીવટી મુદ્દો હતો. વિકસેલા આ બંદરને પોતાનું બ્રાન્ડેડ સીલ હતું - જુઓ, એકલશીંગી ગેંડો- દરેક સીલ ઉપર એ છે. ઉપરાંત આ અનેકશીંગી હરણ- સાબર અથવા તો પછી કાળિયાર; જે આ વિસ્તારનું ખાસ જાનવર છે. અને આ તે સમયના કોઇ દેવનું ચિત્ર, જેનો દેહ માનવનો છે, ચહેરો પણ માનવનો છે પણ માથે શિંગડાનો મુગટ પહેર્યો છે અને આસપાસ અનેક પશુઓ છે- આને પશુપતિ કહી શકાય? - જે આમ તો શિવ-શંકરનું એક નામ કહેવાય છે અને શિવ પોતે આર્યેતર ભગવાન પણ કહેવાય છે. આ કદાચ અહીંની રાજમુદ્રા હશે.'' રચનાએ જે તરંગ રજૂ કર્યો તે જાણીતો હતો પણ શેખરે એક નવી કલ્પના તરતી મૂકીઃ ''આ રાજમુદ્રા હોય તો પછી આ કોઇ રાજા કે શાસકની મૂર્તિ પણ હોઇ શકે ને? બે-હાથ-માથું ધરાવતા રાજાએ શિંગડાનો મુગટ પહેર્યો હોય; જે આર્યેતર પ્રજાઓ પહેરતી હતી, આફ્રિકનો વગેરે પણ પહેરતા અને આપણા અંતરિયાળ વિસ્તારના આદિવાસીઓ તો આજે પણ વારતહેવારે શિંગડાનો મુગટ પહેરે જ છે... તો આ લોથલનો રાજા હશે?'' ''હંમ... વિચારવા જેવું ખરું!''

''બહેન, કુછ સીલ મિટ્ટી કે હૈં, કુછ પ્લાસ્ટર ઓફ પેરિસ કે?'' પરવીનનો સવાલ! ''આમ તો આ બધા શો-કેસ માટે નમૂના હશે- મૂળ નમૂના કાંતો નાશ પામ્યા હોય અથવા તો પછી દિલ્લીના નેશનલ મ્યુઝિયમ (રાષ્ટ્રીય સંગ્રહાલય)માં રખાયા હોઇ શકે.''

ત્યાં બાદલે ધ્યાન દોર્યું, ''આ સીલ ઉપર કંઇ આડા-ઊભા લીટા છે તે શું છે?'' ''એ અહીંની લિપિ હોઇ શકે, જેમાં કંઇ માહિતી અપાઇ હોય. ઠીક મુદ્દો ઊઠાવ્યો તેં બાદલ! આપણે સિંધુસભ્યતાની ભાષાની વાત કરવાની રહી ગઇ હતી.આવાં લિપિચિહ્નો થોડા-ઘણા ફેરફાર સાથે ઘણી જગ્યાએ મળે છે પણ એકસરખી તાસીર એ છે કે હજી એને કોઇ વિદ્વાનો ઊકેલી શક્યા નથી.એ જ્યારે ઉકેલી શકાશે ત્યારે ઇતિહાસનાં ઘણાં અજાણ્યાં ખૂણાઓ ઉપરથી પડદો હટી જશે!'' પછીના કબાટમાં ઓજારો (ઇન્સ્ટ્રમેન્ટ્સ / ટૂલ્સ) હતાં. જેમાં હાડકાંની અને બ્રોન્ઝ (મિશ્રધાતુ)ની સોયો, માછલી પકડવાના કાંટા (હૂક),





માટીના ઠીકરાની તકલી, સાદાં ચપ્પાં, પથ્થર કે અકીકના હાથાવાળાં ચપ્પાં, ધારદાર પથ્થર કે બ્રોન્ઝની બ્લેડો, તીરનાં ફણાં (અણીઓ) જેવાં ઓજારો હતાં જે માણસે પોતાની જરૂરિયાત પ્રમાણે ઘડયાં અને વિકસાવ્યાં હશે. '' આ તીરનાં ફણાં કંઇ લડાઇ લડવા નહિ બનાવ્યાં હોય- આ તો ખાલી જાનવરોનો શિકાર કરવા પૂરતા લાગે છે, નહિ?'' કબાટ સાથે નાક ચિપકાવીને ધીરજ ધીમેથી બોલ્યો. ''ધીરજ, તારી ધારણા બહુ સાચી છે. વિદ્વાનો પણ એવાં તારણ ઉપર આવ્યા છે કે આ સમુદાયો હિંસક નહિ હોય- કોઇ મોટા યુદ્ધની નિશાનીઓ નથી મળી, તેથી મોટાં હથિયારો પણ નથી મળ્યાં. આ બધાં 'ઓજારો' છે, 'હથિયારો'નથી!

પછી આવ્યાં માટીનાં વાસણો. લાલ-બદામી અને સરસ રીતે પકવેલી માટીનાં વાસણો સિંધુ સભ્યતાની વિશેષતાઓ કહેવાય છે. કેટલાક મોટા કૂંજા હતા, કેટલીક કોઠીઓ હતી તો કેટલાંક થાળી અને ટ્રેના મિશ્રણ જેવાં હતાં. બે'ક નમૂના નળાકાર, કાણાંવાળા કૂંજાના હતા. વંદના બોલી, ''લે- આ તો ગરબા જેવું છે; પણ આવું - ઊભું?'' ''ખરેખર તો એ માછલી પકડવાનાં વાસણો હતાં. જાળને બદલે છીછરાં પાણીમાં કૂંજો જ ડબોળી દેવાનો; પાણી કાણાંમાંથી વહી જાય અને માછલાં અંદર રહી જાય''. સિંધુસભ્યતાનાં વાસણોની બીજી વિશિષ્ટતા છે તેનાં ઉપરનું ચિતરામણ. અચૂકપણે લાલ વાસણ ઉપર ઘેરા ભૂરા લાગતા કાળા રંગથી અને બદામી રંગનાં વાસણો ઉપર કથ્થઇ રંગથી ચિત્રો દોરેલાં મળે છે. લહેરિયા ભાત - જાણે સમુદ્રનાં તરંગોથી પ્રેરણા મળી હોય; હરણ, માછલી, ગેંડા એકલશિંગી ગેંડા, બળદ, આખલા, કાગડા...જે આસપાસમાં દેખાય છે તેનું જ કલામાં નિરૂપણ. ''આમ તો વાસણો સાદા-કોઇ પણ ડિઝાઇન વગરનાં હોય તોયે શો ફરક પડે? પણ આ પ્રાગ્ઐતિહાસિક માનવસમાજનો કલાપ્રેમ કેટલો ખિલ્યો હશે તેની આ નિશાનીઓ! '' રચનાએ નવી વાત મૂકી.

''અલ્યા, અગાઉ મેં બે બહુ અદ્ભૂત ઠીકરાં એક ઉપર કાગડો બેઠો છે અને નીચે કોઇ પ્રાણી (શિયાળ?) ઊભું છે - ઉંચી ડોકે કાગડાને જુએ છે જેની ચાંચમાં માછલું છે - લૂચ્ચું શિયાળ જાણે માછલું પડાવવાની પેરવીમાં છે! અને

બીજા ઠીકરા ઉપર તો પેલી 'કંકર નાખી કાગડે' વાળી કવિતાવાળો કાગડો કૂંજામાં કાંકરો નાખતો ચિતરેલો... એ ઠીકરાં અત્યારે દેખાતાં નથી'' રચના અને મંડળીની સાથે ચાલી રહેલા મ્યુઝિયમના ચોકીદાર ભાઈએ આ વાત સાંભળી અને તે સસ્મિત ચહેરે વાતચીતમાં જોડાયાઃ ''બેન, ઈ બંને ઠીકરાં નેશનલ મ્યુઝિયમ દિલ્લીમાં મૂકાયાં છે - બહુ અગત્યના નમૂના કેવાય ને?'' એમના અવાજમાં ગૌરવ હતું.

''સાચી વાત... બબ્બે બાળવાર્તાઓનાં મૂળિયાં એમાં પડ્યાં છે; અથવા તો એમ પણ બને કે એ વાર્તાઓ આ સમુદાયોમાં કહેવાતી હશે ને એના ઉપરથી કોઈ કલાકારે વાસણ ઉપર ચિતરી હશે.

મંડળી આગળ વધી અને રમકડાં-વિભાગના કબાટમાં પથ્થરોના ભમરડા, દડા, ચકરડી, સોગઠાબાજીની ગોટીઓ, શતરંજનાં પ્યાદાં, નાગોળચું રમવાનાં ઠીકરાં, નાની ગાલ્લી, હાથથી ચલાવવાનું સાઈકલ જેવું પૈડું, કોડીઓ, ગાય-કૂતરાં વગેરેની ટચૂકડી પ્રતિકૃતિઓ જોઈ. ''કાં તો આ લોકોને સુશોભનનો શોખ હશે કાં તો પોતાનાં બાળકોનાં આનંદ-પ્રમોદની બહુ કાળજી રાખતા હશે.'' પછીના કબાટમાં જાતજાતનાં તોલ-માપનાં કાટલાં હતાં. મોટાભાગે એ પથ્થરનાં હતાં. છેક નાનાં કાટલાં જોઈને નવાઈ પામેલાં મિત્રોને રચનાએ યાદ દેવડાવ્યું કે પેલા ઝીણાં મોતી અને મણકા તોળવા માટે નાનાં કાટલાં જ હોય ને?! લગભગ પાંચ-છ હજાર વર્ષ પહેલાંનો માનવસમાજ જાણે અનેકવિધ પ્રવૃત્તિઓની નિશાનીઓમાં સજીવન થતો જતો હતો. મિત્રો જાણે એ યુગમાં પ્રવેશી ચૂક્યાં હતાં.

આગળ ચાલતાં એક કબાટમાં બે હાડપિંજર અડખેપડખે રાખેલાં જોયા. ''આ કંઈક નવું!'' વિલ્સન બોલી પડ્યોઃ ''એ લોકો શબને દફનાવતા હશે?''

''આમ તો સિંધુ સભ્યતામાં શબને દફનાવવાનો અને બાળવાનો- બંને રિવાજની નોંધ લેવાઈ છે, કેમ કે પુરાવા મળ્યા છે. પણ આ નમૂનો કદાચ ફક્ત મૂકવા ખાતર આવી રીતે મૂક્યો હશે અથવા તો કોઈ દુર્ઘટના કે





રોગચાળામાં મૃત્યુ પામેલાં લોકોની આવી નિશાની મળી આવી હશે.'' રચના સમજાવતી હતી ત્યાં જ સાથે ચાલતા પેલા ચોકીદાર ભાઈએ ટપ્ દેતાંક્ કહ્યું ''એ વખતેય સતી થવાનો રિવાજ હતો- પતિ સાથે પત્નીને પણ દાટવામાં આવતી.'' રચનાએ એ સજ્જનને અપમાન ન લાગે તેવી રીતે વાતને નકારી- ''ભાઈ, એ મુદ્દો હજી નક્કીપણે નથી કહેવાયો કે ત્યારે સતીનો રિવાજ હતો. જોકે ઈજિપ્તના પિરામિડોમાં દટાયેલાં શબ(મમી) સાથે જે તે રાજાની રાણીઓ- દાસ-દાસી સૌને દફનાવતાં; એમ માનીને કે મર્યા પછી પણ રાજાને એમની સેવા ચાકરીની જરૂર હશે! ખેર, જેમ ભાષા વિશે તેમ જ, સિંધુ સભ્યતાની ધર્મશ્રદ્ધા વિશે પણ પુરાવાના અભાવે કશા નક્કર તારણ ઉપર નથી આવી શકાયું કે આ સભ્યતાના લોકો ક્યો ધર્મ પાળતા હતા.''

''બેન, આને નક્કર પુરાવો જ કેવાય ને? જુવો - પેલા પણે કબાટમાં રાખ્યાં છે ઈ હવન કરવાનો ચાટવો(ચમચા જેવું સાધન), હવનકુંડ, દીવીઓ, દીવડા બધું આપડા હિંદુઓ જેવું જ છે ને?'' ન્યાં તો સાઈટ પર ઘેરઘેર હવનકુંડ મળ્યા''. ''ભાઈ, આવી સમજૂતી આપતાં પહેલાં બહુ વિચારવું પડે. આ લોકો તો વેદકાળથીયે પહેલાં થઈ ગયેલાં. આપણા આદિવાસીઓની જેમ કદાચ કુદરતને પૂજતાં-ભજતાં હોય; શી ખબર?''

''બેન, ઈ તો તમે ક્યો એમ! બાકી અમે તો બધાંને આવું જ હમજાવીએ છીએ!'' એ સજ્જન નમતું જોખે તેવા ન લાગ્યા! રચનાએ વાત વળી, ''ચાલો મિત્રો, હજી તો સાઈટ જોવાની છે ને? '' પણ પેલા ભાઈને જાણે પોતાની ભૂમિકા ઠસાવવી જ હતી -''હવે બેન, તમે વડીલ છો, ભણેલાંગણેલાં છો ને અમે નાના માણાં કેવાઈએય બાકી તો આ આખોયે સમાજ આપડો જ ધરમ પાળતો હતો એવું માનવામાં શું ખોટ્યું છે ત્યારે?

''ભાઈ, નાનામોટા માણસ કોઈ નથી! મૂળે અમે તો બધીય જાતનું જાણવા સમજવા નીકળ્યાં છીએ ને અમને સમજાવા પણ માંડ્યું છે કે હવે સાંસ્કૃતિક ઈતિહાસ સાથેય રાજરમત ચાલી રહી છે એનો આયે એક ભાગ છે. ચાલો મિત્રો આગળ વધીએ?''

મ્યુઝિયમની બહાર નીકળતાં પહેલાં શેખરે કાઉન્ટર પાસે જઇને લોથલ વિશેની માહિતી આપતાં પિક્ચર પોસ્ટકાર્ડ, પુસ્તક વગેરેની માંગણી કરી પણ જવાબ મળ્યો કે સ્ટોક ખલાસ છે. નવી ચોપડી તૈયાર થાય છે. ખાલી હાથે બહાર નીકળતાં શેખર બબડતો હતોઃ ''નવી ચોપડીમાં આવી ભગવી માહિતી જ આપવાનાં ને?!''

## ટીંબા નીચે ધબકતી સભ્યતા

મિત્રો સાઇટ ઉપર જવા બહાર નીકળ્યાં ત્યાં તો કનુભાઇએ ગોકીરો શરૂ કર્યોઃ ''અરે હજી ત્યાં કેટલુંક ફરવું છે? માંય બે-અઢી કલ્લાક તો કર્યા. હજી શું બાકી રિયું છે?''

''એ... હજી તો આખ્ખું શહેર ફરવાનું બાકી છે. આવવું હોય તો તમેય આવી જાઓ; ફરી આવું જોવા નહિ મળે!'' બાદલે કનુભાઇને ખેંચ્યા.

''દૈ જાણે! આયાં માટીના ટીંબા-ઢેફાંમાં શું યે જોવાનું હશે?'' બબડતા બબડતા કનુભાઇ જોડાયા તો ખરા અને બાદલે એમનો હવાલો લઇ લીધો.

સાઇટના ટીંબાના પ્રવેશ આગળ જ ASI (આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા) (ભારતીય પુરાતત્વ સંશોધન વિભાગ) અને રાજ્ય કક્ષાના પ્રવાસન વિભાગે ઘણી બધી માહિતી આપતાં પાટિયાં પણ મૂકેલાં છે. સાઇટ ફરતે સુરક્ષા માટે અને ઢોરોથી બચાવવા માટે તારની વાડ પણ કરી દીધી છે. પણ મંડળી તો રચનાએ કરેલી વાતો, સંગ્રહાલયમાં જોયેલાં કલ્પનાચિત્ર - નમૂના અને પોતપોતાની તરંગપાંખો પહેરીને આમતેમ મુક્તવિહાર કરવા લાગી. સૌના તનમનમાં જાણે રોમાંચક ઝણઝણાટી વ્યાપી ગઇ હતી.

''અરે, યે તો વો વાલા બંદર!'' યાસ્મિન ટહૂકી.

''ઇસકો ધક્કા બોલતે હૈ, યાસ્મિન!'' આમિરે ટોકી.

''હાં હાં, વોઇચ! કિતના બડા હૈ? યે જો પાની હૈ વો પહેલે ભી વૈસેચ ભરા રહતા હૈગા?







**લોથલ બંદર**

''ના, ના આ તો કદાચ પેલી ભોગાવો નદીનું પાણી હશે કાં તો પછી આજની આપણી સરકાર બધે હોજ ભરાવવા લાગી છે ને , એવું કંઇક હશે!'' વિલ્સને વાસ્તવિકતા જણાવી. ધક્કાને નવી ઇંટોની પાળી બનાવીને સુરક્ષિત બનાવ્યો હતો, તોય છેક નીચે જઇને પાણીમાં રમવાનું કોઇએ છોડયું નહિ.

''અલ્યા, આ તો પેલો કૂવો!''

''ને આ ગોદામ? દુકાનો?''

''હાસ્તો વળી, મોટાં મકાન લાગે તે ગોદામ અને નાની સળંગ હાર તે દુકાનોની! ને પેલી બાજુ? આ તો ઘર લાગે છે! આ જુઓને, પેલી નીક જોઇ'તી ને મ્યુઝિયમમાં તે! ઘરમાંથી પાણી નીકળીને પાછળ ઠેઠ નાળાંને મળે. ઘેર ઘેર આવી વ્યવસ્થા છે, જોઇ?!''

''અરે, આ ઘરમાં તો કોઠીઓ છે! દરેક ઘરમાં હશે એવું લાગે છે! કેવાં રો-હાઉસ જેવાં એકસરખાં ઘરો છે, નહિ?''

''યે છોટેવાલે મકાન શાયદ મઝદૂરો કે- કિસાનો કે હોંગે, ઔર વો પિછેવાલે બડે મકાન પૈસેવાલોં કે!''

''આમ કદાચ આ સમાજમાં જ્ઞાતિવ્યવસ્થા હશે કે નહિ તેની તો ખબર નથી પણ વર્ગીય અસમાનતા જરૂર હશે.''

''એ શેખર, સમજાય એવું બોલ.''

''મતલબ કે પૈસાદાર અને શ્રમજીવી એવા બે ભેદભાવ હશે તેવું કમ-સે-કમ આ ઘરોની સાઇઝ અને જગ્યા ઉપરથી અનુમાન કરી શકાય. હવે સમજાયું બેન !'' મીના. ''આ મોટા વિસ્તારને એક્રોપોલિસ-નગર ચોક કહેવાય.અહીંથી પેલા સ્નાનાગાર તરફ જવાય.''

''બેન, જનરલ સ્નાનાગાર ત્યારે પણ હતા?''

''હા, ગ્રીસ-રોમ-ઇજિપ્ત બધે સાર્વજનિક સ્નાનાગારો હતાં''

ઢાળ અને પાળીઓ કૂદતી વટાવતી મંડળી, પાછળ છેક નાળાંને અડતા નગરવિસ્તાર સુધી દોડી આવી.

''બહેન, પેલા લોખંડના પાંજરા નીચે શાનો ખાડો છે? કેમ ઢાંકી દીધો હશે?''

''વંદના, આ તો પેલી મણકામાંથી દાગીના બનાવવાની ભઠ્ઠી! ભૂલી ગઇ? અને ઢાંકી છે એટલા માટે કે તારા જેવી ભાન ભૂલેલી અંદર પડી ન જાય!'' આજે ધીરજ ગમ્મતના મૂડમાં હતો.

પેલી બાજુ કનુભાઇના આશ્ચર્યચકિત ઉદ્ગારો વચ્ચે વચ્ચે સંભળાતા હતા'''ના હોય! પાંચ-છ હજાર વરસ જૂનું!'' - ''તૈંયે માણસો આવાં આવાં ઉદ્યમ કરતા?'' થોડી જ વારમાં બાદલ એમને મંડળી વચ્ચે ખેંચી લાવ્યો. ''બહેન, આ કનુભાઇ જુઓ- શું કહે છે!'' બધાં ત્યાં એકઠાં થઇ ગયાં. ''બેન! ક્યો ના ક્યો- કાંક ગરબડ જરૂર છે! આ ઇંટો જુવો ઇંટો- દહબાર વરસથી વધારે જૂની નો હોય! મને બાંધકામનો અનુભવ! હવે આમાં ક્યાંઇ પાંચ હજાર વરસની વાત દેખાય છે?'' કનુભાઇ ઉત્તેજિત હતા.





''કનુભાઇ! આ ઉપર દેખાય છે તે ઇંટો ચોક્કસ તમે કહો છો તેમ, નવી જ છે. એ તો અંદરના ભાગને નુકસાન ન થાય અને જોનારા પ્રવાસીઓ એને નુકસાન ના પહોંચાડે તે માટે મૂળ જગ્યાને છાંડી દીધી છે એ ઇંટો છે. બાકી આ જુઓ- નીચેની! કેટલી પહોળી ને જાડાઇમાં થોડી ઓછી છે, ને ગોઠવવાની એની રીત પણ ઉપરાઉપરી નથી- ક્રોસમાં છે. જાણકારોએ લોથલની આવી ઇંટોના ખૂબ વખાણ કર્યાં છે.ઇંટોની આ ખૂબીને લીધે જ આટલું ટકી ગયું છે.'' રચનાએ કનુભાઇનું સમાધાન કર્યું અને મંડળીને વળી વિશેષ માહિતી આપી. ''મારો એક મુદ્દો છે - પણે પેલા ચોકીદારભાઇએ કહેલું ને કે ઘેર ઘેર હવનકુંડ હતા- પણ મારું માનવું એ છે કે એ તો ઘર ઘરના ચૂલા હોવા જોઇએ; જેમાં પશુને રાંધતાં હશે તેથી હાડકાં મળ્યા હશે; કંઇ પશુબલિ નહિ અપાતો હોય. કોઇ ઘરમાં થોડું પશુબલિ ચડાવે?!'' શેખરે મુકેલા નવા અનુમાનમાં લોજીક પણ હતું અને જનસાધારણની જીંદગીને સ્પર્શતી હકીકત પણ હતી.

દૂર આંટો મારીને પાછાં ફરેલાં મિત્રોએ લગભગ એકસરખો સવાલ પૂછયો- ''બહેન, લોથલ જો મોટું- જગવિખ્યાત બંદર કહેવાતું હોય તો પછી એનો એરિયા આટલો નાનો કેમ?''

''મૂળે તો આ નગર છ-સાત કિલોમીટર જેવું પથરાયેલું હશે. જે આ ટીંબા જેવો ઉંચો વિસ્તાર દેખાય છે તેની નીચે દટાયેલું પડ્યું છે. 1954 થી 1962 સુધીમાં જેટલું થાય એટલું ખોદકામ કરાવ્યું, નમૂના લીધા અને ચકાસણી પછી તારણો બહાર પાડ્યાં અને આ બધું સમારકામ કરાવ્યું, સંગ્રહાલય તૈયાર કરાવ્યું ને જાહેર કર્યું કે આ સિંધુ સભ્યતાનું બંદર હતું- બસ! કેમ કે ઉત્ખનનની આખી પ્રક્રિયા ખર્ચાળ છે, ખૂબ સાવચેતી અને કાળજી માંગી લે તેવી છે અને એટલે લાંબી પણ ચાલે છે.સરવાળે ટીંબા નીચે ધબકતું આખું નગર તો બહાર કાઢવું મુશ્કેલ હતું પણ આ જેટલું છે તેના ઉપરથી એની મહત્તાનો તાગ તો અચૂક કાઢી શકાય તેમ છે.'' બધાં ચૂપચાપ ટીંબા નીચેનો ધબકાર સાંભળી રહ્યાં! ધીરજે આશ્ચર્યમુગ્ધ ચૂપકીદી તોડતાં સરસ વાત કરી- ''આખું લોથલ જોયા- સમજ્યા પછી એક લાગણી રહી રહીને જાગે છે કે માણસજાતે સખ્ખત

મહેનત અને બુદ્ધિપૂર્વક સભ્યતા રચી છે, જેનાં ફળ આજે આટલાં વર્ષેય આપણે ભોગવી રહ્યાં છીએ. લોથલ ક્યારેય નાશ નથી પામ્યું, એ તો આપણી 'આજ'માં ઉગી નીકળ્યું છે.'' ભૂતકાળની ભવ્યતાને વાગોળવાને બદલે એને વર્તમાનમાં આત્મસાત્ કરતાં ધીરજે કહ્યું.

''કાશ! આવું અર્થઘટન સૌ કોઇ કરી શકતું હોત તો... આજે જે રીતે ભૂતકાળને મારીમચડીને એનો મતલબી મહિમા કરવામાં આવે છે એવું ન થતું હોત!'' વિલ્સને પણ પોતાની લાગણી વ્યક્ત કરી.

''મને તો લોથલમાંથી એટલું શીખવા મળ્યું કે જ્યાં સુધી 'સભ્યતા'એટલે કે ટેક્નોલોજીના વિકાસ અને પ્રગતિની વાત થાય ત્યાં સુધી તો બધું જ ઠીકઠાક ચાલે પણ જેવી 'સંસ્કૃતિ'ની વાત નીકળે છે- ભાષા, ધર્મ, સમાજવ્યવસ્થા વિશે જ્યારે કોઇ સવાલ ઉઠાવાય છે ત્યાં જ તનાવ શરૂ થઇ જાય છે.''
''શેખરનો મુદ્દો ગાંઠે બાંધવા જેવો છે. જ્યાં સુધી સિંધુઘાટીની સભ્યતાને માનવસમાજનાં બુદ્ધિ અને બળની કદરના ખ્યાલથી જોવામાં આવતી હતી ત્યાં સુધી ખરેખર ગૌરવની લાગણી થતી હતી પણ છેલ્લા બે-અઢી દાયકાથી એનાં શ્રેષ્ઠતા અને મહાનતાનાં સંકુચિત અર્થઘટનો થવા લાગ્યાં છે ત્યારથી કંઇક અણગમો-કંઇક અસ્વસ્થતા અનુભવાય છે.'' રચાનાએ વાતને વાળી. સૌ ધીમેધીમે ટીંબાની માટીની સુગંધ માણતાં માણતાં બસમાં ગોઠવાયાં અને વળી પાછી વર્તમાનની સફર શરૂ કરી.

★★★





**મુકામ - 2.**

# આપણાં અભયારણ્યો અને...

ભાલની ભૂખરી ભોમકા છોડીને કાફલો કાઠિયાવાડ તરફ આગળ વધી રહ્યો હતો. આસપાસનું દૃશ્ય બદલાવા લાગ્યું હતું. પીળચટ્ટા ઘાસનાં મેદાનો શરૂ થઇ ગયાં હતાં. ત્યાં જ રસ્તાની ડાબી-જમણી બાજુએ ભૂરાં રંગનાં, ચિત્રોવાળાં પાટિયાં ઉપર વાંચવા મળ્યું- ''વન્યજીવન બચાવો'' , ''કાળિયાર અભયારણ્ય''... ધીરજે પૂછ્યું- ''બહેન, આપણે અહીં જોવા નથી ઉતરવાનું?'' ''આ અભયારણ્ય વળી શું?'' કૌતુક તો બધાંને હતું પણ અભયારણ્યમાં જવાનું નક્કી નહોતું થયું. મંડળી એને વિશેની જાણકારી મેળવ્યા વિના રચનાને છોડે તેમ નહોતી. પરવીને શરૂ કર્યું. ''બહેન, યે ક્યા હૈગા? યહાં પર ઇતને સારે જાનવરો કી ફોટો ક્યોં લગા રખ્ખી હૈગી?''
''અભયારણ્ય એટલે એવું જંગલ કે વનવિસ્તાર-જેમાં પશુ-પંખીઓ નિર્ભીક રીતે હરી-ફરી શકે.એમને કોઇ રોકે-ટોકે-છંછેડે નહિ અને શિકાર ઉપર તો સદંતર પ્રતિબંધ. મોટેભાગે ભાગ્યે જ દેખાતાં- રૅર- પશુપંખીની જાતિ-પ્રજાતિઓને જાળવી-ટકાવી રાખવા આવા સલામત વિસ્તારો રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી 'અભયારણ્ય'તરીકે જાહેર કરવામાં આવે છે. અહીં માણસો બને ત્યાં સુધી રહી ન શકે, ખેતીવાડી પણ ન કરી શકે એવો કાયદો છે. આ બધા નિયમોનું પાલન ચુસ્તપણે થાય એની દેખરેખ રાખવા જંગલખાતાનાં અધિકારીઓ, રક્ષકો / રખેવાળો વગેરેની નિમણૂંક થતી હોય છે અને નિયમોનો ભંગ કરનારને દંડ પણ કરવામાં આવે છે.

"અહીં રોઝડાં ને કાળિયાર જેવાં ઢોર તમારા પાક ભેલાડી જાય એનો વાંધો નહિ… તમારાથી એને હાંકી કાઢવા ડંડીકો ના મરાય- દંડ થાય!" શેખરે ટીખળ કરી લીધું!

"આ તો અજબ જેવો નિયમ છે. છાપાં - ટી.વી.માં જોવાજાણવા રોજ મળે છે કે ગિરના સિંહે નેસડામાં ઘૂસીને ગાય-ભેંસને મારી ખાધાં કે નાના બાળકને ભરખી ખાધું… પણ સિંહને જંગલના રાજા જેવું માન આપવાનું!" ધીરજે બળાપો કાઢયોઃ પેલા 'ભોમા'નાટકવાળું સુંદરવન પણ આવું જ અભયારણ્ય ને?" "પેલી બાજુ સોનગઢ-વ્યારાની આસપાસ રીંછ અભયારણ્ય છે ત્યાં વળી આદિવાસીઓની સલામતી સહેજે નથી! "વિલ્સને ટાપશી પૂરી.

"તમારા બધાની વાત સાચી છે છતાં 'અભયારણ્યનો મૂળ ખ્યાલ(કોન્સેપ્ટ) પણ સારો છે. એક રીતે વિચારીએ તો માણસજાતે પોતાના માની લીધેલા વિકાસ માટે હજારો વર્ષથી પ્રાકૃતિક સ્રોતો, પશુ-પંખી જેવાં જીવોનો ખૂબ ઉપયોગ-દુરૂપયોગ કર્યે રાખ્યો છે પરિણામે કુદરતી સમતોલન જોખમ પામે છે"…

રચના આ કહેતી હતી ત્યાં વંદનાએ વચમાં કશુંક યાદ આવ્યું હોય તેમ કહ્યું- હા બહેન, પેલી કવિતાની લીટીઓ છે ને કંઇક… 'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી; પશુ છે- પંખી છે-વનોની છે વનસ્પતિ…" કોની કવિતા છે?" "ઉમાશંકર જોષીની વિશ્વશાંતિ કવિતાની ઉઘાડની જ લીટીઓ છે આ. એમાં પણ આ જ વાત છે. આમ તો જીવદયાની ભાવનાથી આપણા સમાજમાં આ પરોપકાર અને સ્વાર્થત્યાગની કેટલીક ફરજો પણ ચિંધાવામાં આવી છે; જેમ કે પંખીને ચણ નાખવું- ચબૂતરા બનાવડાવવા, કૂતરાં ને ગાય માટે ચાટ મૂકાવવી, પશુને પાણી પીવાના હવાડા બંધાવવા, માંદા-નબળાં ઢોરને માટે પાંજરાપોળો ખોલાવવી વગેરે. પણ આખેઆખાં અભ્યારણ્યોનો વિચાર આધુનિક છે- પાશ્ચાત્ય છે. પશ્ચિમના જગતે જાણે માણસજાતે કરેલા નુકસાનનો પશ્ચાતાપ માંડયો છે… ને એનું જોઇને આપણે ત્યાં પણ આ નવો વિચાર આડેધડ ફેલાવા લાગ્યો છે. અતિરેકમાં પાછું એ નથી જોવાતું કે એને લીધે





માણસની જિંદગી જોખમમાં મૂકાય છે તેનું શું?!" "પણ બહેન, આપણે ત્યાં આવા અભયારણ્યો કેટલાં?" "અરે ઠીકઠીક કહેવાય એટલાં છે મીના. જોને આ આપણે જઇ રહ્યા છીએ તે વેળાવદરનું કાળિયાર અભયારણ્ય, ગિરમાં સિંહનું, કચ્છના નાના રણમાં ઘુડખરનું, મોટાં રણમાં સુરખાબ પક્ષીનું, પંચમહાલ અને દક્ષિણ ગુજરાતમાં રીંછોનું અભ્યારણ્ય અને દરિયા નીચે જામનગર પાસે વિવિધ માછલીઓનું અભયારણ્ય…" રચના ગણાવતી ગઇ ત્યાં બાદલે બીજો મુદ્દો કાઢયોઃ "બહેન, આ બધે તો ટૂરિઝમનો ધીખતો ધંધો ચાલે છે, નહિ?"

"હા, સહેલાણીઓને- ખાસ તો વિદેશીઓને ઓછીવત્તી સગવડ આપીને આવાં સ્થળોએ ફેરવવામાં આવે છે અને પ્રવાસનખાતું ડોલર-યુરો કમાતું જાય છે." " જે હોય તે- ટુરિઝમના પ્રચાર પ્રસારના અતિરેકમાં કાલ ઊઠીને માણસો માટે અભયારણ્યો કરવાં પડે એવું ન થાય તો જોજો!" શેખરના ટીખળથી સૌ હસી પડ્યાં અને અભયારણ્ય જોવા ન ઉતર્યાનો અફસોસ એ હાસ્યમાં ઓગળી ગયો! કનુભાઇએ હાશકારો ખાધો, "હાઇશ, હવે ટેમસર રોટલા ભેગું થાવું છે ને?" … અને હાઇવે પરના ઢાબે જઇને બસને અટકાવી જ દીધી.

★★★

**મુકામ - 3.**

## ગઢડાનું સ્વામીનારાયણ ધામ : ગુજરાતનો આગવો ધર્મસંપ્રદાય

પ્રવાસીઓ દક્ષિણ સૌરાષ્ટ્રના ગ્રામવિભાગમાંથી પસાર થઈ રહ્યાં હતાં. ચોમેર આવળબાવળ બોરડી ઉપરાંત લીમડાનાં ઘેઘૂર વૃક્ષો દેખાતાં હતાં. ગામોમાં મોટેભાગે ગારમાટીનાં ખોરડાં હતાં, ક્યાંક પાકાં એકઢાળિયાં હતાં તો ક્યાંક વચમાંથી ત્રણ માળની હવેલીઓ કે ડેલીબંધ દરબાર ગઢ પણ દેખા દઈ દેતાં હતાં. મંડળી વચ્ચે વચ્ચે આ ગરીબી-અમીરીના વિષમ પ્રમાણ વિષે ચર્ચા કરતી જતી હતી. ગઢડા હજી આઘું હતું.

બાદલને પ્રશ્ન થયો - "બહેન, આપણે સ્વામીનારાયણ મંદિરમાં જઈએ છીએ ને? તે આમ તો અમદાવાદમાંયે છે જ ને? અને ગાંધીનગરનું 'અક્ષરધામ' તો જગપ્રસિધ્ધ છે, પછી આમ આડા ફંટાઈને લાંબા થવાની શી જરૂર?"

"... કારણ કે બંને મંદિર એક જ સંપ્રદાયની બે અલગ અલગ છાપ ઉપસાવે છે. આ ગઢડાનું મંદિર સંપ્રદાયની શરૂઆતમાં, લગભગ આજથી પોણાબસો વર્ષ પહેલાં બંધાયેલું; તો 'અક્ષરધામ' આ સંપ્રદાયનો મધ્યાહ્ન તપે છે ત્યારે-બે'ક દાયકા પહેલાં જ બંધાયું. બંનેની સ્થાપત્યશૈલી પણ સામાસામા છેડાની છે. ગઢડાવાળું મંદિર મોટાભાગે લાકડું, ઈંટ, ચૂના ને ગારા સુદ્ધાંથી બનેલું તો પેલું 'અક્ષરધામ' કોટા સ્ટોન, આરસપહાણ, ગ્રેનાઈટ, ક્રોમ, કાચ જેવા વિવિધ મટિરિયલ અને આધુનિક ટેક્નીકથી સજ્જ છે. આ તો માત્ર ઉપલક શૈલીનાં





લક્ષણોનો તફાવત થયો પણ ધામ જો ગ્રામીણ વિસ્તારમાં હોય તો લોકોનો રિસ્પોન્સ(પ્રતિભાવ) કેવો હોય અને શહેરી વિસ્તારમાં હોય તો એની તાસીર કેવી અલગ હોય એ પણ આપણે ઝીણી નજરે જોવાનું છે."

વંદનાએ કહ્યું, "આપણે પહેલાં આખું ધામ જોઈ લઈએ પછી જે પૂછવું હોય તે બહેનને પૂછીશું... બરોબરને?!

"હા, આમ પણ આપણા નિયમ પ્રમાણે આજ રાતથી જ ફીડબેક મીટિંગની શરૂઆત થશે. દિવસ આખાનું સરવૈયું કાઢીશું ને સવાલોના જવાબ મેળવવાની કોશીશ પણ કરીશું. આમાં ફક્ત હું જ જવાબો આપી દઈશ એવું નહિ; આપણા સૌનું સહિયારું ચર્ચાસત્ર હશે." રચનાએ પ્રવાસને સાર્થક બનાવવાની પ્રક્રિયા મિત્રોની વચ્ચે મૂકી દીધી.

ત્યાં જ કનુભાઈએ બૂમ પાડી... "એ જે સામીનારાયણ; ગઢડે પોંકડી દીધાં છે બેન!"

આમ તો ગઢડા નાનું ને અલ્પવિકસિત શહેર કહેવાય પણ જે વિસ્તારમાં મંદિર છે ત્યાં મોટાં, લાકડાની સુંદર કોતરણીવાળાં એક-દોઢ સદી પહેલાંનાં ઘર પણ જોવા મળ્યાં. એક શેરીના નાકે લાકડાનાં વિશાળ કમાડવાળો દરવાજો હતો ને અંદર પહોંચતાં જ મોટા બધા ચોકની વચ્ચે ત્રણ શિખરવાળું મંદિર હતું. રંગીન લાકડાંની સુંદર કોતરણી થાંભલા-ઝરૂખા-ગોખ અને જાળીઓ ઉપર શોભતી હતી. ઊંચો ઓટલો ચડીને લાંબી પહોળી પરસાળમાં પહોંચ્યાં. સાંજની આરતીનો સમય થવા આવ્યો હતો તેથી ધીમે ધીમે સ્થાનિક ભક્તોથી પરસાળ ભરાવા લાગી હતી. કેટલાક ભક્તો ઘૂંટણિયે પડી, ગર્ભગૃહના બંધ દરવાજા સામે નમન કરતા હતા. કોઈ શાંતિથી બેઠાબેઠા જપમાળા કરતા હતા. દૂર એક ખૂણે થોડીક બહેનો પણ હતી, ધીમા સાદે નામજપ કરી રહી હતી.

પ્રવેશતાંની સાથે જ રચનાએ મંડળીને ભીંતે લટકતાં પાટિયા ચિંધ્યાં- "ભાઈઓ માટે" અને "બાઈઓ માટે". પોતે, વંદના-મીના-યાસ્મિન-

પરવીનની જોડે 'બાઇઓ'ના વિભાગમાં પહોંચી ગઇ. દર્શન કરવાના વિભાગો અલગ હતા, એટલું જ નહિ આગળ ભાઇઓનો વિભાગ હતો, ને પાછળ બાઇઓનો.

લાંબી પરસાળામાં કુલ ત્રણ ખંડ દેખાતા હતા. આજુબાજુ બે નાના ઓરડા અને વચ્ચેનો ઓરડો મોટો. લાકડાનાં કોતરણીવાળા રંગીન થાંભલાથી ઓરડાને અલગ પાડવામાં આવેલા. ત્રણે ઓરડા ઉપર અંદર કોની મૂર્તિઓ છે તેનાં નામ કોતરેલાં. સૌ પ્રથમ નાની ઓરડી ઉપર લખેલું ધર્મપિતા અને ભક્તિમાતા. બીજા મોટા ખંડની બહાર બે નામ હતાં. શ્રી. નરનારાયણદેવ અને શ્રી. હરિકૃષ્ણ મહારાજ. ત્રીજી અને છેલ્લી ઓરડી ઉપર લખ્યું હતું શ્રી લક્ષ્મીમાતા અને શ્રી. વિષ્ણુ ભગવાન. આ જોતાં'તાં ત્યાં જ ઓરડીઓનાં બારણા સાધુઓએ ખોલ્યાં. પીળાશ પડતા ભગવાં વસ્ત્રોવાળા સાધુઓ હતા તો કેટલાક સફેદ વસ્ત્રોવાળા સાધુઓ પણ હતા. બારણા ખૂલતાંની સાથે બહારનાં ભક્તોમાં જાણે જીવ આવ્યો હોય તેમ સૌ ઊભાં થઇને, હાથ જોડી પોકારી



**સ્વામિનારાયણ મંદિર ગર્ભગૃહ**





ઉઠ્યાં- 'શ્રીજી મહારાજની જૈ!'' સાધુઓ જેમને 'પાર્ષદો' પણ કહેવાય છે - અંદર ઊભેલી મૂર્તિઓને શણગાર સજાવી રહ્યા હતા. મુખ્ય મૂર્તિઓ બે એકસરખા દીસતા પુરુષોની હતી. જેમણે સરસ રંગીન રેશમી અંગરખા પહેરેલાં ને છોગાવાળી રંગીન પાઘડીઓ પહેરેલી. ખૂબ કિંમતી દાગીના, શિરપેચ અને તાજાં ફૂલની સરસ કલાત્મક માળાઓ પણ પહેરેલી. આજુબાજુના ખંડની મૂર્તિઓએ પણ લગભગ એવાં જ વસ્ત્રો પહેરેલાં. ભક્તિમાતા અને લક્ષ્મીજીએ રંગીન ચણિયા-ચોળી-ઓઢણાં પહેરેલાં જેમાં જરીભરત અને કિનારી ચોંટાડેલી. તમામ મૂર્તિઓ પૂરા કદની માનવાકૃતિ જેવી હતી. મૂર્તિઓવાળી પરસાળ વીજળીની રંગીન લાઇટોની સાથે ઘીના દીવા અને મોટી બધી આરતીથી પ્રકાશિત કરી હતી. આરતી શરૂ થઇ. બે-ત્રણ સાધુઓ બહારની બાજુએ હારમોનિયમ, તબલાં અને હાથમાં કાંસીજોડા-કરતાલ સાથે બેસી ગયા. મીઠા સૂરે ગુજરાતી ભાષામાં ગાન શરૂ થયું. મોટા ભાગના ભક્તો આરતી ગાતા હતા, બહેનો પણ ભાવવશ બનીને ગાતી હતી. વાતાવરણ ભક્તિમય હતું, સાથે સાથે દેવમૂર્તિઓનાં કિંમતી વસ્ત્રો-આભૂષણો અને દીવાના ઝગઝાટથી સઘળું ઝાકમઝોળ લાગતું હતું.

આરતી પૂરી થઇ; સૌ શ્રીજી મહારાજની જૈ પોકારીને વિખેરાતાં થયાં. કોઇ થાળમાં પૈસા મૂકી આરતીની આશકા લેતા હતા, કોઇ અંદરોઅંદર કશી વાતમાં પરોવાયા હતા તો બહેનો ઝૂમખાં બનાવી ગપ્પાંગોષ્ઠીએ લાગી હતી. ભક્તિમય હતું તે વાતાવરણ જોતજોતામાં સંસારમય બની ગયું.

રચના અને મિત્રો થોડી પળો મૂર્તિઓવાળું ગર્ભગૃહ જોઇ રહ્યાં. આ પારંપરિક રીતે હિંદુ મંદિરોનું ગર્ભગૃહ હોય છે તેવું નહોતું. હારબંધ દેવમૂર્તિઓ રહી શકે તેવું, કંઇક અંશે હવેલી અને મંદિરના મિશ્રણસમું હતું. પારંપરિક સભામંડપ-નૃત્યમંડપ પણ નહોતો. શિખરો હતાં પણ સાદી રચનાવાળાં અને ત્રણે ખંડની ઉપર મૂકાયેલાં, ત્રણ અલગ અલગ ધજાઓવાળાં હતાં. શિખર ઉપર કે મંદિરની ઇંટેરી ભીંતો ઉપર કોઇ કોતરકામ, નર્તકીઓ વગેરે મૂર્તિઓ નહોતી. હા, પરસાળના થાંભલાની ઉપર, મોભને જોડતી, લાકડાની રંગીન મજાની

પૂતળીઓમાં તબલાંવાદક-સિતારવાદક પુરુષાકૃતિઓ હતી અને મુખ્ય દ્વારની બંને બાજુએ વૈકુંઠ(વિષ્ણુનું સ્વર્ગ) ના બે દ્વારપાળો- જય અને વિજયની લાકડાંની રંગીન, આબેહૂબ માનવાકૃતિ જેવી મૂર્તિઓ હતી. ગુજરાતનું ઉત્તમ કાષ્ઠકામ જોવા મળતું હતું.

થોડી વારે નિજમંદિર (મુખ્ય મૂર્તિઓ રહે છે ત્યાં)નાં બારણાં વાસી દેવાયાં, ઘંટનાદ થયો અને દર્શનનો સમય બંધ થયો. હવે કાલે વહેલી સવારે 'મંગળા'નાં દર્શન માટે સ્થાનિક ભક્તો છૂટાં પડ્યાં.

વિશાળ ચોકની એક તરફ 'ગુરુકુળ' છે જ્યાં સાધુઓ ઉપરાંત શ્રદ્ધાળુ કિશોરો-યુવકો માટેની પાઠશાળા છે જ્યાં સ્વામીનારાયણ સંપ્રદાયને લગતું શિક્ષણ આપવામાં આવે છે અને છાત્રાલયમાં આવા તરૂણો-યુવકો રહે છે પણ ખરા. રચના આટલું કહેતી હતી ત્યાં આમિર બોલી પડયો- "યે તો હમારે મદ્રેસા જૈસા હી હુઆ ના?" "સાચી વાત. આ સંપ્રદાય શરૂ થયો ત્યારે બ્રિટીશરાજ ચાલતું હતું અને એમાં આવાં ગુરૂકુળોનો સમય જાણે અથમવા લાગ્યો હતો પણ આ સંપ્રદાયે જાણે હિંદુધર્મનું શિક્ષણ પુનર્જિવિત કર્યું. રાતની મીટિંગમાં વિગતે વાત કરીશું." ડાબી બાજુ લીમડાનાં ઘટાદાર વૃક્ષોની છાયા નીચે લાકડાંનું એક ઢાળિયું હતું જ્યાં સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીની તસ્વીર હતી અને ફૂલહાર ચડાવેલા હતા. "આ સહજાનંદ સ્વામી ઊર્ફે શ્રીજી મહારાજની કોટડી. એ અહીં હોય ત્યારે આ સાદા નિવાસમાં રહેતા. આગળ દેખાય છે તે 'ગંગાજળિયો કૂવો' - જ્યાં એના નામ પ્રમાણે ચમત્કારોની કથાઓ કહેવાય છે. શ્રીજી મહારાજ જાતે પાણી ખેંચીને સ્નાન કરતા એ આ જગ્યા."

ત્યાર પછી ગૌશાળા હતી. મંદિરની જમણી તરફ ખૂબ સુંદર, બેઠા ઘાટનો ડેલો હતો, ત્યાં જાળીદાર કઠેડાવાળો ઓટલો હતો. લીમડાની ઘટા હતી અને થોડી ઘણી બહેનો શ્રીજીના રળિયામણા દેખાવની પ્રશંસા કરતું પદ ગાઇ રહી હતી. આઠ-દસ તદ્દન સાદા-કિરમજી રંગના સાડલા પહેરેલી બહેનો પણ જરાક અળગી બેઠી હતી. તેમનાં માથે મુંડન કરેલું હતું અને હાથે-કાને કોઇ સાદો-





ઝીણો દાગીનો પણ નહોતો. કોઇક બાકીની સ્ત્રીઓ સાથે પદ ગાતી હતી તો કોઇ ધાર્મિક પુસ્તક વાંચી રહી હતી. વાતાવરણ ભક્તિમય સંગીતસંધ્યા જેવું હતું. "આપણે રાતે વાત કરીશું પણ આ આખી જગ્યા સ્થાનિક કાઠી દરબાર આલા ખાચરનો ડેલો છે. શ્રીજી મહારાજના સમકાલીન આ દરબારનું જીવન પરિવર્તન કરવામાં શ્રીજીનો મોટો ફાળો હતો. કૃતજ્ઞતાવશ દરબારે પોતાની જમીન- આ ડેલો- મકાન અને મોટું બધું દાન આ ધામ બનાવવા માટે આપ્યું હતું. આજે એમની સ્મૃતિ સાચવતો આ ડેલો ધામની શોભાનું જ નહિ, નિસ્વાર્થ શ્રદ્ધાનું સ્મારક છે." "બહેન, યે મરૂન સાડીવાલી ઔરતે...?" પરવીનથી પૂછયા વિના ના રહેવાયું. "એ લગભગ સાધ્વી જેવાં બહેનો છે- અહીં એમને 'બા' કહે છે. રાતની મીટીંગમાં નિરાંતે વાત કરીશું." પરવીનનું કૌતુક તત્કાળ શમે એમ નહોતું, ટૂંકમાં પણ સાવ દબાયેલા અવાજે વાત કરીને રચનાએ સૌને, પરિસરના છેડે બંધાયેલા નવા અને નવી ઢબના છતાં હવેલી જેવા દેખાતા 'અતિથિગૃહ' તરફ દોર્યા. અદ્યતન સગવડોવાળી રૂમોમાં સૌ ગોઠવાયાં, તાજામાજાં થઇને રસોડે જમવા બેઠાં. અહીં ટેબલખુરશી ઉપર સરસ થાળી-વાટકામાં ખિચડી-કઢી-શાક-પાપડ અને લાડુનો 'પ્રસાદ' જમી, તૃપ્ત થયાં.

## સંપ્રદાયની ભીતરમાં

## (ફિડબેક મિટીંગ)

"આપણા સાંસ્કૃતિક પ્રવાસની આ પહેલી ફિડબેક મિટીંગ છે. એક અપેક્ષા છે કે બધા કંઇક તો બોલે- પૂછે-જણાવે. આમ આપણે 'મૌનની સંસ્કૃતિ' તોડવાની વાતો કરીએ પણ આપણો વારો આવે ત્યારે પાછાં હતાં એનાં એ રહીએ તે કેમ ચાલે?... તો આજના દિવસ વિશે કોઇને કંઇ કહેવું-પૂછવું હોય તો શરૂ કરો." રચના આટલું પૂરું કરે ત્યાં જ કનુભાઇ બોલી ઊઠ્યા- "બેન, હું તો આજકાલ કરતાં પચ્ચી વરહથી ડાઇવરી કરું છું.ઘણી પાલ્ટીઓ હંગાથે ફર્યો છું પણ આપણી પાલ્ટી કેવું પડે. પેલા લોથલમાં આમ તો ક્યારેક નિશાળિયા-કોલેજિયાને લી આવ્યો છું પણ ઇ લોકો તો આમતેમ આંટામારીને અડધી

કલાકમાં નીકળી આવે.કોલેજિયાવ ફોટા પાડે. કદીક વળી ભૂરિયાં અમેરિકનો ભેળું આવવાનુંય બન્યું છે પણ ઇ લોકો ઇમનું કામ કરે. હું ગાડીની નીચે પગ નો મૂકું.આ આજે પેલવારકા પેલા ખાડા જોયા ને હમજાણું કે આંય તો મોટી નગરી હતી, બંદર હતું...ને એવું બધું આ બાદલ ભઇએ કીધું તાંણે તો મજો પડી ગયો. પસ્તાવો રહી ગયો કે માલીકોર અંદર ઓલું સંઘરાલય જોયું હોત તો વળી ઝાઝું હમજાણું હોત. વાંધો નહિ, હવે ફરી નવી પાલ્ટી લઇને આવો તાંણે મને લેવાનું નો ભૂલતાં લો, તારે-બોલ્યું ચાલ્યું માફ કરજો પણ મારાથી રેવાણું નંઇ તેથી કઇ દીધું! ભલે, અહીં બેસું તો વાંધો નથી ને?'' ઉઠતાં કનુભાઇએ પૂછી નાખ્યું ને પછી બેસી જ પડ્યાં.'' ના રે, વાંધો શાનો- ઉલટું તમને મજા પડશે અને જાણકારીયે મળશે.બેસો બેસો.મિત્રો, આપણામાંથી કોઇ...?

''બહેન, સબસે પહેલે તો મુઝે યહ કહના હૈગા કિ મૈંને કિસી હિંદુ મંદિરમેં, આપની જિંદગીમેં, પહલી બાર કદમ રખા!'' યાસ્મિને કહ્યું.

''ખાલી યાસ્મિનને હી નહીં, મુઝે ખયાલ હૈ વહાં તક હમ ચારોં મુસલમાનોંને પહલી બાર હિંદુ મંદિર ઇતને ધ્યાન સે દેખા ઔર જાના સમઝા.'' આમિરે સ્પષ્ટતા કરી.

''વિલ્સન, તારું શું છે, તું કદી મંદિરમાં ગયો હતો?'' રચનાએ સસ્મિત પૂછયું.''હા બહેન, નાનપણમાં સ્કૂલમાંથી પ્રવાસે ગયા ત્યારે અંબાજી, તારંગા, ખેડબ્રહ્મા બધે ગયો છું પણ આવું કંઇ કોઇ સમજાવે નહિ- જઇને, ડાફોળિયાં મારી બહાર નીકળવાનું!'' વિલ્સને જાણે સર્વાસાધારણ વાત કરી.

કનુભાઇ મોં દબાવીને હસતા હતા- ''એલા, તું તો નાનપણની વાત કર્ છ્ આંઇ તો માથે ધોળાં આવ્યાં તૈંયે પણ ડાફોળિયાં જ મારેલાં છ્.''

''ને હું મારી વાત કરું તો હિંદુધર્મના ભેદભાવ અને અન્યાયી વલણોને કારણે કદી મંદિરમાં પગ જ ન'તો મૂક્યો; મારા બાપા પણ આવું જ માને; એટલે અમારે દલિતોને તો ઉજળિયાતોનાં મંદિરમાં જવાની જ નફરત! આ જીવનના બાવીસમા વર્ષે પહેલી વાર મંદિરમાં ગયો!'' શેખરે કરેલી વાતથી સોપો પડી





ગયો. ''તો હવે કહો, કેવું લાગ્યું- એમ. ટી.વી.વાળાની જેમ નહિ પૂછું પણ્ આખા પ્રવાસ દરમ્યાન જ્યારે જ્યારે મંદિરો જુઓ... મંદિરમાં જાઓ ત્યારે ત્યારે તમારી જાતતપાસ કરતાં રહેજો.'' રચનાએ કહ્યું અને ઊમેર્યું, ''તમે જાણો છો? હું પણ તમારાં જેવાં ગ્રૂપને લઇને નીકળું છું ત્યારે જ મંદિરમાં જઉં છું - કુટુંબના બધાંયે આ વાત જાણે છે એટલે મને આગ્રહ કરતાં જ નથી! પણ જ્યારે જ્યારે જઉં ત્યારે કંઇને કંઇ શીખું છું કેમ કે મંદિરને હું મારી નજરે જોઉં - જાણું છું. તમે પણ આ રીત અજમાવજો- મારી નજરે જોવાનો પણ આગ્રહ રાખતા નહિ!'' હસતાં હસતાં એણે ઉમેરી દીધું.

''ના હોં, આમ તો તમારે થોડુંક માર્ગદર્શન આપવું પડે, નહિતર તો પછી ડાફોળિયાં જ...'' બાદલે અડધું ગંભીરતાથી ને અડધું રમૂજમાં કહી નાખ્યું!'' ''જો કે પેલો મુદ્દો જ મારા પૂરતો આગળ વધારું-મેં પણ કદી ચર્ચ કે મસ્જિદ અંદરથી જોયાં નથી- જવાની ઇચ્છા પણ થઇ નથી કે અંદરથી કોઇ જરૂર પણ નથી જણાઇ!'' ''આ સાંભળતાં જ ધીરજ-મીના-વંદના... બધાં લગભગ એકસરખી વાત બોલી ઊઠ્યાં કે એમણે પણ પોતાના ધર્મસંપ્રદાય સિવાયનું કોઇ દેવસ્થાન કદી નથી જોયું! ફક્ત વંદના પોતાની સોસાયટીના નાકે જૈન દહેરાસર આવેલું છે ત્યાં ઘણું ખરું જાય છે- ખાસ તો એક્ઝામ આપવા જાય તે પહેલાં!

''ચાલો, એ હિસાબે આપણા પ્રવાસમાં અલગ અલગ અને અરસપરસ ધાર્મિક સ્થળોની જાણકારી તો મળતી થઇ એ મજાની વાત છે!'' રચનાને કંઇક સંતોષ જેવું જણાયું. ''આગળ વાત કરીએ?'' એણે પૂછયું પણ શેખરે કહ્યું, ''એક મિનિટ. વાત નીકળી જ છે તો પૂછી લઉં? ઐતિહાસિક સ્થળો, પિકનિક સ્થળો, મ્યુઝિયમ-એ બધું જોઇએ એ તો સમજાય છે પણ આપણા આ પ્રવાસમાં તીર્થસ્થળો જોવાની શી જરૂર છે, એ બહુ સ્પષ્ટ નથી થતું.''

''સરસ પ્રશ્ન અને પૂછી જ લેવાનો હોય! દોસ્તો, મારા જેવાને ગમે કે ન ગમે- પણ ધર્મસંપ્રદાયોએ માનવસંસ્કૃતિને ઘડવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. તમામ ધર્મોએ માનવસમાજનું નિયમન, નિયંત્રણ, પ્રગતિ કે અવગતિનું

ચાલન કર્યું છે એમ કહેવાય. રાજનીતિ, સમાજ અને કુટુંબ-વ્યવસ્થા, તહેવારો, જન્મથી મૃત્યુ અને મૃત્યુ પછીનાંય વહેવારો... સઘળું ધર્માધારિત છે- મતલબ કે માણસે જ જાણે ધર્મો ઘડીને પોતાનાં જીવનને ઘાટ આપ્યો છે. હવે હજારો વર્ષથી ચાલતી આ પરંપરા અને શ્રદ્ધાની અભિવ્યક્તિને આંખ આડા કાન કરીએ તે કેમ ચાલે? આપણે તો સંસ્કૃતિનો અભ્યાસ કરી રહ્યાં છીએ ને?''

''યહ 'અભિવ્યક્તિ' કિસે કહેતે હૈંગે?'' યાસ્મિને પૂછયું.

''ભાષાઓ, કળાઓ- જેમ કે સંગીત, ચિત્ર, શિલ્પ-સ્થાપત્ય, નૃત્ય, નાટક, સિનેમા, ભજન-પૂજનની વિધિઓ... બધું શ્રદ્ધાની, અંતરની ભાવનાઓની અને વિચારોની અભિવ્યક્તિ કહેવાય. સાદા શબ્દોમાં કહીએ તો 'રજૂઆત'. તમે જોયું કે મંદિર એ શ્રદ્ધા ઉપરાંત કળાઓની અભિવ્યક્તિની પણ મહત્વની જગ્યા છે. માણસનાં ઘર-રહેઠાણ સાદાં અને જરૂર પૂરતાં કે તેથીયે નાનાં હોય છે પણ મંદિરો કે બીજાં દેવસ્થાનો જુઓ... કેવડાં મોટાં? કેવાં સરસ? કેટલાં કિંમતી?... એટલે કળાઓનો વિકાસ કેટલો ને કેવો થયો છે તે જાણવું હોય તો દેવસ્થાનો જોવાં પડે, માણસોએ ત્યાં જાતને ભૂલીને પોતાની તમામ આવડતો-ભાવનાઓને તન, મન, ધનથી રજૂ કરી હોય છે! ઇશ્વરને સર્જનહાર માનવામાં આવે છે અને પોતાના- આ જગતના સર્જનહાર માટે માણસની સર્જનશક્તિ-કળાઓ દ્વારા જેટલું અપાય એટલું આપવું એ પણ એક ભાવના છે ને તેની પરંપરા ચાલી આવે છે. જગતના તમામ ધર્મોમાં આ જોવા મળે છે. એટલે જ, તમામ ધર્મોની વિવિધતાભરી, આગવી કળાઓ આપણને જોવા મળે- સમજવા મળે તો આપણી દૃષ્ટિ ખિલે, મન-બુદ્ધિની સંકુચિતતા ઓછી થાય, બીજાઓને સમજીએ તો આપણી દુનિયા પણ મોટી થાય... આવા વિચારથી ધર્મસ્થળોને પ્રવાસમાં સામેલ કર્યાં છે. જ્યારે દૃષ્ટિ સંકુચિત હોય ત્યારે જે માઠાં ને હિંસક પરિણામો આવે છે તે તો આપણે વેઠી જ ચૂક્યાં છીએ. વળી મારું એ જ સારું ને બીજાનું નકામું એ ગાંઠ પણ ખોલી નાખવા જેવી હોય છે. આવું બધુ વિચારીને આ પ્રવાસ ગોઠવીએ છીએ; એમાંથી કશુંક





સકારાત્મક રીતે સમજતાં થઇએ તો ભયો ભયો!'' રચનાએ ઊંડો શ્વાસ લઇને પૂરું કર્યું.

વંદનાએ શરૂ કર્યું- ''બહેન, આમ તો આ કૃષ્ણભક્તિ જ થઇ ને? પણ તો પછી આ શ્રીજી ને બીજું બધું શું છે? પેલી કાનુડાની ભક્તિ કરતાં આ શી રીતે જુદો પંથ કહેવાયો? પૂજા-બૂજામાં પણ ફરક પડે? મને તો બહુ ગૂંચવાડો થઇ ગયો છે!''

''તેં બરોબર નોંધ્યું વંદના, આ આમ તો કૃષ્ણભક્તિ જ છે પણ કેમ અને કેવો તફાવત છે એની વાત કરીએ.18મી સદીમાં ગુજરાતના સવર્ણોમાં શિવભક્તિ અને પુષ્ટિ વૈષ્ણવ કૃષ્ણભક્તિનું પ્રભુત્વ હતું. સાથોસાથ જૈનધર્મનું જોર પણ ખરું જ. જૈન ધર્મ આમ અલગ પણ સામાજિક રીતે સવર્ણોમાં જ ભળે. બીજી તરફ જે જે શ્રમજીવી કોમો હતી તેમાં અનેક માતાજીઓની શક્તિભક્તિ પ્રચલિત હતી. પણ જાણીએ છીએ તેમ શિક્ષણ અને જાગૃતિના અભાવે તમામ સંપ્રદાયોમાં અંધશ્રદ્ધા જામેલી હતી. ભૂત-પ્રેત-ડાકણ-ચૂડેલ વિશેના વહેમો પ્રચલિત હતા. શીતળા જેવા રોગોથી બચવા લોકો બધા આખડી રાખતા. મેલી વિદ્યા અજમાવનારા ભૂવા-બાબા-તાંત્રિકોનું જોર ભારે હતું કહેવાતી ઉજળિયાત કોમોમાં- ખાસ કરીને ક્ષત્રિયો અને બ્રાહ્મણોમાં દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ સુદ્ધાં હતો.''

''વો ક્યા હોતા થા? દૂ-ધ-પી-તી? મતલબ?'' હમિદ માટે આ શબ્દ નવો હતો. વંદનાને ખબર હતી- ''હમિદ, દીકરીઓ માટે દહેજ આપવું પડે, વળી લડાયક સમુદાયોથી દીકરીઓની ઇજ્જત બચાવવી પડે એટલે દીકરીઓ અળખામણી કહેવાતી. દીકરી જનમે કે તરત દૂધના મોટા કુંડમાં ડૂબાડી દે, અથવા તો પછી માની છાતી પર ઝેર ચોપડે-દીકરી દૂધ પીતાંની સાથે જ...'' ''ઓહ! કિતના ઘિનૌના રિવાજ?'' ''એટલું જ નહિ, વિધવા સ્ત્રીને મિલકતામાં ભાગ ન આપવો પડે એટલે સતી કહીને પતિના શબ સાથે જીવતી જલાવી દેતા, ખરું ને બહેન?''

"બરાબર છે વંદના. એ સમયે અને એ સમય સુધી સ્ત્રીઓની અને દલિત ગણાતી કોમોની હાલત ખૂબ ખરાબ- ખૂબ દયનીય હતી. પણ ધર્મો અને ધર્માચાર્યોએ આ સ્થિતિ સુધારવા પ્રયાસ નહોતા કર્યા. ખાસ તો કૃષ્ણભક્તિવાળા વૈષ્ણવમહારાજો વિલાસી જીવન અને ધર્મના નામે પાખંડ ચલાવી રહ્યા હતા. ઓછું હોય તેમ લૂંટ-ફાટ-ધાડ સામાન્ય બનાવો હતા. ટૂંકમાં કહીએ તો સમાજજીવન અધમ અને અંધાધૂંધી ભર્યું હતું."

"તો આ સ્વામીનારાયણ ધર્મ છેક 18મી સદી પછી જ સ્થપાયો?"

"હા, 1772માં. પણ આને 'ધર્મ' નહિ- હિંદુ-વૈષ્ણવધર્મનો એક સંપ્રદાય કહેવાય. સંપ્રદાય એટલે વિચારધારા ઉપર આધારિત આચાર-વિધિ વગેરે ધરાવતો પંથ. આ પંથે હિંદુ વૈષ્ણવો સામે એક નવો વિકલ્પ લાવી મૂક્યો. મૂળ સિદ્ધાંત તો કૃષ્ણભક્તિનો પણ થોડો ફરક કે જીવ પણ સદાચારી ઈશ્વર જેવો બની શકે." બાદલની આંખમાં ચમક આવી- "હં... હવે સમજાયું. મંદિરમાં આપણે, બે તદ્દન સરખી લાગતી મૂર્તિઓ જોઈ'તી- એમાં એક ભગવાન હતા અને બીજા આ હરિકૃષ્ણ મહારાજ પંથના સ્થાપક; એમ જ ને?"

"બિલકુલ સાચું, બાદલ. એ બંને એકસરખી મૂર્તિઓનો એ જ મતલબ છે . પણ એ કક્ષાએ શી રીતે પહોંચાય? સંપ્રદાયનું તત્વજ્ઞાન કહે છે કે 'સદાચાર'ના માર્ગે. "તદ્દન લોજીકલ છે. પેલા વૈષ્ણવ મહારાજો દ્વારા સમાજમાં પાપલીલાઓ ચાલતી હોય તેની સામે સદાચાર, પવિત્ર જીવન જેવી ભાવનાઓ આકર્ષક જ લાગે. "શેખરે સંપ્રદાયની સ્થાપનાનો હેતુ સમજાવી દીધો.

"બસ! તો આ નવી વિચારધારા લઈને આવ્યા ઘનશ્યામ મહારાજ. મૂળે ઉત્તરપ્રદેશના-અયોધ્યા પાસેના ગામ છપૈયાના. બાળપણથી રામાનંદી સાધુઓની સોબત થઈ ગયેલી. એવા જ એક સંઘમાં ભળીને, ઘર છોડી યાત્રાએ નીકળી પડ્યા. ફરતા ફરતા અહીં સૌરાષ્ટ્રમાં આવ્યા. અહીંની સમાજિક હાલત જોઈ, હૈયું કકળી ઊઠ્યું અને અન્ય સદાચારી સાધુઓનો નાનકડો સંઘ





સ્થાપી, નવી વિચારસરણી પ્રચલિત કરી- સ્વામી એટલે કે સાધુ અને નારાયણ એટલે કે વિષ્ણુ- પરમેશ્વર. પંથના મુખ્ય સિદ્ધાંત તરીકે સદાચાર, વ્યસનમુક્ત જીવન, દાન અને બ્રહ્મચર્ય ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો."

"સ્વાભાવિક છે, પેલા વૈષ્ણવ મહારાજોની લંપટલીલા સામે બ્રહ્મચર્ય જ એક સાધન હતું જે આચાર્યોએ અમલમાં મૂકવાનું હતું." શેખરે તારણ કાઢ્યું.

"આ બ્રહ્મચર્ય તો પંથના સાધુઓ કે મહારાજો માટેનો નિયમ હશે ને?" ધીરજને પ્રશ્ન થયો.

"હા, પણ તેમ છતાં જે આ સંપ્રદાયમાં ભળે તેવા ગૃહસ્થ લોકો માટે પણ અમુક રીતે એ આદર્શ મનાયો. મૂળમાં હિંદુ સાધુઓમાં પણ બ્રહ્મચર્યનો નિયમ છે જ પણ ઘનશ્યામ મહારાજે એને ખૂબ ચુસ્ત બનાવ્યો...

અરે જાવાદ્યોને વાત! આ સાધુઓએ તો પછી બાઈજી નંઈ તો ક્યે બોડી રાંડ- જેવું કરી મૂક્યું છે! સગ્ગી મા-બેનનુંયે મૂઢું નો જોવાય એવો કડક નિયમ!" કનુભાઈથી ચૂપ ના રહેવાયું. "ખરું કીધું ને બેન?"

"ખરું. બ્રહ્મચર્યનો અતિરેક એ તો એક મુદ્દો છે... " વચ્ચે જ વિલ્સને પૂછ્યું "પણ એવા નિયમથી સ્ત્રીઓની સ્થિતિમાં કંઈ ફરક પડ્યો ખરો?"

"વિલ્સન, સ્ત્રીઓની સ્થિતિમાં ફરક પડે તે માટે તો ઘણા ઘણા મોરચે લડવું પડે. ધર્મથી તો એ ફરક આવે જ નહિ. તમને સૌને મનોમંથન માટે એક મુદ્દો આપી રાખું- વિચારજો, કયા મુખ્ય પ્રવાહના ધર્મ-સંપ્રદાયોએ સ્ત્રીઓને સમાન દરજ્જો આપવાનો આગ્રહ રાખ્યો? ક્યા ધર્મ-સંપ્રદાયના ધર્મગુરૂ કે વડા તરીકે સ્ત્રીઓની નિમણૂંક કરવામાં આવે છે? કયા ધર્મ-સંપ્રદાયે સમાજમાં પણ સ્ત્રીઓ ઉપર થતા દમન-અત્યાચાર માટે નોંધપાત્ર પગલાં લીધાં?"

મંડળી વિચારમાં પડી ગઈ. "એ મુદ્દે હું તો કહું છું કે કાગડા બધે જ કાળા! ખેર, આ સંપ્રદાયે સમાજમાં કેટલાંક સકારાત્મક ફેરફારો પણ આણ્યા છે. સૌથી પહેલું તો સંપ્રદાયના નિયમો અને સિદ્ધાંતોને ઘનશ્યામ મહારાજે તદ્દન

સાદી ગુજરાતી ભાષામાં આપ્યા- 'શિક્ષાપત્રી'ના નામથી. આ પહેલાં જૈન અને બૌદ્ધ ધર્મના ગ્રંથો જ સ્થાનિક ભાષાઓમાં રચાયા હતા. બાકી તો હિંદુ ધર્મના તમામ સંપ્રદાયોના સિદ્ધાંતો ને ઉપદેશો, પુરાણકથાઓ ને કાવ્યો... બધું જ સંસ્કૃતમાં અને એથી જનસાધારણથી દૂર- પહોંચની ને સમજની બહાર! એ તો તમે જાણો છો. એ પગલું નવીન હતું. વળી એમના ઉપદેશો પણ સાદી ગુજરાતીમાં કરતા અને એનો સંગ્રહ પણ એમના જ સમયકાળ દરમ્યાન થયો તે 'વચનામૃત' - જેને ગુજરાતી ભાષાના પહેલાં ગદ્યસાહિત્યનું માન આપવામાં આવે છે."

"અરે, વે ખુદ તો ઉત્તર પ્રદેશ કે થે ઔર ગુજરાતી મેં બોધ કરતે થે?" આમિર આશ્ચર્યચક્તિ્!

"હા. બીજું કામ એમણે કૃષ્ણભક્તિનાં પદો-ભજનો પણ ગુજરાતીમાં ગવાતાં કર્યાં. સંપ્રદાયમાં કેટલાક સાધુઓ-જેમને 'સંતો' પણ કહેવાય છે- કવિ હતા, સંગીતકારો હતા જેમ કે બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, વગેરે. સાંજે આરતીમાં સંતો કેવું સરસ ગાયન-વાદન કરતા હતા તે તમે સાંભળ્યું. " "પણ બહેન, પેલા વૈષ્ણવો પણ ભજન-કીર્તન તો કરે જ છે ને" - વંદનાને થોડોક ખ્યાલ તો હતો, તેણે જણાવ્યું. "હા પણ ગુજરાતીમાં નહિ- વ્રજભાષામાં. મતલબ કે 16-17મી સદીમાં હિંદીભાષી ક્ષેત્રોમાં, રાજસ્થાનમાં જે બોલી બોલાતી હતી તેમાં પુષ્ટિ સંપ્રદાયનાં પદો-ભજનો લખાતાં ને ગવાતાં. પણ સહજાનંદ સ્વામીએ તળ ગુજરાતી ભાષાને સ્વીકારી અને સમૃદ્ધ કરી. બીજો મુદ્દો છે સંપ્રદાયના પ્રચાર-પ્રસારનો. આપણે વાત કરી કે હિંદુ ધર્મના મુખ્ય પંથોએ શ્રમિકો, શૂદ્રો, દલિતોને દૂર જ રાખ્યા હતા. આ સ્વામીનારાયણ સંપ્રદાયે એ દિશામાં મહત્વનું પગલું લીધું. સહજાનંદ સ્વામીએ અહીં ગઢડામાં, અમદાવાદમાં, વડતાલમાં, સૂરતમાં... એમ પોતાની ગાદીઓ સ્થાપી પણ ઠરીઠામ થઈને ગાદીએ બેસી ન ગયા. ગુજરાતભરમાં પ્રવાસ કરતા અને પરિસ્થિતિ જાણતા-સમજતા. પોતાને થતાં અન્યાયોને કારણે લૂંટફાટ અને





અસામાજિક કાર્યોના રવાડે ચડી ગયેલી ગણાતી કોમો-કોળી, ઠાકોર જેવાને સદ્બોધ આપીને પંથની કંઠી બાંધી, સદાચારના માર્ગે ચડાવ્યા. કાઠી દરબારો પોતાના સ્ત્રી-સમુદાયોનું શોષણ કરતા, તેમને પણ કંઠી બાંધી અને સામાજિક કુકર્મો કરતા અટકાવ્યા. સાંજે આલા ખાચરનો ડેલો આપણે જોયો. એ કાઠી દરબાર બધી વાતે ખેપાની હતા પણ શ્રીજીના સત્સંગે તેમને સુધાર્યા. એમ કહેવાય છે કે લગભગ સૌરાષ્ટ્રની તમામ કારીગર, શ્રમિક કોમો - સુથાર, લુહાર, દરજી, કંસારા, કણબી - જે આજે પટેલ તરીકે ઓળખાય છે- તે સૈને સંપ્રદાયમાં આવરી લીધા અને મોટા પાયા ઉપર સમાજસુધારણા કરી. બાળ લગ્નો, દૂધપીતી, સતી જેવા કુરિવાજો દૂર કરી પોતે તો ઉપદેશ કર્યો, આગ્રહ રાખ્યો, પ્રતિજ્ઞાઓ લેવડાવી પણ કાનૂન પસાર કરાવવાની જરૂર જણાઇ તેથી સામે ચાલીને તે સમયના રાજકોટ પ્રાન્તના (કાઠિયાવાડ) અંગ્રેજ અધિકારીને કહેણ મોકલ્યું, સાહેબ તેમને મળવા આવ્યા અને ઠરાવ કરીને કાયદો કરાવ્યો જેને કારણે એ મોટા કુરિવાજો ગુજરાતમાંથી ઘસાતા ગયા ને છેવટે નાબૂદ થયા." "આ હિસાબે, આપણે રાજા રામમોહન રાય, લોર્ડ વિલિયમ બેંટિકની સાથે સાથે સહજાનંદ સ્વામીનું નામ પણ લેવું જ પડે." ધીરજે મુદ્દો મૂક્યો. "ચોક્કસ- પણ ધર્મઘેલા ગુજરાતીઓએ આ ઐતિહાસિક તથ્યને ઉજાગર કરવામાં બહુ રસ નથી લીધો એ ચિંતાજનક બાબત છે."

"ઇતિહાસ કે સાથ તો હમેં કોઇ લેનાદેના હી નહીં હૈ- યા તો કન્ની કાટ લેતે હૈ યા ફિર તોડમરોડ કર દેતે હૈં." આમિરની કોમેન્ટનો વિરોધ કોણ કરી શકે? "સમાજ સુધારણા ઉપરાંત આ પંથના સાધુઓ લોક સેવાનાં કામ પણ કરતા રહ્યા છે. છપ્પનિયો દુકાળ, મોરબીની પૂર-હોનારત, '56માં આવેલો અંજારનો ભૂકંપ અને 2001ના ગુજરાત-ભૂકંપ વખતે એમણે કેડ બાંધીને રાહતકામો કરેલાં, એમના અનુયાયી ધનિક ગુજરાતીઓ અને એન. આર. આઇ. ગુજરાતીઓએ પુનર્વસન માટે ખૂબ દાન આપ્યું હતું. ઉપરાંત પ્રિન્ટિંગ પ્રેસ, શાળા-કોલેજો, દવાખાના જેવી આધુનિક કહેવાતી પ્રવૃત્તિઓ પણ મોટાપાયે હાથ ઉપર લીધી છે.

## સંપ્રદાયની ગઇકાલ અને આજ

... આમ, સહજાનંદ સ્વામી ખુલ્લા મનના, દૂરદર્શી હતા અને ખાસ તો, સાદગીભર્યું જીવન જવતા હતા એ ખાસ સમજવા જેવું છે.''

''પણ આજકાલ તો આ સંપ્રદાયનાં મંદિરો એકદમ ટનાટન બને છે, ગેસ્ટહાઉસ પણ થ્રી-ફોર સ્ટાર હોટલો જેવાં હોય છે અને તહેવારોની ઉજવણીઓમાં પણ કરોડોનો ખર્ચ કરવામાં આવે છે... ખરી વાત?'' શેખરના અવાજમાં વ્યંગ હતો.

''બિલકુલ ખરી! એટલું જ નહિ- સંપ્રદાયની શરૂઆતમાં તો આજ્ઞા પણ હતી કે સાધુઓએ કોઇ વાહનનો ઉપયોગ ન કરવો- જ્યાં જવું હોય ત્યાં પગપાળા જ જવું ભલે ને સેંકડો માઇલ દૂર કેમ ન જવાનું હોય!... પણ આજે શું જોવા મળે છે!'' ''અલ્યા, મોંઘી દાટ મોટરકારોમાં સાધુઓ ફરતા થઇ ગયા છે! સ્ત્રીઓનું મોં રખેને જોઇ જવાય તેથી રેશમી-ભગવા પડદા કારની બારીઓમાં લગાવીને પણ કાશ્મીરથી કન્યાકુમારી ફરતા થઇ ગયા છે!'' કનુભાઇએ પોતાનાવાળી કહી બતાડી! ''હા-હા- એકવાર હું જ બધાને દિલ્હી પોંકાડી આવ્યો છું ને!'' ''અને જીવનપદ્ધતિ-ખાણીપીણી બધું ખર્ચાળ... ધનિક ગૃહસ્થો જેવું જ!'' રચનાએ વિશેષમાં કહ્યું- ''ત્યાગ, સાદગી, અપરિગ્રહ... બધાં પોથીમાંના રિંગણાં!'' ''... પણ બહેન, નવા જમાના પ્રમાણે થોડો ફેરફાર તો થાય ને? તમે કીધું એ ખરું પણ કંઇક પોઝિટિવ ફેરફારોયે હશેને?'' મીનાને કશાક સારાંની આશા હતી. ''તારી વાત સાચી છે, મીના. આપણે વારંવાર કહ્યું કે આ સંપ્રદાયમાં શરૂથી બ્રહ્મચર્યને બહુ મહત્વ અપાય છે, મા-બેનનું મોં પણ નથી જોતા... વગેરે. પણ છેલ્લાં થોડાંક વર્ષો દરમ્યાન થયેલા બે મોટા ફેરફારો નોંધવા જેવા છેઃ

યાદ કરો - સાંજે તમે પેલી મરૂન સાડીવાળી બહેનોને જોઇને પ્રશ્ન કરવાનાં હતાં ને? - તો એ એક નવો ફેરફાર છે. વિધવા, કુંવારી, એકલવાયી કે જ્ઞાનની ઝંખના ધરાવતી સ્ત્રીઓ માટે સંપ્રદાયે હવે ખાસ 'સાધ્વી' જેવી





અવસ્થાની જોગવાઇ કરી છે આ બહેનો કંઇ મંડળની સેવાચાકરી નથી કરતી; પોતે ધર્મપુસ્તકો વાંચે છે, અન્ય સ્ત્રીઓને બોધ કરે છે અને સાંખ્ય યોગ જેવા અઘરા શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો અધિકાર પણ એમને મળેલો છે. અલબત્ત, કોઇ પૂજા-આરતી કરવા મુખ્ય મંદિરમાં નથી જઇ શકતી એ વાત જુદી! બીજો ફેરફાર એ આવ્યો છે કે 'અક્ષર પુરુષોત્તમ' વાળા ફાંટામાં સ્ત્રી-પુરુષોની સહશિક્ષણની સંસ્થાઓ ખૂલી છે અને ત્યાં જનરલ-સાર્વજનિક શિક્ષણ ઉપર ધર્મશિક્ષણ પણ સાથે જ લેવાય છે. જો કે સાધુઓ તેનાંથી અળગા રહે છે એ વાત જુદી!'' ''તે બહેન, આમનામાં પણ ફાંટા પડેલા છે?'' વંદનાને જવાબ આપતાં રચનાએ જણાવ્યું કે સંપ્રદાયની ગુરુગાદીના પ્રશ્ને ત્રણ ફાંટા તો સહજાનંદ સ્વામીના મરણ પછી તરત જ પડી ગયા હતા. બધા જાણીતાં મંદિરો અલગ અલગ ફાંટાવાળાનાં જ છે. જેમ કે દિલ્હીનું ને ગાંધીનગરનું અક્ષરધામ અક્ષરપુરુષોત્તમવાળા ફાંટાનું જેમાં પેલા નવા ફેરફારો થયા. આ ગઢડા, વડતાલ અને અમદાવાદનું કાળુપુરવાળું મંદિર જૂનામાં જૂના વિભાગનું. ખેર, ધર્મનું સંસ્થાકરણ થાય ત્યારે સંપત્તિ અને સત્તા માટે સાઠમારી થાય જ- અને આ વાત તમામ ધર્મ-સંપ્રદાયોને લાગુ પડે છે એ પણ યાદ રાખવા જેવું.''

''બહેન, બુરા મત માનના પર ઈસી ધરમવાલોને 2002 કે હત્યાકાંડ મે પૈસે દેકર યા ફિર ઉકસાકર પટેલોં કો, પ્રજાપતિકો, દરબારોં કો હમારેવાલોં કે સામને હથિયાર લેકર ખડા કર દિયા થા! ઇતની માનવતા કી બાતેં હો રહી હૈ, પર ઉસ વખત ઇન સાધુઓંકી માનવતા કહાં ખો ગઇ થી?'' હામિદે વલોવાતા હૈયે પૂછ્યું.

હમિદે પૂછેલા પ્રશ્નો સૌને હચમચાવી દીધા.

''આ ઐતિહાસિક તથ્ય છે કે ખેડા-આણંદના મુસ્લિમો સામેના હિંસાચારમાં અહીંના મંદિરે ને સંતોએ સીધી કે આડકતરી મદદ કરીને ધર્માંધતા અને અંદર છૂપાયેલી હિંસકતાને ઉજાગર કરેલી. ગમે તેટલાં વખાણ કરીએ પણ હિંદુ ધર્મ આજકાલ જે રીતે કટ્ટરતાના રસ્તે દોડી રહ્યો છે તેનો કોઇ રીતે બચાવ ના થઇ શકે.'' રચનાએ ગાલીચા નીચે ઢાંકેલી ગંદકી કાઢવા માંડી. ''એટલું જ નહિ,

2001ના ભૂકંપ વખતે પણ કચ્છમાં રાહત અને પુનર્વસન (રિલીફ અને રિહેબિલીટેશન) દરમ્યાન પણ નાતજાત પ્રમાણે રાહતો આપેલી અને નવા બાંધેલા નગરમાં પણ જૂની પદ્ધતિ મુજબ ઊંચ-નીચના ક્રમે ઘરો બાંધી આપ્યાં છે. વસાહતોમાં નવા સ્વામીમંદિરોયે બંધાયા છે.''

''બહેન, હું પણ ક્યારનો તમને પૂછવાનો જ હતો કે જેમણે કંઠી બંધાવી એ શ્રમિક, શૂદ્ર કોમોમાં દલિત કોમો-વણકર, ચમાર, વાલ્મીકીનો સમાવેશ થયો હતો કે નહિ?'' શેખરે વેધક સવાલ કર્યો.

''હરગિઝ નહિ. થોડાક મોચી કે વણકરોએ કંઠી બંધાવ્યાનું સાંભળ્યું છે પણ ગામેગામ ફરતા સહજાનંદ ઉર્ફે ઘનશ્યામ મહારાજ ઊર્ફે હરિકૃષ્ણ મહરાજ ઊર્ફે શ્રીજી મહારાજ તળ દલિતવાસોમાં ગયાનું સાંભળ્યું નથી. એટલું જ નહિ, તમે સાધુઓનાં કપડાંના રંગ જોયા હશે- પીળાશ પડતા ભગવાં, ગુલાબી જેવા ભગવાં અને સફેદ. આ રંગોની પસંદગી કંઇ એમનેમ નથી એમાં પણ ઊંચનીચનો ક્રમ છે- જેમ કે પીળાં-ભગવાં પહેરનારા મૂળે કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓમાંથી આવે છે, ગુલાબી ભગવાંવાળા મધ્યમ કહેવાતી જ્ઞાતિઓમાંથી અને સફેદવાળા સાધુઓ પેલી શ્રમિક કોમોના હોય છે. એટલું જ નહિ- સંઘની અંદર એમને સોંપાયેલાં કામ પણ ઊંચ-નીચની કક્ષા મુજબનાં હોય છે. આ સંપ્રદાયના સંતો કે અનુયાયીઓ ગમે તેટલી ગૌરવગાથાઓ ગાય પણ હિંદુસમાજના ભયાનક દૂષણ- જ્ઞાતિવ્યવસ્થાને તોડવાનો કોઇ પ્રયત્ન નથી થયો. ઉલટું, એ વ્યવસ્થાને વધુ જડબેસલાક કરવાની આચારસંહિતા અનુયાયીઓ ઉપર જોરશોરથી ઠોકી બેસાડવામાં આવે છે એ આજની તારીખની હકીકત છે.''

''ક્યાંક હવે સમજાય છે કે ગુજરાતના કહેવાતા ઉજળિયાત સમાજમાં અને એનું અનુકરણ કરવા જતા દલિત સમાજમાં પણ દેખાડવાના અને ચાવવાના જૂદા- એવી હાથીના દાંત જેવી માનસિકતા કેમ સર્વત્ર જોવા મળે છે! આ આગવા ગુજરાતના આગવા ગુજરાતી સંપ્રદાયની લોકપ્રિયતા અને જબરજસ્ત અસરકારકતા કંઇ એમ જ અમસ્તી નથી ફેલાઇ... સમાજને ચોક્કસ દિશામાં





વાળવામાં ધર્મસંપ્રદાયની ભૂમિકા કેટલી મહત્વની હોઇ શકે તે આજે સમજાય છે'' વિલ્સનનું તારણ ખૂબ મહત્વનું હતું. થોડીવાર ચૂપકિદી ફેલાઇ ગઇ. રચનાએ મૌન તોડ્યું- ''ચાલો, હવે છૂટાં પડીએ? પ્રવાસના પહેલા દિવસે કેટલા વૈવિધ્યપૂર્ણ અનુભવો થયા, નવા વિચારો મળ્યા એ મમળાવતાં હવે પથારીભેગાં થઇએ? કાલે નવી જ દિશા-નવી જ દુનિયા જોવા જવાનું છે.''

કંઇક નવા જ દૃષ્ટિકોણથી ધર્મ-સંપ્રદાયને જોવાનો પાઠ વાગોળતા સૌ પોતપોતાનાં રૂમમાં જતાં હતાં ત્યાં જ કનુભાઇ બોલ્યા : ''લ્યો બેન, શરૂઆત પણ મેં જ કરેલી ને પૂરુંયે મને કરવા ઘો! જાતરાઓએ તો ઘણી વાર આવ્યો છું પણ ધરમ વિશે પણ જાણકારી હોય તે આજે જાણ્યું. બાકી તો ધરમ એટલે ગરમાગરમ શિરો- સટ્ લઇને ગળે ઉતારી દીધો એટલે જીંદગી પૂરી! લ્યો હાલો- જે શામીનારાયણ!''

★★★

**મુક્રમ - 4.**

# પાલિતાણા : જિનશાસન દેવની ધર્મનગરી

## તરંગલીલા

ધ ર્ ર્ ર્ ... ચ્યાંઉં ચ્યાંઉં... ધ ર્ ર્ ર્... કાનફોડ અવાજો સાથે કંઇક ખિલૌના ખેલ જેવો દેખાવ જોતાં મંડળી કૌતુક માણી રહી હતી. મોટા ચોકને આવરી લેતા સેંકડો વાયરો, બલ્બ અને નાનાં રમકડાં સાથે કંઇક ભૌગોલિક માહિતી આપતાં નમૂના (મોડેલ્સ)થી સજાવેલી આખી ઝાંકી (ટેબ્લો) તેમની સામે હતી. પાલિતાણાની આ જાણીતી જોવાલાયક જગ્યા છે- 'જંબુદ્વીપ'.

જૈનોના એક પંથના, એક મંડળની વિચારધારા મુજબ અહીં વર્ષોથી એક પ્રદર્શન-નિદર્શન(એક્ઝીબિશન-ડેમોન્સ્ટ્રેશન) રાખવામાં આવે છે અને તે દ્વારા એક આગવો ખગોલિય-ભૌગોલિય સિદ્ધાંત રજૂ કરવામાં આવે છે. આ સિદ્ધાંત પ્રચલિત ખગોલિય સિદ્ધાંતોને નકારે છે. એમની ધારણા અને તર્ક પ્રમાણે પૃથ્વી સૂર્યની આસપાસ નથી ફરતી બલ્કે પૃથ્વી જ સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્ર છે અને સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો પૃથ્વીની ફરતે ફરે છે. પૃથ્વી ગોળ તો છે પણ નારંગી કે આમળા જેવી નહિ; વચ્ચેથી કાપેલા ફળ જેવી; ચપટી સપાટીની બરોબર મધ્યમાં મેરુ પર્વત છે જે પૃથ્વીને ધારણ કરી રાખે છે. ચાર દિશાઓ-ચાર ખૂણા વગેરે પણ દર્શાવેલા છે અને વીજળીની મદદથી સૂર્ય વગેરેને પૃથ્વીની આસપાસ ફરતા દેખાડવામાં આવે છે, સાથોસાથ પ્રિરેકોર્ડેડ કેસેટ ચાલે છે જેમાં આ સિદ્ધાંતનુ વર્ણન કરવામાં આવે છે. અનુરૂપ સંગીત પણ





વણી લીધું છે. "ઇન્ટરેસ્ટીંગ!" "વાહ!" મંડળીને આ ખેલ જોવાની ગમ્મત તો પડી પણ સ્વાભાવિક રીતે પ્રશ્નો પણ જાગ્યા "આજે એકવીસમી સદીમાં પણ આધુનિક વિજ્ઞાનનો સાવ છેદ ઊડાડતા આ સિદ્ધાંતને કેવી રીતે માન્ય રખાય?" વિલ્સને સૌથી પહેલું પૂછ્યું.

"અલ્યા, આને સિદ્ધાંત નહિ, ધારણા કહેવાય ધારણા!" બાદલે એને ટોક્યો.

"હું તો આને ધારણાયે નહિ- તરંગ જ કહું. ને પાછો આ ખેલ...! પાલિતાણાની તરંગલીલા!" શેખર મજાકના મૂડમાં હતો.

"આમ તો બાળ-કિશોરોને ગમ્મત પડે તેવું છે, પણ સાથે જે માહિતી અપાય છે તે એમને મળતાં શિક્ષણ અને વિજ્ઞાનની જાણકારીની વિરુદ્ધમાં ન જાય?!"મીનાની ચિંતા વાજબી હતી.

"મેરે ખયાલ મેં તો ઐસી માહિતી પર પ્રતિબંધ હોના ચાહિયે!" હમિદ જરા ગુસ્સાથી બોલ્યો.

"દોસ્તો! તમારો ગુસ્સો, તમારી ગમ્મત, તમારી ચિંતા, તમારા પ્રશ્નો- બધું જ બધું બિલકુલ વાજબી! તમારા સવાલોના જવાબ પણ તમારી જ પાસે છે. આ જ નહિ, અહીં જંબુદ્વીપ પરિસરમાં એક બીજું પણ સાયન્સ એક્ઝીબીશન છે અને વિડિયો શો પણ દેખાડવામાં આવે છે, જેમાં પ્રચલિત વૈજ્ઞાનિક સિદ્ધાંતો પણ દેખાડે છે અને ક્યાંક એનો નકાર પણ કરે છે! એમાં એક વિષય એ પણ છે કે માણસ ચંદ્ર ઉપર પહોંચ્યો જ નથી- ન પહોંચી શકે. પૃથ્વી સિવાય ક્યાંય ગુરૂત્વકાર્ષણ શક્તિ નથી, જ્યાં પગ ઠેરવીને ઊભાં રહેવાય! એક રીતે આ બધા સિદ્ધાંતો પૃથ્વીકેન્દ્રી છે અને અંતરીક્ષ (સ્પેસ)ને લગતા અવનવા વિચારો મૂકવાના પ્રયોગો છે." રચનાએ થોડી સાદી સમજ આપી. "બહેન, આવા પ્રયોગોનો હેતુ શો?" મીનાના સવાલનો જવાબ લંબાણથી આપવો પડે તેમ હતું. સવારમાં ગઢડાથી નીકળી, રસ્તે જમીને મંડળી પાલિતાણા પહોંચી, ઊતારે ગોઠવાઇને લાગલી જંબુદ્વીપ જ પહોંચેલી. હજી અજવાળું હતું- તળેટીમાં જોવાનું બીજું પણ હતું; પણ રચનાને લાગ્યું કે અહીં જે સવાલો

ઊઠ્યા છે તે જૈન ધર્મના મૂળ હેતુને લગતા પણ છે. થોડો સમય ચર્ચા કરવી જ રહી.

## જૈનધર્મનો મર્મ

જંબુદ્વીપથી બહાર નીકળીને એક સરસ મંદિરની શાંત પરસાળમાં સૌએ બેઠક જમાવી. કનુભાઇ પણ આમતેમ ફરતા હતા તે આવીને બેસી ગયા. ''બહેન, આ પાલિતાણા વિશે જ કંઇક કહો.'' ધીરજે માંગણી મૂકી.

''તમે જ કહો, બે'ક કલાકથી તમે અહીં ફરો છો, તમને શું લાગ્યું? શું દેખાયું?'' ''આમ તો અમે ભૂગોળમાં શિખેલા તે યાદ છે કે પાલિતાણા ભાવનગર જિલ્લામાં આવેલું છે. શત્રુંજી નદીના કાંઠે વસેલું છે અને પાસે જ શત્રુંજય પર્વતની હારમાળા છે. જોતાં જોતાં આ બધું યાદ આવી ગયું.'' ધીરજે જ શરૂ કર્યું : ''એક ચીઝ યે ભી દેખી કિ જૈસે શહર કે દો હિસ્સે હૈં- એક પાલિતાણા ગામ જો કિ નોર્મલી જૈસે ગાંવ હોતે હૈં વૈસા દિખા. બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, બાઝાર, સ્કૂલ, દુકાનેં કોલોનિયાં વગૈરા હૈ પર નદી પરકી પુલિયા પાર કરતે હી જૈસે પૂરા માહૌલ બદલ ગયા. અલબત્ત-બાઝાર વગૈરહ હૈ પર અલગ તરહ કે... પર સહી મેં તો જૈસે પૂરે કા પૂરા મંદિરોં કા હી શહર હૈ. ''હમિદે સવિસ્તાર અભિપ્રાય આપ્યો. વિલ્સને તરત કહ્યું, ''આવું જ અમારા- ખ્રિસ્તીધર્મના મુખ્ય ધામ વેટીકન માટે પણ કહેવાય છે - ચર્ચ / દેવળોનું નગર.''

''વેટિકન તો રોમમાં છે ને?'' ''હા''.

''હમિદની વાતમાં એક મુદ્દો ઉમેરું કે આ મંદિરોના શહેરને 'તળેટી' કહે છે કેમ કે એ શત્રુંજય પર્વતની તળેટીમાં આવેલું છે. શત્રુંજયના આ મંદિરોવાળા શિખરોને 'સિદ્ધિગિરિ' કે 'સિધ્ધાચલ' કહે છે, કેમ કે જૈન તીર્થંકરો સિદ્ધપુરુષો હતા.'' રચના કહેતી હતી ત્યાં પરવીનને ચટપટી થઇ, ''યે કૌનસે ભગવાન કે મંદિર હૈંગે?'' ''હાં, કિસી એક ભગવાન કે યા અલગ અલગ ભગવાનોં કે?'' યાસ્મિને સવાલને આગળ વધાર્યો. ''જૈનધર્મમાં ભગવાન ના હોય. ભલે





'ભગવાન' કહેવાય પણ એ બધા તો માણસો જ હતા. મોહમાયા છૂટી ગઇ હોય એવા ત્યાગી લોકો હતા. મહાવીર ભગવાન કે પારસનાથ પ્રભુ... બધા જ આવા ત્યાગીઓ હતા- એમને 'તીર્થંકર' કહેવાય. ખરું ને બહેન?'' વંદનાનો પ્રાથમિક ખ્યાલ બિલકુલ સાચો હતો.

''આવું તીર્થંકર નામ કેમ પડ્યું હશે?'' વિલ્સનને પશ્ન થયો.

''લે, દેખીતું છે - જે તીર્થ જેવા પવિત્ર હોય તે તીર્થંકર.'' વંદનાએ વ્યાખ્યા આપી.

''મતલબ કિ યે સારે મંદિર તીર્થંકર કે હૈંગે?''

''હા યાસ્મિન. જૈનધર્મમાં કુલ 24 તીર્થંકર છે. કોઇ કોઇ પંથવાળા 25ની સંખ્યામાં પણ માને છે. અહીં એ 25માં તીર્થંકરના દહેરાસર પણ છે.''

''ક્યા કહા બહન? દ-હે-રા?... ક્યા?'' આમિરે વધુ સ્પષ્ટતા માંગી.

''જૈન મંદિરને એમની પરિભાષામાં 'દહેરાસર'- 'દેવાશ્રય' કહેવાય છે.''

''બેન, આ વાણિયાનો ધરમ આમ તો આપડા જેવો નહિ; ને નહિ નહિ તોયે ખરો- એવું જ ને?'' કનુભાઇનું કુતૂહલ તાર્કિક હતું.

''કનુભાઇ, એને કેમ 'વાણિયાનો ધરમ' કહો છો? કોઇ એક જ જ્ઞાતિનો ધર્મ હોઇ શકે? પણ બહેન, જૈન ધર્મને 'ધર્મ' કેમ કહે છે? એ તો એક પંથ જ થયો ને?'' ધીરજને ખાસ માહિતી લાગતી નહોતી; જે સ્વાભાવિક હતું.

''ચાલો, થોડી માંડીને વાત કરું. સૌથી પહેલાં તો- જૈન એ ધર્મ છે. પંથ નથી. હિંદુ-બ્રાહ્મણધર્મની કર્મકાંડી પરંપરા, વર્ણવ્યવસ્થા, જાતિપ્રથા, અનેક દેવો અને અવતારવાદના વિરોધમાં ઊભી થયેલી જ્ઞાનપ્રધાન વિચારસરણી છે પછીથી ધર્મસિદ્ધાંતના રૂપે સ્થિર થઇ. આજથી લગભગ બે-અઢી હજાર વર્ષ પહેલાં એનો ઉદ્‌ભવ થયેલો. કેટલાક ત્યાગી ચિંતકોએ વિદ્રોહી વિચારધારા શરૂ કરી, જેઓ શ્રમણ કહેવાતા હતા. એમાંના ઋષભદેવે આ નવા ધર્મની

શરૂઆત કરી. એ સૌથી પહેલા તીર્થંકર કહેવાય છે- આદિનાથ- તરીકે પણ ઓળખાય છે.'' ''લો, અમે તો એવું માનતાં'તાં કે જૈનધર્મની સ્થાપના મહાવીર સ્વામીએ કરી.'' ''ઘણાં એવું માને છે, મીના. ખરેખર તો મહાવીર છેક 24મા તીર્થંકર હતા- એક માન્યતા પ્રમાણે તો છેલ્લા!''

''પણ બેન, એમાં પણ બે પંથો છે ને? શ્વેતાંબર અને દિગમ્બર?'' વંદનાએ પૂછયું. ''હા, ત્યાગની માત્રા દિગમ્બરમાં વધારે હોય છે. મહાવીરે દિગમ્બર પંથ સ્થાપ્યો એટલે કદાચ પેલી ગેરસમજ ફેલાઇ હશે.''

''બેમાં શો ફરક બેન?'' ''દેખીતા ફરક વિશે કહું તો તો જે પંથમાં સાધુ-સાધ્વીઓ સિવ્યા વગરનાં સાદાં સફેદ કપડાં પહરે છે તે શ્વેતાંબર. એમનાં દહેરાસરમાંની મૂર્તિઓને સોના-ચાંદી-મોતી વગેરેનાં આભૂષણો ને મુગટ, પાઘડી વગેરે પહેરાવે છે, ફૂલમાળા ચડે છે, મૂર્તિને સ્નાન કરાવી ચંદનકેસર ચડાવે છે. પણ દિગમ્બર પંથના સાધુ-સાધ્વીઓ નિર્વસ્ત્ર જ ફરે છે અને એમના દહેરાસરની મૂર્તિઓને કોઇ આભૂષણ-મુગટ-પાઘડી નથી પહેરાવતા કે ફૂલહાર પણ નથી પહેરાવતા. આ તો દેખીતો ફરક છે- તત્વજ્ઞાન ક્યાં જુદું પડે છે એ જાણવા માટે તમારે થોડાંક પુસ્તકો વાંચવા પડે. અહીં, આ પ્રવાસ પૂરતી આટલી માહિતી બસ છે.'' ''વે સાધુ-સાધ્વી ક્યા સચમુચ સાવ બિના કપડોં કે હી...?'' યાસ્મિનને પૂરું બોલતાંયે સંકોચ થતો હતો. ''હા, જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે મોક્ષ / આ દેહમાંથી છૂટકારો. મોક્ષ પામવા માટે પુણ્ય કરવા પડે, દાન-તીર્થયાત્રા-પરોપકાર કરવાં પડે.'' ''એવું તો હિંદુ ધરમમાંયે છે જ ને, બેન?'' કનુભાઇથી ન રહેવાયું. ''છે જ - પણ જૈનો માટે મોક્ષ અતિશય કઠોર તપ, ત્યાગ અને નિર્મોહ અવસ્થાનું પરિણામ છે. એમણે જોયેલું કે હિંદુ બ્રાહ્મણ ધર્મને ઘણી મર્યાદાઓ છે. ત્યાગ જ એ પ્રલોભનોથી બચાવી શકે; તેથી ત્યાગને મોક્ષનો મુખ્ય માર્ગ કહ્યો છે. શરીરને કઠોરતાથી વશમાં લેવું, ઇન્દ્રિયોના ભોગવિલાસ તજી દેવા... આ બધા મૂળ સિદ્ધાંતો છે. ખેર, સરવાળે હિંદુધર્મથી સામેના છેડે આ ધર્મ સ્થપાયો, ખિલ્યો-વિકસ્યો અને આજ સુધી ટકી રહ્યો છે; તે એની ત્યાગમયતા અને જીવન પ્રત્યેના બુદ્ધિવાદી દષ્ટિકોણને કારણે.





''બહેન, આ કનુભાઇ 'વાણિયાનો ધરમ' એમ કેમ બોલ્યા? તમે તો કહ્યું કે જૈનધર્મ જ્ઞાતિવાદનો વિરોધ કરે છે; તો પછી?'' શેખરે તર્ક કર્યો. ''એમાં બે મુદ્દા છે. એક તો આ બધા તીર્થંકરો મોટેભાગે ક્ષત્રિયો હતા. કોઇ બ્રાહ્મણ નહોતા. પણ તેમના અનુયાયીઓમાં વહેપારી સમુદાયો વધારે હતા. વહેપારી એટલે વહાણિયા-વહાણમાં બેસીને દેશવિદેશમાં જઇને વેપાર કરે. વેપારી સમુદાયો 'વહાણિયા'માંથી ટૂંકાવીને 'વાણિયા' થઇ ગયા! બીજું એ કે બ્રાહ્મણોનો નહિ તે વાણિયાનો ધરમ બન્યો. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે પણ સત્તા ખાતર ભેદભાવ હતા.! સૌથી મહત્વનું એ કે જૈન ધર્મનો સ્વીકાર કરી શકાય- પછી તમે જન્મે ભલેને ગમે તે જાત-નાતના કેમ ન હો! હિંદુ તો જનમે જ હિંદુ- પણ જૈન-બૌદ્ધ ધર્મ સ્વીકાર કરી શકાય, અપનાવી શકાય તેવા ધર્મો બન્યા, જે એક ઐતિહાસિક ઘટના બની અને આજથી અઢી હજાર વર્ષ પહેલાં... ઇ. પૂ. 6ઠ્ઠી સદીમાં! અને જે 'જૈન' ધર્મ સ્વીકારે તેની મૂળ જ્ઞાતિ લોપ પામે-નાશ પામે. જૈન એટલે બસ, જૈન. સામાન્ય માન્યતા ભલે હોય કે આ વાણિયાનો ધર્મ છે; પણ ખરેખર તો ક્ષત્રિયો, વાણિયા, કારીગર કોમો બધાએ એ જૂના કાળમાં મોટા પાયે- મોટી સંખ્યામાં જૈનધર્મ સ્વીકારેલો એટલે જૈન એટલે જૈન!'' ''દલિતોએ પણ જૈન ધર્મ સ્વીકારેલો?'' શેખરનો જ હોય એવો સવાલ! ''હા, તીર્થંકરો સાચા અર્થમાં 'મુક્ત' હતા. એટલેસ્તો આ દેશના બ્રાહ્મણો અને અન્ય હિંદુઓએ જૈનોની ટીકા કરવા માંડી પણ એક મોટી સત્તા આ જૈનો પાસે હતી. ધનસત્તા. ધર્મની સ્થાપનાની શરૂઆતમાં પૂર્વ અને મધ્ય ભારતના ક્ષત્રિયોએ અને પછી ધીમેધીમે પૂર્વ-મધ્ય-દક્ષિણ ભારતના વેપારીઓએ જૈનધર્મ સ્વીકાર્યો. પશ્ચિમ ભારતમાં રાજસ્થાન-ગુજરાત જે 13મી સુધી લગભગ એક જ પ્રદેશ ગણાતા હતા, ત્યાંના ધનિકો લગભગ જૈનો જ હતા. શાસકોને સદીઓથી તેમણે નાણાંકીય મદદ કરીને પોતાના પક્ષે કર્યા- ઔરંગાઝેબને પણ સૂરતના શાંતિદાસ શેઠે અઢળક નાણું આપેલું. સંખ્યામાં ઓછા હોવા છતાં જૈનોએ આપણી સંસ્કૃતિને પોતાના ઢાંચામાં ઢાળી છે.''

"મતલબ કે જૈનધર્મ ગુજરાતની બહાર પણ પળાય છે?" મીનાને પ્રશ્ન થયો.

"હા. ખરું કહીએ તો ગુજરાતમાં પણ એ બહારથી જ આવ્યો! તીર્થંકરો મોટે-ભાગે બિહાર-પૂર્વ ભારતના. ફક્ત નેમિનાથ આપણા દ્વારકાના અને તે પણ કૃષ્ણના પિતરાઇ ભાઇ કહેવાય છે એટલે યદુવંશના. વળી જૈન સાધુઓ ફરતા રહે તેથી તેમને અહીં કે ત્યાંના ન કહેવાય છતાં ગુજરાતનો સ્થાપક વનરાજ ચાવડો અને સોલંકી વંશના પ્રતાપી રાજા કુમારપાલે પણ જૈન સાધુઓને કુળગુરૂનું માન આપ્યાનું સવિસ્તાર લેખિત ઇતિહાસમાં નોંધાયું છે. ખેર, જૈનોની વસ્તી રાજસ્થાન, કર્ણાટક અને બંગાળમાં પણ ખરી. આમ તો એ લઘુમતિ કોમમાં સમાવેશ કરવાની ઝૂંબેશ પણ ચાલી હતી અને હવે એ કોમનો સમાવેશ એમાં થઇ પણ ગયો છે, જો કે એ કોમ ખાસ્સી ધનિક ગણાય છે અને એમાં લઘુમતિના દરજ્જા સામે વાદ-વિવાદ પણ ચાલે છે."

"ભઇ, હમને સુના હૈ કિ, યે લોગ ખાને મેં બહુત સારે પરહેઝ કરતે હૈં- ક્યોં?" હમિદે પૂછ્યું એટલે મંડળીમાં એક સામટું શરૂ થઇ ગયું: "કાંદા-લસણ-બટાકા-ગાજર-મૂળા... કંઇ ન ખવાય." "હમારે એરિયે મેં તો નહિ પર આપવાલે એરિયે મેં જૈનખાના મિલતા હૈ ના?" અરે - ઇન્ટરનેશનલ ટૂરોમાં પણ જૈનભોજન મળતું થઇ ગયું છે - રચના. "હમિદ, જૈનોનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે. સાધુ હોય કે સંસારી- અહિંસાને લગતા તમામ નિયમ પાળવા ફરજિયાત. તમે ગણાવ્યા તે બધાં કંદમૂળ કહેવાય; જેને જમીનમાંથી કાઢવા પડે અને તેમ કરતાં અસંખ્ય જીવડાં મરી જાય. તેથી જૈનો કંદ નથી ખાતા. વળી તેં કહ્યું તેમ, અમુકતમુક ચીજો જ નહિ; અમુક જ સમયે ખાવાનું અને અમુક ઉપવાસ કરવાના, અમુક તપ-દાન-પુણ્ય કરવાનું... એવા ખૂબ કઠોર અને કડક નિયમો જૈન સાધુઓ ને સંસારીઓ, સ્ત્રી-પુરુષ ને બાળકો સુદ્ધાં પાળતા જ હોય છે. ધર્મના નામે કઠોર આચારપાલન ખૂબ મહત્વનું છે."
"કેમ આવું હશે, બહેન?"

"જીવન પ્રત્યેનો નજરિયો! એમના તત્વજ્ઞાનમાં ભૌતિકવાદ ઉપરાંત નકારવાદ પણ છે. જીવન તો પાપમય છે અને નાનાં નાનાં પાપોની સજા





જન્મજન્માંતર સુધી મળતી રહે છે, એટલે માણસે 84 લાખ વાર જનમવું પડે છે અને પાપને ફેડતાં રહેવું પડે છે. છેવટે કઠોર નિયમથી જીવેલા જીવનનું સુફળ અચૂક મળે છે. પેલા તીર્થંકરો આવા જ સાદાચારી મહાપુરુષો હતા."

"બરોબર... હવે ખાસ્સો ખ્યાલ આવ્યો, કે જૈન ધર્મ પોતાની રીતે નવો જ ચીલો ચાતરનારો હતો અને તેને પાળનારાઓએ એને ઠીકઠીક ટકાવી રાખ્યો છે - બલ્કે સદ્ધર બનાવ્યો છે." વંદનાને સંતોષ થયો લાગ્યો. બધાંના ચહેરા ઉપર સમજણ હતી. બાદલે આમતેમ જોઇને કહ્યું : "હજી અજવાળું તો છે અને આ મંદિર પણ સરસ દેખાય છે. બહેન, એક વાર અમારી સાથે ફરીને બધું બતાવતાં જાઓ તો વધારે સમજ પડે.

"ચોક્કસ. કેમ કે કાલે તમારે પર્વત પરનાં મંદિરો જોવા જવાનું છે ત્યારે હું નહિ હોઉં. અત્યારે અમુક મુદ્દા સમજી લો જેથી કાલ તમારી મેળે મઝા કરી શકો અને જાણકારી પણ મેળવતા જાઓ."



**જૂનું મંદિર**

## દહેરાસરની ભીતરમાં

નખશિખ આરસપહાણથી બનેલા મંદિરમાં સૌ પ્રવેશ્યાં. પ્રમાણમાં નવું મંદિર હતું દ્વાર ઉપર જ જબરજસ્ત બે હાથીઓનું સુશોભન હતું. ''મંદિરોમાં જે સુશોભનો હોય છે તેના પણ પ્રતીકાર્થ હોય છે. જેમ કે હાથી વિશાળતા-શક્તિ અને બુદ્ધિ હોવા છતાં નમ્રતાનું પ્રતીક છે. કમળ એ પૂર્ણતા અને કળશ પરિપૂર્ણતા બતાવે છે. સ્વસ્તિકનો સાથિયો ચોફેર મંગલ-કલ્યાણ ફરી વળે તે સૂચવે છે... આમ દરેક પ્રતીકનો ગૂઢાર્થ હોય છે અને આવું તમામ ધર્મોમાં હોય છે; તમે તમારાં ધર્મોનાં પ્રતીકો વિચારી રાખજો, આપણે સાથે મળીને એના અર્થ શોધીશું.''

ગર્ભગૃહ અહીં પણ લાંબી પરસાળમાં હતું- ગઢડાના સ્વામીનારાયણ મંદરની જેમ. અહીં પણ ત્રણ આરસની મૂર્તિઓ હતી. ત્રણે તીર્થંકરો પલાંઠી વાળેલા, સમાધિની મુદ્રામાં કોતરવામાં આવેલા. શાંત ચહેરો, અધબિડેલી આંખો અને ટટ્ટાર બેસણાં. તપ-ત્યાગ અને શાંતિના પ્રતીકો લગતાં હતાં. શરીરે કશું જ નહોતું પહેર્યું. માથે મુગટ કે પાઘડી પણ નહોતી. ખુલ્લા મસ્તક ઉપર આરસપહાણમાં જ ટૂંકા વાંકડિયા ગૂંચળાં કોતરેલાં જે મુંડનનું થોડુંક સુંદર રૂપાંતર હતું. ત્રણે મૂર્તિઓ દેખાવમાં તદ્દન સરખી હતી ફક્ત વચલી મૂર્તિનું કદ જરાક મોટું હતું, આજુ-બાજુવાળી બંને જરાક મધ્યમકદની હતી. પાસે દીવા પ્રગટેલા હતા. ફૂલહાર કંઇ ચડોવેલું નહોતું છતાં ચંદનની સુવાસથી વાતાવરણ મહેંકતું હતું. ''બહેન, આ દિગમ્બર તીર્થંકરો છે, નહિ? કશા જ વસ્ત્ર કે શણગાર વગરના''. ધીરજને અને સૌને ખ્યાલ આવી ગયો. શેખરે ખૂબ ધીમા અવાજે પૂછયું: ''આટલી સરખી મૂર્તિઓમાં શી રીતે ખબર પડે કે આ અમુક તીર્થંકર છે?'' ''એમની પલાંઠીની નીચેની બેઠક જુઓ. બરાબર વચ્ચે કંઇક પ્રતીકો કોતરેલાં છે?'' વચ્ચેના મૂળ નાયક છે મહાવીર - તેમનું પ્રતીક સિંહ છે, આજુબાજુના બેમાંના એક કુંથુનાથ છે ને બીજા અજિતનાથ - બંનેના પ્રતીકો છે. પ્રતીકોને જૈન પરિભાષામાં 'લાંછન'





કહેવાય. ચોવીસે તીર્થંકરને પોતપોતાનાં લાંછન હોય છે જે તેમનાં ઓળખચિહ્નો છે.''

''પર સારે એકસરીખે ક્યોં હૈંગે?''

''કેમ કે જૈન તત્વજ્ઞાન મુજબ સંપૂર્ણ ત્યાગ અને મોહમાયાની મુક્તિની સ્થિતિમાં સૌ સરખાં હોય છે. સ્ત્રી પુરુષનો ભેદ પણ મટી જાય છે. એક સ્ત્રી-તીર્થંકર પણ થઇ ગયાં -મલ્લિનાથ.તેમની મુદ્રા પણ આવી જ છે. મલ્લિકામાંથી મલ્લિનાથ થયેલા.''

''આ હિસાબે સ્ત્રી-પુરુષ બધાનો દરજ્જો સમાન હશે નહિ?'' વિલ્સને પૂછયું.''
''હા, જૈન ધર્મ જ્ઞાતિ ઉપરાંત લિંગ-જેન્ડર સંદર્ભે પણ સમાનતાનો મહિમા કરે છે. જે માણસમાત્ર તપ-ત્યાગ કરે તે સૌ મોક્ષ પામી શકે- સમાન અધિકારે.''

''હા, જેવા જૈન સાધુઓ હોય છે તેવાં જૈન સાધ્વીઓ પણ હોય છે જ ને?'' વંદનાએ અહોભાવથી કહ્યું.

''ખરી વાત, છતાં આખા સંઘ કે મંડળનું મુખ્ય ગુરૂપદ તો પુરુષનું જ હોય છે. સાધ્વી બહનોને પણ 'મહારાજ'કહેવાય છે છતાં 'ગુરૂપદ' નથી મળતું.''

''ઓફ્ફોહ્... હરેક ધરમ કી એક હી કહાની!'' આમિરે નિસાસો નાખ્યો.
''એ તો કૂવામાં હોય તે જ હવાડામાં આવે ને? સમાજનું પ્રતિબિંબ ધર્મમાં અને ધર્મનું પ્રતિબિંબ સમાજમાં પડે!'' રચનાએ આખું ગણિત સમજાવી દીધું.લગભગ ખાલી જણતા દહેરાસરમાં ક્યાંક કોઇ ખૂણે બેસીને જપમાળા કરતું હતું.ધીમેધીમે સાંજ ઢળવા લાગી એટલે એક સેવકે આવી, લટકતાં કાચનાં ઝુમ્મરોમાં, લાંબી લાકડીથી મીણબત્તીઓ ગોઠવી, પાળી ઉપર મૂકેલા કાચના ગ્લાસમાં દીવા પેટાવ્યા.વીજળીનો સહેજ પણ વપરાશ કર્યા વિના પણ દહેરાસર પ્રકાશથી ઝળહળી ઉઠ્યું.

''અસલ જૈનધર્મમાં ટેક્નોલોજીનો વિરોધ છે. સિવેલાં કપડાં, ચંપલ-બૂટ, વાહન સાધન કે યંત્રોની સદંતર મનાઇ છે.અહીં ઇલેક્ટ્રસીટી ન વપરાય.સાધુ-

સાધ્વીના નિવાસ-ઉપાશ્રય / અપાસરામાં પણ વીજળીની લાઈટ ન વપરાય.જો કે સામાન્ય ગૃહસ્થ / સંસારી જૈનો માટે મનાઈ નથી.'' ''પેલા જંબુદ્વીપમાંયે ક્યાં કશી મનાઈ છે. વિડીયોનો અલગ ચાર્જ, બ્રાહ્માંડદર્શનનો અલગ-ચોપડી ખરીદો તો વળી મોંઘી દાટ! એ મંડળવાળા ખરેખરા પ્રેક્ટીકલ સાધુઓ હશે!'' શેખરની કોમેન્ટ સાથે મલકાતા મુખે સૌ દહેરાસરની બહાર આવ્યાં.બહારની દીવાલોમાં પણ કમળ, હાથી હંસ, મોર, ફૂલવેલની કોતરણી શોભી રહી હતી.ગર્ભગૃહ ઉપર ગોળ ઘુમ્મટ હતો અને છેક પાછળ વિમાનસમું શિખર - જેની ટોચે નાની ઘંટડીઓ રણકી રહી હતી ને લાલ સફેદ પટાવાળી ધજાઓ ફરકી રહી હતી.

''દરેક ધર્મ-સંપ્રદાયનાં દેવસ્થાન ઉપર ધજા ફરકતી જોશો- દૂરથી એ સ્થળને પિછાણવાની નિશાની છે. વળી દરેક સંપ્રદાયની ધજાઓના રંગ અને ક્યારેક આકાર પણ અલગ.ઉપર ચોક્કસ પ્રતીકો પણ ખરાં.આ બધાં ઓળખચિહ્નો છે. આખા પ્રવાસમાં તમે જોતાં રહેજો.ગઢડાના શિખર ઉપર ગુલાબી ને સફેદ ધજાઓ હતી, જે સ્વામીનારાયણ સંપ્રદાયના ખાસ રંગ છે. માતાજીઓનાં મંદિર ઉપર લાલ ચટ્ટક ધજા હોય ને શિવજીના મંદિર ઉપર ભગવી. કૃષ્ણમંદિરો ઉપર વિવિધ રંગી-કોઈ બાધ નહિ!'' એક દિગમ્બર દહેરું જોઈને, ખપપૂરતી જાણકારી મેળવીને સૌ બહાર નીકળ્યા. તળેટીનાં યાત્રાધામમાં સેંકડો ધર્મશાળાઓ વીજળીની લાઇટોથી ઝગમગી ઊઠી હતી. દૂર બજારની સડકો ઉપર લારીઓમાં ચટાકેદાર ખાણીપીણી માટે ભીડ જામતી જતી હતી. પાલિતાણા પણ કોઈ પણ બીજા ગુજરાતી ધામની જેમ જ વિવિધ વાનગીઓના શોખીનોનું સ્વર્ગ હતું એ સાબિત થતું હતું.

## ચટાકેદાર ભોજનનું નગર

અરે, મૈં તો સમઝતા થા કિ યહાં તપ - ત્યાગ કી ઇતની બાતેં હો રહી હૈં તો ખાનાપીના ભી સાદા-ફિકા હી હોગા!'' હમિદ બોલ્યો.''હુંયે એમ જ સમજતો'તો કે વહેલા જમી લેવું પડશે, કાંદા-બટાટા વગરનું ખાવું પડશે...'' વિલ્સનને હાશ થઈ! વાનગીની લારીઓ પર યાસ્મિન-પરવીનને દોડી જવું





હતું - એમની પ્યારી પાણીપૂરી હતી ને! સૌએ મનભાવતું ચટાકેદાર ભોજન લીધું. ભાજી-પાઉં ને ઢોંસા, ચાઇનીઝ ને પિત્ઝા... બધું હતું.એ સિવાય પણ ઠીકઠીક રેસ્ટોરન્ટ પણ હતી, ગુજરાતી થાળી પણ મળતી હતી. બિનજૈન જમણ લઈને સૌએ ઉતારે આવતાં આવતાં આસપાસની દુકાનોમાં લટકતાં ભાતીગળ ભરતકામવાળાં રેડીમેડ જોયા, દુપટ્ટા ને બાંધણીઓ જોઈ, કોટી અને કેડિયાં પણ જોયાં. સૌરાષ્ટ્રના હાથભરતના રંગબેરંગી નમૂના જોઈ સૌ ખુશ થયા, થોડીક ખરીદીઓ પણ થઈ. શેખરે એક નવો મુદ્દો ઉઠાવ્યોઃ ''બહેન, શહેરમાં મુસ્લિમોની વસ્તી ઘણી છે.નવાઈની વાત નહિ? એ લોકો પણ આવું જૈન કે બિનજૈન ચટાકેદાર વેજ ભોજન જમતા હશે કે પછી પોતાની સંસ્કૃતિ પ્રમાણે હલાલનું ગોસ્ત ને ચિકન બિરિયાની જમી શકતાં હશે?!''

''શા માટે નહિ? તમને સિક્રેટ કહું? એક ગ્રૂપ સાથે અમે ચટાકેદાર નોનવેજ પણ જમ્યાં 'તાં.જો કે ખુલ્લેઆમ તો નથી મળતું.દાયકા પહેલાં જે માહૌલ હતો તે બદલાયો છે.પેલા ગૌરક્ષાવાળાઓએ ઝનૂનપૂર્વક દબાણ શરૂ તો કર્યું છે કે પાલિતાણા સંપૂર્ણ શાકાહારી બની જાય! પણ એ ક્યાંની અહિંસા?''

''હાસ્તો, ચાકુછૂરી લઈને જ હિંસા થાય એવું થોડું છે- હઠાગ્રહ અને જડ નિયમો પણ ચાકુછૂરીથી ઓછાં ધારદાર નથી હોતાં!''

## સિદ્ધિગિરિની યાત્રા

બીજા દિવસે, સવારે દસેકના સુમારે રચના સિદ્ધગિરિની શરૂઆતની ટૂંક ઉપર આવેલા 'સમોવસરણ મંદિર'ના પ્રાંગણમાં બેસીને મંડળીની રાહ જોતી હતી. પાંચ-દસ મિનિટમાં જ મિત્રો આવી પહોંચ્યાં. ખૂબ આનંદમાં હતાં. એક સામટાં બોલતાં હતાં : બહેન, બહુ જ મઝા આવી. આમ તો પર્વત ઊંચો છે પણ પગથિયાં પહોળાં છે ને, ફટાફટ ચઢી ગયાં'તાં.મૌસમ ભી કાફી અચ્છા હૈ - સૂરજ કો ઊગતે હુએ પતા નહીં, શાયદ પહેલીવાર દેખા. આળસુડે! વો સાધ્વીજી સે તો ઇતની સારી બાતેં કર રહા થા; ઉનસે કુછ તો સિખ!

''ઓહો! સાધ્વીજી સાથે વાતો કરી?''




**નવું મંદિર**

"અરે, લગભગ છેકથી છેક સુધી અમારી સાથે જ નીચે ઉતર્યાં. કેટલું બધું જાણવા મળ્યું! કહેતાં'તા કે સાંજે પાંચ વાગે તો પર્વત ઉપરથી યાત્રાળુઓએ નીચે આવી જ જવું પડે! ચોકીદારો પણ નીચે ઉતરી આવે. સિદ્ધગિરિ ઉપર તો ફક્ત તીર્થંકરોનો જ રાતવાસો હોય!" વંદના એકશ્વાસે બોલતી હતી." "વૈસે તો કઇ સારે દહેરાસર હૈં- સબ કે સબ દેખના તો મુશ્કિલ કામ હૈ; ફિર ભી જીતને ભી દેખેં, બહુત હી બઢિયા લગે.સારે કે સારે સફેદ સંગેમરમર કે..." "અને શું એની કોતરણી?! જાણે માખણમાંથી કોતરી કાઢયાં હોય તેવાં! હાથી, મોર, કમળ, ફૂલવેલ તો હતાં જ, ઉપરાંત નૃત્ય કરતી, ઢોલક વગાડતી , તંબૂરો વગાડતી ને એવી બધી સુંદરીઓની પૂતળીઓ પણ અદ્ભૂત હતી!" વિલ્સન અભિભૂત હતોઃ "આમ એકદમ રિયલ લાગે પણ આમ પાછી અપ્સરા!" "સાધ્વીજીએ એ પણ કહ્યું કે ઉપર તો હજાર વર્ષ જૂનાં મંદિરો છે- કુમારપાળ સોલંકી, વિમળ મંત્રી, બાહડ મંત્રી, જગડુશા... રાજાઓ અને શેઠિયાઓએ બંધાવેલાં'. "શેખર, પેલા વસ્તુપાળ-તેજપાળને ભૂલી ગયો?





દેલવાડાનાં દહેરાં એમણે જ બંધાવેલાં." "સાધ્વીજીએ કેટલી જાણકારી આપી? ખરેખર, વિદ્વાન હતાં હોં!" "સચ્ચી... મૈં તો પહેલે બહુત ડર ગઇ થી- પતા હૈ, ઉન્હોંને પૂછા કિ હમ કૌન હૈ, કહાં સે આતે હૈં- તો મુઝે લગા કિ, ગર બતાઉંગી કિ મૈં મુસલમાન હૂં તો વે ગુસ્સા તો નહીં કરેંગી! પર ઉલ્ટા વે તો બહુત ખુશ હુઇ થી ઔર બતાયા કિ દર્શન મેં કૈસા ભેદભાવ? જહાં જિસકો જાના હોં- જા સકતા હૈ!" "પરવીન પણ જૈનધર્મના સમાનતાના આચાર-વિચારથી ખુશ હતી.

"જૈન ધર્મનો ઉદ્ભવ જ નાતજાતના ભેદભાવ સામેના વિરોધમાં થયો હતો ને? જો કે એટલું ખરું કે જેણે મૂર્તિઓની સેવા-પૂજા કરવી હોય એણે ત્યાંના બાથરૂમમાં નહાવું પડે, ત્યાંથી અપાતાં રેશમી કપડાં પહેરવાં પડે પછી જ મૂર્તિને અડાય." બાદલે બરાબર નિરીક્ષણ કરેલું. "સ્વચ્છતા પાછો બીજો મહત્વનો સિદ્ધાંત... ને મને તો એ બહુ ગમ્યું કે આખા પર્વતનો ખૂણેખૂણે ચોખ્ખો, દરેક મંદિર પણ ઉજળાં કાચ જેવાં અને ચંદનની મઘમઘ સુગંધ આવ્યા જ કરે." મીના જાણે હજી એ મહેંકની મજા લેતી હતી.

"સાધ્વીજીને ઉનકે ઉપવાસોં કી બાત બતાઇ તો મુઝે લગા કિ યે તો હમારે રોઝોં સે ભી જ્યાદા કડક હૈં!" હમિદને નવાઇ તો લાગી હતી.

"જો કે બહેન, એક મુદ્દો મેં સતત ધ્યાનમાં રાખ્યો કે ઉપરનાં શ્વેતાંબરોનાં દહેરામાં સેવા-પૂજાની રીત, તીર્થંકરોના શણગાર, આરતી, ભોગ... બધું પેલા સ્વામીનારાયણ મંદિરમાં જોયું હતું તેવું જ હતું- કિંમતી, ઝાકઝમાળ અને સામેનાંને આંજી નાખે તેવું! એટલે જ વિચાર આવ્યો કે ભલેને કહેવાતું કે જૈન ધર્મ હિંદુધર્મની સામે પડ્યો હતો પણ આખી રીતરસમ સંદર્ભે હિંદુધર્મની અસરમાંથી છૂટી શક્યો નથી." શેખરે સાંસ્કૃતિક તથ્ય કહ્યું.રચના હસી પડી- "વિચારજો, એ હિંદુધર્મની પ્રબળ અસરનો પ્રભાવ છે કે જૈનધર્મની - તેના કર્તાહર્તાઓની સર્વસમાવેશી હોંશિયારી?! કહેવાય છે કે ઘણીવાર સામા પ્રવાહે ટકી જવું હોય તો સામેનાંની ટેક્ટીક (વ્યૂહરચના) પણ અજમાવી જોવી... ને દોસ્તો! જૈનધર્મ આજે આ દેશમાં

અઢી-પોણા ત્રણ હજાર વર્ષ પછી પણ ટકી ગયો છે ને પોતાની ધજાઓ ફરકાવે છે એ જુદું! જ્યારે પેલો બૌદ્ધધર્મ - એ પણ શ્રમણપંથ હતો, ભૌતિકવાદી હતો, હિંદુ-બ્રાહ્મણવાદની સામે જ માથું ઊંચકીને ખડો થયો હતો અને અશોક જેવા ચક્રવર્તી સમ્રાટનો ટેકો પણ પામ્યો હતો; છતાં આજે એનો કોઇ પ્રભાવ નથી દેખાતો.'' રચનાએ વિશ્લેષણ આપ્યું. ''અરે હોય બહેન, બાબાસાહેબે બોદ્ધધર્મ સ્વીકાર્યો પછી હજારો-લાખ્ખો દલિતો આજે બૌદ્ધધર્મ પાળી રહ્યાં છે.'' શેખરે ઊંચા સાદે દલીલ કરી. ''પણ એનો કોઇ પ્રભાવ છે? એની અસર કહેવાતા સવર્ણો ઉપર પડી છે? ને આ બાજુ જુઓ; જૈનોની સંસ્કૃતિનું વર્ચસ્વ! શાકાહારીપણું, અહિંસા, ધનિક ઢબછબ, મીઠાબોલી સમાધાનવૃત્તિ... આ વેપારીકોમની સંસ્કૃતિને જ 'આખા ગુજરાતની સંસ્કૃતિ' તરીકે દરજ્જો મળી ગયો છે. બાકી તો આપણે જાણીએ છીએ કે ફક્ત આ જ ગુજરાતની સંસ્કૃતિ નથી; ને છતાંય...!

''ઔર હાં... સાધ્વીજી હમારે સાથ ઇંગારશા પીર કી ટૂંક તક ભી આઇ થીં - હમે તો તાજ્જુબ હુઆ કિ યે સૌ ટકા જૈન ધામ મેં પીરકી દરગાહ કૈસે? તો ઉન્હોંને બતાયા કિ પીરબાબા સિદ્ધિગિરિ કી રક્ષા કરતે હૈં. યે કૈસે?'' આમિરે પૂછ્યું.

''ઇંગારશા પીર અહીંના સ્થાનિક ઓલિયા હતા. 17મી કે 18મી સદીમાં અહીં એમની મઝાર બની છે અને આજની તારીખમાં પણ જૈનો તરફથી એમને ચાદર ચઢાવાય છે, એ ઉર્સ મનાવવા મુસલમાનો પણ નિર્ભીકપણે એકઠા થાય છે.'' ''યે કુછ અજીબ નહીં લગતા હૈ?'' આમિરનું આશ્ચર્ય હજી બરકરાર હતું.''ગુજરાતના ઇતિહાસમાં આવા સમન્વયવાળા સમાજજીવનનાં ઘણાં ઉજળાં પાનાં વાંચવા મળે-જો મહેનત લઇને, સારી દાનત સાથે એ ઇતિહાસ ખોલવા બેસીએ તો! તમે લોકો કદાચ જાણતા હશો કે અકબરના સમયમાં દેશના માહૌલમાં ધાર્મિક સહિષ્ણુતા ખાસી હતી. જહાંગીર-શાહજહાંના કાળમાંયે એ ટકી રહી હતી.સાધારણ રીતે





કટ્ટર સ્વભાવના ઔરંગઝેબે પણ જૈન શ્રેષ્ઠિઓને ઉચિત માનપાન આપેલાં. શેઠિયાઓ શાસકોને નાણાં આપતાં. બદલામાં ઔરંગઝેબે એમને ખતપત્ર લખી આપેલું કે મોગલોના શાસનમાં જૈન મંદિરોને હાથ લગાડવામાં નહિ આવે- ખંડિત કરવામાં નહિ આવે. આમ તો ધર્મ અને રાજનીતિ વચ્ચેની સાઠગાંઠનો જ મામલો કહેવાય.'' રચના કહેતી હતી ત્યાં જ શેખરે પૂરું કર્યુઃ ''કે પછી દુશ્મનનો દુશ્મન તે આપણો દોસ્ત- એ ન્યાયે?!''

## મંદિર કે ધાર્મિક સંગ્રહાલય?

આમ ચર્ચાના તણખા ઉડાડતાં ઉડાડતાં સૌ એ પરિસરવાળા મંદિરમાં પેઠાં. ''મંદિર કેવું વડલાના ઝાડના આકારનું છે, નહિ?'' મીનાને કૌતુક થયું.

''આને મંદિર કહેવા કરતાં જૈનધર્મનું સંગ્રહાલય કહેવું વધારે યોગ્ય. લગભગ '80ના દાયકામાં આ નવીન ઘાટનું મંદિર જાણીતા વિદ્વાન સાધુઓએ બંધાવડાવ્યું છે. જોતાં જઇએ અને સંપ્રદાય વિશેની વધુ માહિતી મેળવતાં જઇએ.''

અંદર ગોળાકારે ત્રણેક સ્તર (લેયર્સ)માં જૈનધર્મના સિદ્ધાંતો, માહિતી અને સાહિત્ય-કલાકૃતિઓની ખૂબ વ્યવસ્થિત ગોઠવણી થયેલી જોઇ. પહેલા સ્તરમાં ભારતભરમાં જૈન તીર્થધામો, તીર્થંકરોની તસ્વીરો વિસ્તૃત માહિતી સાથે ગોઠવાઇ. પછીના સ્તરમાં જૈન સાહિત્ય, જૈન પુરાણકથઓ, લોકકથાઓનાં પ્રસંગો ઉપરથી ખૂબ જ ઉમદા શૈલીમાં બનાવેલાં ચિત્રો ગોઠવેલાં છે ને સાથે કથાસાર પણ. અને છેક અંદરથી ત્રીજા વર્તુળમાં ચોવીસે તીર્થંકરની મૂર્તિઓ, તેમનાં નામ સાથે ગોઠવેલી છે. મિત્રોને અહીં ખૂબ ભાથું મળ્યું. જૈન ધર્મનો અભ્યાસ કરનારાએ આ સ્થળ જોવું જ જોઇએ. કલાત્મક રીતે આખા ધર્મનો પરિચય આપવાની આ રીત અનુકરણ કરવા જેવી. થોડાંક થાકેલા પગે પણ પૂરેપૂરું ફરીને મિત્રોએ આ જાણકારી મેળવી. બહાર નીકળીને સિદ્ધગિરિ ઊતરતાં હતાં ત્યારે વળી એક મહત્વના મુદ્દાની ચર્ચા થઇ- પર્વત ચઢવા-

ઉતરવા વપરાતી ડોળી(પાલખી) અને ડોળી ઉપાડનારા શ્રમજીવીઓ વિશે. વાત જો કે શરૂ થઇ ડુંગર ચડવાના કષ્ટના પુણ્યથી. ''લોકો તો કેવી કેવી તકલીફ ઊઠાવીને દર્શન કરવા આવે છે, નહિ? એં, કોઇ સાવ ખુલ્લા પગે, કોઇ અવળા ચાલીને- ઊંધા પગલે, કોઇ વળી ઘૂંટણિયા પડીને તો કોઇ દંડવત્ પ્રણામ કરતાં કરતાં... પુણ્ય મેળવવા કેવી કેવી રીતો અજમાવે છે ભક્તો?'' ''પણ વંદના, અમુક લોકો તો પેલી પાલખી જેવી ડોળીમાં બેસીને મજાથી જતાં હતાં, તેનું શું? ને તેય પાછાં જાડાં- જાડાં શેઠ-શેઠાણી!'' વિલ્સને સાભિનય કહ્યું. ''ઘરડાં-બિમાર ડોળીમાં જાય તે સમજાય પણ... પાછા ડોળી ઉપાડનારાં તો બિચારાં સાવ સુકલકડી! ગરીબ ને ઘરડી ઉંમરના પણ આવી મજૂરી કરતા'તાં.'' ''ને પેલી નાનકડી છોકરીઓનું શું? એ બાળમજૂરી કે'વાય નહિ?!'' ''અમે તો પેલાં સાધ્વીજીને કીધું કે અમને આ ન ગમ્યું.તો પાછાં કહેતા'તાં કે આ તો એ ગરીબોની રોજીરોટી છે. અહીં ખેતીવાડી ઓછી છે, બાંધકામ પણ ખાસ નથી થતાં. જો આ ગરીબો આ કામ ન કરે તો તો બે ટંક રોટલાના વાંધા પડી જાય!'' ''આખરે તો ધર્મ સીધી યા આડકતરી રીતે કોઇનું ને કોઇનું શોષણ કરે જ છે.'' ''પણ આવું શોષણ શા માટે વેઠવાનું - ને પાછાં હસતાં મોંઢે?! જોયું'તું ને આપણે...! તમામ સવાલોના જવાબમાં રચનાએ એક જૂની ને જાણીતી વાત કરી- ''પેલું કહ્યું છે ને કે માણસજાતને ડર છે- પાપનો! એ ડર દૂર કરવા આવાં કષ્ટ લે છે- ડોળીમાં બેસનારાં પણ અને ડોળી ઉપાડનારાં પણ. જ્યાં સુધી દુનિયામાં દુઃખ હશે ત્યાં સુધી આ અફીણનો ચસ્કો પણ રહેશે જ!

છેવટે તળેટી પહોંચ્યા ત્યારે કનુભાઇ રાહ જોતા હતા. ''એ... હાલો હાલો... આ આણંદજી-કલ્યાણજીનું ભાતું ખાઇ લઇએ પછી ઉપડીએ.''

લાલ પથ્થરથી બાંધેલા વિશાળ ચોક અને એથીયે વિશાળ ભોજનખંડમાં સ્વચ્છ ટેબલખુરશી પર બેસીને મંડળીએ ગળી બુંદી, ગાંઠીયા અને ચા-કોફી પીને થાક ઉતાર્યો. બાથરૂમોમાં ગરમ-ઠંડા પાણીથી હાથ-પગ-મોં ધોઇને તાજામાંજા થયાં ત્યારે એક સવાલ ચોક્કસ થયો- ''આ આણંદજી-કલ્યાણજી તે ફિલ્મી




મ્યુઝિકવાળા!?'' ''ના ભૈ ના! રચનાને હસવું આવી ગયું!'' ''આ તો સદંતર કાલ્પનિક નામ છે. કેટલાક ધનિક શ્રાવકોએ(જૈનોએ) પોતાનું નામ છૂપાવીને એટલું બધું ગુપ્ત દાન કર્યું છે. અને કાર્ય કરે છે કે રોજેરોજ હજારો યાત્રાળુઓ સિદ્ધિગિરીની યાત્રા કરીને આવે ત્યારે આમ જ તાજાંમાજાં થાય છે અને આનંદ પામીને આ સવલત આપનારાનું કલ્યાણ વાંછે છે.'' ''વાહ, કેવી ઉદારતા!'' ''આ ખાસ જૈનોની ને પછી ગુજરાતભરની મહાજનવૃત્તિની ઉદારતા છે જેમાં દાન કરીને પુણ્ય મેળવવાનો અરસપરસ વહેવાર સદીઓથી ગોઠવાયેલો છે. આ જ છે જિનશાસન(જૈનોનું વર્ચસ્વ) અને જિનશાસનની જય?''

★★★

**મુકામ - 5.**

# દીવ : દેશમાં જ પરદેશ

## સ્વર્ણિમ ગુજરાતનો સાગરકાંઠો

પ્રવાસી મંડળી હવે દક્ષિણ-પશ્ચિમે આગળ વધી રહી હતી. પથરાળ જમીનને લીલીછમ કરનારા નાના ચેક ડેમ જોવા મળ્યા. ચીકુ-આંબાની વાડીઓ જોવા મળી.પહોળા પને પથરાયેલા શત્રુંજય પર્વતને ઓળખાવતી રચના બોલી: "સૌરાષ્ટ્રનું ભૌગોલિક વૈવિધ્ય ઘણું છે. આ શત્રુંજય પર્વત ઉપરાંત જૂનાગઢ પાસેનો ગિરનાર, પોરબંદર પાસેનો બરડો અને રાજકોટ વટાવી અમદાવાદ પાછા જઈશું ત્યારે જોવા મળશે તે ચોટીલો. વળી ગીરનું જંગલ, કચ્છનું મોટું રણ, ખારાઘોડાનું નાનું રણ... અને નાનીમોટી નદીઓ તો ખરી જ, પણ આખા સોરાષ્ટ્રને આવરી લેતો હજારો કિ.મી.નો સાગરકાંઠો સૌરાષ્ટ્રની સંસ્કૃતિને ઘડનારું ખૂબ મહત્વનું પરિબળ છે. અતિપ્રાચીન કાળથી અહીં વહાણવટું ચાલે છે. વહેપાર, પ્રવાસ અને અનેક જાતિ-પ્રજાતિઓની અવરજવર અને સ્થાયી નિવાસ અહીં નોંધાયેલા છે. પેલું લોથલ પણ એક રીતે આખા સૌરાષ્ટ્રની ધરતીના એક ખૂણે વસેલું બંદર કહેવાય જ્યાં પ્રાગ્ઇતિહાસનું પરોઢ ફૂટેલું.

"પણ હવે આપણે જે વિસ્તાર તરફ જઇ રહ્યાં છીએ તે છેલ્લાં થોડાં વર્ષોથી ધમધમતાં થયેલાં નવા ઔદ્યોગિક મથકો છે; જે પહેલાં પણ બંદરો તરીકે જાણીતાં તો હતાં જ પણ હવે તેમનો ઉપયોગ વધ્યો છે અને તાસીર પણ





બદલાઈ છે.આપણે મહુવા, રાજુલા, પીપાવાવ, વિક્ટર જેવાં બંદરોની વાત કરીએ છીએ."

"આ વિક્ટર નામ તો અંગ્રેજી લાગે છે!" વિલ્સન બોલી ઊઠ્યો.

"એથીયે જૂનું - પોર્ચુગીઝોના સમયનું આ બંદર છે. વધારે જાણીતું તો 1940ની આસપાસના અહીંના ગોદી-કામદારોએ બગાવત કરી ત્યારે થયું. ભાવનગર-અમરેલી વિસ્તારમાં ડાબેરી કર્મશીલો સક્રિય હતા. તેમણે ગોદીકામદારોને થતા અન્યાય દૂર કરવા અંગ્રેજી હકૂમત સામે બંડ પોકારેલું. દેશ આઝાદ થયો પછી આ બંદરો માંદાં પડેલાં પણ ફરી પાછાં સક્રિય થયાં છે, જો કે એની સાથે નવા પ્રશ્નો પણ ઊભા થયા છે."

"અમને ખ્યાલ છે બહેન.અમે પેપરમાં પણ વાંચીએ છીએ અને આ નવા ઉદ્યોગગૃહો સામે ન્યાય માંગતા કર્મશીલોની મીટીંગમાં પણ ગયા હતા ને!" બાદલ બોલ્યો. "આ અંબુજા-નિરમા-રિલાયન્સ-અદાણી વગેરે કંપનીઓએ મોટા મોટા ઉદ્યોગ ગૃહો અને 'સેઝ' બનાવ્યા છે ને નાના ખેડૂતો, નાના-મોટા માછીમારોની રોજીરોટી છિનવાય છે. આ કારખાનાંઓ એમનો કચરો દરિયામાં ઠાલવે છે અને કિનારો ઝેરી રસાયણોથી પ્રદૂષિત થઇ ગયો છે... એને જબરજસ્ત 'વિકાસ' કહેવામાં આવે છે!" શેખરે જે રીતે કહ્યું એમાં એનો રોષ પ્રગટ થતો હતો. "ઔર વો અણુમથકવાલા ગાંવ 'મીઠી વીરડી'ભી ઇસ એરિયામેં પડતા હૈ ના?" આમિરે ઉમેર્યું.

"બિલકુલ... તો આપણે એવા સાગરકાંઠાની લગોલગ જઇ રહ્યાં છીએ. જુઓ, હવામાં ભેજ અનુભવાય છે ને!" રચનાએ ધ્યાન દોર્યું."ભેજ તો છે પણ પેલી ખાણો ખોદાય છે એની રજથી પણ હવા ધૂંધળી બનેલી દેખાય છે. આ કહેવાતા વિકાસે તો જમીન પણ બગાડી, દરિયો પણ પ્રદૂષિત કર્યો અને હવાને પણ રજોટી નાખી." શેખરનો આક્રોશ બરકરાર હતો. "આપણા દેશમાં અને બીજે બધે પણ... આમ તો ઉદ્યોગો વધે એટલે મૂળનું સ્થાનિક ચિત્ર બદલાય તે સ્વાભાવિક છે. પણ સ્થાનિક લોકોને બને તેટલું ઓછું

વિસ્થાપન કરવું પડે, બને તેટલી તેમની મૂળ રોજગારી જળવાઇ રહે, એમના નાગરિક અધિકારો ઉપરાંત સ્વમાન ટકી રહે એટલી કાળજી મૂડીપતિઓએ અને સરકારે પણ- રાખવી જ જોઇએ. પણ મોટેભાગે આ બધી શરતો પૂરી નથી થતી પરિણામે ગરીબો વધારે ગરીબ બને છે અને મૂડીદારોની મૂડી કૂદકે ને ભૂસકે વધતી રહે છે.'' રચના જાણે પરિસ્થિતિનું ડિસેક્શન(ચીરફાડ) કરતી હતી. ''પન વો કર્મશીલ સંગઠન કુછ ન કુછ લડાઇ તો કરતે રહેતે હૈં ના? તો નિરાશ હોને કી બાત કહાં હૈં?'' હમિદની ઉમ્મીદને દાદ દેવી પડે. ''એ વાત સાચી છે પણ છતાંયે આ ઉદ્યોગો તો ધમધમે છે અને સરકારો ઉદ્યોગગૃહોને સલામો ભરે છે! ઓછું હોય તેમ વાયબ્રન્ટ અને સ્વર્ણિમની બાંગો પોકારે છે. એમના સમૃદ્ધ ગુજરાતની (પિપુડી) વગાડવા પ્રવાસન તો તૈયાર છે ને પ્રચારનાં રંગબેરંગી પતાકડાં (બ્રોશર્સ)નો પાર નથી... એનું શું?''

વાયબ્રન્ટ ગુજરાતની વાટ વટાવીને બસ દરિયાકિનારા તરફ આગળ વધી રહી હતી. ઉના, કોડીનાર જેવાં નાનાં નગરો પસાર કર્યા ત્યારે મુસ્લિમ સમુદાયની બહુલતા દેખાઇ, સૌરાષ્ટ્રની વસ્તીની ભાતીગળ પ્રકૃતિ પણ નજરે ચડી. સ્થાનિક પહેરવેશ, મંદિરો સાથે મસ્જિદો-દરગાહો જોતાં જ પરવીને પૂછયું: ''સુના હૈ કિ કાઠિયાવાડમેં હિંદુ-મુસલમાનો મેં બહોત સંપ હૈ? 2002 વાલી ધમ્માલ કે બાદ હમારે કઇ સગે-વહાલે યહાં આ કે રહ રહે હૈં... બેન, મૈંને સહી કહા ના?''

''એ તો તમે જાતે જોજો તપાસજો; રોજ આ મુદ્દો તો નીકળવાનો જ છે.''

બસ દરિયાકિનારા તરફ આગળ વધી રહી હતી. આસપાસની જમીન અને વનસ્પતિ બદલાઇ રહ્યાં હતાં. તાડ, ખજૂરી, નાળિયેરી જેવાં વૃક્ષો વધારે દેખાતાં હતાં. વચ્ચે વચ્ચે કીચ્ચડના થીંગડાવાળો દરિયો ડોકિયાં કરતો હતો. હવામાં દરિયાની ખુશ્બુ સાથે માછલાંની તીખી-તેજ બૂ પણ આવવા માંડી હતી. ગુજરાતમાં આબાદ મહાનગરમાં વસતાં જુવાનિયાંને દરિયો-દરિયો થઇ રહ્યું હતું. મીનાએ કહી નાખ્યું: ''બધું બહુ જુદું જુદું લાગે છે, નહિ?'' ''હા... ને જાણે કોઇક નવી જ દુનિયા તરફ જતાં હોઇએ એવું પણ!'' ધીરજે કહ્યું.





હવે ધીમેધીમે દરિયો નજીક આવવા લાગ્યો. રેતાળ 'બીચ'- વિસ્તરતો જતો હતો. રૂપકડાં મકાનો ને વાડીઓ શરૂ થઇ ગયાં હતાં . એક જકાતનાકું (ચેક પોસ્ટ) આવ્યું. અહીં ગુજરાતની સરહદ પૂરી થતી હતી અને યુનિયન ટેરિટરી(કેન્દ્રશાસિત પ્રદેશ) શરૂ થતી હતી. ગુજરાતનું છેલ્લું ગામ હતું અહમદપુર માંડવી, અહીં પાસ આપવામાં આવ્યા અને કેન્દ્રશાસિત પ્રદેશમાં રહેવાની પરવાનગી મળી. આ નવી પ્રક્રિયાને મંડળી કૌતુકથી નિહાળી રહી હતી.

''આ અમહદપુર માંડવી. 'માંડવી' એટલે બંદરનું પ્રવેશદ્વાર.યાદ કરો કચ્છનું 'માંડવી', સુરતનું 'માંડવી'... બધે બંદરો છે. અહીં 15-16મી સદીમાં ગુજરાતના સુલતાનો રાજ્ય કરતા હતા... તેથી અહમદપુર.15મી સદીના અંતે યુરોપના પોર્તુગાલ દેશથી પોર્ચુગીઝો ચડી આવ્યા. કંઇક વેપાર કરવા, કૈંક સત્તા ચલાવવા અને કૈંક ખ્રિસ્તીધર્મની ધજા ફરકાવવા.અહીં સુધી સલ્તનતે તેમને ખાળ્યા હશે પણ સામા છેડાના આખો ટાપુ ફિરંગીઓએ કબજે કરી લીધો- 'ફિરંગી'એટલે પોર્ચુગીઝો... પણ આપણે ત્યાં કોઇ પણ ગોરા પરદેશીઓને 'ફિરંગી' કહેવાનો જાણે કે રિવાજ છે. અને એ ટાપુ તે સામે પારનું દીવ - દ્વીપ... 15મી સદીના અંતથી તે આજ સુધી દીવ જાણે ફિરંગીઓનું પરગણું છે - યુનિયન ટેરિટરી છે... વિશેષ સત્તા છે પણ કેન્દ્ર સરકારનું રાજ્ય છે- ગુજરાતનું શાસન અહીં નથી ચાલતું. ગુજરાતના કાયદા પણ અહીં નથી ચાલતા.'' ''એ સૌથી મોટો કાયદો તે દારૂબંધીનો. દીવમાં દારૂબંધી નહિ- દારૂની છાકમ્-છોળ... ગુજરાતના શોખીનો દારૂ પીવા આંય સુધી લાંબા થાય. પણ આ રિંયું તે અહમદપુર માંડવી- ગુજરાતમાં; તેથી આંયા મોટી હોટલું છતાંય કાગડા ઊડે!'' કનુભાઇએ મુદ્દો મૂક્યો ને શેખરે મજાક કરી - ''હાસ્તો, ગુજરાતના તો કાગડાનેય દારૂબંધી નડે ને?! ઊડતાં ઊડતાં દીવ પીવા પહોંચી જતા હોય તો?!'' હસતાં હસતાં મંડળી દીવમાં પ્રવેશી. મોટા રસ્તા, રૂપાળા બાગ-બગીચા, દુકાનો અને એક તરફ સમુદ્ર પટ્ટી. રચનાએ કનુભાઇને સીધા 'નાગવા બીચ' પર બસ લઇ જવા કહી દીધું.

બપોર નમી ગઇ હતી. દરિયા ઉપરથી સાંજનો ઠંડો પવન વાઇ રહ્યો હતો. નાગવાબીચ તળ ગામથી 7 કિ.મી.ના અંતરે આવેલો છે. હોર્સ શૂ (ઘોડા નાળ) ના આકારનાં આ સમુદ્ર તટે તાડ, નાગફણી(કેક્ટસ) અને બીજી દરિયાઇ વનસ્પતિ છવાયેલી છે. રેતનો રંગ રાખોડી છે. એક છેડે પરવાળાંના ખડકો આગળ બીચ પૂરો થાય છે. ઝાડનાં ઝૂંડ વચ્ચે હેલિપેડ છે, 'ગ્લાઇડર' રાખેલું છે જેમાં બેસીને સહેલાણીઓ ઉડવાનો આનંદ માણે છે. તટ ઉપર બે-ત્રણ નાની મોટી હોટલો છે. સમુદ્રતટે શનિ-રવિ અને વેકેશન દરમ્યાન જાતભાતનાં સહેલાણીઓ આવે છે; પણ રજા સિવાયનાં દિવસોમાં તો મોટેભાગે વિદેશી સહેલાણીઓ જ ફરતાં હોય. થોડાં વર્ષથી અહીં ચોપાટી જેવું વાતાવરણ વિકસી રહ્યું છે. ખાણીપીણીની લારીઓ, ઊંટસવારી - ઘોડે સવારી - સર્ફીંગ વગેરે સહેલો ચાલી રહી છે. સમુદ્રતટની હોટલમાં 'બાર' પણ ખૂલી ગયો છે અને મોજમસ્તીનો માહૌલ કંઇક નવી જ અનુભૂતિઓ જગાડે છે.

મંડળીએ દરિયા ભણી દોટ મૂકી. મોજાંની મજા માણવા પહેર્યાં કપડે પાણીમાં ખાબક્યાં. ખૂબ વાર સુધી ગમ્મતગેલ કર્યાં. લાલચટ્ટાક સૂરજને ભૂરાં સમદરજળમાં ડૂબતો જોઇને મંડળી ભાવવિભોર બની ગઇ. સમુદ્રનો સાદ સાંભળતાં સૌ ચૂપચાપ ત્યાં બેસી રહ્યાં. અંધારું ઘેરાતાં માંડ માંડ ઊઠીને મુકામે પહોંચ્યાં.

મુકામ પણ ત્યાં જ, બીચ ઉપરની એક સાદી-જૂની ને જાણીતી 'ચંદ્રસાગર' લોજમાં રાખેલો. સ્થાનિક માછીમાર સમુદાયનાં ચંદાબેન અને તેમનો દીકરો વર્ષોથી આ લોજ ચલાવે છે. સાદી પણ સ્વચ્છ સવલતો સાથે મચ્છીની વિવિધ વાનગીઓ મળે. મિત્રો તો આ બધું જોતાં 'મૂડ'માં આવી ગયાં. નાહીધોઇને અંદરોઅંદર કંઇક મસલત કરીને મંડળી પહોંચી રચના પાસે- "બહેન, આજે ફિડબેક મીટિંગ નહિ હોં! આજે તો બસ, દરિયા દેવની પ્રસાદી માણીશું." શેખરે બધાં વતી સાહસ કરીને કહી જ દીધું. "હા, હા... આજે છૂટ્ટી! મજા કરો; નહિ તો પેલા અહમદપુર માંડવીના કાગડા તમને આખી રાત પજવશે!"





## એક ઐતિહાસિક ડૂબકી : દીવનો કિલ્લો



બીજા દિવસે સવારે, દીવ-દર્શન કરવા મંડળી બસમાં બેઠી ત્યારે તરોતાજા લાગતી હતી. દરિયાદેવના પ્રસાદની છણાવટ ચાલતી હતી. રચનાએ વંદનાને પૂછયુંઃ " શું વંદના, મચ્છી ખાધી કે નહિ?" વંદના મરકી રહી- જવાબ આમિરે આપ્યો- "નહિ રે! જો નહિ ખાતા હૈ ઉસપે જોરજબર કાયકૂ?"

વંદનાએ તો સરસ સૂત્ર આપ્યુંઃ "તમે ખાઓ, મને રહેવા દો!" સરસ. આ પણ સમૂહજીવનની એક મહત્વની શિસ્ત છે - સૌ સાથે ભલે રહે પણ સૌની અંગતતાને માન આપવું જોઇએ. વાહ, મારે કંઇ કહેવાપણું રહ્યું નહિ! ચાલો કનુભાઇ કિલ્લે."

થોડીવારમાં મંડળી દીવ શહેરના છેક છેડે ખડા કિલ્લાના દરવાજે આવી ઊભી. 16મી સદીમાં બંધાયેલા આ કિલ્લાના દરવાજે જ ભારતીય પુરાતત્વ વિભાગે ખાસ્સી માહિતી આપી હતી. ગુજરાતી-હિંદી- અંગ્રેજીમાં લખેલું લખાણ વાંચવા મંડળી ઊભી તો રહી પણ માહિતીના ખડકલાથી મૂંઝાયેલી

મીનાએ કહ્યું, ''બહેન, આમાં તો બધું બહુ લખેલું છે- તમે જ વ્યવસ્થિત રીતે સમજાવજો ને!'' ''મંજૂર''. અંદર પ્રવેશતાં જ ખાડી ઉપર ચણેલો પૂલ હતો; જે દરવાજાને અને કિલ્લાના મુખ્ય દ્વારને જોડતો હતો. રચનાએ સમજાવ્યું : આ પૂલ ચણેલો છે પણ ઘણા કિલ્લાઓમાં શહેર અને મુખ્ય દરવાજાને જોડતો પૂલ ઊંચો થઈને કિલ્લાનો દરવાજો બની જાય એવી યુક્તિ કરવામાં આવતી. નીચેની ખાડીમાં ભરપૂર પાણી હોય અને પૂલ ઊંચો કરી દેવાય તો સ્વાભાવિક છે પાયદળ(પગે ચાલતા સૈનિકો), ઊંટ-ઘોડા-હાથી જેવા પ્રાણી ઉપરનું લશ્કર આ પાર જ અટકી જાય અને પેલો પૂલ રૂપી દરવાજો બંધ હોય એટલે તીર કે બંદૂકો પણ નકામાં! હા, તોપ હોય તો વાત અલગ છે!'' એ પૂલ ઉપરથી અંદર પ્રવેશતાં એક તરફ તોતીંગ કિલ્લો હતો જે ઓછામાં ઓછા 800-1000 ફીટની ઊંચાઈ ધરાવતો હતો. બીજી તરફ દરિયો હતો. થોડોક ગોળાવો લઈને કિલ્લો અંદર વળાંક લેતો હતો. દરિયા કિનારે હાલમાં બોટિંગ માટે એક નાનકડો ધક્કો બનાવ્યો છે, બેસવા માટે બાંકડા અને સરસ લાઈટીંગ વ્યવસ્થા છે. કિલ્લાની તોતીંગ દીવાલોમાં બહુ જ ઓછી બારીઓ હતી જે સામાન્ય કરતાં પણ સાંકડી હતી ને બમણી સુરક્ષા ધરાવતા કિલ્લાની આગવી છાપ ઊભી કરતી હતી.

''ગઈ કાલે થોડી વાત કરી તેમ, આ કિલ્લો આમ તો વિજેતા બનેલા ફિરંગીઓના કબ્જામાં આવેલો પણ બાંધકામ તો મોહમંદ બેગડાના સમયમાં તેના નૌકા કાફલાના 'મીરે બહર'(નેવી કેપ્ટન- ચીફ) મલેક અયાઝે બંધાવેલો. મલેક અયાઝ મૂળ તૂર્કસ્તાનનો, દરિયાખોળે ઉછરેલો માલમ(ખલાસી) હતો. હિંદુસ્તાન આવીને ગુજરાતના સુલતાન મોહમ્મદ બેગડાનો માનીતો બન્યો. સુલતાન યોદ્ધો હતો, એનો નૌકા કાફલો પણ મજબૂત હતો. ઘણાં વર્ષો દીવનો કિલ્લો ને સરહદી સમુદ્ર મલેક અયાઝે સાચવ્યો. ફિરંગીઓ જ નહિ, મરાઠા સૈન્યોને ખાળતો રહ્યો, હરાવતો રહ્યો પણ છેવટે હાર્યો ને આ કિલ્લો ફિરંગીઓના હાથમાં ગયો. દીવ પણ ગુજરાતના સુલતાનો પાસેથી ફિરંગીઓના કબ્જામાં આવ્યું.જોરૂકા ફિરંગીઓએ અહીં સત્તા સ્થાપી. મલેક અયાઝના સમકાલીન સાથી ખુદાવંદ ખાને ફિરંગીઓ





સાથે સુલેહ કરી; એમને રાજ ચલાવવા દીધું અને સૂરતમાં કોઠી પણ નાખવા દીધી તેમ છતાં ફિરંગીઓ સાથેનું યુદ્ધ અટક્યું નહિ અને ખુદાવંદ ખાન પણ હાર્યો ને મરાયો. હવે અબાધિતપણે દીવ, દમણ અને ગોવા એ પશ્ચિમ ભારતનાં ત્રણ ત્રણ સમૃદ્ધ બંદર વિસ્તારો, નગરો ઉપર ફિરંગીઓનો ઝંડો ફરક્યો.પોર્તુગાલ-સ્પેન-ફ્રાન્સથી આવેલા ખ્રિસ્તી ધર્મગુરૂઓએ આ શહેરોમાં દેવળો બંધાવ્યાં અને સ્થાનિક પ્રજામાં ખ્રિસ્તી ધર્મ ફેલાવ્યો. મૂળે પેલા ફિરંગી સૈનિકો-અધિકારીઓ-શાસકો તો ખ્રિસ્તી હતા જ! 16-17મી સદીમાં આ માર્ગેથી ખ્રિસ્તીધર્મ અને ફિરંગી સત્તાનો પ્રવેશ થયો એમ કહી શકાય.''

મિત્રો રસપૂર્વક સાંભળતાં હતાં. ''એ વાતે કોઈએ એમનો વિરોધ ન કર્યો?'' ''કેમ નહિ? સુલતાનેએ કરેલો પણ નબળા હતા તે હાર્યા. પેલી તરફ મોગલો દિલ્હીની સલ્તનત પર હતા પણ સમુદ્રી યુદ્ધોમાં કાબેલ નહોતા.અકબરે પણ પોતાના લાંબાપહોળા હિન્દુસ્તાનની સમુદ્રી સરહદો ઉપર ધ્યાન નહોતું આપ્યું. પરિણામે પોર્ચુગિઝો જ નહિ, ડચ / વલંદાઓ જે યુરોપના હોલેન્ડથી આવેલા અને અંગ્રેજો પણ મોગલ શાસન દરમ્યાન જ હિંદુસ્તાનમાં વેપારના બહાને આવ્યા અને શાસકો થઈ બેઠા. વલન્દાઓ સિવાય કોઈને ફક્ત વેપારમાં રસ નહોતો. ફિરંગીઓ અને અંગ્રેજો તો આર્થિક ઉપરાંત રાજકીય રીતે પણ હિંદ ને સર કરીને જંપ્યા.''

''આ જુઓ, ખ્રિસ્તી સંતની મૂર્તિ જે ઇમારતોની સુરક્ષા કરે છે એમ મનાય છે.'' રચનાએ મોટા બુરજની નીચે કિલ્લાની અંદર પ્રવેશવાના દ્વાર ઉપર કોતરેલી એક મૂર્તિ બતાવી. મંડળી દેખીતી રીતે ધાર્મિક છતાં યુદ્ધખોર સમુદાયના સામ્રાજ્યમાં પ્રવેશી. ''અહીં પાછલી સદીઓમાં જેલ હતી- પહેલાં જે સૈનિકોની 'બરાક'હતી તેમાં 19મી સદીમાં કેદીઓને રાખવામાં આવ્યા હતા.''

આટલી માહિતી સાંભળતી મંડળી જેવી કિલ્લાની અંદરના ચોગાનમાં પેઠી કે એમના પગ થંભી ગયા. ''આ શું! ફિરંગી કિલ્લામાં હિંદુ મંદિર?!'' અંદરની એક બરાકમાં શિવલિંગ, ગણપતિ, હનુમાન વગેરે હિંદુ દેવતાઓની મૂર્તિઓ-



**કિલ્લામાં શિવ મંદિર**

ફોટા-પોસ્ટર્સ મૂકીને રીતસર પૂજા કરવામાં આવી હતી. ફૂલ-કંકુ ચડાવેલાં હતાં. તાજી જ પૂજા પતી હોય તેવું લાગ્યું.

“અલ્યા, આ તો સરકારી- હેરિટેજ સ્મારક બની ગયું કહેવાય છતાં; અહીં આવી છેડછાડ? શેખર અકળાઇ ગયો. સવાલોની ઝડી ખાળતાં રચનાએ કહ્યું: “દોસ્તો, દીવ ભલે કેન્દ્ર શાસિત પ્રદેશ હોય પણ ભૌગોલિક રીતે તો એ ગુજરાતમાં અને તેમાંય સૌરાષ્ટ્રમાં છે, જ્યાં હિંદુધર્મ હાડોહાડમાં વ્યાપેલો છે





અને નવાં હિંદુત્વવાદી રાજકીય પરિબળો પણ હવે પ્રજામાં અને શાસકો સુદ્ધામાં હાડેહાડમાં વ્યાપવા લાગ્યાં છે. સમજી લો કે કેન્દ્ર શાસિત વિદેશી જણતા પ્રદેશનું પણ કાલ ઊઠીને પૂર્ણતઃ ભગવાકરણ ના થાય તો જ નવાઇ!” આ મુદ્દે કોઇએ કંઇ જ કહેવા-પૂછવાનું રહ્યું નહોતું. આખી જગ્યામાં પ્રવાસન-અધિકારી, ગાઇડ તો શું ચોકીદાર કે સફાઇ કામદાર સુદ્ધાં ગાયબ હતા! ઐતિહાસિક સ્મારકની આ અવગણાના પણ હતી અને એક સંસ્કૃતિ ઉપર બીજી સંસ્કૃતિનું અતિક્રમણ પણ હતું!

રાજકારણ અને ધર્મસંસ્કૃતિની ઘાલમેલ વિશે બબડાટ કરતાં મિત્રો કિલ્લાના બીજા વળાંકે અંદર જતાં જ આશ્ચર્યમુગ્ધ! ત્રણ તરફ ઘૂઘવતો સાગર- એક તરફ નાનકડી છાવણી જેવો ભવ્ય કિલ્લો પોતાની અંદર કેટલાં નાનાં મોટાં રહસ્યો સાચવીને પથરાયો હતો. ઢાળ ચડીને પહેલા બુરજ ઉપર પહોંચતાં, બુરજના કાંગરે કાંગરે બાકાંમાં મોં માંડીને પડેલી જબરજસ્ત તોપો અજગર જેવી લંબાયેલી. તોતીંગ સાંકળે બાંધેલા પૈડાં લાકડાનાં હતાં. બુરજની ટોચે આલબેલનું એલાન કરતો ઘંટ મૂકવાની કમાન- પણ ખાલી ડારો દેતી હતી. બુરજની નીચના ભાગમાં નાનકડો ધક્કો(ડોક). તોપોના ટેકે જઇને ઊભાં ત્યાં તો સામે, દરિયા વચ્ચે બીજો એક જરા નાના કદનો કિલ્લો જોયો.



**પાણી કોઠો**

''આને પાણીકોઠો કહેવાય છે. કાળાં પાણીની સજા પામેલા ખૂંખાર કેદીઓની કાચી જેલ તરીકે વપરાતો હતો. પણ પેલા 1930-40ના ગોદી-કામદારોના વિપ્લવના કેદીઓને પણ અહીં રાખેલા…'' ''વિક્ટર બંદરવાળા!'' ધ્યાનથી જોતો બાદલ બોલ્યો ''બહેન, આ કિલ્લામાં તો કોઇ પિક્ચરનું શૂટીંગ ઉતર્યું લાગે છે- બે ત્રણ પિક્ચરમાં આ કિલ્લો જોયો છે.'' બીજાં મિત્રોએ પણ એક સૂરે હામી ભરી.

''હા, હવે તો ઐતિહાસિક સ્મારકો પિક્ચરમાં જ જોવા મળવાનાં!''

બુરજ ઉપરથી ઊતરીને કિલ્લામાં કોરેલા મોટા ખંડો, હમામ(બાથરુમ) જે પોર્ચુગીઝોના નિવાસસ્થાનનો ભાગ હતા - જોયાં. કિલ્લાની રાંગે રાંગે ચાલીને સૌએ આખા પરિસરને સર કર્યો. મેદાનની વચ્ચોવચ એક લાંબા પહોળા ખંડના છાપરાની ટોચે મોટો પથ્થરનો ક્રોસ મૂકેલો. વિલ્સન કહે, ''આ ચર્ચ લાગે છે.'' ''ના, એ શસ્ત્રાગાર છે. અહીં પોર્ચુગીઝો હતા એ તમે જાણો છો. અંગ્રેજોને આ ધીખતું બંદર અને ધર્મસ્થળ પડાવી લેવું હતું એટલે વારંવાર યુદ્ધો થતાં. આખો કિલ્લો યુદ્ધરત પ્રજાની નિશાની છે. અહીં શસ્ત્રાગારમાં દારૂગોળો વગેરે રાખતા. વીસમી સદીમાંયે પોર્ચુગીઝોનું રાજ હતું. યુરોપમાં પહેલું વિશ્વયુદ્ધ થયું. અહીં, ઉપર કોઇ લડાયક વિમાનમાંથી હુમલો ના કરે તે સૂચવવા ક્રોસ મૂકવામાં આવ્યો કે આ હિંદ નથી- ખ્રિસ્તી દેશ છે.''

''ઓત્તારી! યુદ્ધમાંયે ધાર્મિક પ્રતીકનો ઉપયોગ!''

ઢાળ-ઢોળાવો પર પથ્થર અને ઇંટ-લાકડાંની જબ્બર ઇમારતો જોતી મંડળી સામેના છેડે ઊભેલી દીવાદાંડી ઉપર પહોંચી ગઇ. ચોમેર સમુદ્ર અને દીવ શહેરની શોભા જોઇને માંડ માંડ નીચે ઊતરી. ભવ્ય ઐતિહાસિક સફરનો આનંદ માણતાં બધાં એકમેકને કહેતાં હતું- ''આપણે જાણે કે ઇન્ડિયામાં નહિ, કોઇ ફોરેન કંટ્રીમાં હતાં, નહિ?'' ''જાણે કોઇ ઇંગ્લીશ પિક્ચરના સેટ ઉપર ફરતાં હોઇએ એવું લાગતું હતું, નહિ?'' ''અલ્યા, આ તો ફોરેન જ કહેવાય ને?!'' … ફક્ત પેલા 'બરાકિયા'મંદિર સિવાય!'' શેખરે ચબરાકિયું મૂક્યું.





''બહેન, હજી અહીં પોર્ચુગીઝોની જ સત્તા ચાલે છે?'' મીના બોલી. ''ના ના, '60ના દાયકામાં દીવ-દમણ-ગોવામાં સ્થાનિક રહીશોએ એ વિદેશી સરકાર સામે વિદ્રોહ કરેલો. નાનું યુદ્ધ પણ છેડાયું. ગોવા રણભૂમિ બની જાય તે પહેલાં વાટાઘાટો કરીને પરિસ્થિતિ કાબૂમાં લેવાઇ.ભારતીય આર્મી છવાઇ ગઇ. ગોવા 'સ્વતંત્ર' બન્યું- પાછળ દીવ, દમણમાં પણ. ફિરંગીઓ-જેમનાં માલ-મિલ્કત અહીં હતાં તેમણે અહીં જ રહેવાનું પસંદ કર્યું. ત્રણે શહેરો-પ્રદેશોમાં ઓછાવત્તા અંશે પોર્ચુગીઝો વસે છે, ખેતીવાડી-મચ્છીમારી જેવા બાપીકા વ્યવસાય સાચવીને બેઠા છે.'' ''જૈસે પાકિસ્તાન બના થા તબ હુઆ થા''- હમિદે કહ્યું. ''અં…ના! એ તો બહુ દર્દનાક અને લોહિયાળ વિસ્થાપન હતું. આ ત્રણ પ્રદેશોમાં તો સરકારી કરાર મુજબ દીવ-દમણ-ગોવા ઉપર ભારતની કેન્દ્ર સરકારની સત્તા થઇ, અલગ વહીવટ સ્થપાયો અને જે અહીં રહ્યાં તે ફિરંગીઓની સુરક્ષા-સ્વમાન જાળવવા ખૂબ સભાન પ્રયત્નો કરવામાં આવ્યા.'' ''તો યે બહેન, સાંસ્કૃતિક રીતે તો કંઇક ઉંચા મને જ જીવતાં હશેને?!'' ''આમ તારી વાત વાચી છે. ગોવાને 1987 માં ભારતમાં ભેળવવામાં આવ્યું તેમાં રાજકીય ઉપરાંત સાંસ્કૃતિક કારણો ખરાં જ. દીવ ને દમણ હજી પણ યુનિયન ટેરિટરી છે અને પોર્ચુગીઝ કુટુંબો પણ ટકી ગયાં છે; તેય મુઠ્ઠીભર. નવી પેઢી તો હવે કાં તો પોર્તુગાલ જઇને વસી છે કાં તો અમેરિકા. અહીં પણ હવે જે જોવા મળે છે તે બહુમતિની સંસ્કૃતિનું અતિક્રમણ જ છે ને? દીવમાં બહુમતિ સાંસ્કૃતિક વાતાવરણને બદલવાની કોશીશ તો કરી જ રહી છે.''

કિલ્લામાંથી બહાર આવીને ડાબી બાજુએ વસેલાં પાંચ-છ સદી પૂર્વેના ખ્રિસ્તી મહોલ્લામાં ચાલવાની મજા આવી. જૂનાં કે નવી ઢબનાં ઘરોની બાંધણી, બહારનો દેખાવ, ઘરમાં ફરતાં લોક… 'ફોરેનર' લાગે. એ મહોલ્લાને છેડે અદ્ભૂત અને ભવ્ય ચર્ચ ખડું છે- સંત પૉલનું એ દેવળ 500 વર્ષ જૂનું છે. અંદર પથ્થર અને ઇંટની સેંકડો ફીટ ઊંચી દીવાલો, યુરોપિયન શૈલીની કમાનો(ગૉથિક શૈલી) ઝરૂખા, સ્નાનસંસ્કાર કરાવવાની કૂંડી, વધસ્તંભે લઇ જવાતા ઇસુના 14 સ્થાનકો અને તેનાં યુરોપિયન શૈલીનાં ચિત્રો હતા. સીસમની પાટલીઓ(બેન્ચ) જેના ઉપર છૂટાંછવાયાં ખ્રિસ્તી પ્રૌઢો-વૃદ્ધો-વૃદ્ધાઓ આંખ

મીંચી, ઘૂંટણીયે પડીને પ્રાર્થના ગણગણતાં હતાં, જપમાળા(રોઝરી) કરતાં હતાં. સામે ગર્ભગૃહના સ્થાને ઊંચી વેદી ઉપર રોઝવુડની અત્યંત કલાત્મક કોતરણી વચ્ચે ક્રૂસે ચડેલા ઇસુ અને વત્સલ મા મરિયમની આબેહૂબ મૂર્તિઓ હતી. શાંત અને ભવ્ય વાતાવરણમાં આશ્ચર્યપૂર્વક બધું જોતી-નિહાળતી મંડળી ચોમેર ફરી રહી હતી. વિલ્સન બધે ફરતો હતો ત્યારે હાથ જોડેલા હતા અને આંખોમાં ધન્યતા હતા. બાકીનાં બધાં બહાર નીકળ્યાં ત્યારે લગભગ સાથે બોલી ઊઠ્યાં કે, ''અમે તો ખ્રિસ્તી દેવળ(ચર્ચ)માં પહેલી જ વાર ગયાં!''

''એ તો આપણે લગભગ રોજ થવાનું. પણ માત્ર જવા-આવવામાં નહિ, બને તો હાલની સ્થિતિમાં જે તે દેવસ્થાન કેટલું મહત્વનું અને પ્રસ્તુત(રેલેવેન્ટ) છે એ જોજો, ભક્તોનો એની સાથેનો લગાવ જોજો અને સ્થાનિક અન્ય લોકો તેને કેવી રીતે જુએ છે એ પણ જોતાં રહેજો.'' રચાનાએ કહ્યું.

એ દેવળની અંદરના ભાગમાં આંટો માર્યો તો ફરીથી જાણે યુરોપમાં પહોંચી ગયાં! ગીચ વેલ-ફૂલ-વનસ્પતિથી ઢંકાયેલો ચોક, વચ્ચે જબ્બર ફૂવારાનું ખંડેર, લાંબી-પહોળી પરસાળો, પથ્થરનાં પગથિયાંનો દાદરો... ઉપરના મજલે બાળમંદિર હતું- નાનાં ભૂલકાંનો કલશોર અને શિક્ષિકા બેનોનો ગોકીરો સંભળાતો હતો. પેલી શાંતિ જોખમાતી હતી પણ ધર્મે શિક્ષણને જાણે જગ્યા કરી આપીને વાસ્તવની દુનિયામાં એક ડગલું આગળ ભર્યું હતું. જાણવા મળ્યું કે પાદરી અહીં- ઉપર રહે છે અને થોડાંક-સો પોર્ચુગીઝ અને ભારતીય ખ્રિસ્તીઓની ધાર્મિક સેવા કરે છે. ઊંચી છત અને એની અંદરના જાળિયાં (વેન્ટીલેશન)ની ભાત સૌનું ધ્યાન ખેંચતી હતી. બીજા દરવાજેથી બહાર નીકળવા જતાં હતાં ત્યાં માતા મરિયમની એક વિશિષ્ટ મૂર્તિ જોઇ. દરિયાનાં મોજાં ઉપર સાત સર્પોની નાવડીમાં ઊભેલાં મરિયમ જોવાની મજા પડી. ''મા મરિયમનાં અનેક નામ હોય, આ કદાચ 'સાગરમાતા'હશે.'' વિલ્સને મજાકિયા ટોનમાં માહિતી આપી.

એ દેવળ અને ખ્રિસ્તી મહોલ્લો પસાર કર્યા પછી બીજું સુંદર-ભવ્ય દેવળ દરિયા કિનારે ઊભું હતું. અહીં 'મ્યુઝિયમ' છે એવું પાટિયું જોયું. સૌ ઊંચા-





પહોળાં પગથિયાં ચડીને ઉપર-અંદર ગયાં. જોયું તો આખા ખંડમાં ખ્રિસ્તી સંતો, દેવદૂતો, ઇસુ વગેરેની લાકડાંની આબેહૂબ મૂર્તિઓ ગોઠવેલી હતી. નામઠામ લખેલાં હતાં પણ ધાર્મિક મુદ્દા સિવાય બીજું કંઇ નહોતું. જૂના દેવળમાં રાખેલી આ મૂર્તિઓ ખંડિત જેવી હતી, રંગ ઝાંખા પડેલા છતાં ખ્રિસ્તી કાષ્ટકલાના નમૂના લેખે નોંધપાત્ર હતી.

''આને મ્યુઝિયમ કેવી રીતે કહેવાય? આ મૂર્તિઓ સિવાય બીજી કોઇ ઐતિહાસિક માહિતી, તસવીરો, વિગતો...કશું નથી.'' ધીરજે કહ્યું.

''500 સાલકે ઇતિહાસ કો ખાલી ટૂટે હુએ પૂતલોં મેં સમેટ લિયા!'' આમિરે કહ્યું. ''છેવાડાના અળખામણા નાગરિકો જેવો આ સમુદાય ખોંખારીને પોતાનું અસ્તિત્વ સાબિત કરી આપે તો જ ઇતિહાસને અહીં જગ્યા મળે. બાકી તો...'' રચનાએ વાક્ય અધૂરું છોડ્યું પણ કહેવાનું હતું તે કહી દીધું હતું. બહાર નીકળ્યા ત્યારે એક મજાની જગ્યા જોઇ- દેવળની પાછલી ગેલેરીમાં, દરિયાની મોજ લેવા એક બાર અને રેસ્ટોરાં બનાવેલાં હતાં. જાણવા મળ્યું કે સાંજે આખા દેવળને, પેલા અંદરવાળા દેવળને રંગબેરંગી લાઇટથી પ્રકાશિત કરવામાં આવે છે. રંગીન ફુવારાનો શો પણ રાખવામાં આવે છે અને ખાણીપીણી પણ ચાલે છે. ઇતિહાસ, દંતકથા, ટૂરિઝમ(પ્રવાસન) અને ધંધો-બધાંની ભેળસેળ કેવી ચતુરાઇપૂર્વક થઇ રહી છે! ઇતિહાસને પણ પ્રવાસનખાતું પોતાની બુદ્ધિ-શક્તિ-ખપના મુજબ કાપીકૂપીને, સજાવીને બજારમાં મૂકી આપે છે! વાહ રે બજારવાદ!

આવા મુદ્દા પરસ્પર શેર કરતાં કરતાં મંડળી જે મહોલ્લામાંથી પસાર થઇ, તે બધું જ યુરોપિયન ખુશ્બૂથી મધમધતું'તું છતાં 'દીવ'ના આ ખ્રિસ્તી વિસ્તારો 'ઘેટ્ટો'બનીને રહી ગયાં છે એમ લાગ્યા વગર નથી લાગતું. બાકીના શહેર ઉપર બજાર ઉપરાંત કહેવાતા મુખ્યપ્રવાહનો ધર્મ છવાતો જાય છે. અલબત્ત, મલેક અયાઝની યાદ અપાવતી જૂની કરતાં નવી મસ્જિદોના મિનારા પણ ખાસ દેખાય છે, દરગાહો પણ જીવંત થઇ છે. ગુજરાતના રાજકારણે જાણે ગુજરાતના ઇતિહાસ ઉપર આક્રમણ શરૂ કરી દીધું છે.

બહાર નીકળીને, તદ્દન સામી દિશાના દરિયે બસને હંકારી. ત્રીજા ભવ્ય દેવળમાં ચાલતી દીવની સિવિલ હોસ્પિટલ જોઇ, જાલંધર બીચ, સનસેટ પોઈન્ટ અને ટૂરિસ્ટ કોટેજ તરફ ગયાં ખૂબ શાંત, રળિયામણું છતાં નવીન પશ્ચિમીકરણનું વાતાવરણ હતું. વિદેશી સહેલાણીઓ સાયકલ ઉપર ઘૂમી રહ્યાં હતા, બીચ ઉપર છત્રી નીચે લંબાવીને પડ્યાં હતાં. ''આ જાલંધર શબ્દ તો સાંભળેલો છે- હિંદુ શબ્દ છે ને?'' ''હા, વિસ્તારમાં બે દંતકથાઓ ચાલે છે, એક તો જાલંધર નામે અસુર રાજા હતો એણે આ બેટ વસાવેલો; પુરાણોમાં દીવનો 'જાલંધર બેટ'ના નામે ઉલ્લેખ થયેલો છે અને બીજી દંતકથા છે કે શિવભક્ત કઠોર સાધકોનો એક 'નાથ-પંથ' તેના યોગી જાલંધરનાથ અહીં તપ કરતા હતા. આગલા છેડે પેલી દહેરી છે તે એમની ગુફાના મોંયે બનાવી છે. હજારો વર્ષ પૂર્વેની આ દંતકથા છે.''

સૌ દરિયાની હવાની મોજ માણતાં માણતાં એ છેડા સુધી ગયાં, દહેરીમાં ડોકિયું કરીને જાલંધરની અતિપ્રાચીન પથ્થરની મૂર્તિને વંદન કર્યાં. રૂપેરી-સ્વચ્છ રેતીના બીચ ઉપર રમ્યાં અને ભૂખ લાગી એટલે પેટપૂજા કરવા ચંદાબહેનની હોટલે મચ્છીભાત ખાવા પહોંચી ગયાં.

નમતા બપોરે સોમનાથ તરફ બસ જઇ રહી હતી ત્યારે કનુભાઇએ કહી નાખ્યું- ''બેન, ગુજરાતના શોખીનો હંગાથે તો કંઇ કેટલીયે વાર આવ્યો છું પણ દીવનો ઈતિહાસ ને દીવની ભૂગોળ તો તમારી પાલ્ટીમાં જ જોવા મળ્યાં.'' ત્યારે બટકબોલા ધીરજે સ્વભાવ મુજબ કોમેન્ટ પસાર કરી- અલ્યા, કાયદેસર તો નહીં પણ મનોમન તો લાગે છે કે આપણે હવે 'ફોરેન રીટર્ન' થઇ ગયાં!'' હસાહસ! રચના હસી તો ખરી પણ છેલ્લે કહ્યા વગર રહી ન શકી… ''કદાચ તમારા જેવા ગ્રૂપ સાથે ભવિષ્યમાં આવીશ ત્યારે ધીરજ જેવો મનોમન સંતોષ પણ લઇ શકીશું કે કેમ એ શંકાની વાત છે અને ચિંતાનો વિષય છે.'' ''હાસ્તો… ગુજરાતનું અને હવે તો ભારતનું રાજકારણ ભગવો કૂચડો લઇને બધે જ એકસરખાં લપેટા મારવા નીકળી પડ્યું છે ને!'' પૂર્ણાહુતિ તો શેખરે જ કરી.

★★★





**મુકામ- 6.**

# જય સોમનાથ!

## સોમનાથઃ ધર્મ કે રાજનીતિ?!



દીવથી ઉપડ્યાં એટલે રચનાએ મંડળીને કહ્યું: ''હવે આપણે દીવ કરતાં તદ્દન અલગ અને ચર્ચાસ્પદ… કહો કે વિવાદાસ્પદ સ્થળ જોવાનાં છીએ.

‘‘પણ સોમનાથમાં શિવજીનું મંદિર છે અને એટલું બધું પ્રખ્યાત છે કે દેશ આખાનાં હિંદુ શ્રદ્ધાળુઓ જીવનમાં એક વાર તો અહીં આવવાની ઝંખના કરે જ છે… આમાં વળી ચર્ચા અને વિવાદ શા માટે?’’ વંદનાના પ્રશ્નમાં આમ તો તથ્ય હતું. રચનાએ નિઃશ્વાસ લીધોઃ ‘કાશ! કોઇ પણ તીર્થધામ આટલી જ સીધી સરળ રીતે માત્ર ભક્તોની શ્રદ્ધાનું ધામ બની શકતું હોત તો!!! ખરેખર તો એમ જ હોવું જોઇએ. પણ અફસોસ! કેટલાંક સ્થળો મૂંઝવી નાખે તેવાં હોય છે.. ક્યારેક પુરાણકથાઓની કલ્પના, ચમત્કારો અને પુરાણલેખકોની આંતરિક-સાંપ્રદાયિક સ્પર્ધાને પરિણામે સ્થળની આસપાસ જાળાં-ઝાંખરાં બાઝેલાં હોય છે તો ક્યારેક સ્થાનિક દંતકથાઓનાં અર્ધસત્ય અને અતાર્કિકતાના ધૂમ્મસથી ઘેરાયેલાં હોય છે- આવાં સ્થળો. લેખિત ઇતિહાસ પણ ક્યાં સ્વ-તંત્ર હોય છે? એમાં પણ ઇતિહાસકારોની અંગત ભૂમિકા ભાગ ભજવતી હોય છે અને સ્થળના ગૌરવમંડન અને ગૌરવખંડનની સાપસીડી રમાતી હોય છે. સામાજિક-સાંસ્કૃતિક-રાજકીય વાસ્તવિકતાઓનો ઇન્કાર ત્યાંના ઇતિહાસને સમજવામાં અવરોધરૂપ પણ બને છે. મારા મતે ‘સોમનાથ’ આ તમામ ભૂલભૂલામણીમાં અટવાવે તેવું સ્થળ છે.’’ સૌ થોડા ગંભીર થઇ ગયાં હતાં. ચૂપ હતાં. વંદનાએ જ પ્રસ્તાવ મૂક્યો- ‘‘બહેન, અમે બધું જોઇ લઇશું પછી જ એનો ઇતિહાસ જાણીશું.’’ રચનાને જો કે દુવિધા થઇ કે આ મંદિરનો ઇતિહાસ જાણ્યા વગર શી રીતે માણી શકાશે?

દીવથી સોમનાથનો રસ્તો લીલાંછમ ખેતરો, નારિયેળી- આંબા અને કેળની વાડીઓથી ભરપૂર હતો. ગામ પણ કૃષિસંસ્કૃતિની યાદ અપાવતાં હતાં. સ્ત્રી-પુરુષોના પરંપરાગત પોષાક લાલ-કિરમજી ભાત ઉપસાવતા હતા. વચ્ચે ચા પીવા રોકાયાં ત્યારે મીઠી સોરઠી બોલી સાંભળવા મળી. કનુભાઇને જાણે મોસાળે જમવું ને મા પિરસનારી જેવી મજા આવતી હતી. આમ બધું ‘ગ્રામીણ’ લાગતું હતું. પણ ખેતરમાં ચાલતાં ટ્રેક્ટર, પાણીના પંપ અને બોર, જબરમોટી દોડતી ટ્રકો… જોતાં આપણે કંઇ ગ્રામ્ય (કૃષિ) યુગમાં નથી પણ યંત્રયુગમાં જ છીએ એનું ભાન થતું જ હતું. રચના વિચારતી હતી કે આ પ્રકારના સાંસ્કૃતિક દ્વિધાભાવની ચર્ચા મિત્રો સાથે થવી જોઇએ.





થોડી વારે બસ એક વિશાળ પાર્કિંગ પ્લોટમાં આવી ઊભી. દૂર, સામે જ , મોટા દરવાજાની પેલે પાર શિવમંદિરની ધજા સંધ્યાકાળના પવનમાં ફરફરી રહી હતી. મંડળી બસમાંથી ઉતરીને સરિયામ રસ્તા પરથી મંદિર તરફ આગળ વધી ત્યાં નગરચોકમાં એક ઘોડેસ્વાર જુવાનની મૂર્તિ હતી. મધ્યકાલીન પાઘડી ને ચોરણી-કોડિયું પહેરેલા એ જુવાને કેડે ભેટ બાંધેલી જેમાં તલવાર હતી, હાથમાં લાંબો ભાલો શોભતો હતો. છાતીએ બખ્તર. યુદ્ધ કરવા થનગરી રહેલા જુવાનનો જુસ્સો મૂર્તિકારે આબેહૂબ ઊતાર્યો હતો. નીચે નામ કોતરેલું - ‘હમીરજી ગોહેલ’. ‘‘યહ કૌન?’’ પરવીનનો પ્રશ્ન કદાચ બધાંનો હતો.

‘‘સોમનાથનો નાશ કરવા જ્યારે મહમદ ગઝનીનાં સૈન્યો અહીં ધસી આવ્યાં ત્યારે ગુજરાતનો રાજા તો બીકનો માર્યો છૂપાઇ ગયો હતો પણ નાના નાના સ્થાનિક રાજાઓ-રાજપૂતો સોમનાથને બચાવવા સખાતે ચઢ્યા હતા.’’

‘‘સખાત માને?’’ હમિદે પૂછ્યું.

‘‘દાન, ધાર્મિક ભાવના સાથે કરેલું પુણ્યકાર્ય.’’

‘‘લો, ‘જિહાદ’કા ભી તો યે હી મતલબ હોતા હૈ.’’

‘‘હા પણ ‘સખાતો’ મધ્યકાળમાં થતી હતી અને ‘જિહાદ’આજે પણ થાય છે, એ ચિંતાનો વિષય છે. ખૈર… આ જુવાન હમીરજી ગોહેલ વિશે જાતભાતની દંતકથાઓ હજીયે લોકપ્રિય છે અને રાસડો તો વિસ્તારની દાદીમાઓનેય મોંઢે છે.’’

‘‘બહેન, આ પૂતળાને ધામમાં પેસીએ તેનીયે પહેલાં આમ મૂક્યું છે તેની પાછળ કંઇક ઊંડો અરથ તો છે જ!’’ શેખરે કહ્યું ને આંખો નચાવી.

‘‘ગજવામાં મૂકી રાખો - ફિડબેકમાં વાત!’’

આગળ, મંદિરની સામે જ ખૂબ વિશાળ ચોક સિમેન્ટની લાદીવાળો બનાવ્યો છે. એક તરફ લાંબું-પહોળું બેઠા ઘાટનું શોપિંગ સેન્ટર છે- જેમાં સૌરાષ્ટ્ર-

કચ્છનાં લોકકલા-કસબની ચીજવસ્તુઓ, રેડીમેડ કપડાં, સાડીઓ, સુશોભનોની સાથે સાથે અદ્યતન ખાણીપીણીની દુકાનો છે જેમાં સોડાલેમનથી માંડીને ભેળ-પૂરી ને પિત્ઝા-બર્ગર સુદ્ધાં મળે છે.

હમીરજી ગોહિલનું પૂતળું જોઇને મોટા ચોકમાં આગળ વધ્યાં ત્યાં મંદિરની બિલકુલ સામે સરદાર પટેલનું ભવ્ય પૂતળું ખડું હતું. ''સરદાર? કેમ અહીં?''

''એ શિવજીના ભક્ત હતા?''

''અં....જેમ હમીરજી ગોહિલ સખાતે ગયા હતા તેમ સરદારે પણ સખાત કરી હતી ને?'' રચનાના કોયડાને કોઇ સમજ્યું નહિ. ''આવો, સામે બાંકડે બેસીને થોડી પૂર્વભૂમિકા કરું. ભલે તમને લાગે કે પહેલાં જોવું છે; પણ આટલી વાત તો કહ્યે જ છૂટકો!''

સૌ ગોઠવાયાં. રચનાએ શરૂ કર્યું: '' આ મંદિર વિશેની પુરાણકથા નહિ કહું; એ તો તમને જાણવા મળશે જ - પણ થોડી ઇતિહાસકથા કહેવી પડે તેમ છે. સોલંકીકાળમાં એટલે કે 9-10 મી સદીમાં આ મંદિરની જહોજલાલી જાણીતી હતી. સોલંકી રાજાઓ શિવભક્ત હતા અને અહીં અઢળક ધનસંપતિ હતાં, પૂજારીઓ અને નર્તકીઓના નિવાસ હતા. વૈભવ-વિલાસનું વાતાવરણ હતું જેની નામના દુનિયાભરમાં ફેલાયેલી. દૂર દેશાવરથી ગઝનીનો સુલતાન મહમૂદ ગઝની અહીં સૈન્ય સાથે આવ્યો, પાટણ-ગુજરાતનો રાજા ભીમદેવ પીછેહઠ કરી ગયો અને છેવટે 1025માં ગઝનીએ મંદિર અને આ શહેર જે તે વખતે પ્રભાસપાટણ કહેવાતું હતું- તે લૂંટયું- ધમરોળ્યું અને ખાસ તો શિવલિંગ તોડીને દાટેલું ધન-હીરા-ઝવેરાત લૂંટીને પાછો પોતાને મુલક ચાલ્યો ગયો.''

''કેમ? એને અહીં રાજય નહોતું કરવું?''

''ના એનો આશય લૂંટનો હતો અને કંઇક બૂતશિકનીના ગૌરવનો પણ!''

''એટલે?'' ''હમિદ, તું સમજાવ!''





''બૂત'' મતલબ મૂર્તિ. આપ સબ જાનતે હો કિ ઇસ્લામમેં બૂત પરસ્તી-મૂર્તિપૂજા કી મનાઇ હૈ; ઉલ્ટે બૂત તોડકર દુશ્મન કે ધાર્મિક ઘમંડ કો ચૂર કરને કા ગૌરવ લિયા જાતા થા- યે હકીકત હૈ.''

''ઠીક કહ્યું. એનો મતલબ કે પોતાના સિવાયના ધર્મના અસ્તિત્વનો ઇન્કાર. એ મુજબ એ વરત્યો અને પુણ્ય મેળવ્યું. બાકી લૂંટમાં મળેલું અઢળક ધન એની જબરજસ્ત સેનાના નિભાવ માટે ખર્ચાયું હશે- જેમ કોઇ પણ રાજાની જરૂરિયાત હતી. શિવાજીએ પણ આ જ હેતુથી સૂરત જેવું સમૃદ્ધ નગર વારંવાર લૂંટ્યું હતું..''

''પણ બેન, આ તો કેવું ક્રૂર? ત્યારથીસ્તો આ હિંદુ-મુસ્લિમના ઝઘડા શરૂ થયાં!'' મીનાએ કહ્યું.



**જૂનું સોમનાથ મંદિર**

''ના, ના, ગઝનીના ગયા પછી ભીમદેવે જ પાછો જિર્ણોદ્ધાર (સમારકામ) કરાવ્યો અને ત્રણસો-સાડા ત્રણસો વર્ષ રાબેતા મુજબ પૂજા થતી રહી. પણ વળી પાછી દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખિલજીના સૈન્યે ચડાઇ કરીને 13મી સદીમાં તોડયું ત્યારથી આ મંદિરને હિંદુઓના ગૌરવનું પ્રતીક મનાવવા માંડ્યું.

16મી સદીમાં વળી પાછું અમદાવાદના સુલતાન અહમદશાહે તોડ્યું-લૂંટ્યું ને હિંદુઓનું ગૌરવ ખંડન કર્યું. ત્યારથી કહી શકાય કે સોમનાથ ખંડેર થતું રહ્યું ને છેવટે ઇતિહાસમાં એક દૂઝતું ઘારું બની ગયું.!" "મેં સમઝા નહિ..." આમિરને રચનાએ સાદા શબ્દોમાં કહ્યું કે સોમનાથ કભી ભી ન મિટનેવાલા નાસૂર બન ગયા. બધાં વિચારમાં તો પડી ગયા. "આમ તો જો કે એવા ઘણા ખંડેરો એમનેમ પડી રહ્યાં હશે નહિ?! લોકો એને ખંડેર તરીકે જ જોવા-જાણવા જતા હોય છે." શેખરે લોજીક આપ્યું. "બરાબર છે. ધાર્યું હોત તો આ સોમનાથને પણ એક ખંડેર સમજીને ખૂણે મૂકી રખાયું હોત- જેમ ગુજરાતનું ખૂબ જાણીતું મોઢેરાનું સૂર્યમંદિર! પણ અહીં તો વાતને જ જુદી રીતે વળાંક આપવામાં આવ્યો. તે પણ સ્વતંત્ર ભારતની અસ્મિતાનું પ્રતીક બનાવીને!"

"જરા વિગતે કહોને, બહેન..." શેખરે આગ્રહ કર્યો.

" તમે કદાચ કનૈયાલાલ મુનશીનું નામ સાંભળ્યું હશે. ત્રીશીમાં પ્રખ્યાત બનેલા આ ગુજરાતી લેખકે ગુજરાતના ઇતિહાસને લગતી નવલકથાઓ લખી જે ખૂબ સફળ અને લોકપ્રિય બની. મતલબ કે એમાં એમણે જે વિચારધારાને આધાર બનાવ્યો તે વિચારધારા આજે આ દેશમાં વર્ચસ્વ ધરાવે છે."

"હિંદુત્વ?" "હા, પણ એ વખતે આ શબ્દ નહોતા વપરાતો. મુનશી પોતાને 'ગુજરાતની અસ્મિતાના સર્જક'કહેવડાવતા; જો કે 'અસ્મિતા'શબ્દ પાછો બીજા લેખક-રણજીતરામ મહેતાનો હતો ને આજે જે રીતે વપરાય છે તેવો એનો મતલબ નહોતો. ખેર, મુનશીએ 'જય સોમનાથ'નામની જે નવલકથા લખી અને છેલ્લી 'ભગ્ન પાદુકા'લખી તેમાં હિંદુ-મુસ્લિમ મુદ્દાને રાજકીય અને સાંસ્કૃતિક રીતે બહુ ચગાવ્યો. એમની બીજી કારકીર્દી કહું તો તે હિંદુ મહાસભા અને જનસંઘના સ્થાપક અને સક્રિય સભ્ય હતા.. . જે આજે વિશ્વ હિંદુ પરિષદ કહેવાય છે.દેશની બંધારણ સમિતીના મહત્વના સભ્ય હતા. સ્વતંત્ર ભારતમાં તે મુંબઇ રાજ્યના ગવર્નર અને દેશના પુરવઠા પ્રધાન પણ બન્યા હતા."





"અચ્છા, તો તાળો મળે છે..." શેખરની આંખમાં ચમક હતી.

"એમણે લેખક તરીકે સોમનાથના ધ્વંસને એક સાંસ્કૃતિક ટ્રેજડી તરીકે ઉજાગર કરી. પણ એમની રાજકીય વિચારસરણીએ આ કહેવાતી 'ટ્રેજેડી'ને રાજકીય રંગ આપ્યો અને ભારતની સ્વતંત્રતાની ઉજવણી માટે એક એજન્ડા આપ્યો. એમણે સરદારને સાથે લઇને સોમનાથનાં ખંડેરો બતાવ્યાં. સાથે કેટલાક નેતાઓ, રાજાઓ અને બુદ્ધિજીવીઓ પણ હતા. સરદાર એ વખતે દેશના નાયબ (ડેપ્યુટી) વડાપ્રધાન હતા. એ સિવાય પણ તમને ખ્યાલ હોય તો, પાકિસ્તાન બન્યું ત્યારે દેશના હૈદ્રાબાદ અને જૂનાગઢના નવાબોએ પાકિસ્તાનમાં ભળવાની માગણી મૂકેલી."

"મતલબ કે ઇસી દેશકે બીચોબીચ રહે કે સત્તા પાકિસ્તાન કો ચલાને દેના?" યાસ્મિનનો અચંબો ઘણાંનો હતો. "હા, એવું જ. પણ સરદાર પટેલ, મુનશી અને ભારતીય સેના(આર્મી) એ મામલો હાથ પર લઇને બંને રાજ્યોને ભારતમાં ભેળવ્યાં હતાં. બીજી તરફ સરદારે દેશના 500થી યે વધુ રાજા-રજવાડાંને સમજાવીને દેશમાં ભેળવ્યાં હતાં. સરદારને સોમનાથ બતાડીને મુનશીએ મંદિરની ધ્વંસઘટનાને ભાવનાત્મક રીતે કહી. સરદાર પટેલને ગળે મુદ્દો ઊતારી દીધો કે એમણે આ જ સાગરનું પાણી હથેળીમાં લઇને પ્રતિજ્ઞા લીધી કે દેશની અસ્મિતા ઉપરનું કલંક ધોવું હોય તો સોમનાથ મંદિરની અહીં જ સ્થાપના કરવી રહી.આ બનાવ '47ના નવેમ્બરમાં બન્યો હતો."

"કઇ અસ્મિતા અને કયું કલંક? બાદલને સમજવું હતું.

"મુનશી અને બીજાઓ માનતા હતા અને મનાવતા હતા કે આ દેશ પરાધીન થયો તેની ઇસ્લામના આક્રમણથી શરૂઆત થઇ અને સોમનાથનો નાશ તે દેશની 'અસ્મિતાનો નાશ' છે. એ પરિસ્થિતિ 800-900 વર્ષમાં બેવડાતી ગઇ અને સોમનાથનું વ્યવસ્થિત મંદિર આપણે ન કરી શક્યાં તે 'કલંક'!

"અચ્છા... તબ પાકિસ્તાન બના ઔર યે હિન્દુસ્તાન રહા, યે ઉનકે લિયે ગૌરવ કી બાત હુઇ હોગી." હમિદે મુદ્દો પકડ્યો.

''બિલકુલ''.

''લે, આ મંદિર બંધાવવું એ કંઇ આઝાદીની ઉજવણી થઇ કહેવાય કે મિંયાઓને ભગાડયાંની?'' શેખરનો કટાક્ષ વાગે તેવો હતો પણ ખોટો ક્યાં હતો?! ''આનો અર્થ તો એ જ થાય. સરદાર-મુનશીની મસલત અને રાજારજવાડાના મબલખ અનુદાન(ડોનેશન) થી મંદિર-નિર્માણની શરૂઆત થઇ ગઇ. ત્યારે તો ગાંધીજી પણ હતા.સરદાર-મુનશીએ દેશના ભંડોળમાંથી ફંડ માગ્યું- ગાંધી નહેરૂએ ઇન્કાર કર્યો, એટલે રાજારજવાડા તૈયાર થયા. છેવટે મંદિર નિર્માણ શરૂ થયું. ગુજરાતના પ્રખ્યાત અને પારંપરિક શિલ્પિઓ સોમપુરા સલાટોને નિમંત્રણ આપ્યું-શાસ્ત્રો મુજબ પ્લાન બન્યો અને સોમનાથ નામે હિંદુ અસ્મિતાના પુનર્નિમાણનું કામ શરૂ થયું. તાબડતોબ અહીં જે ખંડેરો હતાં તે હટાવીને પ્રભાસ પાટણની એક મસ્જિદના ખંડેરમાં મૂકાવ્યાં. ધામધૂમથી મંદિર બંધાવા માંડ્યું.'' ''વાહ, ધર્મ અને રાજકારણની કેવી જોરદાર સાઠગાંઠ!'' શેખર તાલી પાડી ઉઠ્યો. ''અલ્યા, હજી વાત ક્યાં પૂરી થઇ છે? 1951ની 11મી મે સુધીમાં તો મંદિર તૈયાર થઇ ગયાની જાહેરાત થઇ ગઇ. પ્રાણપ્રતિષ્ઠા માટે પં.નહેરૂને આમંત્રણ મોકલાયું.''

''પ્રાણપ્રતિષ્ઠા? વો ક્યા હોતા હૈ?'' પરવીનનો પ્રશ્ન.

'' જે મૂર્તિની પૂજા કરવાની હોય તેને પૂજા માટે યોગ્ય બનાવવા એક વિધિ કરવામાં આવે. બ્રાહ્મણ પુરોહિતો દ્વારા મૂર્તિને દેવ બનાવવાની- પથ્થરમાં પ્રાણ(જીવ) મૂકવાની વિધિ તે પ્રાણપ્રતિષ્ઠા.'' રચનાએ વિગત આપી કે ધીરજે લલકાર્યું-

''મને એ જોઇને હસવું હજારો વાર આવે છે.

પ્રભુ! તારા બનાવેલા, તને આજે બનાવે છે!''

''તાલિયાં! તાલિયાં!'' રચનાને લાગ્યું કે વાત પહોંચી છે.

''ફિર? ક્યા પંડિતજી આયે થે ઉસ વિધિ મેં? આમિરે પૂછ્યું.





''ના, એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આ ધર્મનિરપેક્ષ દેશ છે, મતલબ કે રાજ્યે કોઇ પણ ધર્મ-ધાર્મિક વિધિ વગેરેથી પોતાને અલગ રાખવું જોઇએ- અને હું ધર્મનિરપેક્ષ (સેક્યુલર) દેશના વડોપ્રધાન છું. હું બંધારણની વિરુદ્ધ નહિ જાઉં. તે ના આવ્યા.''

''વાહ! ત્યારે જ એમણે કહ્યું હશે ને કે આ દેશનાં કારખાનાં, બંધો, શાળાઓ જ મારે મન મંદિરો છે!'' શેખરે બહુ મહત્વનું સૂત્ર યાદ કરાવ્યું.

''હા. પણ તે સમયના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ આ મહોત્સવમાં આવ્યા અને પૂરો ભાગ લીધો.'' રચનાએ લાંબો શ્વાસ લીધો અને એક સવાલ મૂકીને પૂરું કર્યું:

''હવે સમજાય છે, આ દેશના રાજકારણીઓ, બુદ્ધિજીવીઓ શા માટે બિનસાંપ્રદાયિકતા, ધર્મનિરપેક્ષતા અને સર્વધર્મસમભાવ વિશે નિખાલસ ચર્ચાવિમર્શ હંમેશા ટાળતા હોય છે?!''

કનુભાઇ પાસે બેસીને આ બધું સાંભળતા હતા પણ રચનાનું વાક્યું પૂરું થયું કે સટ્ કરતાક ઊભા થયા: ''લો, ઝટ્ કરો- આરતીનો ટાઇમ થૈ ગ્યો'તો પછી કે'તાં નંઇ કે કનુભાઇએ મોડું કરાવ્યું!''

## આરતી કે અસ્મિતા?

''પહેલાં અહીં પાથરણાં પાથરીને લોકો આ ચીજો વેચતા હતા. મોટા તંબુઓમાં ખાણીપીણી વેચાતી હતી. હવે આ દુકાનોનાં ભાડાં એમણે ભરવા પડતાં હશે છતાં એટલી મોકળી જગ્યા તો નથી મેળવી શક્યાં કે વધારે સંખ્યામાં ગ્રાહકોને સંતોષી શકે અને આજે કમાય છે એને બદલે બે પૈસા વધારેય રળી શકે!'' ''આજે ઈમના બદલે આ કોમ્પેલેક્ષના બિલ્ડરું ને મ્યુનિસપાલીટી કમાઇ લે છે ને?'' કનુભાઇ ઉવાચ!

સામેની બાજુએ લાઇનબંધ કાઉન્ટરો કરી રાખ્યાં છે જ્યાં દર્શનાર્થીઓ પોતાનો સામાન, ચંપલ-બૂટ અને મોબાઇલ સુદ્ધાં જમા કરાવે- લોક કરાવી- ચાવી

મેળવે. કાઉન્ટરની પાછળ દરિયે જવાનો રસ્તો હતો. પૂછવાની રાહ જોયા વિના જ મંડળી ત્યાં દોડી ગઇ. મરકતાં મરકતાં કનુભાઇ અને રચના પણ એ બાજુ ગયાં.

સૂર્યાસ્ત થતાં પહેલાં દરિયે પુષ્કળ ભીડ હતી. મંડળીએ દીવના દરિયે આટલી ભીડ નહોતી જોઇ. દરિયો અહીં થોડો તોફાની હતો. આમ તો કહે છે કે આ દરિયે અંદર જવાની મનાઇ હોય છે પણ કોઇ કંઇ માને?! આપણી મંડળીએ પણ વહેતા દરિયામાં પેટ ભરીને જાત ઝબોળી! અડધા કલાકે મહામહેનતે બધાંને બહાર બોલાવ્યાં.'' મંદિરે હાલો-આરતીટાણું થૈ ગયું છે'' કનુભાઇએ બધાંને રીતસર હંકાર્યાં. પેલા કાઉન્ટર ઉપર 'હળવા'થઇને સૌ મંદિરમાં જવાની લાંબી લાઇનમાં જોડાયાં. વારો આવ્યો ત્યારે ખાસું બધું ચેકિંગ થયું: સૌને અકળાવે તેવું. અંદર પ્રવેશ કર્યો ત્યારે સૂર્યાસ્ત થઇ રહ્યો હતો- પ્રાકૃતિક તેજ ઓસરી રહ્યું હતું અને વીજળીની રંગબેરંગી લાઇટોથી મંદિર ઝળહળી ઊઠ્યું.

બદામી રેતિયા પથ્થરનું ભવ્ય લાગતું છતાં મધ્યમકદનું બાંધકામ પરંપરાગત શૈલીમાં હતું પણ સાદું લાગતું હતું. બરોબર દરિયાકાંઠે ઊભેલા મંદિરની આસપાસ બગીચો, બેઠકો, છત્રીઓ હતાં. ફરતે દીવાલ બાંધી હતી. ગૂર્જર શૈલીના તોરણ-દ્વારથી સૌ મંદિરે પહોંચ્યાં. પ્રવેશની ઉપર, તોરણની વચ્ચે શિવ-પાર્વતીની સુંદર મૂર્તિ શોભતી હતી. આસપાસ નર્તકો વગેરેની સવારી દર્શાવતી કોતરણી હતી. અસંખ્ય થાંભલાઓ ધરાવતો સભામંડપ ખૂબ વિશાળ અને સેંકડો દર્શનાર્થીઓને સમાવે તેવો. ''પહેલાંના જમાનામાં - સોલંકી કાળમાં આવા સભામંડપમાં દેવદાસીઓ પૂજાનૃત્ય કરતી. દક્ષિણભારતના શિવમંદિરોની આ પરંપરા ગુજરાતે પણ જાળવી રાખી હતી.'' અત્યારે તો ત્યાં બહેનોનાં ઝૂમખાં ભજન કરતાં હતાં, વાતે વળગ્યાં હતાં. કોતરણીથી શોભતા થાંભલાવાળા આ ખંડને એક ખૂણે ટિકિટબારી હતી જે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી લાગતી હતી. સભામંડપથી ગર્ભગૃહ તરફ જતા અંતરાલમાં ખૂબ ભીડ હતી.શહનાઇવાદનની કેસેટ વાગી રહી હતી. અસંખ્ય





શ્રદ્ધાળુઓ હાથમાં પૂજાસામગ્રી લઇને લાઇન બનાવી રહ્યાં હતાં. મંડળી પણ જોડાતી ગઇ.

જોયું કે દર્શનાર્થીઓમાં ગુજરાતીઓ ઉપરાંત બંગાળી, મરાઠી, દક્ષિણ ભારતીય... એમ વિવિધ સમુદાય / પ્રદેશનાં લોકો હતાં અને આરતીની ઉત્કંઠાપૂર્વક રાહ જોતાં હતાં. કોલાહલ હતો- ચંદનની સુગંધ હતી- હવામાં ભક્તિભાવ હતો.

ત્યાં જ આરતીનો ઘંટનાદ થયો. ગર્ભગૃહમાં ત્રણેક ફૂટ ઊંચા અને પિતાંબર પહેરાવેલા શિવલિંગ ઉપર પ્રકાશ રેલાયો અને મેદની ગર્જી ઊઠી હર હર મહાદેવ... જય સોમનાથ. પૂજારી મોટી આરતી લઇને શિવલિંગ સામે ઊતારતા ગયા. શિવલિંગ ઉપર ફૂલમાળા વચ્ચે શંકરનું મ્હોરું ચાંદીના ચમકારા મારતું હતું. ઉપર કાંસાની જળાધારીમાંથી દૂધ-પાણી ટપકતાં હતાં. સામે પાર્વતી ને બાજુમાં ગંગાની મૂર્તિઓ ઉપર ઝળાંહળાં વસ્ત્રાભૂષણ ઓપતાં હતાં અને આખી ગર્ભગૃહની પછીત સોને મઢેલી હતી



**સોને મઢેલું ગર્ભગૃહ**

ને દીપમાળાના પ્રકાશમાં ઝગારા મારતી હતી. મિત્રો લાઇનમાં ઊભાં હતાં ને અચાનક શરૂ થયેલા ઢોલ-શંખ-ઝાલર બધાના સમૂહનાદ ગાજી ઉઠ્યા... ઉપલા ખૂણે બેસાડેલા ઇલેક્ટ્રીક વાજીંત્રમાંથી આ સ્વરો રેલાતા હતા. આરતી શરૂ  થઇ પણ કોઇ શબ્દો નહોતા, ફક્ત વાજીંત્રો વાગતાં હતા, ભક્તો તાલી વગાડતા હતા. અંદર, બહાર, ચારે દિશાએ ઘુમાવીને પૂજારી આરતી કરતા હતા. છેવટે વીસેક મિનીટ ચાલેલી આરતી અટકી. ભક્તો પ્રદક્ષિણા કરતાં વિખેરાવા લાગ્યાં હતા. દક્ષિણ દરવાજેથી સમુદ્રિકનારા સામેની આરામ છત્રી પાસે સૌ પહોંચ્યાં. દરેકને કંઇક કહેવું હતું. ‘‘બહેન, કેવું સરસ વાતાવરણ હતું! બધા કેવા શાંતિથી ભક્તિ કરતાં હતાં’’ વંદનાએ કહ્યું.’’પણ કોઇ આરતી ગાતું ન હતું- ફક્ત વાજિંત્રો જ વાગતાં હતાં - એમ કેમ?’’ મીનાને પ્રશ્ન થયો. ‘‘વો કેસેટ જોરદાર થી, ભઇ!’’ આમિરના આ અભિપ્રાય કરતાં હમિદ જુદો પડ્યોઃ ‘‘ભઇ, પ્રાર્થનામેં ઇતને શોરોગુલકી ક્યા ઝરૂરત? દિલકે સૂકું કે લિયે બાહર ભી સૂકું હોના ચાહિયે.’’ વિલ્સને કહ્યુંઃ એવું તો મને પણ લાગ્યું હોં! અમારા ચર્ચમાં પણ પ્રાર્થના સમયે તો સોય પડે તોય સંભળાય.’’

‘‘એ તો ભઇ, જેવી જેની પરંપરા.’’ બાદલે તથ્યાવચન કહ્યું- ‘‘ધર્મ જુદા એનો અર્થ એ જ કે રીતરસમ અને રસ્તા જુદા... બાકી તો મંઝિલ એક જ- ઇશ્વર’’ ‘‘એ જે હોય તે! મને તો શી મજા પડી; કહું? આટલા બધા હિંદુઓ સાથે, ખભેખભા ધસાય તેમ, તાલીઓ પાડવાનો મોકો મળ્યો... ને તેય તીર્થધામ નંબર વન-માં! સા... બધ્ધાયને અભડાઇ માર્યા!’’ શેખરનો આનંદ અનોખો હતો!

સાંભળતાં જ આમિર તીખ્ખી કડવાશથી બોલી ઊઠ્યો : ‘‘તેરી બાત છોડ, શેખર ! આજકલ કે હિન્દું રાષ્ટ્ર કે જમાને મેં ઔર ધરમ ઔર રાજનિતી કી ભેલસેલવાલે ઇસ ધામ મેં હમારેવાલે કલ જા ભી પાયેંગે યા નહીં; ક્યા પતા ?’’





## પડદા અને પડછાયા

ત્યાંજ ધ્વનિ-પ્રકાશ (સાઉન્ડ એન્ડ લાઇટ) શોની જાહેરાત થઇ; ટિકિટો લઇને સૌ મંદિરની ઉત્તરે ગોઠવેલા બાંકડા-ખુરશી પર ગોઠવાયા. સમુદ્ર અને મંદિર તેમ જ આખા પરિસરને જ મંચ બનાવીને કલાકેક શો ચાલ્યો. જેવો પૂરો થયો કે જરાક ચૂપ-જરાક છોભીલાં-જરાંક અકળાયેલાં-જરાક ઉત્સુક મિત્રો ઉતારે પહોંચીને જમવા ગોઠવાયાં ન ગોઠવાયાં ને શરૂ થઇ ગયાંઃ

‘‘અલ્યા, આ તે ઇતિહાસ હતો કે નાટક?’’ બાદલે જ શરૂ કર્યું.

‘‘આ તો પુરાણકથાઓ, કાલ્પનિક પ્રેમકથાઓની ખિચડી હતી ને અહીં ચપટીક નમક જેટલો ઇતિહાસ હતો.’’ વિલ્સને તારણ કાઢ્યું.

‘‘બે યાર! કૈસે કૈસે ટોપક્લાસ બોલિવુડ વોઇસ યુઝ કિયેલે હૈ! ઔર હિંદી મેં કોમેન્ટ્રી- તા કિ સબ સબ સમઝ પાવેં!’’ આમિરને આકર્ષક લાગ્યું હતું.

‘‘મતલબ કિ જનસાધારણનું બ્રેઇનવોશિંગ કરવાનો હાઇટેક હથકંડો!’’ હમિદે ખિચડીયા અભિવ્યક્તિ કરી નાખી. ‘‘ઔર આમિર, લોગોં કો યે સબ સમઝાને કા હૈગા? હમ મુસ્લિમ જૈસે ઇનકે વિલન હૈં વૈસા ચ બતાયા ગયા!’’ યાસ્મિનના અવાજમાં અપમાનિત થયાની પીડા હતી.

‘‘બધું એટલું બધું ‘શુગર કોટેડ’(ગોળે વિંટીને) કહ્યું છે કે સીધી રીતે મુસ્લિમ વિરોધી થયા વગર પણ કોમવાદી લાગણીને ઉશ્કેરે એવું છે. ‘‘ધીરજે કહ્યું. ‘‘આમ કળાત્મક રીતે ધિક્કાર ફેલાવવાનું ને ગપગોળા ચલાવવાનું આ લોકોને ઠીકઠીક આવડે છે.’’ શેખરે મુદ્દાની વાત કરી.

‘‘વાંધો તો ત્યાં છે કે આપણે લોકો આ બધું શીરાની જેમ સટ્સટ્ ગળે ઊતારી દઇએ છીએ.’’ મીનાની વાતામાં જાત તપાસનો ‘ટોન’હતો.

વંદનાએ જરાક છોભીલા અવાજે કહ્યું- ‘‘બેન, મને તો એટલે આઘાત લાગ્યો કે મનમાં થઇ આવ્યુ કે આ! આ તે ધર્મસ્થળ કે રાજનીતિનો અખાડો?! તમે

પેલું બધું ના કહ્યું હોત તો અમેય શીરાની જે સટ્સટ્ બધું ઊતારવાનાં જ હતાં ને?''

''શું કનુભાઇ- તમારે કંઇ કે'વાનું છે?'' શેખરે કનુભાઇને ખેંચ્યા. કનુભાઇ બોલ્યા, ''ના રે ભઇ! આજ પહેલાંયે આ બધું ભેંસ આગળ ભાગવત હતું ને આજ પછીયે અમારે તો એનું એ - બે ઘડી ગમ્મત!''

''હોવે- પૈસા ખર્ચીને મૂરખ બનવાનું, નહિ?'' ધીરજે ઓર ખેંચ્યાં.

''હાં હોં! કિતને કિતને લોગ ટિકિટ ખરીદતે હૈંગે? મંદિરવાલોં કી તો ચાંદી હી ચાંદી હોતી હૈગી!'' યાસ્મિને વહેવારુ કોમેન્ટ આપી.

રચનાએ મનની વાત કરી નાખી- ''કોણ જાણે આપણા દેશમાં જ્ઞાન, શિક્ષણ, માહિતી, કોમ્યુનીકેશન... આ બધાંનો ઉપયોગ ખરેખરો વૈજ્ઞાનિક અભિગમ કેળવવા કે ઇતિહાસનું બને તેટલું સાચું રૂપ રજૂ કરવા ક્યારે થશે?'' ''કેમ, આપણાં જેવાઓએ તો શરૂઆત કરી જ દીધી છે ને?'' વિલ્સને આશ્વાસન આપ્યું અને થોડાક આત્મસંતોષ સાથે સૌ જરાક ટાઢાં પડી ગયેલાં ખિચડી-કઢી-ભાખરી-શાકના ભાણાં ઉપર તૂટી પડ્યાં.

## આંખો ખૂલી ને અજવાળાં ઝોકાર

બીજી સવારે મંદિરના પ્રાંગણમાં ફરીને શિલ્પ-સ્થાપત્યનો આસ્વાદ કર્યો. લગભગ સૌ મિત્રોએ કહ્યું કે ''આ મંદિર મોટું તો ઘણુંબધું છે, પણ ઘાટ પહોળો અને અને શિખર ટૂંકું લાગે છે.'' વળી ''પલિતાણાનાં તળેટીનાં અને પર્વત પરનાં દહેરાસરની બારીકી અને અજોડ કોતરણીની સરખામણીએ અહીં કંઇ જ નથી! મધ્યકાળના શિલ્પીઓ વધુ ઝીણવટથી કામ કરતા હશે?''

''કદાચ.જો કે આ મંદિરના શિલ્પીઓએ પડકાર ઉપાડવાનો હતો અને રાજકીય એજન્ડાનું ટાર્ગેટ ફુલફીલ કરવાનું હતું, એ કારણેય સાદી-જાડી-મોટી કોતરણી કરી દીધી હશે!'' રચનાએ લોજીક આપ્યું.





''આખિરકાર પૂરે મુલ્કકી ઇજ્જતકા સવાલ જો થા!'' આમિરે ટીખળ કરી કે પછી... ?

મંદિરના પરિસરમાં એક તરફ કાચનાં શો-કેસમાં દેશનાં બાર જ્યોર્તિલિંગોનો મહિમા વર્ણવતાં બાર તીર્થોનાં દશ્યોની ઝાંકી (ટેબ્લો) ગોઠવેલી. ''જ્યોતિર્લિંગ એટલે?''

''શિવનું એવું લિંગ જે કોઇએ ઘડી-બનાવીને સ્થાપ્યું ન હોય. પૃથ્વીના પેટાળમાંથી, આકાશમાંથી કે સમુદ્રમાંથી સ્વયંભૂ(પોતાની મેળે) પ્રગટ થયું હોય તેવા લિંગને જ્યોતિર્લિંગ કહે છે. અહીં નામ આપેલાં છે તેમાંનાં બે ગુજરાતમાં છે- એક દ્વારકાનું નાગેશ્વર અને બીજું આ- સોમનાથ. જેની ઉત્પત્તિકથની પૌરાણિક વાર્તા ચંદ્ર સાથે સંકળાયેલી છે તે તમે કાલે પેલા શોમાં જાણ્યું.'' ''બહેન, તાર્કિક રીતે તો હવે આ સોમનાથ જ્યોતિર્લિંગ ના રહ્યું ને? મૂળ તો તોડી નંખાયું... ને નવાની તો રાજનેતાઓએ હાથે સ્થાપના કરી...?'' ''તો યે શેખર, ગુજરાતના ધર્મપરાયણ રાજકારણ અને ધંધાકુશળ પ્રવાસને આને જ્યોતિર્લિંગ તરીકે જ વેચ્યું છે! ઓછામાં પૂરું-રાબેતા મુજબ-આ જ સૌથી જૂનું-પહેલું અને શ્રેષ્ઠ એ પણ એક પૌરાણિક શ્લોક ટાંકીને ઠસાવ્યે રાખે છે - ''સૌરાષ્ટ્રે સોમનાથં ...'' વગેરે!''

''અને આપણે એ શીરોપૂરી ઝાપટ્યાં છે- વરસોવરસ!... અરે, આ પેલું શું છે, બહેન?'' મીનાએ સૌનું ધ્યાન દોર્યું.સમુદ્ર તરફની દીવાલ ઉપર દક્ષિણ દિશાએ, એક સ્થાપત્ય મૂકીને- તીર(એરો) ચિંધીને લખ્યું છે- 'ધ્રુવપથ'. બધાં ત્યાં પહોંચી ગયા. નીચે તોફાની મોજાંનો ઘૂઘવાટ જામ્યો હતો.

''અહીંથી સીધી લીટીમાં દરિયાઇ પ્રવાસ કરીએ તો સીધા દક્ષિણ ધ્રુવની ભૂમિ ઉપર પગ ઠરે! વચ્ચે ક્યાંય જમીનનો ટુકડો સુદ્ધાં નથી''.એ સ્થળેથી જમણી તરફ વેરાવળ બંદર, શહેર અને કેમિકલ-કાપડ વગેરેની ફેક્ટરીઓની ચિમનીઓ દેખાતી હતી. માછીમારોનાં હોડકાં દેખાતાં હતાં. ''બહેન, એક વાર મંદિરમાં જઇએ! દિવસના અજવાળામાં...?'' વંદનાના અવાજમાં ખચકાટ હતો અને ઝંખના પણ.

"અરે, ચોક્કસ. જવાનું જ છે." ફરીથી નૃત્યમંડપ, સભામંડપનાં તોરણ, થાંભલા, કોતરણી જોયાં- બચ્ચનને યાદ કર્યા; જંગી જાહેરખબરિયા અભિનેતાની હસતાં હસતાં ટીકા કરી દીધી. અંતરાલમાં દર્શનાર્થિઓ નહિવત્ હતા. અંદરનો ભાગ સોને મઢેલો છે તે અત્યારે વધારે ધારીને જોયો ને ગઝનીને મનોમન યાદ કર્યો. થોડી મિનીટો બધું નિરીક્ષણ કરીને વંદનાએ રચનાની નજીક આવીને ગુસપુસ અવાજે પૂછ્યું - "બહેન, આ શિવજી-પાર્વતી... બધાં ખરેખર થઇ ગયાં?" રચનાએ મંડળીને સભામંડપ તરફ દોરી, બેઠક જમાવીઃ "વંદના, તારો એ સવાલ છે ને કે શિવ-પાર્વતી વાસ્તવિક ખરાં કે કેમ! તો કહું કે એ લોકો પૌરાણિક દેવીદેવતાઓ છે. મતલબ કે આ જગતની વિવિધ શક્તિઓનાં કાલ્પનિક પ્રતીકો છે. શિવલિંગ- એટલે પૌરુષનું-પિતૃત્વનું પ્રતીક છે અને પાર્વતી માતૃશક્તિ છે. પુરાણોમાં-કાવ્યોમાં અને હિંદુઓના મનોજગતમાં શિવ અને પાર્વતી દુનિયાનાં માતા-પિતા છે. દરેક હિંદુ દેવી-દેવોની આવી જ ભૂમિકા છે, પ્રતીકાત્મકતા છે. આમ તો માણસજાતે સૃષ્ટિનું, કુદરતનું, પોતાનાં મૂળનું રહસ્ય શોધવાના જે પ્રયત્નો કર્યા તે આવી કલ્પનાઓ-કથાઓનાં મૂળમાં છે. પુરાણોને સાવ ગપ્પાં કહીને વખોડી ન શકાય. એમાં કલ્પના છે પણ એ તો સૃષ્ટિની ખોજમાં નીકળેલી માણસજાતનાં 'ડાફોળિયાં' છે." બધાં મરકી ઊઠયાં. "પણ તકલીફ તો એ ને કે આજે સૃષ્ટિ વિશે વૈજ્ઞાનિક હકીકતો જાણવા સમજવાને બદલે આવી વારતાઓને વશ થઇ જઇએ ને વેચીએ ને વેચાઇએ તે! ખરું ને, બહેન?" શેખરના સવાલનો જવાબ ના-માં શી રીતે અપાય?

"ચાલો, હવે પ્રભાસપાટણમાં જઇએ અને જૂનાં ખંડેરોના અવશેષો જોઇએ?" જો કે બહાર નીકળતાં હતાં ત્યાં મંદિરની પરસાળના એક ખૂણે મૂકેલો જબરજસ્ત કુંભ પડેલો જોયો ને રચના ઉછળી- "ઓહ, હું ભૂલી! આ જળકુંભ જોયો? કંઇ યાદ આવ્યું?"

"અલ્યા, આ તો પેલો અયોધ્યાવાળો-રામરથયાત્રાવાળો જ ને?" શેખરને યાદ આવ્યું.તાજેતરમાં જ મિત્રોએ આનંદ પટવર્ધન જેવા કર્મશીલ ફિલ્મકારની





ડોક્યુમેન્ટરી ફિલ્મ 'રામ કે નામ'જોઇ હતી. 1989ની રામ રથયાત્રા અને તેનાં કોમી હિંસક પરિણામો બધાંને યાદ આવી ગયાં.

"હવે જોડકું જોડો- હિંદુ અસ્મિતાનું મહાતીર્થ સોમનાથ એ યાત્રા માટેનું યોગ્ય ધામ હતું ને! જ્યાંથી બધું જ શરૂ થયું હતું ત્યાંથી જ નવેસરથી શરૂઆત." "એ વખતે જ કદાચ આ લગભગ શાંત-નિર્જીવ જેવા ધામમાં નવો જીવ આવ્યો હશે, નહિ? ધામને વખતોવખત મહત્વ તો મળવું જોઇએ ને? અને કમાણી પણ!" ધીરજે કહી દીધું.

"હવે પ્રભાસપાટણની વાત કરીએ. 'પ્રભાસ' એટલે પ્રકાશ, અજવાળું.ગુજરાતની પશ્ચિમે અને સૌરાષ્ટ્રની દક્ષિણે આવેલું આ ક્ષેત્ર પ્રાચીન-પુરાણકાળથી પ્રસિદ્ધ છે એની ભૌગોલિક જગ્યાને કારણે... અને ધાર્મિક મહત્વને કારણે. લગભગ 1000-1500 વર્ષ પહેલાં વિષ્ણુ કે શિવની પૂજાથીયે પહેલાં અહીં સૂર્યપૂજા ચાલતી હતી. આ પણ પ્રાચીન બંદર કે અવરજવરનું મથક હશે. ધાર્મિક રીતે જ્યોતિર્લિંગને કારણે શિવ અને પૌરાણિક રીતે કૃષ્ણની પણ અહીંની યાત્રાધામ તરીકેની અવરજવરને કારણે આને હરિ-હરક્ષેત્ર કહેતા. હરિ એટલે વિષ્ણુ અને હર એટલે શિવ."

"વિષ્ણુ કે કૃષ્ણનો આ જગ્યા સાથે શો સંબંધ?"

પૌરાણિક પુરાવા છે કે કૃષ્ણ દ્વારાકાના રાજા કે મુખિયા હતા. અને અહીં નજીકમાં જ અવસાન પામ્યા હતા. આપણે થોડી વાર પછી એ સ્થળ જોવા જ જવાનાં છીએ; ત્યારે થોડી વિગતે વાત કરીશું અને દ્વારકા જઇશું ત્યારે માંડીને વાત કરીશું.

## અતીતના ટુકડા કે ખંડિત સુંદરતા?

પ્રભાસ પાટણની સાંકડી શેરીઓ વટાવીને 'મ્યુઝિયમ' કહેવાતી જગ્યામાં પહોંચ્યાં તે પહેલાં અત્યંત જૂનાં- પથ્થર અને લાકડાંના મકાનો જોયાં, જે ભૂતકાળની સાક્ષી પૂરતાં હતાં. 'મ્યુઝિયમ' નામે જગ્યા આમ તો હજારેક વર્ષ

જૂના મંદિર કે મસ્જિદનું ખંડેર છે. ટિકિટ લઇને અંદર ગયા તો મોટા ચોકની પરસાળમાં મૂળ મંદિરના ભગ્નાવશેષો ગોઠવેલા- ખાસ તો થાંભલા, મોભ, પરસાળોના ટુકડા- રેતિયા કે પારેવા(ગ્રે) કાળા રંગના પુષ્કળ કલાત્મક કોતરણીવાળા હતા. ચોક ભરીને જાણે મંદિર પથરાયું હતું. પરસાળોમાં આ વિસ્તારમાંથી મળેલા સિંધુસભ્યતાના થોડા અવશેષો હતા- ખાસ તો પેલા માટીનાં ચિતરેલાં વાસણોનાં ઠીકરાં હતાં, ઓજારો હતાં. બીજી તરફ સોમનાથના હાલના મંદિરના શિખર ઉપરના કળશમાં જે જે નદીઓનાં પાણી રાખવામાં આવ્યાં છે તેનાં નમૂના એક એક નાનાં વાસણોમાં નામનાં લેબલ સાથે મૂકેલાં. અંદરના હોલના એક છેડે ગીરનાં જંગલોનાં પશુ-પક્ષીના ફોટા-ચિત્રો તેમ જ મસાલો ભરેલા નૂમના રાખેલા. જે આમ તો આ પ્રાચીન-પુરાતત્વના સંગ્રહાલય જોડે મેળ ખાતા નહોતા.

સૌથી રસપ્રદ હિસ્સો હતો મંદિરની ખંડિત મૂર્તિઓનો વિભાગ. શિવ, પાર્વતી, ગણપતિ, કાર્તિકેય, અપ્સરાઓ, નર્તકીઓ, સવારી, યુગલમૂર્તિઓ, મોર, હંસ, હાથી, ઘોડા... કેટકેટલું માનવજીવન અને દેવલોક અહીં ટુકડામાં વિખેરાયેલું હતું. દરેકની દૈહિક સુંદરતા અને ભાવભંગિમા (મુદ્રાઓ) એક એકથી ચડિયાતાં હતાં. ટુકડા કરવામાં પણ એક પદ્ધતિ અખત્યાર કરેલીઃ નાક, હાથ, પગ, સ્ત્રીમૂર્તિઓમાં સ્તન ઉપર પ્રહાર કરવામાં બુતશિકની પુરબહારમાં ખિલેલી હશે! શેખરે કહી નાખ્યું કે આ બધું જોઇને તો મગજ તપી જાય! પણ રચનાએ સસ્મિત કહ્યું તારો તીખો દલિતવાદ તને મુબારક! રચનાએ જરાક જુદુ કહ્યુંઃ "હું આને હિંદુ પ્રવાસી તરીકે નથી જોતી પણ સૌંદર્ય નિહાળનાર પ્રેક્ષક તરીકે જોઉં છુ. હજારેક વર્ષ કે તેથીયે પહેલાં, પથ્થર જેવા કઠોર માધ્યમ ઉપર આટલી બારીક અને કલાત્મક કોતરણી કરનારા ભલે સાધારણ માણસો હોય - એ અસાધારણ કલાકારો હતા.માનવદેહની સુદરતાના જે માપદંડો એમણે ઊભા કર્યા એ દેવને પણ આપ્યા. થોડાક અતિશયોક્તિભર્યા પણ એ સપ્રમાણ માનવદેહનાં અંગો સૌન્દર્યશાસ્ત્રોનું જ્ઞાન પણ પ્રગટ કરે જ છે. સૌન્દર્યનું નિર્માણ-કલાકૃતિનું સર્જન કુદરતના સર્જન સાથે થોડી આદર્શ મિલાવટ કરવાથી જ થાય! જેમ ઘરેણું ઘડવું હોય તો સોનામાં થોડું તાંબું





મેળવવું પડે.આ દેશની હિંદુ, જૈન અને બૌદ્ધકલાઓમાં આ જાતનું સર્જન થયું ને એ આદર્શો ટકી ગયા છે. એણે માણસજાતની સૌંદર્યદષ્ટિ અને રસવૃત્તિની ખિલવણી કરી છે. સદીઓથી માણસને સૌંદર્યદર્શનનો જે આનંદ મળે છે તેની પણ અભિવ્યક્તિ કરી છે. એટલે જ એને જ્યારે નુકસાન પહોંચાડવામાં આવે છે ત્યારે જાણે આખી સંસ્કૃતિનો, સૌંદર્યપરંપરાનો નાશ થઇ ગયા હોય એવો ઉહાપોહ મચી જાય છે. બાકી ખરું પૂછો તો આ સૌંદર્યને નક્કર આકાર આપવામાં તો માણસના હાથની જ કમાલ કામ કરે છે!"

"એટલે જ સવાલ થાય છે કે અહીં આ કે તે દેવ તોડવાની ભાવના ભલે હોય ; આટલું સુંદર સર્જન તોડતાં જીવ કેમ ચાલે?" શેખરે તર્કબદ્ધ રીતે મુદ્દાને જોયો હતો. "એવું તે કયું પરિબળ હશે જે આવી સુંદરતા ધમરોળવા માણસને ઉશ્કેરે?" વંદનાને સવાલ થયો.

"ધર્મ. એક તરફ ધર્મ સુંદરતાનું સર્જન કરવાની પ્રેરણા આપે છે તો બીજી તરફ એ જ ધર્મ માનવદેહની સુંદરતાને મૂર્ત કરવામાં પાપ માને છે અને એ ભાવના એને એવા ઝનૂન સુધી ખેંચી જાય છે જે સુંદરતાનો ધ્વંસ કરવા ધસી જાય છે."
"અને ખૂબીની વાત તો એ છે કે ધર્મ અને કલા- બંને માનવ સર્જિત અને બંને તરફ જોવાનો દૃષ્ટિકોણ પણ માણસ જ નક્કી કરે છે... કમાલની ચીજ તો આ માણસ જ છે, ભાઇ!"

ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી રહેલો હમિદ બોલ્યો, 'ઇન ચીઝોં કો ઇસ તરહ સે તો કભી નહીં દેખા-સોચા થા. અબ શાયદ નયે નઝરિયે સે ઝિંદગીમેં દેખના પડેગા."

"શું ધર્મ કે શું કલા... માણસજાતને બંનેએ ઘાટ આપ્યો છે ને ઘાટ ભાંગ્યા છે. આ પળથી એ રીતે જોતાં થઇએ તો સોમનાથની જાત્રા ફળી કહેવાય." બાદલ જાણે મનોમન બોલતો હોય એમ બબડ્યો.

સમુદ્ર કિનારે પાછા ફરીને નારિયેળ(ત્રોફા) નું પાણી પીને મંડળી આગળ ચાલી, પહેલાં તો અહલ્યાબાઇ હોળકરે બંધાવેલા સોમનાથના દર્શન કરીને 'હરિના ક્ષેત્ર'માં જઇએ." સૌ જરા નવાઇ પામ્યાં.

"બેન, આપને ઇસકે બારે મેં તો કુછ નહીં બતાયા થા!" આમિરે કહી નાખ્યું. "તો હવે કહું છું ને! આ વળી એક એવું તથ્ય છે જે પ્રચારના ડિમડિમનાં ગાજતાં ગરજતાં વાદળની પાછળ છૂપાઇ ગયું છે. આપણે વાત થઇ ગઇ કે સોલંકી વંશના ઘણા રાજાઓએ સોમનાથનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. પણ ત્યાર પછી લાંબા ગાળા સુધી અપૂજ ખંડેરો રહ્યા. લેખિત ઇતિહાસ વળી એ પણ બતાવે છે કે બહુ ધામધૂમ વગર પણ અકબરથી ઔરંગઝેબના ગાળામાં અહીં પૂજા તો ચાલતી હતી. પણ છેલ્લે ઔરંગઝેબના કાળમાં તૂટ્યા પછી મંદિર પડતર હતું.

મરાઠા રાજવંશોની વાત અગાઉ થોડી થઇ છે- પૂણેના પેશ્વા, વડોદરાના ગાયકવાડ, ઇંદોરના સિંધિયા- શિંદે અને કાશી-બનારસના હોળકર શાસકો હિંદુ હતા- શિવભક્ત હતા. કાશીનું શિવમંદિર 'વિશ્વનાથ' પણ આ શાસકોએ બનાવડાવેલું. 18મી સદીના અંતમાં કાશીનાં વિધવા રાણી અહલ્યાબાઇ યાત્રા માટે દેશભરમાં ફર્યાં. અહીં પ્રભાસક્ષેત્રમાં પણ આવ્યાં. સોમનાથની દુર્દશા નિહાળી. એમની શ્રદ્ધા અને એમના પુરોહિતની બુદ્ધિને કારણે એક મુદ્દો ઊભો થયો કે સોમનાથને એની એ જ જગ્યાએ - જે વારંવાર ધ્વંસ થવાથી અશુભ બની છે ત્યાં જ મરમ્મત કરીકરીને પૂજવાને બદલે, આ જ પરિસરમાં તદ્દન નવેસરથી-નવા પાયા ઉપર -નવું જ મંદિર ચણાય તો એનો ફરી તૂટવાવારો નહિ આવે. રાણીએ તાબડતોબ કામ શરૂ કરાવ્યું અને અહીં, નીચે ભોયરાંમાં નવા શિવલિંગની સ્થાપના કરી. ઉપર દક્ષિણી ઢબનું નાનું શિખર કરાવ્યું જે વિધર્મીઓની તોડફોડનો ભોગ ના બને! ને એવું જ બન્યું. આ મંદિરને ઊની આંચ નથી આવી ને પેલું તો ખંડેર અવસ્થામાં 300 વર્ષ પડી રહેલું." રચનાએ જરાક માંડીને વાત કરી.

"અરે લોજીકલ છે. એ સમયે તો દેશ ઉપર અંગ્રેજોનું રાજ સ્થપાઇ ગયું હતું ને? અંગ્રેજો તો હિંદુ મંદિરો અને ધાર્મિક લાગણી પ્રત્યે હોંશિયારી પૂવક- સંવેદનશીલ બન્યા હતા; પછી આ મંદિર ક્યાંથી તૂટી શકે?!" શેખરે શોધી





કાઢયું."બિલકુલ એમ જ! પણ ખૂબીની વાત એ કે મુનશી-સરદાર બધાં આ મંદિર વિશે જાણતાં હતા- દર્શન પણ કરેલાં છતાં એમને આ સોમનાથ- સોમનાથ નહોતા લાગ્યા! ગુજરાતીની અસ્મિતા નહોતી ને... એટલે!" "બહેન, એટલું જ નહિ- એ તો જનસંઘી હતા ને- "હમ મંદિર વહી બનાયેંગે" વાળું સૂત્ર એમના લોકોની જીદનું જ પરિણામ ને?!" વિલ્સને અસ્સલ તર્ક પકડ્યો હતો.

સૌ નવી સમજણ સાથે ભૂગર્ભ સોમનાથના દર્શને ઉપડ્યાં.નીચે સાંકડી જગ્યા અને નાનકડું શિવલિંગ અલબત્ત, પ્રભાવશાળી નહોતું પણ પવિત્ર વાતાવરણ જરૂર હતું અને એક શ્રદ્ધાળુ સન્નારીની ધર્મભાવનાનું સ્મારક પણ ખરુંસ્તો!

## અહીં પુરુષોત્તમે પ્રાણ ત્યજ્યાં'તા

મથુરાથી આવીને દ્વારકા વસેલા કૃષ્ણ અને તેમના યાદવો પશુપાલકો અને કિસાનો હતા. સમૃદ્ધ થયા પછી વિલાસી અને એશઆરામી થઇ ગયા હતા. મહાભારતનું યદ્ધ પૂરું થઇ ગયું હતું. કૃષ્ણ દ્વારકા પાછા આવી ચૂક્યા હતા. કોઇક ધાર્મિક ઉત્સવની ઉજવણી માટે યાદવો પ્રભાસક્ષેત્રમાં આવ્યા હતા. કૃષ્ણ-બળદેવ પણ સાથે હતા. પણ યુવાન અને ઉધ્ધત યાદવો અંદરોઅંદર ઝગડ્યા- મારામારીએ ચડ્યા અને છેવટે એકમેકના હાથે કપાઇ મૂઆ- આ યાદવાસ્થળી કૃષ્ણ અને બળરામે લાચારી પૂર્વક જોઇ. બળરામે આ સમુદ્રમાં સમાઇ જઇને જીવન સંકેલી લીધું. હતાશ અને થાકેલા કૃષ્ણ અહીં જ ક્યાંક, પીપળાના વૃક્ષ નીચે બેસી પડેલા. કોઇ ભીલ શિકારીએ કૃષ્ણનો પગ ઉપર ચડાવેલો પગ જોયો- હરણું માનીને તીર માર્યું. કૃષ્ણના પ્રાણ ત્યાં જ નીકળી ગયા. આ જગ્યા તે 'ભાલકા'- ભાલું જયાં વાગ્યું તે! કેટલી દંતકથાઓ અને કેટલાં ચિત્રો! કહેવાય છે કે કૃષ્ણની ચિતા જલાવીને અર્જુને અગ્નિદાહ દીધો એ સ્થળ તે 'દેહોત્સર્ગ'- હિરણ્ય નદીને કિનારે આવેલું આ પવિત્ર ધામ ગંભીર અને શાંત ચિત્ર ખડું કરે છે.

રસ્તે ત્રિવેણીતીર્થ પણ આવે છે જયાં કૃષ્ણ-બળદેવે યાદવોનું શ્રાદ્ધ કરેલું. સૂર્યમંદિરને સ્થાને નવું બનાવેલું ગાયત્રીમંદિર પણ છે, જયાં યજ્ઞો અને યુવાનોની ધાર્મિક તાલીમ શિબિરો ચાલે છે.

આ બધાં ધામ બિરલાશેઠે સમારકામ કરાવીને જોવાલાયક સ્થળો બનાવ્યાં છે. મંડળી આ બધું જોતી જોતી વિચારતી ગઇ કે જે કૃષ્ણે આવું ભવ્ય ને દિવ્ય જીવન પસાર કર્યું, તેમનું મૃત્યુ કેવું આકસ્મિક અને અચાનક થઇ ગયું! માણસના દેહને માણસ જેવું જ મોત મળે ને?!

પુરાણો-મહાભારત અને કૃષ્ણચરિતના ગ્રંથ હરિવંશના આધારે કહેવાતી કથાઓના બળે ટકી રહેલાં આ ધામો હિંદુ સમાજની ભોળી-શ્રદ્ધાને ટેકે હજી જીવી ગયાં છે એમ કહેવું વધારે યોગ્ય ગણાશે... એવું મનોમન વિચારતી મંડળી વેરાવળ પહોંચી.

★★★





**મુકામ- 7.**

# વેરાવળ

## મોટી માછલી - નાની માછલી

પ્રવાસી-બસની બારીમાંથી જમણી તરફ મોટાં મકાનો અને ડાબી તરફ દરિયાકાંઠે પડેલાં નાનાં મોટાં હોડકાં દેખાતાં હતાં. યાસ્મિનને કુતૂહલ થયું: ''ઇત્તે સારે હોડકે યાં પર ક્યોં પાર્ક કિયેલે હૈંગે?'' બસમાં હસાહસ! ''યાસ્મિન, આ વેરાવળ બંદરનો એક હિસ્સો છે. મચ્છીમારી અહીંનો મુખ્ય ધંધો છે અને એને વિશે આપણે જાણવા જવાનાં છીએ. મિત્રો! આમ તો આ વેરાવળ શહેર સોમનાથ-પ્રભાસ પાટણથી 6-7 કિ.મી.ના અંતરે છે.ટ્રેનમાર્ગે આવીએ તો વેરાવળ છેલ્લું સ્ટેશન; ત્યાંથી  રોડ રસ્તે સોમનાથ જવાય. આપણી સફર અવળી છે. યાસ્મિને જોયું તેમ વેરાવળ મધ્યમ કક્ષાના બંદર તરીકે સદીઓથી પ્રસિદ્ધ છે. પુરાણોમાં એનું નામ 'વેલાકુલ' આપેલું છે.''

''બહેન, વચ્ચે વચ્ચે વેરાવળનું નામ કોમી રમખાણો બાબતે છાપામાં વાંચવા તો મળતું રહે છે'' વિલ્સનની માહિતી પાક્કી!

''હા, આમ તો આ જૂનાગઢ રાજ્યનું જાણીતું બંદર. મધ્યકાળમાં વેપાર-વણજ અને ત્યાર પછી મુસ્લિમ શાસનના વખતમાં અહીંથી હજ માટે પણ અવરજવર રહેલી. નવાબી કાળમાં અહીંના મુસ્લિમ મોટા ખેડૂતો / જમીનદારો પણ હતા અને માછીમાર-ખારવાઓમાં પણ વસ્તીનો મોટો હિસ્સો

મુસ્લિમોનો. છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં વી.એચ.પી.વગેરેની પક્કડ વધતી ગઈ છે ત્યારથી બેઉ કોમ વચ્ચે તનાવ શરૂ થયો છે, બાકી એ પહેલાં ઝાઝાં રમખાણો નહોતાં થતાં. હજી આ વિશે આગળ વાત કરીશું પણ હમણાં એક નવતર જગ્યાએ જવાનું છે.'' રચનાએ કનુભાઈને કહીને એક મોટા કારખાના જેવા મકાન આગળ ગાડી ઊભી રખાવી- ''આપણે અહીં માછલીઓ જાળવવાનું 'કોલ્ડ સ્ટોરેજ' અથવા 'ફીશરી' જોવા જઈએ છીએ.

વેરાવળ પોતાના મત્સ્યોદ્યોગ માટે ગૌરવ લઈ શકે તેમ છે. દેશમાંથી 40% ઉપરાંત માછલીની નિકાસ અહીંથી થાય છે. આવાં કોલ્ડ સ્ટોરેજ, પેકિંગ-હાઉસ અહીં ઘણાં છે. આ જગ્યાએ રચના આ પહેલાં પણ નિયમિત રીતે આવતી રહી છે. આજે પણ અગાઉ નક્કી થયા મુજબ દરવાજે ફોન કર્યો કે તરત ફેક્ટરીના માલિક શ્રી.થોમસ - જૈફ વયે પણ ખૂબ ઉત્સાહી અને કર્મઠ છે-તે તરત મંડળી પાસે આવી પહોંચ્યા. અભિવાદન કરીને, પોતે મંડળીને કોલ્ડે સ્ટોરેજના એક એક વિભાગમાં લઈ જઈને સમજૂતી આપતા ગયા.

સ્ટોરેજની છેક બહાર મોટી પરસાળમાં, વહેલી સવારે દરિયેથી માછલાં ભરીભરીને ખટારા-ખટારી ઠલવાયે જતાં હતાં. સ્થાનિક ખારવા, ખારવણો આ કામ કરે છે. મોટેભાગે ખારવણ બહેનો આવેલાં માછલાંને ચોખ્ખાં પાણીથી ખૂબ ધોઈ નાખે છે. મોટી હોઝ પાઈપોનો મારો માછલીઓ ઉપર ચાલી રહ્યો'તો. ત્યાર પછી પેકેજિંગ માટે દરેક માછલીનું સોર્ટિંગ (વર્ગીકરણ) થાય છે - દરેક જાતની માછલીઓને અલગ પાડીને ટબમાં રખાય છે. ત્યાર પછી એને સાફ કરવાનું- એનાં ભીંગડાં, આંખો ને અમુકમાં હાડકાં સુદ્ધાં કાઢી નાખે છે; જે ભાગો ખાવા માટે નકામા હોય છે. મોટા મોટા સ્વચ્છ, ચોમેર ચકચકીત ટાઈલ્સ ચોડેલા ઓરડાઓમાં મોટાં-લાંબાં ટેબલો ઉપર આ સફાઈની પ્રક્રિયા ચાલી રહી હતી. મિત્રોએ જોયું કે 'સફાઈ'વાળા વિભાગમાં ઊભેલી બહેનોએ માથે પ્લાસ્ટિકની ટોપી, હાથે પ્લાસ્ટિકનાં મોજાં પહેરેલાં. ફટાફટ ચાલતા એમના હાથ મિનિટોમાં ટબનાં ટબ ખાલી કરતા હતા. અ બહેનો તદ્દન ચૂપચાપ કામ





કરતી હતી. ''શ્રમિકોનાં ગીતો'' ... ને એવું બધું કંઈ નહોતું! રંગેરૂપે આ બહેનો ગુજરાતી પણ નહોતી લાગતી. મંડળીને કૂતૂહલ તો થયું જ, પણ મિ. થોમસે જ વાત ઉખેળી: ''આ બધી બહેનો કેરળથી આવે છે. છેલ્લાં ત્રીસ-ચાલીસ વર્ષથી આ પ્રમાણે ગોઠવાયું છે. અહીંના તમામેતમામ કોલ્ડ સ્ટોરેજમાં-જે લગભગ 80-85 છે; કેરળની બહેનો જ કામ કરે છે. એમના માટે ખાસ હોસ્ટેલો ચાલે છે. અમુક હોસ્ટેલો તો ફેક્ટરીના માલિકો જ ચલાવે છે પણ એમાં આ બહેનોનું જાતીય શોષણ ખાસું થતું હોય છે. અમે જરા જુદી વ્યવસ્થા કરી છે. અહીં ખ્રિસ્તી ફાધરો અને સિસ્ટરો વર્ષોથી રહે છે- પ્રાથમિક, માધ્યમિક સ્કૂલો ચલાવે છે. આ સિસ્ટરો પાસે અમે એક મોટી હોસ્ટેલ શરૂ કરાવી છે જેમાં આ છોકરીઓ રહે છે. એમની સલામતીની જવાબદારી કોન્વેન્ટનાં સિસ્ટરોએ ઉપાડી લીધી છે. ફેક્ટરીની બસોમાં છોકરીઓ હોસ્ટેલથી આવે છે અને ડ્યૂટી પૂરી થતાં પાછી જાય છે. ફેક્ટરી ચોવીસે કલાક ચાલે છે- છોકરીઓની શિફ્ટ(પાળી) પણ એ જ રીતે ગોઠવેલી છે. અમને સંતોષ છે કે અમારા પ્રદેશની(કેરળ)ની કન્યાઓ સહીસલામત છે.''

''પણ તમે કદાચ જાણો છો કે નહિ ખબર નથી- કેરળમાં દહેજનો પ્રશ્ન બહુ કારમો થઈ પડ્યો છે. દીકરીનાં મા-બાપે રોકડ રકમ ઉપરાંત પુષ્કળ સોનું પણ આપવું પડે છે. કેરળમાં ઉદ્યોગો નથી. મોટાભાગના પુરુષોને રોજગારી માટે કેરળની બહાર જ જવું પડે છે. જે પુરુષો ખાડીના દેશોમાં(ગલ્ફ કંટ્રીઝ) કામ કરે છે તેમની દહેજની માંગણી બહુ મોટી હોય છે. આ સ્ત્રીઓએ ફરજિયાત કમાવું પડે એવી સ્થિતિ છે. અમે આ તકલીફ જાણીએ છીએ એટલે આખો આ વહેવાર ગોઠવેલો છે. છોકરીઓ અહીં આવે, દેશભરમાં કંઈને કંઈ કમાવા જાય, સોનું ખરીદી શકે એટલું કમાઈ લે, પાછી જાય ને પરણી જાય. વરસોવરસ આવો ફાલ આવતો રહે છે.'' સફાઈ વિભાગમાંથી બહાર નીકળીને એમણે પેકેજીંગ તરફ સૌને દોર્યા. ''પણ આમ તો કહેવાય છે કે કેરળ સો ટકા શિક્ષિત પ્રદેશ છે; છતાંય આ દહેજનો પ્રશ્ન?! મીના અકળાયેલી હતી.

''એમ તો વર્ષોથી સરકાર પણ ડાબેરી પક્ષોની હતી... છતાં?...'' શેખરે મુદ્દો મૂકયો.''આ દેશનો સમાજ અને સંસ્કૃતિ... શિક્ષણ કે રાજનીતિને ક્યાં ગાંઠે જ છે? અથવા તો એમ કહેવાય કે શિક્ષણ અને રાજનીતિ આપણા સામાજિક પ્રશ્નોને નાબૂદ કરવામાં નિષ્ફળ ગયાં છે!'' રચનાનું વિશ્લેષણ દુઃખદ હતું.

વિવિધ વિભાગો બતાવતા મિ.થોમસ મંડળીને ખૂબ જ ઠંડા મોટા મોટા ખંડોમાં લઇ ગયા. જયાં ઉષ્ણતામાન -25$^0$હતું. અહીં બેંકના લોકર જેવા મોટાં ખાનામાં પેક કરેલી માછલીઓના ડબ્બા(કેન) ખોખાં (બોક્સ) વગેરે ગોઠવેલાં જોયાં. મંડળી ઠંડીથી ધ્રૂજતી હતી પણ નવા અનુભવની મજા પણ લેતી હતી.

બહાર નીકળીને થોમસભાઇ બધાંને પોતાની રૂપાળી ઓફિસના લોન્જમાં લઇ ગયા. ચા-બિસ્કિટ મંગાવ્યાં ને પોતે સાથે બેસીને ઉદ્યોગ વિશેનાં તથ્યો-આંકડા વગેરે આપતાં ગયા. જાપાન, કોરિયા, કમ્બોડિયા વગેરે દૂર પૂર્વના દેશો ઉપરાંત કેટલાક યુરોપિયન દેશોમાં પણ આ ફેક્ટરીની જ નહિ, અહીંની ઘણી ફેક્ટરીની માછલીઓ નિકાસ થાય છે. વેરાવળનો દરિયાકિનારો માછલીની ખેતી માટે (ફીશ કલ્ચર), (ફીશિંગ) ખૂબ ફળદ્રુપ છે. ''માછલીની ખેતી?'' ધીરજને મજા પડી ગઇ!

''જેમ અમુક જમીન અમુક પાક માટે ફળદ્રુપ હોય તેવું જ દરિયાનું પણ હોય છે. અહીં મચ્છીમારી ધમધોકાર ચાલે છે.'' થોમસભાઇ ક્યારના એમની મલયાલી હિંદીમાં હાંકે રખતા હતા, જેની મજા પણ ઓર હતી! વંદનાને પ્રશ્ન થયો કે ''આ ધંધામાં હિંદુ- શાકાહારી-ગુજરાતીઓ નહિ પડતા હોય, ખરું?!'' બીજાં મિત્રોને પણ આ જાણવામાં રસ હતો.

''ના-ના-ના; ધંધાને કોઇ જાતધરમ નથી હોતા. વાણિયા, પટેલ, જૈનો સુદ્ધાં આ ધંધામાં છે.મુંબઇ-કલકત્તા સાથે કનેક્શન પણ છે. વર્ષોથી ગુજરાતીઓ ધૂમ કમાઇ રહ્યા છે.'' ચા પીતાં-પાતાં થોમસભાઇએ સમજાવ્યું.

''હાયલ્લા, ઇતને સાલોંસે હમ મછલી ખાતે આતે હૈં પર ઇતની જાનકારી તો આજ જા કે મિલી.'' પરવીન બોલી ઉઠી.





''આપણે રોજ ખાઇએ છીએ એવી માછલી તો અહીં-કે તમારા શહેરમાં ખુલ્લા બજારમાં મળે; આ કોલ્ડસ્ટોરેજમાં તમે જોઇ-જાણી તે માછલીઓ તો દેશવિદેશના લોકોને ખાવા માટેની છે. પણ હાં... મેડમ! થોડાક સમયથી અહીં એક પ્રશ્ન શરૂ થયો છે.'' થોમસભાઇના અવાજમાં ચિંતા સાથે જરાક ગુસ્સો પણ હતોઃ ''સોમનાથ મંદિરનું નામ આગળ ધરીને કટ્ટરવાદી હિંદુઓ અહીંના આખા ધંધાને બંધ કરાવવા માંગે છે- હડતાલો પડાવે છે- 'બંધ' રખાવે છે અને માછીમાર કોમ્યુનિટી વાંધો ઉઠાવે તો એંદરોઅંદર હિંસક તોફાનો પણ કરાવે છે- માછીમાર, ખારવા તો હિંદુ-મુસ્લિમ બંને ધરમ પાળે છે ને!'' ''મલતબ કે ધર્મના નામે આટલા બધા આર્થિક લાભનો પણ ભોગ આપવાનો!'' શેખરને મિ.થોમસે કહ્યું કે, ''ના! અમે વેપારીઓ કંઇ મૂર્ખ નથી. અમે આખો વ્યવસાય પેલી તરફ, વેરાવળથી પશ્ચિમકાંઠે ખસેડી રહ્યા છીએ. હા, થોડી મજબૂરી કહેવાય પણ આ સાગરકાંઠો છોડીશું તો નહિ જ!''

એ શબ્દના વેગ સાથે મિ. થોમસ ઊઠયા, મંડળી પણ ઊડી. બહાર નીકળતાં, થોમસભાઇએ એક બોક્સ મંગાવ્યું.એમાંથી સરસ મજાના સફેદ રંગની 'સ્કડ'માછલીના નરમ નરમ ટુકડા સૌને ચાખવા આપ્યા. વંદના સિવાય બધાંએ લીધા. બાદલ તો ખાતાં-ખાતાં આંખો નચાવતાં બોલી ઉઠ્યો ''અરે, આ તો લીલા કોપરા જેવી છે, સ્વાદમાં પણ મીઠ્ઠી ને મુલાયમ!'' છેવટે તો શેખરે 'ગોલ'કર્યોઃ ''અલ્યા, આ તો આપડા સોમનાથદાદાનો પ્રસાદ!!!''

★★★

**મુકામ- 8.**

# સાસણગીર

## ... જો, ગાજે જંગલ ગીર તણાં

દરિયાકિનારો છોડીને બસ લીલી નાઘેરમાં પ્રવેશી રહી હતી. ''શેલડી, આંબા, નારિયેળી અને નાગરવેલથી હરીભરી આ ધરતીને નાઘેર કહે છે અને મુખ્ય શહેર/ નગર છે ચોરવાડ.

ચોરવાડ આમ તો જૂનાગઢના બાબીવંશના નવાબોનું વિહારધામ(રિસોર્ટ).અહીં આજે જ્યાં સરકારી ગેસ્ટહાઉસ છે તે નવાબોનો બંગલો હતો.''

ધીમે ધીમે અંતરિયાળ વિસ્તાર તરફ જતાં લીલાં જંગલો પીળાં પડતાં જતાં હતાં. ઊંચાં ઊંચાં સાગ, ખાખરા અને સાદડનાં વૃક્ષો દેખાયાં. નાનાં ઝરણાં દેખાયાં. ''હવે આપણે ગીરમાં છીએ.ગીરનાં જંગલ તે આ.'' રચનાએ ધ્યાન દોર્યું. ''અરે... અહીં તો પેલી કવિતા યાદ આવે છે - ઘોર અતિ વંકી ધરતી... વાળી! એની છેલ્લી લીટી કેવી યાદ રહી જાય એવી છે-'' જો, ગાજે જંગલ ગીર તણાં.'' વંદના પાછી મૂડમાં આવી ગઇ હતી.

''તો ક્યાં યાંપર હમ શેર ભી દેખેંગે? પરવીનનો પ્રશ્ન.

''હા. અહીં સિંહ જોવા માટે જે ખાસ ગેસ્ટહાઉસ છે, ત્યાં આપણે બુકિંગ કરાવ્યું છે. એ લોકો એમના વાહનમાં આપણને લઇ જશે, ને વનરાજનો મૂડ હશે તો અપણને દર્શન આપશે.''





વધુ ને વધુ ઊંડાણ તરફ વધતી બસની આસપાસ એકદમ અદ્ભૂત વાતાવરણ હતું. ઝરણાં પર પાણી પીવા આવતાં હરણા જોયાં, નીલગાય (રોઝ)ને રખડતાં જોઇ, જંગલી ભેંસો પણ દેખાતી હતી અને રબારીઓના નેસ પણ જોયા. નમતા બપોરે કેમ્પમાં પહોંચ્યાં. ઉતારે તાજામાજા થઇને પ્રવાસનની ઓફિસમાં ગયા. ત્યાંની દીવાલો ઉપર ગુજરાતના અને દેશના સુવિખ્યાત પશુ પંખીના તસવીરકાર(વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર) સુલેમાનભાઇની તસવીરો લટકતી હતી; જેમાં સિંહોના વિવિધ ફોટા હતા. પેલો અગિયાર સિંહ ઝરણમાંથી એક સાથે પાણી પીએ છે એ જોતાં સૌ મુગ્ધ થઇ ગયાં. ત્યાં ગીર વિશેની માહિતી આપતાં નક્શા, ફોટા જોયા. બ્રોશર આપવામાં આવ્યા. વીસેક મિનિટની 'સિંહદર્શન'ની વિડિયો પણ જોઇ. મંડળી 'સિંહમય' થતી જતી હતી. જંગલ નિવાસનો રોમાંચ પણ થતો હતો. ત્યાં વાળુનો સમય થયો. જમી-પરવારીને સૌ ઉતારે પહોચ્યાં. થોડીવાર બેઠક બોલાવીને રચનાએ કાલ વહેલી સવારના સિંહદર્શનનું એલાન કર્યું. સંસ્કૃતિપ્રવાસમાં આ પ્રકૃતિનો સ્પર્શ પણ બહુ તાજગીભર્યો લાગતો હતો. બહાર જંગલનો જાદુ જીવતો થયો હતો. માળામાં પાછા ફરેલાં પંખીઓનો કલરવ તીવ્ર બન્યા પછી થોડી વારે શાંત થઇ ગયો હતો અને થોડી પળોની નિરવ શાંતિ પછી રાતનાં પંખીઓ ગૂંજવા લાગ્યાં. તમરાંની ટ્રીં.ટ્રીં. ચાલુ થઇ ગઇ. કાળા કોશીનું હૂહૂહૂ ને વચ્ચે વચ્ચે ચીબરીના ચિત્કાર પણ સંભળાતા હતા. વચ્ચે વચ્ચે સિંહની ગર્જના પણ સંભાળાતી હતી. ''સિંહને અહીંની સ્થાનિક બોલીમાં 'સાવઝ' કહે છે અને એની ગર્જનાને 'ડણક'. રચનાએ પેલી રંગીન-ચમકતી પત્રિકાઓ(બ્રોશર) માં નહોતી એવી માહિતી આપી. ''બહેન, થોડાક વખત પહેલાં અહીંના સિંહોને મધ્યપ્રદેશમાં ખસેડવાની હિલચાલ શરૂ થઇ હતી ને?'' ધીરજે છાપાં-પેપર વાંચ્યાંની સાબિતી આપી.

''મને તો એમાં રાજકારણની ખેંચતાણ લાગે છે- મતલબ કે ટૂરિઝમની આવક સંદર્ભે કંઇક રંધાઇ રહ્યું હશે!'' શેખરની સ્વાભાવિક કોમેન્ટ આવી.

''આમ તો બેમાંથી એકે રાજયના નેતાઓએ આને પ્રતિષ્ઠાનો મુદ્દો(પ્રેસ્ટીજ ઇશ્યુ) ન બનાવવો જોઇએ.દરેક પશુપંખીને અમુક જાતનું જંગલ-અમુક

આબોહવા વગેરે માફક આવતાં હોય છે. સદીઓથી જાણીતી હકીકત છે કે સિંહોને આ વિસ્તારની આબોહવા ફાવે છે અને એમ.પી.ના જંગલો વાઘને અનુકૂળ આવે છે. કુદરતે પોતાની રીતે બધું સેટલ કરી જ દીધું હોય છે; પણ માણસ તો માણસ છે!''

''એમ કહો કે રાજકારણીઓ તો રાજકારણીઓ છે!''

''બહેન, એક ઓર ભી સવાલ હૈ. એક ઓર સે સિંહ કે બારે મેં ઇતના પ્રચાર હો રહા હૈ, બચ્ચન ભી બાજાં બજાતા હૈ; પર યહાં ઇતને લોગ આતે હૈં?'' ''આમિર, લોકો તો હવે પુષ્કળ આવવા લાગ્યા છે- ધસારો થાય છે, પણ આપણા પ્રવાસન વિભાગની કેટલી ત્રેવડ છે એ મપાઇ જાય છે! જો કે સિંહદર્શન તો પ્રવાસીઓના 'લક' ઉપર આધારિત છે! દેખાય તો દેખાય... નહિ તો ધક્કો!'' ''આ સિંહોના અભયારણ્યનો વિચાર અંગ્રેજોએ શરૂ કર્યો?'' વિલ્સને પૂછયુ. ''ના. સારો સવાલ છે. અંગ્રેજોને તો પ્રાણીઓનો શિકાર કરવામાં બહાદૂરી લાગતી હતી. એ પહેલાંના રાજાઓ-નવાબોને આ સાહેબો પણ સિંહોના શિકાર કરીને કાં કરાવીને, એની લાશ પાસે છટાદાર પોઝ આપીને પહેલાંના જમાનામાં ચિત્રો દોરાવતા ને પછી જમાનામાં ફોટા પડાવતા. પણ 19મી સદીમાં, જૂનાગઢના નવાબ રસૂલખાનજી જરા અલગ ને અલગારી સ્વાભાવના હતા. સિંહ તો જૂનાગઢનું રાજ્યચિહ્ન શોભાવતો હતો- એનો આમ વધ કરાય નહિ! એવા ગૌરવને ટકાવી રાખવાના વિચારથી એમણે અને એમના દિવાને (પ્રધાન) પહેલાં તો સિંહના શિકાર ઉપર પ્રતિબંધ કર્યો ને પછી યુરોપમાંથી માહિતી મેળવીને ગીરને 'અભયારણ્ય' બનાવવાની યોજના ઘડી; જે આમ તો આઝાદી પછી જ અમલમાં આવી શકી...'' ''અને હાલની સરકારમાં ધંધો બની.'' શેખર ઉવાચ. બધાંને ગમ્મત પડી. પ્રવાસન પાછળના હેતુની સ્પષ્ટતા થતી જતી હતી. ''ચાલો હવે, સૂઇ જઇએ. કાલે વહેલા ઉઠીને સિંહ જોવાના છે ને?''

''હા-હા... ગુડ નાઇટ્ અને બેસ્ટ લક- સિંહદર્શન પૂરતું.''

મંડળી તો જંપી ગઇ પણ જંગલ જાગી ગયું હતું.





## છેવટે સિંહદર્શન

વળતી સવારે, પ્રવાસનની મીની બસ સિંહદર્શનના માર્ગ ઉપર બે-અઢી કલાક સુધી ફરતી રહી પણ મંડળીનું 'લક' લાગ્યું નહિ! વળી પાછાં હરણાં જોયાં, રોઝ જોયાં, સાબરશિંગા જોયાં, ભેંસો પણ જોઇ  પણ સિંહની સવારી ન દેખાઇ. ઠેઠ અભયારણ્યનો છેડો આવ્યો ત્યારે દૂરની ઝાડીમાંથી નીકળેલું સિંહટોળું બીજી તરફની ઝાડી તરફ જઇ રહેલું જોવા મળ્યું. એક નર, બે-ત્રણ માદા અને ચાર-પાંચ બચ્ચાં દેખાયાં. બહુ ગરવું દૃશ્ય હતું. મંડળી ચૂપચાપ નિહાળી રહી હતી. યાસ્મિન મનમાં બબડી: ''હાયલ્લા મુઝે તો ડર લગતા હૈ!'' પરવીને એવા જ ધીમા સાદે એને ઝાટકી નાખી:'' હટ્ પગલી! દેખતી નહીં હો કિતની શાન સે, અપની હી ધૂન મેં સબ જા રહે હૈં! કિસીને તેરી ઓર દેખા તક નહીં હૈ!'' એની વાત સાચી હતી. સિંહણો બચ્ચાં સાથે ગેલ કરતી હતી, બચ્ચાં આમતેમ કૂંદકૂદા કરતાં હતાં ને પાછળ સાવઝ ધીમા ડગલે લટાર મારતો ચાલતો હતો. આમતેમ જોઇ લેતો હતો. કદાચ એણે મીનીબસ જોઇ પણ ખરી... પણ આંખ આડા કાન કરી ચાલતો થયો.

''લો ઇસે ભી હમારી પરવા નહીં હૈ! મૈં તો કંટાલ ગયા!'' હમિદે બગાસું ખાધું!'' ''શેર કો તો પ્રાણીબાગ મેં ભી દેખ સકતે હૈં ઔર સરકસમેં ભી!'' ''ચલ... બે! ઐસે ખૂલેઆમ નિકલતે દેખનેમેં કિતના મજા આ રહા હૈ!'' આમિરે એને ખેંચી પાડ્યો!

''શ્ ...'' વંદનાએ સૌને શાંત પાડ્યા. પીળા-બદામી-કથ્થઇ રંગના એ પ્રાણી જોતજોતામાં ઝાડી પાછળ અદૃશ્ય થઇ ગયાં. સ્તબ્ધતામાં જ મીની બસ કેમ્પ તરફ આવવા પાછી ફરી. સિંહદર્શન પૂરું થયું હતું. માથાદીઠ ચાર્જ અને મીનીબસ સાથે ગાઇડનો ચાર્જ લઇને પ્રવાસન ધન્ય થઇ ગયું હતું.

★★★

''વાહ! છેવટે જોયા. એક નહિ, બે નહિ પણ સાગમટે જોયા.'' બાદલ ગેલમાં હતો.

''અલા ભૈ, કહે છે કે સિંહના ટોળાં ન હોય - પણ અહીં તો ટોળામાં જ જોયા!''

''એ તો જે સંસ્કૃતિનાં પંડિતોએ કહેવત બનાવી હશે તેણે ગીરનું જંગલ નહિ જોયું હોયને!'' ''બિચ્ચારો!''

''ખરેખર, કેવાં નિસ્પૃહી પ્રાણી! ભૂખ્યાં ના હોય તો કશાયની તમા નહિ!''

''ને ભૂખ્યાં હોય, તોય ઘાસ તો ખાય જ નહિ!''

''... એટલે તો આપણી સામુંયે ના જોયું!''

વળી પાછી કનુભાઇની ગાડીમાં ગોઠવાતી મંડળી અસલ મૂડમાં આવી ગઇ.

## ગીરની વચ્ચે ગુલામગીરી?!

સિંહદર્શનના લકી લ્હાવાની લ્હાણ લૂંટીને મંડળી મેંદરડા તરફ નીકળી આવી. ચાના ગલ્લે કનુભાઇએ ગાડી થોભાવી. સૌની પસંદગી પૂછીને ગલ્લે પોતે જ ઓર્ડર આપવા ગયા. મિત્રો પણ ગાડીમાંથી ઊતરી આમતેમ લટાર મારતા હતા. લાગલી જ મીના દોડતી આવીને રચનાને ધીમેશથી કહેવા લાગીઃ ''આ ચાના ગલ્લાની બાજુમાં પંચરની દુકાન જોઇ! ત્યાં પંચરવાળા ભાઇને જોયા?'' ''જોયા. કેમ?''

''એ ભાઇ કેવા લાગે છે? હાઇટ્ તો જુઓ- કેટલા ઊંચા! ને વાળ પણ વાંકડિયા! નાક-મોઢું-રંગ-રૂપ... સાવ અલગ જ લાગે છે, નહિ?''

વંદનાએ તરત ઝંપલાવ્યું-આફ્રિકન છે-આફ્રિકન! હેં ને બહેન!''

મંડળી પણ એકઠી થઇ ગઇ. બધાંને આશ્ચર્ય થયું તો હતું જ. ત્યાં જ ચાના ગલ્લેથી ગ્લાસ લઇને કનુભાઇની જોડે આવતો ટેણિયો પણ એવાં જ રંગે-રૂપે હતો. બાદલથી રહેવાયું નહિ- ''એલા, તારું મૂળ વતન કયું?'' ટેણિયો સવાલને સમજ્યો નહિ. ગ્લાસ પકડાવતો ગયો.





''પૂછ રહે હૈં કહાં કે હો?'' આમિરને લાગ્યું કે ગુજરાતી નહિ સમજતો હોય! ટેણિયાએ તરત કહ્યું- ''આયાં વાડલાના જ છૈંયે''... ને એક તરફ હાથ લંબાવી જાણે 'વાડલા ગામ' ચિંધી બતાવ્યું.

એનો અસ્સલ કાઠિયાવાડી લહેંકો સાંભળીને વંદનાએ પૂછયુંઃ તારું નામ શું બકા?'' ''ઉમર''. ''મુસલમાન હો?'' હમિદે પૂછ્યું.

થોડીવાર મંડળી તરફ ટગરટગર જોઇને ઉમરે કહ્યું ''સિદ્દી છૈંયે.'' ને વધુ પૂછપરછથી શરમાઇને, જીભડો કાઢતોક્ દુકાન તરફ દોડી ગયો. નવાઇ પામાતાં મિત્રો ઝટપટ ચા પતાવી, કંઇક જાણવા માટે તલપાપડ થયાં ત્યાં કનુભાઇએ ગાડીનું હોર્ન મારીને હાકોટો કર્યો- ''હાલો, હાલો, અંજવાળા છતે જૂનાગઢ પોંકી જાવી.'' કનુભાઇની આજ્ઞા માન્યે જ છૂટકો! ગાડી સ્ટાર્ટ કરીને એ પોતે જ કહેવા લાગ્યાં આ હંધાયે 'સિદ્દી' કહેવાય. મૂળે આફ્રિકાના. ગોરા સાહેબો આપડે ન્યાં આવ્યા ત્યારે આફ્રિકેથી આમને પકડી લાવેલા ને આયાં એમનાં ગુલામ કરીને રાખ્યાં. આ થોડાંક વરહથી જ બે પાંદડે થ્યાં છ્ બચાડાં! બાકી તો મૂંગા પશું જેવાં!''

મિત્રોએ રચના સામે જોયું... 'ખરી વાત?' ના સવાલપૂર્વક!

''કનુભાઇની વાત સાચી છે. લગભગ 500 વર્ષ પહેલાં પેલા પોર્ચુગીઝો અહીં દીવ બંદરે ઊતર્યા ત્યારે મૂળ એબિસિનિયન આફ્રિકનોને ગુલામ તરીકે લેતા આવ્યા હતા. ઘણા ખરાંને નવાબો-સુલતાનોને વેચી માર્યા. જૂનાગઢના નવાબ પાસે પણ ઘણા સિદ્દી ગુલામો હતા અને મહમદ બેગડાથી માંડીને જૂનાગઢના નવાબોએ સિદી સ્ત્રીઓ સાથે સંબંધ પણ બાંધેલા. ચારસો પાંચસો વરસ ગુલામી, શોષણ અને ગરીબી વેઠ્યાં. દેશ આઝાદ થયો ત્યારે આદિજાતિ-જનજાતિ (એસ.ટી.) સમુદાયના હક્કે ખરાબાની જમીનો મેળવી. પણ ખેતી કદી કરેલી નહિ તેથી મળેલી જમીનો કાં તો કોઇને વેચી દીધી કાં તો ભાગે આપી. ટ્રેજેડી તો એવી થઇ કે પોતાની જ જમીનો ઉપર ખેતમજૂર બન્યા! શોષણમાં ખાસ ફેર ના પડ્યો. શિક્ષણ નામનું, ગરીબીને કારણે કુપોષણ અને

બિમારીઓ અપરંપાર. બાળમરણ અને સ્ત્રીમરણ પણ ઘણાં. પુરુષો પણ આમ તેમ છૂટક મજૂરી કરી ખાય. આવા પંચર કરવાનાં, રંગકામ, મિસ્ત્રીકામ...'' ''અમારે ડાઇવરોમાંયે એમની જમાતનાં ઝાઝાં! આ એરિયામાં તો ટેક્સી, છકડા, ટ્રક, આઇશર... એમનાં!'' કનુભાઇએ ઉમેર્યું.

''જો કે હવે તો હાલત કંઇક સુધરી લાગે છે'' - ધીરજે બરાબર જોયું-

''હા, છેલ્લા બે'ક દાયકામાં ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ)એ એમના ઉત્થાનનું કામ માથે ઉપાડી લીધું છે. સરકારી યોજનાઓને આ સમુદાય સુધી પહોંચાડવા માંડી છે. પોતાની જમીન સુધારીને એના ઉપર રોકડિયા પાક લેતા થયેલા સિદીઓના આંબાવાડિયાંમાં દેશની સર્વશ્રેષ્ઠ કેરી-કેસર કેરી પાકે છે અને વિદેશી નાણુંય મેળવી આપે છે. ઉપરાંત સીદીઓ હવે બીજાં ફળોનો ઉછેર કરે છે- વેચે છે, પશુપાલન કરે છે, મરઘાં પાળે છે... સરવાળે ખૂબ વળતર આપતી આર્થિક પ્રવૃત્તિઓ કરવા લાગ્યા છે.''

''સ્ત્રી-બાળકોનું શું, બહેન?''

''પશુપાલનમાં બહેનો સક્રિય બની તેથી દૂધનું ઉત્પાદન વધ્યું. છોકરાં દૂધ પામ્યાં અને દૂધમંડળીઓ પણ થઇ. એન. જી.ઓ. એ બહેનોનાં બચતમંડળોયે શરૂ કર્યાં છે ને બહેનોની આવક પણ વધી છે. જો કે હજી અંધશ્રદ્ધા-જુગાર-વ્યસનોમાં ઝાઝો ફરક નથી પડ્યો. શિક્ષણ તરફ પણ ભાગ્યે જ રુચિ છે. આ ઉંમર જેવાં તો કેટલાંય બાળમજૂરો આમ જ વગર ભણ્યે કમાતાં થઇ ગયાં છે.''

''યે લોગ ખાલી ગીરમેં હી રહતે હૈગે?''

''મોટાભાગે અહીંનાં સાતેક ગામો એમનાં જ છે. પણ પેલી બાજુ ખંભાત બંદરે ઉતરેલા સિદી ગુલામો પંચમહાલ-ભરૂચ વગેરે વિસ્તારોમાં પહેલાં ગુલામી ને હવે મજૂરી કરીને જીવન ગુજારે છે.''

''ચાલોને બહેન, એમનું એકાદ ગામ જોઇએ...''





''કેમ? એ લોકો કંઇ જોવાલાયક જગ્યા છે?! હવે મુખ્યપ્રવાહમાં આવતાં થયા છે, તો એમને એ રીતે જ- નોર્મલ દૃષ્ટિથી જ સ્વીકારવા જોઇએ. જો કે આપણે ઝગડિયા-ભરુચ તરફ જઇશું ત્યારે એમના સૂફી સંત બાબા ઘોરની દરગાહની મુલાકાત અચૂક લઇશું, ઓકે.?''

''ઓકે. પણ બહેન મેં તો અમદાવાદમાંયે સિદીઓને જોયા છે. પેલી રિલિફરોડ પર સિનેમા હતી એની પાછળની ગલીમાં...'' શેખરે કહ્યું. ''વૈસે તો અપની મશહૂર સિદી સૈયદકી કબ્ર ભી હૈ ના- મતલબ કિ વહાં અમહદાબાદ મે ભી સિદી હોંગે હી.'' હમિદે કહ્યું.

''છેસ્તો... જૂના શહેરમાં શેખરે કહ્યું ત્યાં ને હવે તો જૂહાપુરામાંયે વસે છે. ગઇ સદી સુધીનાં ગુલામો હવે ટટ્ટાર બનતા થયા છે આપણે એમને સલામ કરીએ.''

''અહોહોહો... આ ગીરની વચ્ચેય આફ્રિકા છે એ જાણીને બહુ મજા પડી.''

''સૌરાષ્ટ્રના લાંબાપહોળા સાગરકાંઠાની એ જ તો મજા છે! વૈવિધ્ય ગુજરાતની ખાસ ખૂબી છે અને ઠેરઠેર આપણને એ જોવા મળતું રહેશે.

★★★

સાસણગીરથી જૂનાગઢ જતાં સિદીઓને જોતાં વિલ્સને એક મુદ્દો મૂક્યો-'' બહેન, આપણે ધર્મસ્થળો, ઐતિહાસિક સ્થળો, કુદરતી સૌન્દર્ય બધાંનો સમાવેશ આપણા આ પ્રવાસમાં કર્યો છે; પણ વિવિધ જાતિઓના આટલાં બધા લોકો જોવા મળે છે એમની મુલાકાત-એમનાં વિશેની વિગતો... એવા બધાંનો અભ્યાસ નહિ કરવાનો?''

''તારી વાત બિલકુલ સાચી વિલ્સન. આખરે તો માણસજાત જ સર્વોપરિ. પણ એના જવાબમાં થોડાક મુદ્દા છે; કહી જ દઉં- એક તો ગુજરાતની જ અનેક જાતિ-જનજાતિની વાત કરીએ તો એની એટલી મોટી સંખ્યા છે ને એટલી બધી વિવિધતા છે કે આવા પંદરેક દિવસના પ્રવાસમાં એને પણ

સમાવી લેવું શક્ય નથી. પ્રત્યેક જાતિ-જનજાતિનો અભ્યાસ કરવા એક જિંદગી ઓછી પડે. ખેર, આપણા આ પ્રવાસનું એક ધ્યેય એ પણ છે કે તમને દરેક સાંસ્કૃતિક મુદ્દે કંઇક કંઇક જોવા જાણવા મળે તે જાણે વાનગીને જરાક ચાખવા જેવી જ પ્રક્રિયા છે. તમારામાંના કોઇકને, આમાંનો એકાદ મુદ્દો લઇને વધારે ઊંડાણથી અભ્યાસ કરવાનું મન થાય એવી પણ ચિંતનભાઇની ને મારી ઊંડી ઊંડી ઇચ્છા ખરી! દાખલા તરીકે તને થાય કે ચાલો, સૌરાષ્ટ્રનાં દરિયાકાંઠા ઉપર અભ્યાસ કરું! અરે હા, ઝવેરચંદ મેઘાણીનું નામ તમે સાંભળ્યું હશે- એમણે 'સોરઠના તીરે તીરે' પુસ્તકમાં એમની આવી મહેચ્છા કહી પણ બતાવી છે પણ એ તો બહુ વહેલા ગુજરી ગયા અને કામ બાકી જ રહ્યું.

અહીં મને આવા જ બીજા એક સર્જક-કર્મશીલ યાદ આવે છે. બિરાદર હિંમતભાઇ ખાટસૂરિયા. આ દિવસોમાં સોમનાથ ફરતાં હતાં ત્યારે એ બહુ યાદ આવ્યા. પંદરેક વર્ષ પહેલાં એ મને અચાનક સોમનાથ મંદિરના પ્રાંગણમાં મળી ગયા. જૂના મિત્ર. અમે બંને નાસ્તિકો-કોમરેડ્સ! એટલે સોમનાથમાં જાત્રાએ આવવાનો તો પ્રશ્ન જ નહોતો; પણ ત્યાં જ મળી ગયાં તેથી એકી સૂરે સવાલ આવ્યો- "તમે? અને અહિંયા?" મેં તો કહ્યું કે હું તો મારા વિદ્યાર્થીઓ સાથે સાંસ્કૃતિક પ્રવાસે આવી છું; પણ તમે?- તો કહે કે "હમણાં હમણાથી આખા સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ફરું છું અને ખારવા, માછીમાર- એવી દરિયા સાથે સંકળાયેલી કોમોને મળું છે. - એમનાં ગીત, એમની કથાવારતાઓ, એમના રીતરિવાજો જાણું છું. ને નોંધી લઉં છું. કાંક મોટું કામ ઉપાડવું છે. નહિ તો આ સૌરાષ્ટ્રના ઇતિહાસના નામે રાજા-રજવાડાં અને તેત્રીસકોટિ દેવતાઓની જ હાચી-ખોટી વારતાઓ હાલ્યા કરશે!" -કેટલી હૈયાસોંસરવી ઊતરી જાય એવી એમની વાત હતી! પણ અફસોસ, હિંમતભાઇ પણ અચાનક ગુજરી ગયા; એમનું મોટું કામ પડી જ રહ્યું! બોલ, છે વિચાર?" રચનાની વાતથી મંડળી વિચારમાં પડી ગઇ. થોડી વારે વંદનાએ કહ્યું કે "બરાબર છે, આ સિદી કોમ વિશે અભ્યાસ શરૂ કરાય." કે પછી જૈન ધર્મના ત્યાગના વિચારો




વિશે..." "યા ફિર કાઠિયાવાડ કે મુસલમાનો કે બારે મેં... " બધાંની કલ્પનાને પાંખો આવી ગઇ. રચના વિચારતી રહી કે કાશ! આ મિત્રોની કલ્પનાને નક્કર બનાવી શકાય તો!" તો... અમારી કલ્પના સાકાર થાય, બીજું શું?!"

રચનાની મનોયાત્રા થંભી... ગિરનાર પર્વતનો ઝાંખો આકાર સ્પષ્ટ થવા લાગ્યો.

★★★

**મુકામ- 9.**

# જૂનાગઢ

## થર ઉપર થર-ગઢ-નગર-શહર

દૂરથી ગિરનાર પર્વતનાં વિવિધ શિખરો દેખાવા લાગ્યાં હતાં. શહેર નજીક આવતું જતું હતું. ગુજરાતનું અતિશય પ્રાચીન મનાતું આ નગર અત્યારે તો અધકચરા શહેરનું રૂપ ધારી રહ્યું છે. શહેરની બહારના વિસ્તારોમાં ફ્લેટ્સ, ટેનામેન્ટ, ડુપ્લેક્સ ઊભા થઇ રહ્યા છે. નવતર જાતની મોટરકારો, રિક્ષાઓની સાથે ક્યાંક ઘોડાગાડી પણ જોવા મળી જાય છે. રસ્તા ઉબડખાબડ છે, કહેવાય છે કે શહેર પર્વતના ઢોળાવો ઉપર વસ્યું છે. નહિ ચોક-નહિ બજાર વચ્ચે થઇને અર્ધચંદ્રકારે ગોઠવાયેલા કિલ્લાના દરવાજાની અંદર ગાડી પહોંચી ત્યારે ઝાંખા થઇ ગયેલા નવાબી ઠાઠમાઠની ઝાંખી થઇ.

કમાનદાર દરવાજાની અંદર પેસતાં જ વિશિષ્ટ ઘાટની છતાં મસ્જિદ-મકબરા જેવી લાગતી બે ઇમારતો નજરે ચડી. રચનાએ કહ્યું- ‘‘આ અહીંના નવાબ અને તેમના દિવાનના મકબરા છે. કાલે એને વિશે વિગતે વાત કરીશું, જોઇશું. અત્યારે સાંજ થવા આવી છે. એક નાનકડી છતાં મહત્વની જગ્યા જોઇને ઉતારે પહોંચીશું.’’

પ્રવાસી-બસ સાંકડી ગલીઓમાં થતી, જિલ્લા કોર્ટ અને જેલની ઇમારતોને વટાવતી એક નાના ડહેલાવાળા મકાન આગળ આવી ઊભી. ‘‘આ નરસિંહ





મહેતાનો ચોરો. 16મી સદીના આ ભક્તકવિ અહીં રહેતા હતા એમ મનાય છે.’’

‘‘પણ બહારથી તો આ ઘર 500 વર્ષ જૂનું હોય એવું કંઇ નથી લાગતું.’’

‘‘સ્વભાવિક છે. વારંવાર સમારકામ થયું છે અને છેલ્લાં પચીસેક વર્ષમાં તો પૂરેપૂરો જીર્ણોદ્ધાર(રિનોવેશન) થઇ ચૂક્યો છે. આ ટાઇલ્સ, આ કાચ, માર્બલ... બધું નવું છે પણ લોકશ્રદ્ધા હજી એ ભક્તકવિને વંદન કરવા અહીં આવતી રહે છે.’’ સૌ અંદર ગયાં. ચોકની બે તરફ ઓરડા દેખાયા. ‘‘બહેન, નરસિંહ મહેતા ફક્ત ભક્તકવિ થોડા જ હતા?! એમણે તો નાતજાતના વાડા તોડીને, દલિતવાસમાં જઇને ભજન પણ કર્યાં હતા ને?’’ વંદનાને ખ્યાલ હતો. બાકીનાં મિત્રો માટે પણ બહુ અજાણ્યા નહોતા આ ભક્તકવિ.




**દલિતવાસમાં નરસિંહ મહેતા**

‘‘હા, એમના જીવનને લાગતી દંતકથાઓ- હકીકતોનો સરવાળો કરીએ તો સામાજિક પરંપરાને તોડવાનાં ઘણાં સાહસો એમણે કરેલાં. આવો, એમની જીવનકથા વિશેનાં ચિત્રોનું નાનકડું પ્રદર્શન જોઇને માહિતી મેળવીએ.’’

મંડળીએ એક ખંડમાં રાખેલાં ચિત્રો જોયા. આમ તો સાધારણકક્ષાનાં ચિત્રો હતાં પણ વિગતો ઘણી હતી. જાણીતા ચમત્કારો પણ ઘણા હતા. એકંદરે રૂઢિભંજક છતાં કોમળ હૃદયના કૃષ્ણભક્તને એમના પોતાના સમાજે અને સત્તાએ કેવી કેવી રીતે સતાવ્યા ને તે છતાં એમની ભક્તિના પ્રતાપે એ

કેવી કેવી રીતે ઉગર્યા એનું વર્ણન એમાં હતું. દંતકથા, કલ્પના, ધર્મશ્રદ્ધા, ઈતિહાસ બધું અહીં સેળભેળ થયું હોવા છતાં એક મધ્યકાલીન સાહસિક સંતની જિંદગી વિશે અહોભાવ થાય તેવું હતું. અહીં નરસિંહનાં પદોનાં પુસ્તક, સી.ડી., વિડિયો વગેરે પણ વેચાતાં હતાં. ગુજરાતમાં ગવાતા અને પૂજાતા આ સંતના ઘરના એક ઓરડામાં રાખેલા એમના ઈષ્ટદેવ- શ્રીકૃષ્ણની મૂર્તિ જોઇ, એમની પોતાની મૂર્તિ પણ જોઇ અને જેમને કારણે જૂનાગઢ ગર્વ લે છે એવી વ્યક્તિના ઘરની વિદાય લીધી. શેખરે મળેલી માહિતીના આધારે અભિપ્રાય આપ્યો તે દિલમાં ચોંટી જાય તેવો હતોઃ "જે માણસનો સમાજે બહિષ્કાર કરેલો, જેમને રાજાએ જેલમાં પૂરેલા તેવા આ સંતના ઘરના ઉંબરે આવતાં હવે બધાં ધન્ય બને છે! વાહ! અજાયબ છે આ સમાજલીલા!"

"આપણે ત્યાં કવિઓ-સાહિત્યકારો-કલાકારોનાં અંગત સ્મારકો બહુ ઓછાં બને છે પણ મહેતાજી સંત-ભક્ત હતા તેથી આવું સ્મારક સચવાયું છે અને તેય એમની જ્ઞાતિના ટ્રસ્ટે જ જાળવ્યું છે!" રચનાએ ચર્ચા માટે મુદ્દો આપ્યો. "એમ કરીને પશ્ચાતાપ કર્યો હોય! કેમ કે અહીં ધંધાનો બહુ સવાલ નથી.ટિકિટ કે કશું રાખ્યું નથી! ખૈર, પણ બહેન, તમારા મુદ્દાને આગળ વધારું તો- કોઇ કવિ કે કલાકાર આખા સમાજ માટે કંઇક કરી જાય તો આમ પૂજાય ને?" "સાવ એવું નથી... પણ વ્યક્તિની કદર એ આધુનિક મુદ્દો છે, યુરોપ અમેરિકા જેવા દેશોની દેણ છે. ત્યાં આવા અંગત સ્મારકો હોય છે, સ્થાનિકો એનું ખૂબ ગૌરવ લેતા હોય છે અને પ્રવાસીઓ પણ આવાં સ્થળો જોવાનું ચૂકતાં નથી.ઇંગ્લંડમાં તો શેક્સપિયરના નામે એક આખું ગામ વસાવ્યું છે ને એનાં પાત્રોનાં પૂતળાંયે બનાવી મૂક્યાં છે. સાહિત્ય શોખીનો માટે એક યાત્રાધામ જ છે!"

"હમારે યહાં તો રાજનેતાઓં કે કપડે-ચશ્મે-લાઠી-ચપ્પલ વગૈરાહ વગૈરાહ રખનેકા ઝ્યાદા ચલન રહા હૈ ના? ચમચાગિરી કરની હો તો નેતા કી કરો! કવિ કી ચમચાગિરી સે ક્યા મિલનેવાલા?" આમિરે બધાંને હસાવ્યા.

સાંજ પડી ચૂકી હતી.વિશિષ્ટ મકબરાઓ ઉપર ઝગમગતી રોશની જોતાં જોતાં સૌ ઉતારે પહોંચ્યાં.જમીને, આ જૂની નગરીના ઈતિહાસમાં ડોકિયું કરવા સૌ





એકઠાં થયા. રચનાએ શહેરની પૌરાણિક ઓળખથી શરૂઆત કરી.:
"જૂનાગઢ એના નામ પ્રમાણે ઘણું પુરાતન શહેર છે. અહીં સભ્યતા-સંસ્કૃતિ-રાજ્યસત્તાનાં ઘણાં સ્તરો(લેયર્સ) જોવા મળે છે અને અભ્યાસુઓ માટે સારી વાત એ છે કે દરેક સ્તરની કંઇક ને કંઇક નિશાની લગભગ આપણને મળે છે; પ્રવાસીઓને પણ જોવા મળે છે." ધીરજે પૂછ્યું "બહેન, વારાફરતી દરેક સ્તર વિશે જાણી શકાય?"

"ચોક્કસ! મેં પણ એ જ વિચાર્યું છે. પહેલાં દરેક સ્તરની ટૂંકી ભૂમિકા કરીએ, એમાં અહીં શું જોવા મળશે તેનો ઉલ્લેખ કરી દઇએ અને પછી જ્યારે જે જે જુઓ ત્યારે તેની વિગતે વાત કરીએ!"

"સૌથી જૂનો પુરાવો પુરાણોમાં મળે છે. પુરાણોને નકરાં ગપ્પાં ન મનાય એ વાત અગાઉ થઇ ગઇ. પુરાણોમાં ભૌગોલિક માહિતી મળે છે તે કદાચ એનો સૌથી મોટો ફાયદો છે.એ મુજબ પુરાણોએ ગિરનાર પર્વતનો ખૂબ ઉલ્લેખ કર્યો છે. ગિરનારનાં રૈવતક અને ઉજ્જયંત- એમ બે નામ મળે છે." "તો પછી એનું નામ ગિરનાર ક્યારે પડ્યું? કેમ પડ્યું?"

"ધીરજ... ધીરજ રાખ! પુરાણો ઉપરાંત મહાભારતમાં પણ અર્જુન અને કૃષ્ણ અહીં ફરવા આવ્યા હતા એવું નોંધેલું છે. વળી રૈવતાચલ(પર્વત)નો રાજા રૈવત હતો અને એની કુંવરી રેવતી સાથે કૃષ્ણના મોટાભાઇ બલરામનું લગ્ન થયું પછી તે લગભગ ઘરજમાઇ થઇને અહીં વસતા હતા એમ કહેવાય છે.જો કે આ ઉલ્લેખ મુજબ કોઇ જોવાલાયક સ્થળ આપણે માટે છે નહિ."

"કૃષ્ણ સાથે અને તેના કરતાંયે વધુ જૈન ધર્મ સાથે ગિરનારનો ઉલ્લેખ નોંધપાત્ર કહેવાય છે."

"અહીં જૈન દેરાસરો પણ છે ને બહેન? પેલાં પાલિતાણાવાળાં સાધ્વીજી કહેતાં હતાં." "હા, મીના.એ વિશે જ જાણવા જેવી વાત છે.જૈનોના બાવીસમા તીર્થંકર નેમિનાથ કૃષ્ણના પિતરાઇ ભાઇ હતા- સરખેસરખા હતા. એમનાં લગ્ન પણ આ જ નગરની બીજી રાજકુવરી રાજિમતિ સાથે થવાનાં હતાં.પણ

લગ્નના જમણમાં જે પશુઓનાં માંસની વાનગીઓ બનવાની હતી તે પશુનાં ભાંભરડા આખી રાત સાંભળ્યા અને એવો વૈરાગ્ય જાગ્યો કે સવારે લગ્ન સ્થળ છોડીને સાધુ થઇ ગયા. એમની પાછળ રાજિમતિએ પણ દિક્ષા લીધી. આ ધર્મકથાઓમાંથી બીજા છેડા પણ પકડવા જેવા છે પણ ખાસ તો એ નેમિનાથનું મોટું દેરાસર આ ગિરનાર પર્વત ઉપર છે. અલબત્ત, એ તો છેક સોલંકીકાળમાં- 10 / 11મી સદીમાં બન્યું હતું પણ એ પુરાવા સાથે ઇ.પૂ.500 વર્ષની યાદવવંશની માહિતી અહીં સચવાઇ કહેવાય.

''પણ ખરેખર ઇતિહાસયુગ સાથે આ ગિરનાર બૌદ્ધકાળમાં સંકળાયો- ઇ.પૂ.300માં- જ્યારે મૌર્યવંશી સમ્રાટ અશોકે શાસન કરેલું.'' ''હા, હા, મને ખબર છે- અશોકના શિલાલેખ એ જ સમયમાં લખાયા ને?'' વંદનાએ ઉત્સાહપૂર્વક કહ્યું.

''હા, અશોક, રૂદ્રદામન, જેવા મૌર્ય, ગુપ્ત, ક્ષત્રપ અને મૈત્રક શાસકોએ શિલાલેખો કોતરાવ્યા જે ઇ.પૂ.300 દરમ્યાનનો ઐતિહાસિક સમય આવરી લે છે - નક્કર લેખિત પુરાવા સાથે. આ પર્વત ઉપર જ અથવા તો આસપાસ તળેટીમાં જ નગર હશે જેનું નામ ગિરિનગર હશે અને ઘસાતાં ઘસાતાં ગિરનાર' થયું હશે એમ ભાષા વિજ્ઞાનીઓ કહે છે. વળી ચીનના બૌદ્ધ સાધુઓના પ્રવાસલેખોમાં પણ આ પર્વત-નગરના ઉલ્લેખો છે. ફાહિયાન, હ્યૂ યેન સંગ વગેરે જણીતાં પ્રવાસીઓનાં નામ છે.''

''ત્યાર પછી ઇ.સ.સાતમી સદીના પુરાવા મળે છે તે લોકસાહિત્ય અને જૈન સાહિત્યમાં થયેલા ઉલ્લેખોથી પુરવાર થયા છે. જેમાં યાદવવંશના રાજાઓ જે જાડેજા, ચુડાસમા શાખાઓમાં વહેંચાઇ ગયા તેમણે અહીં ગિરિનગર પર રાજ કર્યું અને તળેટીમાં વધુ મોટું નગર બાંધીને, 'જૂનાગઢ નામ સ્થાપિત કર્યું. તમે આ રાજાઓ વિશે ક્યાંક તો સાંભળ્યું હશે- રા'નવઘણ, રા'ખેંગાર, રા'માંડલિક વગેરેની વાત કરું છું. જેમનું શાસન 16મી સદી સુધી ચાલ્યું હતું.'' આટલું સાંભળતાં જ મંડળીમાંથી નામો આવતાં ગયાં- ''હા હા- રાણકદેવી ને સિધ્ધરાજ ને લાખોફૂલાણી... એવાં ગુજરાતી પિક્ચરો આ રાજાઓ વિશે





ઊતર્યાં જ છે ને?'' ''બસ, એ જ.અહીં ઉપરકોટમાં આ રાજવંશોની નિશાનીઓ છે.વળી છેલ્લા ચુડાસમા રા'માંડલિકના સમયમાં જ આપણા નરસિંહ મહેતા થઇ ગયા, જેમની જગ્યા તમે જોઇ પણ તેથીયે પહેલાંનું વિષ્ણુમંદિર જે દામોદરલાલજીનું કહેવાય છે ત્યાં નરસિંહ મહેતા નહાવા આવતા હતા એ એમણે પોતે પદ બનાવીને ગાયું- કહ્યું છે.'' વંદનાએ મીઠા સાદે લલકાર્યું- ''ગિરિતળેટી ને કુંડ દામોદર ત્યાં મહેતાજી ન્હાવા જાય...'' એ જ દામોકુંડ ને?''

''હા. વંદનાને સાહિત્યમાંથી ઉદાહરણો ઠીક યાદ રહે છે ને પછી ટાઇમસર ગાઇ બતાવે છે'' બાદલે વખાણ કર્યાં કે મજાક!?

''એ રા'માંડલિકે નરસિંહ મહેતાને એમની જ્ઞાતિના લોકોએ કરેલી કાનભંભેરણીને કારણે જેલમાં પૂર્યા હતા એ ચિત્ર તમે સાંજે જોયું ને? પણ રા'માંડલિક વિશે એક ખાસ માહિતી જાણવા જેવી છે. એ પોતે શિવભક્ત હતો અને એને પ્રતિજ્ઞા હતી કે રોજ સોમનાથને નવડાવેલું પાણી એને માટે આવે તેનો પ્રસાદ લઇને જ મોંમાં અન્ન મૂકતો. સોમનાથને રોજ ગંગાજળથી નવડાવતા અને આજે પણ એ ક્રમ ચાલુ છે.આ કારણસર એનું હુલામણું નામ 'રા'ગંગાજળિયો'પડ્યું હતું.'' હમિદે વચ્ચે પૂછ્યું, ''યે 'ગંગાજળિયા'તો સમજઝમેં આયા પર આપ રા' રા'ક્યોં બોલ રહી હૈં?''

''અલ્યા, રા' એટલે રાજા, રાવ, રાય... એવા નામોનું ટૂંકુ ફોર્મ છે. આ તમામ જૂનાગઢી ચુડાસમાઓને રા'જ કહેવાતું...'' વંદનાએ તક ઝડપી લીધી! ''હાં તો બન્યું એવું કે આ ગંગાજળિયાના સમયમાં ગુજરાતના સુલતાન મહમ્મદ બેગડાએ જૂનાગઢ ઉપર ચડાઇ કરી.રાજા ધાર્મિક હતો પણ રાજકાજમાં નબળો હતો. બેગડાની પ્રચંડ લશ્કરી તાકાત સામે હારી ગયો. પણ પોતાની પ્રજા પ્રત્યે ઘણો રક્ષાભાવ હતો તેથી એણે બેગડાને વિનંતિ કરી કે મારું નગર લૂંટશો નહિ, મારી રૈયતને રંજાડશો નહિ! બેગડો માની તો ગયો પણ સામે એક શરત કરી કે તું જો ઇસ્લામ કબૂલ કરે તો તારી વિનંતી કબૂલ કરું!'' ''બાપ રે! યે કૈસી શર્ત?'' પરવીનથી રહેવાયું નહિ!'' પણ તો યે એ

પ્રજાવત્સલ રા'ગંગાજળિયાએ શરત કબૂલ રાખી, જૂનાગઢને અત્યાચારથી બચાવ્યું!'' ''મતલબ કે શિવભક્ત રાજા મુસલમાન થઇ ગયો?'' વિલ્સનને ખૂબ નવાઇ લાગી. ''હા, અને તે પણ ફકીર.માત્ર ધર્મ જ નહિ- એની આખી પ્રકૃત્તિમાં જ પરિવર્તન આવી ગયું. સુલતાન એને અમદાવાદ લઇ આવ્યો. ફકીરની જેમ જ એ દરગાહ-મસ્જિદમાં પડી રહેતો અને માંગી ખાતો. જાણીતા સૂફી સંત શાહે આલમનો ભક્ત બની ગયો અને અમદાવાદમાં જ મૃત્યુ પામ્યો. આજે પણ એની કબર ઉપર હિંદુ-મુસ્લિમ બંને કોમના લોકો ધૂપ-દીપ કરે છે.'' ''અચ્છા! કહાં હૈ ઉસકી મઝાર!'' ''આપણે જોવા જઇશું.'' મીનાએ કહ્યું.''માણેકચોકમાં કંદોઇઓળ છે- મીઠાઇની દુકાનોનો મહોલ્લો છે ને, ત્યાંની એક દુકાનમાં એની કબર છે.મૂળે તો ત્યાં ચોક વિસ્તાર હતો.'' ''તો અહીં બે મુદ્દા તારવી શકાય છે બહેન, એક તો મહમ્મ્દ બેગડાને કેમ 'બેગઢો'કહેવાય છે તે સ્પષ્ટ થયું- એક જૂનાગઢ અને બીજો... પાવાગઢ! રાઇટ!'' ''રાઇટ. બીજો ક્યો મુદ્દો શેખર?''

''બહેન, ગંગાજળિયાના સમયમાં સોમનાથ મંદિરમાં ધામધૂમથી પૂજા થતી હશે; તો જ મહાદેવને ગંગાજળ ચડતું હોય અને તો જ એ રા' માંડલિકને માટે અહીં સુધી લાવવામાં આવતું હોય ને?!'' શેખરે આંખો નચાવી.

''બિલકુલ.''

''એ પછી અહીં કોણે કોણે રાજ કર્યું?'' ધીરજે દોર સાંધ્યો.

લાંબી વાતને ટૂંકી કરીએ... સુલતાન વંશનો છેલ્લો સુલતાન દીવમાં ડૂબ્યો અને અકબરે ગુજરાત ઉપર મોગલ શાસન સ્થાપ્યું. અહીં પણ મોગલ સૂબા જ હતા. પણ ઔરંગઝેબના મરણ પછી ફેલાયેલી અંધાધૂંધી અને મરાઠા શાસકોની લૂંટફાટના ત્રાસથી બચવા અહીંના મુસ્લિમ સૂબાએ અફઘાન યોદ્ધા શેરખાન બાબીને આમંત્રણ આપ્યું. શેરખાને મોગલોને અને મરાઠાને મારી હરાવ્યા અને આખા વિસ્તારમાં બાબી વંશની સ્થાપના થઇ. 1740 ઇ.સ.માં સ્થાપાયેલી બાબી સત્તાનો અંત 1947માં આવ્યો... પણ કેવી રીતે આવ્યો તેની





વાત કાલે કરીશું. કાલે બૌદ્ધકાલીન, ચુડાસમાનું, બેગડાનું અને બાબીઓનું જૂનાગઢ જોવા જઇશું અને જોતાં જોતાં સાંધા મેળવતાં જઇશું... પછી આઝાદીના જંગની વાત કરીશું.'' સવારની ઉત્સુકતા સાથે મંડળી વિખેરાઇ.

## ઇતિહાસની સાપ-સીડી, પ્હાણાનાં ઊખાણાં

સવારના ખુશનુમા વાતાવરણથી જ ફરવાની શરૂઆત કરી.સીધાં પહોંચ્યાં ઉપરકોટ.ઉપરકોટને ગિરનારની નીચલી ટૂંક કહી શકાય- તળેટીથી ઉપર પણ ઉંચાં ધર્મસ્થળોથી ભરેલાં શિખરોની નીચે.આમ તો નગરકોટ.જ્યાં કાં તો શાસકો જ રહે, કાં તો યુદ્ધ ચાલતું હોય ત્યારે ત્યાં બધાં નગરજનો પણ છૂપાઇ શકે. 'રાજગઢ' કહી શકાય એવો આ કિલ્લો. આમ તો શહેરની જૂની, સાંકડી ગલીઓ વટાવીને જવું પડે. મિની બસ તો બહાર મૂકી દેવી પડી. આખા વિસ્તારમાં પદયાત્રા કરવાના રોમાંચથી સૌએ ટિકિટ લઇને સફર શરૂ કરી.



**ઉપરકોટનો દરવાજો**

પ્રવાસન અને ભારતીય પુરાતત્વ ખાતું (ASI / એ.એસ.આઇ.) સંયુક્ત રીતે આ સ્મારકની જવાબદારી ઉપાડતું હતું. ગાઇડની સગવડ પણ હતી જે મંડળીએ નકારી.

કિલ્લાનો દરવાજો નીચો, સાંકડો અને પથ્થર અને લાકડાંમાં કોતરેલા તોરણકમાનથી શોભતો હતો. કાળમીંઢ ખડકો કોરીને કાઢેલો જબરજસ્ત કિલ્લો દેખીતી રીતે ત્રણેક સ્તરમાં રચાયો હતો- ચુડાસમાઓ, બેગડો અને બાબીવંશ. ક્યાંક અંગ્રેજી હકૂમતની નિશાનીઓ પણ હતી. દીવના કિલ્લાની યાદ તાજી થઇ; જો કે આ કિલ્લો વધુ જૂનો, વધારે પહોળો-લાંબો અને બાંધકામ શૈલીઓના વૈવિધ્યવાળો હતો. કાળગણના કરીએ તો ઇ.સ.700 થી ઇ.સ.1947.અને એથીયે પહેલાં બૌદ્ધકાળનાં વર્ષોમાં કિલ્લા સિવાય પણ પર્વતના ખ્ડકોમાં ગુફાઓ રચાયેલી.મતલબ કે ઇ.પૂ.300 વર્ષ.

ઢાળ ચડતી મંડળી સૌથી પહેલાં જબરી બે તોપોની સામે આવીને ઊભી.પાસે ગોઠવેલાં પાટિયામાં પૂરી વિગતો હતી. એક હતી નીલમ અને બીજ કડાનાળ. બંને ઉપર અરબીમાં નામ વગેરે કોતરેલાં તે હમિદે પારખ્યું. તોપો દીવની લડાઈમાં જીતેલા સુલતાનના વિજયની નિશાની છે. ઇજિપ્તનો પાશા હાર્યો અને તોપ ત્યાં જ મૂકીને ભાગ્યો હતો તેને અહીં રાખવામાં આવી. પોલીશ કરેલી અને તાંબા કે પંચધાતુમાંથી બનાવેલી આ તોપો દીવની તોપો કરતાં ચડિયાતી હતી. સામે વર્તમાન જૂનાગઢ શહેર સવારના તડકામાં પ્રકાશી રહ્યું હતું.

ત્યાંથી આગળ વધીને મંડળી સામેની મસ્જિદની ઇમારતમાં જવા ગઇ ત્યાં શાળાનાં બાળકોનું મોટું ટોળું આવ્યું- સાથે ગાઇડ પણ હતા, તેમણે બાળકોને માહિતી આપવા માંડી: ''આ જે જગ્યાએ આપણે ઊભાં છીએ તે ચુડાસમા રાજા રા'ખેંગારની માનીતી રાણી રાણકદેવીનો મહેલ છે. એક હજ્જાર વર્ષ જૂની ઇમારત છે. મોગલ(!) બાદશાહ મહંમદ બેગડો જૂનાગઢ ઉપર ચડી આવ્યો. ધમસાણ યુદ્ધ થયું. 'રા અને રાણક કિલ્લામાં છૂપાઇ રહ્યાં પણ સંઘરેલું અનાજ ખૂટ્યું.છેવટે 'રા મરણિયો થયો - મરાયો, રાણક સતી થઇ અને





બાદશાહ મહંમદ બેગડાએ અહીં મસ્જિદ બનાવી દીધી. ચાલો બાળકો, આપણે રાણકદેવીનો મહેલ જોશું.'' અને ગાઇડભાઇની સાથે બાળકો ''રાણકદેવીના મહેલ''માં ફરવા ગયાં.નીચે, રચનાએ મિત્રોને કહ્યું ''આ કાં તો ગાઇડની ગેરસમજ છે કાં તો હવે આ જ રીતે ને આવો જ ઇતિહાસ પ્રવાસીઓને કહેવામાં આવે છે! ખરેખર તો રા'ખેંગાર સાથે બેગડો નહિ; ગુજરાતનો સોલંકી રાજા સિદ્ધિરાજ જયસિંહ લડવા આવેલો. રા'ને હરાવી, મારીને રાણકને પોતાની સાથે લઇ જવા! આ તરફ કોટ લૂંટાયો અને રાણકને ઉપાડી ગયેલો સિદ્ધિરાજ અડધે રસ્તે પહોંચ્યો ત્યાં રાણક ભોગાવો નદીના કિનારે-સુરેંદ્રનગર પાસે વઢવાણમાં સતી થઇ! એ રા'ને ખૂબ પ્રેમ કરતી હતી.'' ''પણ તો પછી બેગડો અહીં...?''

''કેમ, ગઇ કાલે વાત થઇ હતી ને કે રા ગંગાજળિયાને બેગડાએ હરાવ્યો- જૂનાગઢ જીત્યું- 'બેગઢો' કહેવાયો... એ આ સમયે. એણે ત્યારે અહીં મસ્જિદ બનાવી હશે. એ મસ્જિદો બનાવવાનો શોખીન હતો. એટલે સિદ્ધરાજનો સમય 9મી સદી... ક્યાં? અને બેગડાનો સમય 16મી સદી... ક્યાં?!''

બાળ મંડળી નીચે ઊતરી ગઇ પછી રચના પેલા પુરાતત્વના પાટિયા પાસે ગઇ. ત્યાં તો વ્યવસ્થિત માહિતી હતી.- 16મી સદીનું સ્થાપત્ય વગેરે લખેલું પણ બંધાવનારનું નામ નહિ! રચનાએ છેલ્લાં થોડા વર્ષોમાં પુરાતત્વવિભાગનું આ વલણ નોંધ્યું છે. શા માટે? - કોઇ વિવાદ ન ઊભો થાય અને જવાબદારી ન લેવી પડે એટલે?!

ખેર, અંદર જોયું તો લાંબી પરસાળ, મુલ્લાને ઊભા રહેવાની મિમ્બર વગેરે જાણીતી ગુજરાતી-ઇસ્લામ શૈલીમાં હતું. જો કે બાંધણી ખૂબ જીર્ણ થઇ ગઇ હતી. ફર્શના પથ્થર પણ તૂટેલાફૂટેલા હતા. ઉપર અગાશીમાં જઇને મંડળીએ ગિરનાર-દર્શન કર્યું, જૂનાગઢ-દર્શન પણ કર્યું. ઊભાં ઊભાં એ જ મુદ્દા ઉઠયા કે, ''આ રીતે માત્ર સ્થળ ઉપરના ગાઇડ જ નહિ; શાળા-શિક્ષકો પણ આવી આડેધડ માહિતી આપે છે. કુલ મળીને ઇતિહાસ શિક્ષણ સાલવારી ગોખવામાં, ખાલી જગ્યાઓ પૂરવામાં અને જોડકું ગોઠવવામાં જ પૂરું થઇ જાય છે.''

શેખરની તીખી કોમેન્ટ્સ ઉપર રચનાએ કહ્યું કે, ''આ રીતે દંતકથાઓ, મૌખિક ઇતિહાસ જો લેખિત ઇતિહાસને આટલો બધો અવગણે-નકારે તો ભાવી પેઢી પાસે આવો દંતકથામય અને કોમી પૂર્વાગ્રહવાળો ઇતિહાસ જ જવાનો ને?!'' ''અરે, વહાં પાટિયે પે ઠીકઠાક માહિતી દિયેલી હે, ફિર ભી ઐસા ઝૂઠ? પઢનેકી તકલીફ તો લો ભઇ!'' ''આ ગાઇડો કેવી રીતે તૈયાર થતા હશે? પરીક્ષા કે કંઇ ખરું?'' બાદલના પ્રશ્નને શેખરે ઉડાવ્યો- ''કેમ? તારે ગાઇડ થવું છે કે શું?''

''થાય તો સારું ને, આપણો આ પ્રવાસ સાર્થક બને.'' સૌ નીચે ઉતર્યાં અને આગળ ચાલ્યાં.

આગલા અવશેષ માટે અલગથી ટિકિટ લેવાની હતી.લોજીક ન મળ્યું! ઉપર એ બૌદ્ધ ગુફાઓ વિશે માહિતી હતી અને ક્રમશઃ જે નવાં સંશોધન થયાં તેની નોંધ પણ લખી હતી. મૌર્યકાળથી આ વિસ્તાર ઉપર બૌદ્ધધર્મનો ઠીકઠીક પ્રભાવ હતો. આખા સૌરાષ્ટ્રમાં બૌદ્ધ વિહારો, ચૈત્યો(પ્રાર્થનાગૃહો), પાઠશાળાઓ... વગેરેનાં ખંડેરો મળી આવ્યાં છે. આ બહુ જૂનું ને જાણીતું સ્થળ છે. સૌ નીચે ઊતર્યાં.ઇ.સ.100 ની આસપાસની આ ગુફાઓમાં સાદા ગોળાકાર લહેરિયા ભાતવાળા મોટા સ્તંભો છે.ખડક કોતરીને બનાવેલા અખંડ ધ્યાનગૃહ હશે.ખડકને કોરીને કરેલી પાટલીઓ, વચ્ચે વચ્ચે બારસાખ ઉપર યુગલમૂર્તિઓ છે અને નર્તકીઓ કોરેલા થાંભલા છે. સાધનાખંડ તરીકે આ ખંડ વપરાતો હશે એવી ધારણા ઉપર છેલ્લા દાયકાથી એક નવું અનુમાન કરવામાં આવે છે કે આ નૃત્ય કે નાટ્યગૃહ હશે અને પેલી પાટલીઓ ઉપર દર્શકો બેસતા હશે. ત્યાંથી ઉપર ચડીને પાછળના ગુફાગૃહમાં ગયા તો કુંડ જેવા સ્નાનાગારો મળ્યા જેમાંથી નીકો કાઢવામાં આવી હતી. મિત્રોને લોથલ યાદ આવી ગયું! નૃત્ય-નાટ્યગૃહવાળી ધારણાને કારણે નવા સંશોધકો હવે આને ધ્યાનગૃહ નહિ પણ તે સમયના શાસકો / રાજાઓનો નિવાસ માને છે- મનાવે છે.બબ્બે હજાર વર્ષ જૂના આ સ્થાપત્યને જોતાં બૌદ્ધધર્મ અને સૌરાષ્ટ્રના સંબંધો વિશે ઘણું વિચારી શકાય. ઇ.પૂ.319માં મગધમાં મૌર્યશાસન થયું. ચંદ્રગુપ્ત મૌર્યે





સૌરાષ્ટ્રને- જે તે સમયે 'સુરાષ્ટ્ર' કહેવાતું - સર કર્યું અને ગિરિનગર વિકસાવ્યું.પ્રજા માટે ચંદ્રગુપ્તનો પૌત્ર અશોક ચક્રવર્તી થયો પણ પોતાના સૈન્યે કલિંગમાં કરેલા ભયાનક હત્યાકાંડથી એનું પોતાનું મન વિચલિત થઇ ગયું અને હિંસા તજી-અહિંસક બન્યો. બૌદ્ધધર્મનો અનુયાયી બનીને પ્રેમાળ પ્રજાવત્સલ રાજા બન્યો, એની સાબિતી આપતો શિલાલેખ આ જ ગિરનગરની એક તળેટીમાં કોરાવ્યો. અનેક વિહારો-ચૈત્યો-પાઠશાળાઓ બંધાવ્યા. બૌદ્ધધર્મને ભારતમાં જ નહિ, શ્રીલંકા-કમ્બોડિયા વગેરે દેશોમાં ફેલાવવામાં મોટો ફાળો આપ્યો. એ અશોકનું સ્મરણ કરતાં મિત્રો ગુફામાંથી બહાર આવ્યા.

બાજુમાં હતી 'અડીચડી વાવ.' ''અલ્યા આ તો પેલી કહેવતવાળી વાવ ને...'' ''અડીચડી વાવ ને નવઘણ કૂવો; ના જોયું તે જીવતો મૂવો,'' વંદના બોલી. ''ચાલો, આપણે તો જીવી ગયા'' - બાદલે કહ્યું ને નીચે જોયું તો વાવ ખૂબ ઊંડી અને સીધા ઉતરાણ-ચઢાણવાળી હતી. સાવ સાદી દીવાલો અને માત્ર એક જ વળાંકે આવેલો કૂવો! 180 જેટલાં પગથિયાંની આસપાસ ક્યાંય કશી કોતરણી કે ભાત ન મળે! ફક્ત જળસંગ્રહ પૂરતી જ જાણે વાવ બનાવી હતી! વાવને ચૂડાસમા રાજાઓ સાથે જોડવામાં આવે છે પણ રચનાએ મંડળી આગળ પોતાનું આગવું અનુમાન રજૂ કર્યુંઃ ''અનેક વાર આ વાવ જોયા પછી અને બીજી વિવિધ શૈલીની વાવો સાથે આની સરખામણી કર્યા પછી તમારા જેવા મિત્રો સાથે શેર કરું છું કે આ વાવ ચુડાસમાઓએ બંધાવેલી નહિ પણ બૌદ્ધકાલીન હોવાની શક્યતા છે. પાસેની પેલી ગુફાના જળાશયો સુધી પાણી પહોંચાડવાના સોર્સ (સ્રોત) રૂપે ખોદાઇ હશે.બાકી તો વાવો ખૂબ સુશોભિત અને દેવ મૂર્તિઓથી ભરપૂર જોઇ છે. આમાં રજપૂત રાજાઓને શ્રેય આપવા જેવું નથી લાગતું!''

મંડળી વિચારમાં પડી અને પરિણામે સુંદર-સુશોભિત વાવો જોવા માટે ઉત્સુક પણ બની.ત્યાંથી આગળ ચાલ્યાં ને આવ્યો 'નવઘણ કૂવો'. ''આને વિશે પણ મારું અલગ અનુમાન છે. નવઘણ રાજા તો આ કૂવાની શૈલી છે તેનાં કરતાં

ઘણો વહેલો થઇ ગયો. આ શૈલી તો મહેમદાવાદના ભમ્મરિયા કૂવાને આબેહૂબ મળતી આવે છે... જે મોહમ્મદ બેગડાએ બંધાવ્યો છે એ લેખિત ઇતિહાસ છે. જો કે આ વાત વિશે વિદ્વાનોનો અભિપ્રાય આવવાની રાહ જોઇએ; ચાલો નીચે જઇને જોઇએ.''

મંડળી કાળમીંઢ ખડકોમાંથી કોરેલો જબ્બર કૂવો જોવા ઊતરી તો તાજ્જુબ થઇ ગઇ. ચોરસ બેઠકગૃહ, વળી અર્ધવર્તુળાકાર કૂવો- ફરી બેઠક, ફરી કૂવો... ને ઉપર જબ્બર થાળો ને ગરગડી માટેના મોટા પથ્થર. ખૂબ કદાવર અને સુશોભન વિહોણું સ્થાપત્ય એનું પુરાતનપણું દર્શાવતું હતું પણ પ્રજાની ઉપયોગિતા પણ!



**નવઘણ કૂવો**

ત્યાંથી અનાજના કોઠારના અવશેષ જોયા. ગુપ્તવંશના રાજાઓના પ્રતિનિધિ પુષ્યમિત્રે આ ઊંડા ભોંયરા જેવો ચોરસ અન્ન ભંડાર ખોદાવીને રાજા પ્રજાકલ્યાણના કેવાં પગલાં લઇ શકે એનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સુરાષ્ટ્ર કહેવાતા આ મુલકમાં અનાવૃષ્ટિ, દુકાળ, અન્નની અછત વગેરે આપત્તિઓ ઉપરાંત યુદ્ધ દરમ્યાન પણ અનાજ સંગ્રહી રાખવું પડે તે માટેના આ કોઠાર જોઇને મંડળી





ખુશ! રચનાએ પ્રજાકલ્યાણની જવાબદારી મધ્યકાળ દરમ્યાન શાસકોની હતી, પછી અર્વાચીનકાળમાં ધનિકો-શેઠિયા-મહાજનોએ તે ઉપાડી લીધી. પાછી અંગ્રેજોના જમાનામાં શાસકો-ધનિકોના સહિયારા પ્રયાસથી 'સિવિક ફેસિલીટી 'મ્યુનિસિપાલિટી' જેવા નામે આગળ વધી. પણ ગુજરાતમાં તો સદીઓથી મહાજનો- શેઠિયાઓએ આવાં પ્રજાકલ્યાણનાં કામો કર્યા છે અને 18મી સદીથી સ્વામીનારાયણ સંપ્રદાય જેવા ધર્મસંઘોએ એમાં સક્રિય ભાગ લીધો છે. આજે ધર્મગુરૂઓ અને ધનિકો દ્વારા સદાવ્રતો, ધર્મશાળાઓ, જળાશયો, ચબૂતરા વગેરે ચાલે છે જે ગુજરાતની સંસ્કૃતિનું જગજાહેર લક્ષણ બની ગયું છે.

''પણ આ ઉપરકોટના કૂવા, વાવ, કોઠાર કદાચ બે-અઢી હજાર વર્ષ પહેલાંનાં પ્રજાકલ્યાણનાં પ્રયાસો હતા જેની પાછળ બૌદ્ધધર્મનું કરૂણા, જીવદયાનું તત્વજ્ઞાન અચૂક કામ કરી ગયું છે એમા ના નહિ.'' રચનાએ પૂરું કર્યું. કોઠારથી આગળ જતાં બે મોટાં બાંધેલાં તળાવ જોવા મળ્યાં; જેમાં એકમાંથી બીજામાં પાણી પહોંચાડીને પાઇપો દ્વારા નીચે- શહેરમાં પહોંચાડતા.બાંધકામ અંગ્રેજોના જમાનાનું હતું- મતલબ કે 19મી સદીની બાબી સરકારનું જ્યારે અંગ્રેજી સત્તા દ્વારા નિયમન થવા માંડ્યું ત્યારે આવી આધુનિક છતાં પારંપરિક યુક્તિ(ડિવાઇસ) વાળું જળાશય કોઠાસૂઝવાળી જન-સુવિધાના નમૂના જેવું હતું. ત્યાં રજવાડી તોપ, બાબી નવાબ રસૂલખાનનું પૂતળું વગેરે જોઇને મંડળીએ નોંધ્યું કે આ ઉપરકોટમાં છેક અશોકથી અંગ્રેજો સુધીની સફર આપણે કરી. એક જ જગ્યાએ આટઆટલો ઇતિહાસ મળે એક વિશિષ્ટ હકીકત કહેવાય.

આમ ઇતિહાસની ભવ્યતાની છણાવટ કરતાં નીચે ઊતરી રહ્યાં હતાં ત્યાં જ બાજુ પર એક પગથયિાંવાળી અર્ધચંદ્રાકાર બેઠકો અને સામે નાનું ગોળ સ્ટેજ જોયું. '' આ રંગમંચ સરકારે બનાવડાવ્યો, જ્યાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વિડિયો-શો વગેરે રાખી શકાય. થોડો સમય નિયમિત ચાલ્યો હશે; આજે આ હાલત છે!'' હાલતમાં એવું કે કૂતરાં આમતેમ તડકે સૂતાં હતાં. એની વિષ્ટાની ગંધ, ઝાંખરાં, ખરેલાં પાંદડાથી નાનકડો ઉકરડો બની ગયો હતો!

હજી સ્હેજ બહારની બાજુએ આવે છે ત્યાં તો બાજુમાં બાંધેલા તંબુમાંથી હોકારા-પડકારા અને હૈયાફાટ રૂદનના અવાજો સંભળાયા. પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે ‘ગિરનાર-દર્શન-નો વિડિયો શો ચાલે છે. 5-5 રૂપિયાની ટિકિટો લઈને મંડળી જોવા બેઠી. અડધા કલાકે બહાર નીકળ્યાં ત્યારે કપાળ કૂટીને બાદલે બળાપો કાઢ્યોઃ “ઇતિહાસના નામે આવી કથાવારતાનો મેલોડ્રામા જોવાનો?” “એમાં પાછા ચમત્કારોનું મીઠુંમરચું ભભરાવેલું હોય! બાપ રે!…”

“પતા નહિ, પબ્લિક યે સબ કૈસે સ્વીકાર કર લેતી હૈગી” “અરે પબ્લિક તો જૈસે લોલિપોપ કી તરહ યે સબ ચાટતી રહેતી હૈગી!”

“પરવીન, પબ્લિકને આ જ જોઈએ એવું માની-મનાવીને ધંધો કરનારાઓએ જ ઇતિહાસ-વાસ્તવિકતા-લોજીકનું કચુંબર કરી મૂક્યું છે… પેઢીઓની પેઢીઓ આ જ ઝેર પીતી આવી છે ને પીતી રહેશે.” અકળાઈને રચનાએ કહ્યું ત્યારે એક સવાલ એ પણ આવ્યો કે, “પુરાતત્વવિભાગ, પ્રવાસન, સરકાર જેવા સત્તા ધરાવતા વિભાગોએ આવા ખટમીઠા ગપગોળા ઉપર પ્રતિબંધ ન મૂકવો જોઈએ?!”

“તો પછી અહીં આવે કોણ?! આ પ્રવાસનની ટિકિટો ખરીદે કોણ?! અને એમનો ધંધો ચાલે કેમ કરીને?!” શેખરે જાણે ઉપરકોટની મુસાફરીને એની સાઈઝમાં કટ કરી નાખી!

ઉપરકોટથી નીચે ઉતરીને મંડળીએ કનુભાઈને ખિજવ્યા કે તમે ના આવ્યા તે કેટલું જાણવાનું ગુમાવ્યું! ત્યારે કનુભાઈ બોલ્યાં : “ભૈ, હવે તો આ પાંણા ને પગથિયાં ચડીને ધોળાં આયાં. એ ફલાણો રાજો હોય કે ઢીંકણો અમ જેવાનું એણે શું ઉકાળ્યું?! તમતારે જુવો પાણા ને શીખો નવાં નવાં ઊખાણાં! અમે તો થાક્યાં!”

“કનુભાઈ અને એમના જેવાઓ ઇતિહાસની ગતિથી આમ અકળાય નહિ તો બીજું શું? ઇતિહાસ પાસેથી કંઈક શીખીને કોઈએ પણ એમનાં જેવાંઓની





સ્થિતિમાં ફરક આણ્યો?” રચનાનો આ સવાલ ઉપરકોટના પથ્થરોમાં પાછો પડીને વેરાઈ ગયો કદાચ!

મંડળી હવે જૂનાગઢના બાબી શાસકોની સંપત્તિ અને મહત્તાની ઝાંખી કરવા ‘દરબાર હોલ મ્યુઝિયમમાં આવી હતી. દિવાનચોક વિસ્તાર નવાબી ઠાઠવાળો દેખાતો હતો.અંગ્રેજી ‘ડી’ના આકારમાં નવાબનો મહેલ, ફરાસખાનું વગેરેની વિશાળ અને સુંદર ઈમારતો ગોઠવાયેલી હતી. આમ સરિયામ રસ્તો હતો પણ ’70 વર્ષ પહેલાં તો આ ‘ડી’ જૂનાગઢનો ‘પોશ’ વિસ્તાર હશે.

મ્યુઝિયમ પણ મહેલના એક ભાગમાં જ ગોઠવાયેલું છે.કેન્દ્ર-રાજ્ય સંચાલિત દરબાર હોલ દેખાયો. ત્યાં ચાલીસેક ચાંદીની ખુરશીઓ, ચાંદીના પાયાવાળાં કાચનાં મેજ, વિદેશી અરીસા, ભીંતે લટકતી જબરી ઢાલો ને ચાંદીની તલવારો… ને બરોબર મધ્યમાં કિનખાબી છત્રીને ધારણ કરતી ખુરશીની ગાદીઓ, મેજપોશ અને છત્રી ઉપર અદ્ભૂત જરદોઝીકામ (સોના-ચાંદીના તારથી કરેલું ભરતકામ).. આખો ખંડ ઝગમગતો હતો. દીવાલ ઉપર વિલાયતી હાંડી-ઝુમ્મરનો વીજળીક પ્રકાશ પણ એમાં ઉમેરો કરતો હતો.આશ્ચર્યચકિત મંડળીએ આવા રાજદરબાર વિશે વાંચ્યું હશે - ફિલ્મોમાં જોયું હશે પણ નજર સામે આ ઠાઠ જોઈને સૌ મિશ્રભાવો અનુભવી રહ્યાં હતાં. પરવીન બોલી પડીઃ “હાયલ્લા! લગતા હૈ કે અભી અભી ચ કોઈ મીટીંગ પૂરી કરકે ખડે હોકે ગયેલે હૈંગે!”

“બિલકુલ સાચું. એવું જ બન્યું હતું! 1947માં આરઝી હૂકમત અને ભારત સરકારની આર્મીથી ડરીને, છેલ્લા નવાબ મહોબતખાન આમ જ, જૂનાગઢ છોડીને, રાતોરાત લગભગ પહેર્યાં કપડે પાકિસ્તાન ભાગી ગયા હતા.” રચનાએ કહ્યું. “એમને જ પાકિસ્તાનમાં ભળવું હતું ને… ભળી ગયા!” શેખર ઉવાચ.

લાંબી પરસાળમાં નવાબોનાં રાજ્યચિહ્ન, અંગત વપરાશની વસ્તુઓ-અત્તરની શીશીઓ, પાનદાન, પ્રમાણપત્રો, સરસ ડબ્બા-ડબ્બી-ઘડિયાળો વગેરે હતાં; જે

મોટેભાગે વિદેશી પણ હતું. સોનું-ચાંદી ઉપરાંત હીરા-ઝવેરાત-મોતીની કારીગરી પણ એની કિંમતમાં વધારો કરતી હતી.

અમુક રીતે ઐતિહાસિક સંદર્ભો સાથે જોડાયેલું આ સંગ્રહાલય આમ તો 'પ્રાઈવેટ મ્યુઝિયમ' જ કહેવાય. ફક્ત બાબી વંશના નવાબોની વંશાવલિ, દરેક નવાબનાં મોટાં મોટાં તૈલચિત્રો (ઓઈલ પેન્ટથી બનાવેલી તસવીરો), એમનાં કિંમતી કપડાં, શસ્ત્રો- જેમાં બેનાળી બંદૂકો, તમંચા, પિસ્ટલ, છરાવાળી બંદૂકોય ખરી, વળી એના હાથા-મ્યાન-મૂઠ વગેરે ઉપર સોનેરી-રૂપેરી-હીરા-ઝવેરાતનું જડતરકામ હતું. બાબીના પઠાણ અને હિંદુ સૈનિકોનાં પૂતળાં, બખ્તરોના નમૂના હતા. એક વિભાગમાં ચાંદીની પાલખીઓ, હાથીના હોદ્દા, ગાડાંના મ્યાના, અંબાડીઓ રાખ્યાં હતાં. આ સઘળી ગુજરાતની વિશેષ કારીગરી કહેવાય. ટૂંકમાં ખૂબ જ આકર્ષક હસ્તકલા, કિંમતી ધાતુકલા, બેશકિમતી કાપડકલાના અદ્‌ભૂત નમૂનાઓનો સંગ્રહ જોઈને મંડળીમાંથી અભિપ્રાયો આવા લાગ્યા " "ભઇ, ઇન નવાબોં કે પાસ ધનદૌલત તો ભરપૂર થી ઔર શૌક ભી ઉમદા રખતે થે પર સારા ઠાઠમાઠ કિસ કે કંધો પર?!" હમિદે સૌથી પહેલાં કહ્યું.

"અરે, પેલા મોટા ફોટામાં નવાબના પગ પાસે કૂતરાં ઊભાં'તાં એમનાં ગળામાં પણ હીરામોતીના હાર હતા! આ તે કેવી ઐયાશી?!" ધીરજે મોં મચકોડીને કહ્યું. "અરે એ કૂતરાંના જન્મદિવસ અને લગ્નસમારંભો ઉજવાતા જેમાં ગામ આખાને ભાગ લેવો પડતો!" રચનાએ લેખિત માહિતીનો હવાલો આપ્યો ત્યારે વિલ્સને કહ્યું- "કોના બાપની દિવાળી!"

"સામંતીયુગે ખૂબ જ કલાત્મકતાના ઓઠા નીચે ગરીબોનું લોહી પીધું હશે!" શેખરે જરાક વલોપાતથી કહ્યું અને બહાર નીકળીને આદત મુજબ તેણે કાઉન્ટર ઉપર પેમ્ફ્લેટ-બુકલેટ્ વિશે પૂછપરછ કરી તો લોથલ જેવો જ જવાબ મળ્યોઃ "મટિરિયલ ખલાસ છે, નવું છપાય છે!" પતી ગયું?!

નીચે ઉતરતાં બાદલે તીખાશથી કહ્યું- "ટિકિટોની આવક તો મહિને દહાડે લાખોની થતી હશે... ધંધાની હા પણ માહિતીની- અભ્યાસ સામગ્રીની ના!





બહેન, આવા મ્યુઝિયમો તો ધોળા હાથી જેવા; જોઇને કપડાં ખંખેરીને હાલતા થવાનું?!"

"હું તો આવા ભયાનક વિરોધાભાસો જોઉં -ગરીબી, અમીરી વચ્ચે આવા ઊંચા પર્વત ઊંડી ખીણ જેવા સંબંધ જોઇને એક વાતે મન મનાવું છું - ગમે તેમ તોય આ બધી કલાકારીગરી માણસોના હાથથી સરજાઇ છે - અદનાં કહેવાતાં સ્ત્રીપુરુષોએ આ સૌન્દર્યના ખજાના સરજયા છે... એ મહેનતકશ હાથોને સલામ!"

દિવાન ચોકથી ચાલવા માંડ્યું તો સામે કન્યાશાળા, સિવિલ હોસ્પિટલનાં જબ્બરજસ્ત કમ્પાઉન્ડથી ઘેરાયલાં મકાનો જોયાં. ઘાટઘૂટ ઇસ્લામી-નવાબી. ખુલ્લાં અને ઊંચી છતવાળા. બહારના કોટ આગળ ઊભાં રહીને બે ઘડી નિહાળ્યાં.. વંદનાએ શરૂ કર્યુંઃ બહેન, મ્યુઝિયમમાં એક ફોટો જોયો હતો એમાં વિગતો પણ લખી હતી કે અમુક કોલેજનું શિલારોપણ કરવા અંગ્રેજ સાહેબની પધરામણી થઈ હતી; પાસે પેલા નવાબ અને પાઘડીવાળા શેઠિયા વગેરે પણ ઊભાં હતા. આ બંને મકાનો પણ સાર્વજનિક સગવડનાં જ કહેવાય ને? નવાબો કંઇ ખાલી મોજમઝા નહિ કરતા હોય?" એના અવાજમાં થોડો 'બચાવ-પક્ષ' સંભળાતો હતો. "એ બહાઉદ્દીન કોલેજના શિલારોપણનો ફોટો છે. પાઘડીવાળા શેઠિયા નહિ, દિવાન હતા જેમને અંગ્રેજ સરકારે નીમ્યા હતા. 19મી સદીના નવાબો અંગ્રેજોના ખાલસા જેવા લગભગ થઇ ગયા હતા પણ એમના કારણે જૂનાગઢમાં નવા આચાર-વિચાર આવ્યા. શિક્ષણ-આરોગ્ય-જનસુવિધા માટેની સંસ્થાઓ, સરકારી વિભાગો શરૂ થયા, જેમાં રસૂલખાન નવાબે રસ લઇને સક્રિયતા બતાડી. આ શાળા-કોલેજ-હોસ્પિટલ-કોર્ટ વગેરે એ સમય દરમ્યાન જ શરૂ થયાં હતાં." "એમ કહો ને બહેન કે અંગ્રેજોએ દખલ કરી ત્યારે 'સુધારો' આવ્યો; નહિ તો આ જૂનાગઢ 'જૂનો ગઢ' જ રહી જાત!" વિલ્સને કહ્યું ને સૌ આગળ ચાલ્યાં.

હવે પેલી બે સુંદર-નવતર ઇમારતો આવી ગઇ; જેણે જૂનાગઢમાં પ્રવેશતાં જ મંડળીનું સ્વાગત કર્યું હતું. (નવાબ મહોબતખાન-1) અને એમના દિવાન

બહાઉદ્દીનના એ મકબરા છે. 18મી સદીમાં બંધાયેલા મકબરાની શૈલી યુરોપિયન અને ઈસ્લામી સ્થાપત્યના મિશ્રણસમી છે. યુરોપમાં- ખાસ તો સ્પેનમાં આવી ઈમારતો જોવા મળે કેમ કે ધર્મયુદ્ધમાં જીત્યા પછી આરબોએ સ્પેન ઉપર લાંબો સમય રાજ કરેલું- આને બાયઝેન્ટીન શૈલી કહે છે. ખૂબ ઝીણવટવાળી ફૂલવેલની કોતરણી- જેનાં ફૂલ પણ 'વિલાયતી' લાગે, ચર્ચ જેવી બારી-દરવાજાની કમાનો અને આસપાસના મિનારા ઘુમાવદાર. ખીચોખીચ સુશોભનોથી ભરેલી ઈમારતોના ગુંબજ ઈસ્લામી; જેનાથી કદાચ આને યુરોપિયન સ્થાપત્યથી અલગ પાડી શકાય. પેલા નવાબનો મકબરો મોટો, અષ્ટકોણ આકૃતિનો અને દિવાનનો સાધારણ - ચોરસ લાગે તેવો! દરજ્જા પ્રમાણે કદ બનાવ્યાં છે. એક રસપ્રદ હકીકત એ છે કે ઈમારતના દરવાજે મૂકેલા પાટિયામાં એને બાંધવાનો ખર્ચ આના-પાઈના હિસાબ સાથે જાહેરમાં મૂકવામાં આવ્યો છે. રચનાએ આટલી માહિતી આપી એટલે મંડળીએ જઈને ફરી ફરીને બંને ઈમારત જોઈ, મિનારે ચડ્યા-ઉતર્યા અને



**દિવાન સાહેબનો મકબરો**







**મહોબતખાનના મકબરાની કમાન**

વખાણ કરતાં થાક્યાં ત્યારે ઈમારતો આગળ જાતજાતના 'પોઝ' સાથે ફોટા પાડ્યા ને પડાવ્યા. ગઈ સાંજે અહીં યોજેલી રંગબેરંગી રોશની યાદ કરતાં કરતાં આગળ વધ્યાં.

## ધર્મસમન્વયને સલામ... દાતાર પીરને સલામ

"કાલે સવારે પર્વત ચડીને અનેક ધામ જોઈશું પણ અહીં તળેટીમાં આવેલી દાતાર પીરની દરગાહ જોયા વગર જૂનાગઢની આપણી મુલાકાત અધૂરી. આમ તો દાતારનો મોટો ચિલ્લો (દર્શન કરવાની જગ્યા) ડુંગર ઉપર છે પણ નાનો ચિલ્લો જરાક નીચે છે. અત્યારે સાંજ પડતાં પહેલાં ત્યાં જઈ આવીશું." તળેટીમાં 'નરસિંહ મહેતા' ચોકથી જમણી બાજુએ વળતાં જરાક નવી જણાતી, જિર્ણોદ્ધાર કરેલી, લીલા-સફેદ રંગે રંગેલી, ટાઈલ્સથી ચકચકતી દરગાહ આવી. અહીં માત્ર મુસ્લિમો જ જોવા ન મળ્યા; સ્થાનિક શ્રમિક સમુદાયના લોકો, દલિત બહેનો અને રાજસ્થાનથી આવેલા શ્રદ્ધાળુઓની પણ

ભીડ હતી. દીવાબત્તી કરતી સ્ત્રીઓ નારિયેળ-ચુંદડી પણ ચડાવતી હતી. પરવિન અને યાસ્મિન પણ માથે દુપટ્ટા નાંખીને માથું નમાવી આવ્યાં. સૌ ભાઈઓ માથે રૂમાલ રાખીને શાંતિથી બાજુમાં હાથ જોડીને ઊભા રહ્યા એટલે ત્યાંના વયોવૃદ્ધ મુજાવર (દરગાહની દેખરેખ રાખનાર) નજીક આવ્યા. દુવાસલામ કરી, 'ક્યાંથી આવ્યા'- પૂછયું. પછી એક બાજુએ લઈ જઇને શરૂ કર્યું - "આ દાતાર પીર જૂનાગઢના ઔલિયા છે જે હિંદુ-મુસલમાનોમાં એક સરખા પૂજાય છે. બાલબચ્ચાં વિનાની બાઇઓની બાધા ફળે છે. ગરીબગુરબાંની મન્નત ફળે છે. મૂળમાં દાતાર પીરનો મોટો ચિલ્લો ઉપલી તરફ છે. અહીંથી આખા રસ્તે પીર-ઔલિયાઓની દરગાહો છે. ગિરનાર જેમ હિંદુ દેવતા-શ્રાવક તીર્થંકરોનો; એમ દાતાર પીરનો પણ એટલો જ ઇલમી!"

પછી તેમણે દાતાર પીરના જન્મની, ચમત્કારોની અને જન્મજન્માંતરની જે કથા કહી સંભળાવી એમાંથી તારવવા જેવું એટલું કે કૃષ્ણે કાળયવનને હણ્યો હતો, તે કાળયવન જ પુનર્જન્મ લઈને દાતાર જમિયલશા બાવા થઈને જન્મ્યો. કૃષ્ણે કાળયવનને મારેલો તેથી એમને પાપ લાગ્યું હતું જેને ફેડવા તેમણે જે ગુફામાં બાર વરસ તપ કર્યું તે જ પેલી દાતારની ગુફા- મોટા ચિલ્લાવાળી." સરવાળે હિન્દુ-મુસ્લિમ એકતા સ્થાપવા ને ટકાવવા આ ચમત્કાર કથાના તાણાવાણા ગૂંથાયા છે એ રસપ્રદ છે. આવી ભેળસેળથી કોઇની 'લાગણી દૂભાતી નથી' એ વળી વધારે રસપ્રદ છે. ઉલટું સાંપ્રદાયિકતાના તાતા તડકામાં આવી ઘેલી શ્રદ્ધા ક્યારેક મીઠો છાંયડો પૂરો પાડે છે. પુરોહિતો કે મૌલવીઓની પહોંચની બહાર ગરીબોના અને ગરીબો દ્વારા ટકાવી રાખેલાં આવાં આસ્થાધામો આમ તો આપણને પ્રગતિ કરતાં રોકે જ છે પણ શ્રમિકો વચ્ચેની એકતા પણ આવી દરગાહોથી જ જળવાઇ છે એ મુદ્દો પેલી ગાંધીજીની ટાંકણીની જેમ આપણે જાળવી રાખવા જેવો!" રચનાએ પૂરું કર્યું પણ શેખરથી રહેવાયું નહિ- "ભલે, આવી શ્રદ્ધાથી એકતા ટકી રહેલી જણાય પણ એને કારણે જ ગરીબો-શ્રમિકો પોતાની શોષિત સ્થિતિમાંથી છૂટવા જાતે તો કશો પ્રયાસ જ નથી કરતા ને? જે છે તે અલ્લાની મરજી અને સુધારવું એ પણ અલ્લાની મરજી!"





બધા વિચારમાં પડી ગયા. મુંજાવર સાહેબ ખાસ કશું સમજયા નહિ. ત્યાં જ પણે, ગિરનારની ઊંચી ટૂંકે સાંજની આરતીના ઘંટનાદ ગૂંજતા થયા. પળવારમાં આખો ડુંગર ઘંટા-ઝાલર-શંખના નાદથી ગૂંજી ઉઠ્યો. મુંજાવરે અંદર જઈને માથું ટેકવ્યું, ઉઠીને ધૂપ તાજો કર્યો અને આખા ખંડમાં ખુશબુ વારતા ગયા (હાથથી ફેલાવવું). ત્યાં ઊભેલાં સૌ કોઇ આંખ મીંચી, હાથ ફેલાવી, જરાક ઝૂકીને દુવા માંગતા રહ્યા. ગિરનાર પર્વત આખેઆખો સંધ્યા-આરતીના ધ્વનિ-પ્રકાશનાં પૂરમાં ડૂબી ગયો.

રાતની ફીડબેક મીટીંગમાં મીનાએ સવાલ વહેતો મૂક્યો- 'બહેન, આ બે દિવસમાં કેટલી બધી વાર જોયું- અનુભવ્યું કે હિંદુ-મુસલમાન લોકો અહીં શાંતિથી રહે છે, એકબીજાનાં ધર્મ-શ્રદ્ધાને માન આપે છે, કલા-કારીગીરી-ધંધો-વેપાર પણ વર્ષોથી હળીમળીને કારતા આવ્યાં છે... છતાં પેલા નવાબને જૂનાગઢને પાકિસ્તાનમાં ભેળવવાનું મન કેમ થયું હશે?"

"મીના, ભાવનાઓ, વાસ્તવિકતા અને રાજકીય સમીકરણો ઘણીવાર અલગ અલગ સ્તરે(લેવલ) ચાલતાં હોય છે. એટલું જ નહિ, એમાં પણ ઊતારચઢાવ આવતાં હોય છે. ગઈકાલે જે હતું એનાં કરતાં આજે જૂદું પણ હોઇ શકે. વળી એવું પણ નહોતું કે હમેંશા બધું સમુસૂતરું હતું. જે નવાબે પાકિસ્તાનમાં ભળવાની માંગણી કરી એ સાવ ભલાભોળા, અલગારી, ઓછાબોલા અને જરાક દાધારંગા પણ કહેવાતા હતા. નજીકનો ઇતિહાસ છે - ખૂબ લખાયું છે એના વિશે. શક્ય છે કે એમના દિવાન ઝુલ્ફીકાર ભુટ્ટો- જે પેલાં બેનઝિર ભુટ્ટોના પિતા હતા ને પાછળથી પોતે પાકિસ્તાનના વડાપ્રધાન પણ થયા- તેમની અંગત મહત્વકાંક્ષાઓએ ઊભી કરેલી હવામાં નવાબ વહી ગયા હોય. કૌટુંબિક ખટપટો પણ ઘણી ચાલી રહી હતી. પાકિસ્તાન થશે તો જાણે સ્વર્ગ ધરતી ઉપર આવી જશે એવી હિંદના મુસ્લિમોની ધારણા હતી. ઝીણા જેવા મુત્સદ્દી પણ જ્યારે એ સ્વર્ગની લાલસામાં ઘસડાયા એ શું બતાવે છે? ઘણા કહે છે કે અંગ્રેજો પેલી બે બિલાડી અને વાંદરાની વાર્તાવાળી વાંદરાના પાત્રની ભૂમિકા ભજવી ગયા. પણ હું કહું છું કે બિલાડીઓ લડી તો પડી જ હતી!"

"એવું કેમ બહેન?"

"ધર્મ' - હું માનું છું કે ધર્મે- કોઈપણ ધર્મે હળીમળીને રહેતાં નથી શીખાવ્યું. આગવાપણું, અભિમાન અને 'તારું નઠારું -મારું સારું'ની ભાવના શીખવી છે. માણસજાત અલગ થઈ છે ધર્મની કહેવાતી વિવિધાથી, પણ ભેગી રહી છે બીજાં પરિબળોને કારણે... માણસાઈ, દુન્યવી દુઃખો, વહેવારૂ તકલીફો અને આર્થિક અભાવો માણસને એક તાંતણે બાંધી રાખે- પેલું કહ્યું છે ને, દર્દ કા રિશ્તા જ્યાદા મજબૂત હોતા હૈ. ખેર મીના! હજી તો આપણે શહેર જોયું છે, ઈતિહાસથી જૂની વાતો જાણી છે. વર્તમાન જોવાની તક આવતી કાલે તમને મળવાની છે, ત્યાર પછી વધારે પ્રશ્નો થશે- આપણે વધારે છણાવટ કરીશું" બધાં સંમતિસૂચક મૌનમાં સરી પડ્યાં. "બહેન, પેલી આરઝી હકૂમતનું શું કહેતા હતાં?" ધીરજે યાદ દેવડાવ્યું. "કંઈક અંશે આને' નાગરિક પહેલ' (સિટિઝન્સ્ ઈનિશિયેટિવ) કહી શકાય. એમ માનવામાં આવે છે કે હિંદુઓએ, ભારતીય સૈન્ય (આર્મી)ની મદદથી અને સ્થાનિક નેતાઓ- શામળદાસ ગાંધી, કર્નલ બક્ષી વગેરેની આગેવાની નીચે નવાબ ઉપર સશસ્ત્ર હલ્લો કર્યો અને જૂનાગઢને પાકિસ્તાનમાં મળતું અટકાવ્યું. જો કે પછી જે વાસ્તવિકતા સામે આવી એમાં નવાબ અને થોડા ઘણા મુસ્લિમો સિવાય બહુ ઓછા મુસ્લિમો પાકિસ્તાન ગયા. ઉલ્ટું એમણે તો અહીં રહીને હિંદુસ્તાનના જૂનાગઢને જ બહાલી આપી હતી. છતાં કુતિયાણા, બાંટવા જેવા આજુબાજુનાં શહેરોના મુસ્લિમ ભાયાતો-જાગરીદારોએ સશસ્ત્ર સામનો કરેલો, હિંસાચાર પણ થયેલો અને વિસ્તારનાં હજારેક મુસ્લિમો પાકિસ્તાન જતાં રહેલાં. પણ ત્યાં પણ ત્રણેક દિવસમાં જ આરઝી હકૂમતના તરફદારોએ સ્થિતિ થાળે પાડી દીધી હતી.

"મતલબ કે ભારતીય રાજ્ય સ્થપાઈ શક્યું હતું."

"આ તો બહુ અનોખી (યુનિક) ઘટના કહેવાય! પણ તમે કહ્યું તેમ જો આ હિંદુ નાગરિકોએ કરેલો હલ્લો હોય તો એમના મનમાં પણ દેશને હિંદુ રાષ્ટ્ર બનાવવાની ઝંખના ખરી કે નહિ! - સોમનાથની સ્થાપનાની જેમ?" શેખરે





પૂછ્યું. "જુવાળ એવો હતો તો ખરો પણ શાણા જૂનાગઢીઓએ બાજી સંભાળી લીધી હતી. સામે પક્ષે તારી એ વાત તદ્દન સાચી કે સોમનાથની સ્થાપનાથી ઊંડેઊંડે આ દેશ ઉપર હિંદુ વર્ચસ્વ રહે એવી મહત્વાકાંક્ષા હતી ખરી."

"પણ આરઝી હકૂમત ઐસા શબ્દ ક્યોં યુઝ કિયા હોગા?" હમિદના સવાલમાં શંકા હતી.

"આ નવાબ વગેરે તરત ન માને તો સત્તાપલટો કરીને સ્વાયત્ત સંચાલન કરવાની તૈયારી ખરી! પણ એવો મોકો આવ્યો નહિ, જૂનાગઢ નવેમ્બર '47માં જ ભારતમાં ભળી ગયું. હૈદ્રાબાદે પણ ભારતીય આર્મીની ટેન્કો અને ક. મા. મુનશીની ચતુરાઈ આગળ માથું ઝૂકાવી દીધું હતું. હિંદ આઝાદ બન્યું હતું પણ પેલી અખંડતાની આશા અધૂરી રહી હતી!"

"તભી તો અખંડ ભારતકી ચિલ્લમચિલ્લી મચા રહે હૈં ના યે લોગ?" આમિર.

"કાશ... ખૈર! કાલે ગિરનાર પર્વત જોજો અને જે જુઓ- અનુભવો -વિચારો તેનું શેરિંગ કરજો... પછી જૂનાગઢની જ નહિ; દેશ આખાની ધાર્મિકતા વિશે ચર્ચા કરીશું." રચનાએ કહ્યું. જો કે વંદનાને કંઈક આગળ પૂછવું હતું. તેણે નિખાલસપણે શરૂઆત કરીઃ "જેમ આપણાં કેટલાંક મિત્રોએ મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે કબૂલ કર્યું હતું કે અમે જીવનમાં પહેલી જ વાર મંદિરમાં પ્રવેશ કર્યો છે; એવું જ મારે માટે પણ થયું - જો કે આ તો મસ્જિદનું ખંડેર જોવા મળ્યું; આગળ ઉપર જીવંત મસ્જિદ જોવા મળશેને?" "હાસ્તો! ઉપરકોટની આ મસ્જિદમાં નમાઝ પઢવામાં નથી આવતી એ ખરું પણ એનું સ્થાપત્ય તમે સમજ્યા હો તો યાદ રાખજો; બધે એવી રચના લગભગ હશે. જેમ હિંદુ મંદિરોમાં સભામંડપ-નૃત્યમંડપ-ગર્ભગૃહ-શિખરો-તોરણ વગેરે પારંપરિક સંરચના હોય છે તે જ પ્રમાણે મસ્જિદોમાં પણ મહેરાબ, મિમ્બર, લિવાન વગેરે હોય છે જ. ગુજરાતની મસ્જિદોના સ્થાપત્યની પરંપરા પણ છસ્સો(600) વર્ષ જૂની થઈ છે જેનું સૌન્દર્ય વળી આગવું છે -આગળ ઉપર વાત થશે જ." રચનાએ થોડી માહિતી આપી; એટલામાં તો મીનાએ વળી

મહત્વનો પ્રશ્ન કર્યો- 'બહેન, આપણે તળેટીમાં દાતાર પીરની દરગાહ જોઇ, ઉપરકોટમાં મસ્જિદ જોઇ; બેમાં શું ફરક?''

## ઇસ્લામ - એક સંગઠિત ધર્મ અને પરંપરા સામે - સૂફી વાદ

''મસ્જિદ એટલે નમાઝ પઢવાની, બંદગી કરવાની, પ્રાર્થના કરવાની જગ્યા. જ્યારે પીર-ઔલિયા મતલબ કે સંતના સમાધિસ્થળને દરગાહ કે મઝાર કહે છે. બાદશાહ-નવાબ-વઝીર વગેરે રાજદ્વારી લોકોની કબર ઉપર જે સ્મારક બનાવવામાં આવે છે તે મકબરો કહેવાય છે. અમુક મઝાર કે દરગાહની સાથોસાથ બંદગી / ઇબાદત કરવા મસ્જિદની રચના પણ કરવામાં આવતી હોય છે. આમ તો દરગાહો જે પીર-ઔલિયાની હોય છે તે સૂફીસંતો હતા, જેમણે ઇસ્લામના ચુસ્ત કર્મકાંડનો વિરોધ કરેલો.''

''બહેન, ખરેખર તો ઇસ્લામ વિશે પણ અમારે જાણવું છે - આ ધર્મનો ઇતિહાસ-સ્વરૂપ અને... ''ધીરજની વિનંતીમાં બાદલે પણ ઝંપલાવ્યું: ''હા, હા, આ શિયા ને સુન્ની જેવા વિભાગો કેમ છે? ઇસ્લામનાં ખાસ મૂલ્યો ક્યાં?'' બાકીનાં મિત્રો પણ ભળ્યાં. રચનાને પણ લાગ્યું કે બીજા ધર્મ-સંપ્રદાયો વિશે થોડી ઘણી વાત થઇ છે તે જ રીતે ઇસ્લામ વિશે પણ પ્રાથમિક પરિચય જરૂરી છે. ''ઇસ્લામ એક 'નવો' ધર્મ છે એમ માનવામાં આવે છે- છેક ઇસુની સાતમી સદીમાં હજરત મોહમ્મદ પૈગમ્બરે સ્થાપ્યો અને અરબસ્તાનથી શરૂ થઇને ધીમેધીમે જગત આખાયમાં ફેલાતો ગયો. જો કે ઇસ્લામના પંડિતો માને છે કે આ શાશ્વત ધર્મ છે અને મોહમ્મદ સાહેબ દ્વારા દુનિયા પર ઊતારવામાં આવ્યો છે અને અમુક પંડિતો એને 'દીન'કહે છે જેનો અર્થ છે જીવન પદ્ધતિ-માનવ સંસ્કૃતિ-સભ્યતા.''

''સમજી શકાય તેવું છે. આ પહેલાં પણ આપણે વાત થઇ ગઇ છે કે ધર્મોએ માનવસમાજનું કોઇ ને કોઇ રીતે નિયમન કર્યું છે. પૈગમ્બર સાહેબે પણ એમના સ્થળ-સમયના સમાજને વ્યવસ્થામાં બાંધ્યો હશે.'' શેખરે સાર કાઢ્યો.

હમિદે હામી ભરી- ''સહી કહા, મોહમ્મદ સાહબને જો જો નિયમ-કાનૂન બનાયે વે દરઅસલ રહનસહન હી હૈ, જીસકો કુરાનેશરીફમેં ઔર હદીસ મેં દિયા ગયા હૈ.''





''ઔર ઉનકા ચરિત્ર ભી ઐસા થા જો દૂસરોં કો રાહ દિખા સકે.'' પરવીને મહત્વનો મુદ્દો મૂક્યો.

''મતલબ કે મોહમ્મદ પૈગમ્બર સાહેબ ખરેખર થઇ ગયા- એમ ને?'' મીના - બીજું કોણ?

''હા, ઇ.સ.571માં અરબસ્તાનમાં એમનો જન્મ થયો. ત્યારે યહૂદી ધર્મની, ખ્રિસ્તી ધર્મની એ વિસ્તારોમાં બોલબાલા હતી પણ અરબ લોકો મોટેભાગે વિવિધ કબીલાઓમાં વહેંચાયેલા હતા, મુખ્યત્વે પશુપાલન કરતા હતા અને એમનું જીવન વિચરતી જન જાતિઓ જેવું વેરવિખેર હતું. વળી તેઓ અનેક દેવોમાં આસ્થા ધરાવતા અને એમનાં પૂતળાંયે પૂજતા હતા. મોહમ્મદ સાહેબે ઇશ્વરે બક્ષેલી આસ્થા અને આજ્ઞાઓ આગળ ધરીને અલ્લાહ એક જ છે, નિરાકાર છે અને એની સરખામણી કોઇની સાથે થઇ શકે નહિ.

એ વાત મૂકીને 'ઇસ્લામ' નો પાયો નાખ્યો; અને એના સિદ્ધાંત મુજબ દુનિયાભરમાં ફેલાવવા ગાદી-ખિલાફત અને ગાદીપતિ-ખલિફાની નિમણૂંક કરી.'' ''શિયાપંથ એવા ખલિફાએ જ સ્થાપ્યો ને?'' વિલ્સન. ''હાં, હઝરત ઉમર ઔર હઝરત અલીને કુછ નિયમોકો ખારિજ કિયા- (અમાન્ય) ઔર નયા ફાંટા નીકલા.'' હમિદ. ''સુન્ની એટલે પારંપરિક-મૂળ. એમાંથી ફાંટો પડ્યો તે શિયા. વહોરાઓ શિયા હોય. મોહરમ-તાજિયા એ શિયાઓના ધાર્મિક નેતાઓની શહાદતનો તહેવાર.'' રચના.

''આપણા પ્રવાસ પૂરતી જ નહિ પણ એક સર્વસાધારણ(જનરલ) માહિતી યાદ રાખવી જોઇએ કે ગમે તે પંથમાં વિભાજિત થયો હોય પણ ઇસ્લામ સર્વાનુમતે એકેશ્વરવાદી ધર્મ છે. મતલબ કે અલ્લાહ એક છે, નિરાકાર છે. એનાં મૂર્તિ, ચિત્ર, ફોટોગ્રાફ ના હોઇ શકે. પ્રતીક પણ નહિ. ફક્ત કાબાની પવિત્ર મસ્જિદ જે મક્કા-અરબસ્તાનમાં છે તેના ચિત્ર / ફોટા સિવાય કોઇ ધાર્મિક સ્થૂળ નિશાની રાખવાની-પૂજવાની મનાઇ છે. અલ્લાહ ફક્ત સર્વશક્તિમાન સર્જનહાર છે જેણે પૃથ્વી ઉપર પશુ-પંખી-માનવ-વનસ્પતિનું સર્જન કર્યું છે; એની નકલ કરવાનો પ્રયાસ ગુનો છે- પાપ છે. તમને મસ્જિદ કે દરગાહમાં

દીવાલો-થાંભલા-કમાન-ઝરૂખામાં ક્યાંય હાથી, ઘોડા, મોર વગેરે સજીવોનાં શિલ્પો જોવા નહિ મળે; અપ્સરા વગેરે તો ના જ હોય પણ જીવસૃષ્ટિનું માણસના હાથે સર્જન થવાની મનાઇ છે. ખાસ તો જોવાલાયક જગ્યાઓ જુઓ ત્યારે આ મુદ્દાને ધ્યાનમાં રાખવો પડે. કલાત્મક અભિવ્યક્તિ, શિલ્પ-સ્થાપત્યની પ્રતીક-રચનાની પાછળ પણ ધર્મનું તત્વજ્ઞાન મુખ્ય ચાલલબળ છે, એને સમજવું પડે.''

''આપણે, પાલિતાણામાં ઇંગારશા પીરની અને જૂનાગઢમાં દાતારની દરગાહો જોઇ એમાં પણ એમના ફોટા કે ચિત્ર વગેરે કંઇ ન હતું. એ હિસાબે દરગાહોમાં મૂળે તો ઇસ્લામના સિદ્ધાંતોને જ માન આપવામાં આવે છે, ખરું ને?'' શેખરના પ્રશ્નમાં જ જવાબ હતો.

''બરાબર નિરીક્ષણ છે તારું. સૂફીઓએ ઇસ્લામના ચૂસ્ત કર્મકાંડનો વિરોધ કર્યો; મૂળ તત્વજ્ઞાનને કદાચ આગળ વધાર્યું. જેમ કે અલ્લાહ એક છે- નિરાકાર છે પણ સૂફીઓ માટે એ પર્દામાં છૂપાયેલી સુંદર પ્રેમિકા સમો છે; જેને પામવો અને એક ઝલક મેળવવી પણ અશક્ય છે, સિવાય કે દિવ્યસમાધિ જેવી અવસ્થામાં એ સૂફી-સંતોને પ્રકાશ અને સુંદરતાના ભરપૂર દિવ્યદર્શન લાધ્યાં હોય. સૂફીઓએ એટલે અલ્લાહને માશૂક-પ્રેમિકાનો દરજ્જો આપ્યો છે અને પોતે વિરહમાં તડપતા આશિકો છે જે મિલન(સાક્ષાત્કાર)માટે ઝૂરતા રહે છે, તલસતા રહે છે!''

''બોલે તો સહી મેં યે જો ઇશ્ક કી શાયરી હૈ ના, વો તો અપનેઆપ મેં ઇબાદત જૈસી હૈ. હૈ ના, બહેન?''

''આમિરે આ મુદ્દો બહુ સરસ રીતે મૂક્યો. સૂફીમત સાથે કલાત્મક કે સર્જનાત્મક અભિવ્યક્તિ જોડાયેલી જ છે. આમિરે ઉલ્લેખ કર્યો તે ગઝલ, મસ્નવી કે કવ્વાલી સાહિત્ય-સંગીત અને નૃત્ય સાથે સંકળાયેલી આધ્યાત્મિક અનુભૂતિ છે.''

''નૃત્ય પણ? બાકી અમે તો એવું સાંભળ્યું છે કે ચિત્ર-મૂર્તિ-ફોટાની જેમ સંગીત-નૃત્યનો પણ ઇસ્લામ વિરોધ કરે છે?'' ધીરજે પૂછી નાખ્યું.





''આ વાત અમુક અંશે સાચી છે. બહુ શરૂઆતના કાળમાં અને આજકાલ- જ્યારે તમામ ધર્મોના કટ્ટરપંથીઓ સક્રિય બની ગયા છે ત્યારે કલાત્મક અભિવ્યક્તિ હંમેશા ભીંસમાં મૂકાય છે. ચૂસ્ત ઇસ્લામીઓએ આ કળાઓને 'હરામ'(પ્રતિબંધિત) કહી જ છે પણ સૂફીઓ 12મી સદીથી આનો વિરોધ કરતા રહ્યા છે, જાનના જોખમે પણ ગઝલ-કવ્વાલી-મસ્તીમાં ઝૂમી ઊઠવા જેવી અભિવ્યક્તિનાં સાહસો ખેડતાં જ રહ્યા છે. છેક મધ્યકાળથી આ અભિવ્યક્તિનાં રૂપ પ્રચલિત છે. 13મી સદીમાં હિંદના પ્રખર સૂફીસંત નિઝામુદ્દીન ઔલિયા અને એમના શિષ્ય કવિ અમિર ખુશરૂએ આપણા દેશમાં અભિવ્યક્તિની પરંપરાનાં દ્વાર ખોલી દીધાં પછી, કેટલા ઉસ્તાદો, શાયરો, કલાકારોથી માંડીને ફિલ્મી દુનિયાના અભિનેતાઓ, કવિઓ, ફિલ્મકારો.... કેટલા બધા મુસ્લિમોએ આ દેશની વિવિધ કલાત્મક અભિવ્યક્તિને ચાર ચાંદ લગાડ્યા છે?! તમે પેલા અભ્યાસ કરવાનું વિચારતા હો તો મુસ્લિમ કલાકારોના સાંસ્કૃતિક પ્રદાન વિશે ઘણા દૃષ્ટિકોણથી અભ્યાસ કરી શકો.''

''બહેન, આ કલાત્મક અભિવ્યક્તિનો મુદ્દો મુસ્લિમ સમાજ માટે કટોકટીનો મુદ્દો હશે નહિ?''

''બની શકે... પણ સાધારણ સમાજ ઉપર આવા કડપની કેટલી અસર થતી હશે એ તપાસનો વિષય છે, બાદલ!'' રચનાએ કહ્યું.

''નહિ બેન, સમાજ મેં ઐસે લોગ ઝયાદા દિખને લગે હૈં જો ટી.વી., સિનેમા સે પરહેજ (દૂર રહે છે) કરને લગે હૈં. યા તો મઝહબી ચેનલ હી દેખતે હૈંગે. ફિર ભી લોગ ઐસી કડક બાતોં કો પસંદ નહીં કરતે હૈં વૈસા ભી હૈ.'' યાસ્મિને જે વાત કરી એમાં જાણે 21મી સદીના મુસ્લિમ સમાજની દુવિધા ડોકાતી હતી.

શેખરને જે સવાલ ઊઠ્યો તેનાથી જાણે આ મુદ્દાની પૂર્ણાહૂતિ થતી હતી- ''યુવાપેઢીની સામે ખરેખર ધર્મ અને સંવેદનો-અભિવ્યક્તિ... વચ્ચેની જે ખેંચતાણ છે એ તનાવનું એક કારણ બની ગઇ હશે એની ના નહિ. આપણા

જેવા સાંસ્કૃતિક પ્રશ્નોનો અભ્યાસ કરનારાઓએ યુવા મુસ્લિમો સાથે અભિવ્યક્તિના મુદ્દે નિખાલસ ચર્ચાઓ ના કરવી જોઇએ?!''

''બહેન, ઈસ્લામનાં મૂળ તત્વો કે મૂલ્યો ક્યાં ક્યાં?'' મીનાએ પૂછ્યું. ''મારા મતે 'સમાનતા' કે 'બંધુતા' એ ઈસ્લામનાં મૂળ મૂલ્યો છે. ઈસ્લામે એકેશ્વરવાદને આધારે તમામ માનવોને અલ્લાહની કૃપાના અધિકારી ગણ્યા છે. કોઇ પણ ઈસ્લામ સ્વીકારી શકે. મુસલમાનોમાં કોઇ ઊંચ-નીચના ભેદ મૂળમાં નહોતાં. વળી દુનિયાભરના મુસલમાનો વચ્ચે એકજાતની બંધુતા-ભાઈચારો છે.'' રચનાએ પોતાની સમજણ વ્યક્ત કરી. ''બહેન, એ વાત સાચી, કે દેશ કરતાં વધારે માન ધર્મને આપવામાં આવે છે?'' ધીરજનો પ્રશ્ન.

''હા, મુસલમાનો માટે 'દેશ' નહિ; 'મઝહબ' મોટો છે પણ એનો અર્થ એ નથી કે દેશને માટે એમને માન નથી! અમુક માન્યતાઓ પૂર્વગ્રહ ભરેલી છે, જે આપણાં જેવાંએ છોડી દેવાની જરૂર છે.''

''સહી કહા. ક્યોંકિ જો દૂસરે મૂલ્ય હૈં વે ઈન્સાનિયતકો મજબૂત કરનેવાલે હૈં; જૈસે નમાઝ જો ખુદાકી મેહરબાની કે આગે નમ્રતા સિખાતી હૈ. રોઝા રખને સે લાલચીપન ઔર ઐયાશીસે દૂર રહેનેકી આદત પડતી હૈ. હજયાત્રા હમારે લિયે એક સપના હૈ, જો હરેક મુસલમાન પૂરા કરના ચાહેગા ઔર એક બહુત હી મહત્વપૂર્ણ મૂલ્ય હૈ - ઝકાત. કોઈ સચ્ચા મુસલમાન દૂસરે કો ભૂખા નહીં દેખ સકેગા. અપની કમાઈ કા ઉપયોગ દૂસરોં કે લિયે કરને કો 'ઝકાત' કહતે હૈં. યે કેવલ દાન-પુન્ય નહીં હૈ, સમાનતા કી સીખ ભી હૈ ઔર સાદગીકા પહલા કદમ ભી હૈ. હરેક મુસલમાન કે લિયે યે સારે ફર્ઝ ભી હૈં ઔર મૂલ્ય ભી.'' હમિદે જરા વિસ્તારથી આ મુદ્દો મૂક્યો. મોટાભાગનાં બિનમુસ્લિમ મિત્રો માટે આ બધી નવી વાતો હતી, નાની ગેરસમજો દૂર કરનારી પણ હતી. મસ્જિદ અને દરગાહનાં સ્થાપત્યથી શરૂ થયેલી વાત ઈસ્લામની આછી ઝાંકી કરાવીને પૂરી થઇ.





## સીધાં ચઢાણ

ગિરનાર-આરોહણના આજના કાર્યક્રમમાં ભવનાથથી દત્તાત્રેયનું ચઢાણ અને ઉતરાણ જ નક્કી રાખ્યું હતું. જેટલાં વહેલાં ચઢીએ ને ઉતરીએ તેટલો તડકો ઓછો નડે અને ઠંડા પહોરે સ્ફૂર્તિ રહે એ ગણતરીથી વહેલી પરોઢે 4.30 ના સુમારે મંડળી ભવનાથ પહોંચી.

ભવનાથની તળેટીમાં ચહલપહલ હતી. કનુભાઈએ ગલ્લા પર જઇને સૌને ગરમાગરમ મસાલેદાર ચા પાઈ અને છૂટા પડ્યા. ''આટલામાં જ ક્યાંક આરામ કરું છે. તમતમારે નીચે પોંકો એટલે રીંગ મારી દેજો- લ્યો, જય ગિરનારી!'' કનુભાઈ ભીડમાં સામા પ્રવાહે નીકળી ગયા. રચના સાથે મંડળી ભવનાથની ઓસરીમાં પહોંચી ત્યારે યાત્રાળુઓની નાની-મોટી ટુકડીઓ જમા થતી જતી હતી. ત્યાં લાકડીઓ મળતી હતી. પર્વત ઉપર ચડવા લાકડીનો ટેકો



**ગિરનાર પર્વત**

મદદરૂપ થાય. મિત્રોએ પણ એકેકી લાકડી લીધી અને સજ્જ થઇને ઉપર ચડવાનું શરૂ કર્યું. સહયાત્રીઓએ લલકાર કર્યો - જય ગિરનારી- મંડળીએ પણ પડઘો પાડ્યો; જય ગિરનારી. આ જાણે યાત્રાળુઓનું સહિયારું સૂત્ર હતું.

યાત્રિકોમાં જુવાનો, પ્રૌઢો, બાળકો અને વયોવૃદ્ધ શ્રદ્ધાળુઓ પણ હતાં. ચઢવાનાં પગથિયાં ઘસાયેલાં હતાં પણ સગવડભર્યાં પહોળાં-ઊંચા હતાં.

“આ પગથિયા 19મી સદીવાળા નવાબ રસૂલખાનજીએ (1895-97) દરમ્યાન બનાવડાવ્યા.”

“સારું કહેવાય નહિ, પોતે મુસલમાન હોવા છતાં…” વંદનાએ બિરદાવ્યા.

“શાસકોએ તો તમામ પ્રજાજનોની સગવડ અને સુખાકારી જોવાં જોઇએ- એમનો ધર્મ નહિ!”

“કુલ કેટલાં પગથિયા હશે?” મીનાને કુતૂહલ!

“9999 કહેવાય છે”.

“ચલો, ગિનતે ગિનતે જાયેંગે” પરવીને દોટ મૂકી.

“અબે, ચડતે વખત આજુબાજુ કી સીનસિનેરી દેખને કી કે નહિ! ઔર લોગોં સે બાત કરનેકી કે નહિ?!” આમિરે પરવીનને તતડાવી.

“અલ્યા, પગથિયાં ગમે તેટલાં હોય પણ આપણે ક્યાં કોઇ રેકોર્ડ તોડવા કે એવોર્ડ લેવા નીકળ્યા છીએ?!” ધીરજ સૌથી પાછળ હતો… “જાડિયો” વંદનાએ ખિજવ્યો.

હસતાં હસતાં આગળ વધતી મંડળી ધીમેધીમે શાંત થઇ ગઇ. હવે ઝુમખાંને બદલે એક કતારમાં ચાલવું પડતું હતું. પ્હો ફાટતાં પહેલાંનો જાંબુડિયો અંધકાર તમારાંની ત્રમત્રમથી ભરાઇ ગયો. આસપાસની ગાઢ વનરાઇની રેખાઓ સ્પષ્ટ થતી થતી હતી. ધીમેધીમે આકાશ ગુલાબી થતું જતું હતું. મંડળી એક વળાંકે પહોંચી અને થંભી ગઇ. ગુલાબી વાદળોની પેલી પારથી સૂર્યનું પહેલું





સોનેરી કિરણ શિખરોને અજવાળતું રમતું થયું. પંખીઓએ અનેક સૂરે એને વધાવી લીધું. મોબાઇલ કેમેરાની ચાંપો ચપોચપ દબાવા લાગી. રચનાએ સસ્મિત કહ્યું “યાદગિરી માટે ફોટા પાડો તે ઠીક પણ આ દૃશ્યનું ચિત્ર બનાવવાનું ભૂલતાં નહિ; વિલ્સન! તને કહું છું. ને ક્યાં ગયા પેલા કવિઓ! કશુંક લખવાનાં ને?” થોડો સમય ઠંડી હવાની લે’રખીમાં લપેટાયેલો તડકો માણીને સૌ આગળ વધ્યાં.

માર્ગ ઉપર અવરજવર વધવા માંડી હતી. હવે તો કેટલાક લોકો નીચે ઉતરતાં સામાં મળ્યાં. કોઇના ખભે લાકડી ઉપર ટીનના મોટા ડબ્બા બાંધેલા હતા, કોઇની પીઠે ખાલી ટોપલા-ટોપલી હતાં, કોઇક પોટલાં લઇને ઉતરતાં હતાં.

“ આ શું લઇ જાઓ છો?” - ના અનેક જવાબો હતાઃ “પગથિયે પરબ માંડી છે ને, તેનું પાણી લેવા તળેટીએ જાવી.” “ચા-ગાંઠિયાના ગલ્લાનો સામાન છે, બેન!” “ખાટીમીઠી ને આંબળા-આંબલી વેચવીં છીં- ચડતાં મોળ આવે તો મોંમાં રાખવાં.” રસ્તા પરના આ વેપારની જાણકારી મળતાં જ બીજો સવાલ થયોઃ “આમ ઉપરથી ક્યાંથી આવો છો?” “કેમ? ઉપર તો મંદિરું છે- ધરમસાળાયું છે- ઘણું લોક રિયે છે.”

“આખો દા’ડો આટલી ચડ-ઉતર કરો તે ઠીકઠાક મળી રહે?”

“મલે મારા ભાય! રોટલા-છાહ્ થઇ રે”.

રસ્તામાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટકનાં વયોવૃદ્ધ યાત્રાળુઓ માથે પોટલાં મૂકી, કપાળમાં ચાંદલા ને ગળામાં તુલસીમાળા સાથે, દરેક પગથિયે પ્રણામ કરતાં ને જય ગિરનારી, જય ભોલેનાથ, જય રાધેકૃષ્ણ બોલતાં જતાં હતાં. જૈન સાધુ-સાધ્વીઓ પણ હારાદોર ચડ-ઉતર કરતાં હતાં. ઉઘાડા પગે લગભગ દોડતાં આ ધર્મજનોની ઝડપ જોવાલાયક હતી. લોકસમુદાયનો જીવંત ચગડોળ અવિરત ચાલી રહ્યો હતો. આખે રસ્તે નાની મોટી દ્હેરીઓ, ગુફામાં છુપાયેલાં અસંખ્ય દેવસ્થાનો, સિંદૂર-કંકુ ચોપડેલા પથ્થર આવ્યે જતાં હતાં. ત્યાં સિંદૂર-કંકુનો ઓર લેપ કરતાં, રૂપિયો-પૈસો મૂકતાં શ્રદ્ધાળુઓ કો’ક અકળ

આશાથી આગળ વધી રહ્યાં હતાં. મોક્ષપ્રાપ્તિની આશા ગળથૂથીમાં પીને ઉછરેલા આ સમાજનો ગરીબ અને મધ્યમ વર્ગ જાણે અંધારામાં દોટ મૂકતો હતો. શેખર જાણે મનોમન બબડયો: 'આમને જ બધી ચિંતા છે! પૈસાવાળાને મોક્ષ નહિ જોઇતો હોય?''

પહેલો પડાવ જૈન મંદિરોની ટૂંક ઉપર કર્યો. મોટેભાગે આરસ અને ચમકતા ચૂનાના પથ્થર અને કપચીનાં બનેલાં આ મંદિરો 11 થી 15મી સદીમાં બનેલાં. રાજા કુમારપાળ, વસ્તુપાળ-તેજપાળ, જગડૂશા જેવાં જાણીતાં નામ આની પાછળ બોલાય છે. આખી ટૂંકનું મુખ્ય આકર્ષણ છે તીર્થંકર નેમિનાથનું મંદિર અને એમની ભવ્ય, લીલા આરસની વિશાળકાય મૂર્તિ. મિત્રોને યાદ આવી ગયું કે આ તો પેલા શ્રી કૃષ્ણના ભાઇ!

''બહેન, ઇન લોગોં ને અપની કલા કો આજ તક વૈસે કા વૈસે જિન્દા રખા હૈ'' આમિરે નોંધ્યું તે જાણે સૌએ નોંધ્યું હતું. મિત્રો મંદિરોમાં ફરી વળ્યાં - ''પાલિતાણા જેવું જ!''

ત્યાંથી વળી ચઢાણ શરૂ થયું તે અંબાજીની ટૂંકે થંભ્યાં.

''આ અંબાજીનું નાનું પણ મહિમાવાન મંદિર ભીમદેવ સોલંકીના જૈનમંત્રી વિમળશાએ બંધાવેલું.'' જૈન ઔર દેવીકા મંદિર?'' યાસ્મિન ચહેંકી!

''હા, આમ તો જૈનોની દેવમાળામાં હિંદુ દેવી-દેવતા ના હોય, પણ આ વિમળશા અંબાજીના અનન્ય ભક્ત હતા. આગળના પ્રવાસમાં પણ અંબાજીનું જગપ્રસિદ્ધ મંદિર જોશો તે પણ આ મંત્રીએ જ બનાવડાવેલું.'' મંદિર ખાસ કલાત્મક નથી.

''અમુક યાત્રાળુઓ અંબાજીની યાત્રાથી ગિરનાર-યાત્રા પૂરી કરે છે. અહીં લગ્ન કરીને દંપતિ છેડાછેડી છોડાવે, બાળકનું પહેલું મુંડન કરાવે... હિંદુ ધાર્મિક-સામાજિક વિધિઓ સાથે આ મંદિરનો મહિમા જોડાયેલો છે.''

મંડળી અંબાજીથી આગળ વધવા લાગી. વિકટ અને સાંકડો રસ્તો શરૂ થયો. પગથિયાં પૂરાં થયાં હતાં. જો કે તૂટેલાં પગથિયાં ક્યાંક મદદરૂપ થતાં હતાં.





''આ સામે દેખાય છે તે વિકટ અને ઊંચામાં ઊંચું શિખર તે દત્તાત્રેયનું. દત્તાત્રેય સંન્યાસી હતા. વિષ્ણુના એક અવતાર કહેવાય છે. કોઇક એમને 'શિવપુત્ર' કહે છે. શિવભક્ત યોગીઓના નાથ સંપ્રદાયના અધિષ્ઠાતા છે - દત્તાત્રેય. અહીં એ પંથના કઠોર વૈરાગી બાવાઓનું મુખ્ય ધામ કહેવાય છે. રસ્તો પણ કઠિન છે પણ જઇને જોઇશું તો બધ્ધો થાક ઉતરી જશે.''

ખરેખર, ચઢાણ-ઊતરાણ-ચઢાણનું કષ્ટ વેઠીને પણ મંડળી જ્યારે દત્તાત્રેયના શિખરે પહોંચી ત્યારે અદ્‌ભુત દૃશ્ય નજરે ચડ્યું.એક તરફ દૂર સુધી પથરાયેલાં લીલાંછમ શિખરો, ઉપરથી દડી રહેલાં ઝરણાં-ધોધ, બીજી તરફ જૂનાગઢ શહેર, ત્રીજી તરફ ગીરનાં લીલાં-પીળાં વન અને છે-ક દૂર દેખાતી રૂપેરી સાગર- પટ્ટી. વધતા જતા તડકામાં સ્પષ્ટ થતાં જતાં લેન્ડસ્કેપ (પ્રાકૃતિક દૃશ્ય) જાણે આ બધીય ધર્મ, સંસારની ખટપટોની પેલે પાર દોરી જતાં હતાં. જાણે ઉપર પહોંચ્યાં પછી બધું ઝળાંહળાં...!

મંડળી જોતાં જોતાં થોડીવાર વિસામો ખાવા બેઠી ત્યાં એક જૂથ ઉપર આવ્યું, એક સજ્જન ગાઇડની જેમ બધું સમજાવતા હતા ત્યાં જ જૂથમાં બૂમાબૂમ શરૂ થઇ. દાદાગિરીનો સૂર ઉપર ઊઠતો જતો હતો. મંડળી પણ ત્યાં પહોંચી ગઇ. દત્તાત્રેયનાં પગલાં કહેવાય છે એની ઉપર એક નાનકડી પથ્થરની છત્રી ઘડેલી છે.એની બેસણી ઉપર એક પુરાણી મૂર્તિ ઉપરથી બેસાડેલી હોય તેવી દેખાય છે. પેલા જૂથમાં એ મૂર્તિ વિશે જ વિવાદ હતો- ગાઇડ કહેતો હતો કે આ અમુક તીર્થંકરની મૂર્તિ છે અને છત્રી નીચે એમનાં પગલાં છે પણ જાત્રાળુઓ જે સામાન્ય રીતે મનાતું આવ્યું છે તેમ આગ્રહ રાખતા હતા કે આ દત્તાત્રેયનાં પગલાં છે'' બોલાબોલી વધી રહી હતી.છેવટે ગાઇડ ચૂપ થઇ ગયા ને પાછા વળી ગયા. બબડતું ટોળું પણ નીચે ઉતરવા લાગ્યું.

''મામલા ક્યા થા?'' ''મોટેભાગે આવો વિવાદ બે કારણે થતો હોય છે એક તો ધર્માગ્રહ-ઘમંડ... કે આ અમારું જ છે ને સાચું છે. બીજું કારણ એ કે આ અમારું છે ને હવે અહીં જો વ્યવસ્થિત મંદિર વગેરે ચણાય તો દેવસ્થાનની આવક થાય.આ પહેલાંયે મને આવો વિવાદ સાંભળવા મળેલો'' રચનાએ પૂરું

કર્યું ને શેખરે કપાળ કૂટ્યું: "ધંધો-ધંધો-ધંધો! કાશ આ લોકો આટલો આક્રોશ ધંધો ઠસાવવાને બદલે ઇતિહાસ ઠસાવવા કરતા હોત તો?!"

"આ બધું જોતાં મને તો આખા ભગતની પેલી લીટીઓ યાદ આવે છે- વંદનાએ ઉતરતાં ઉતરતાં જરાક અટકીને કહ્યું: "એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ!" મંડળીમાં ઘણાંને આ પંક્તિઓ આવડતી હતી- સમૂહમાં કોરસ ગાઈને તાલીઓ પાડી ઊઠેલાં મિત્રો તરફ બીજાં યાત્રાળુંઓ કંઈક વિચિત્ર નજરે જોઇ રહ્યાં. "અહીં તો એક મૂરખની વાત નથી... અનેક મૂરખની વારતા છે, ભાઇ! ભાઇ!ભાઇ!ભાઇ!ભાઇ" શેખરે વળી ઓર નાટક કર્યું ને પેલા યાત્રાળુઓ પણ હસતાં હસતાં આગળ વધ્યા.

"છેલ્લા દાયકામાં ગિરનારને પર્યાવરણવાદીઓએ અભ્યાસનું ફલક બનાવવા માંડ્યો છે એ એક નવી અને સારી વાત છે." રચનાએ આગળ માહિતી આપતાં કહ્યું કે હવે "ગિરનારની લીલી પરકમ્મા" શરૂ થઇ છે, જેમાં પર્યાવરણના જાણકાર મિત્રો યુવાનો-વિદ્યાર્થીઓ-કર્મશીલોને લઇને બધે ફરે છે અને અહીંની વનસ્પતિ-વનૌષધિ-પશુ-પંખીનો માહિતીપ્રદ પરિચય કરાવે છે." "આ તો જ્ઞાન સાથે ગમ્મત... એવું જ ને?"

આમ વાતો કરતાં ઊતરવામાં થાક લાગતો ગયો.બધાં ચૂપચાપ પગમાં પૈડાં મૂક્યાં હોય તેમ ગબડતાં ગયાં, જે ધીમેધીમે ઊતરતાં હતાં તેમના પગના 'ગોટલા જામ' થતા જતા હતા.ગિરનારની યાત્રાથી કંઇક સભર બનેલાં, કંઇક ઉત્તેજિત બનેલાં, કંઇક હતાશ થયેલાં મિત્રો ઉપર ગયાં હતાં તેનાથી વધારે ઝડપભેર નીચે આવી પહોંચ્યાં.

"આ તળેટીનું ભવનાથનું મંદિર પ્રાચીન છે અને પુરાણોમાં એના વિષે ઉલ્લેખો છે, કથાઓ છે અને આજે પણ શિવરાત્રિનો મહામેળો અહીં ભરાય છે તેના વિશે થોડી વાત કરીશું; પહેલાં કંઇક પેટપૂજા કરીએ, તાજાં થઇએ" સૌએ મનફાવતાં ઠંડાં-ગરમ પીણાં પીને પતાવ્યું.શહેરી જવાનિયાં આટલાં શ્રમથી ખાસ્સાં થાકેલાં પણ જોવાનું હજી બાકી હતું તેથી આગળ વધ્યાં. આમ પ્રાચીન





પણ હવે વારંવાર મરમ્મત કરાવેલું-રંગેલું-સામાન્ય કદ-ઘાટનું શિવમંદિર તે ભવનાથ.અંદર જઇ, ફરી, દર્શન કરીને સૌ બહાર આવ્યાં. એક બાજુએ જળકુંડ હતો- પ્લાસ્ટિકનો કચરો કુંડને ગંદો અને ગલીચ બનાવતો હતો. રચનાએ કહ્યું- "આ જ કુંડ વિશે વાત કરવાની છે; ચાલો, ક્યાંક બેસીએ." બહાર ઝાડની નીચેના ચોતરે ગોઠવાયાં ને મોબાઇલની રિંગ મારતાંકને કનુભાઇ પ્રગટ થયા- મંડળી સાથે ગોઠવાઇ ગયા.

"આ મંદિર ભારતભરના સાધુબાવાઓ માટે મોટું મહિમાવાન ધામ છે. શિવની અહીં પધરામણી થાય છે એમ માનવામાં આવે છે શિવરાત્રિનો એ જ મહિમા છે." "બેન, તમે તો કહેતા હતા કે આ શિવ કે શંકર-મહાદેવ તો કાલ્પનિક દેવ છે, "થઇ ન'તા ગયા..." પછી પધરામણી કેવી રીતે કરે?" - વંદનાને યાદ હતું.

"બહેન વંદના! આ પૌરાણિક ધામ છે." શ્રદ્ધાનો હો વિષય; તો પુરાવાની શી જરૂર?" શેખરે કંઇક ટીખળમાં-કંઇક કવિતામાં સાર સમજાવી દીધો. રચનાએ આગળ ચલાવ્યું- "હિંદુ સંન્યાસીઓમાં અનેક પંથો છે, એમાં એક નાગા બાવાઓનો પંથ પણ છે." આમિર ચકિત્ "મતલબ કિ બિલકુલ...?" "હા".ચારેય છોકરીઓ નીચું ઘાલીને ખી-ખી હસવા લાગી.

"અલીઓ! એમાં હસવા જેવું શું છે? કેટલા તપસ્વી હોય ત્યારે એવી અવસ્થાઓ પહોંચાય! આ શિવજીની વાત કરીને, એ પણ એમાંનાં જ કહેવાય." કનુભાઇ પહેલી વાર આવી રીતે અકળાયા. મિત્રો જરાક ગંભીર થઇ ગયા.રચનાએ વાત આગળ ન વધે તે માટે પોતાની વાતને આગળ વધારી...

"આ સામે પેલું ખખડધજ બિલીનું ઝાડ દેખાય છે? એ બિલીનાં ઝાડનો પણ બહુ મહિમા છે. મૂળે અહીં શિવરાત્રિનો જે મહામેળો થાય છે તેની પાછળ આ બિલીના વૃક્ષની- એક શિકારીની અને ભોળાં- હરણાંની કથા છે. જેમાં સચ્ચાઇ, શ્રદ્ધા અને ભરોસો-ત્રણેની જીત થતી બતાવાઇ છે." સૌ ઉત્સુકતાથી સાંભળતાં હતાં.

કનુભાઇને જાણે ટેકો મળ્યો હોય તેમ; તરસ્યાં હરણાં અને વચનપાલક હરણીની સાથોસાથ ભૂખ્યા શિકારી ઉપર પણ શિવજી કેવી રીતે પ્રસન્ન થયા, હરણાંને કેવી રીતે આકાશના તારામાં મઢી લઇને અમર કરી દીધાં.- એ જાણીતી કથા સંભળાવી દીધી. અંતે તાલીઓ પાડતાં હમિદે કહ્યું, "અરે વાહ કનુભાઇ! આપ તો હિંદુ પુરાણોંકી કહાનિયાં તક જાનતે હો!" "ક્યોં નહિ- કિતની બાર યાં પાલ્ટીઓ કો લેકર મેલેમેં આતા હૂંને?" "અહીંના મેળે માત્ર સાધુબાવા જ નહિ, લાખો હિંદુ શ્રદ્ધાળુઓ પણ આવે છે. શિવરાત્રિ તો મહા વદ તેરસે હોય પણ મેળો અગિયારસથી શરૂ થઇને પૂરા પાંચ દિવસ ચાલે છે. શ્રદ્ધાળુઓ ઉપરાંત અહીં લોકગીત-સંગીતનાં કલાકારો પણ આવે છે.પાંચ પાંચ રાત સળંગ ભજન, ડાયરો, કથા, કીર્તન ચાલતાં રહે છે." "અરે, પાર્કિંગ તો ઠે-ઠ શહેરનાં દરવાજાનીયે બહાર સુધી પોંકે. માણસ કંઇ માણસ!" "બધાંની વ્યવસ્થાનું શું?" "ઘણાં મંદિરો, ચેરિટી ટ્રસ્ટો, શેઠિયાઓ... બધું સંભાળી લે. આ તો બધું પુણ્ય કહેવાય ને?!" "પછી! પેલી શિવજીની પધરામણી...?" વંદનાએ દોર સાંધ્યો.

"હા, મહા વદ તેરસની મધ્યરાત્રિથી એક વિધિ શરૂ થાય. બધા નાગા બાવાઓ આ કુંડમાં સ્નાન કરવા ઊતરે.એમની ગણત્રી થાય.સ્નાન કરીને બહાર નીકળે ત્યાં એક બાવો ઓછો હોય- એ જ શિવજી! એ અહીં પાછા મંદિરમાં પહોંચીને લિંગમાં સમાઇ જાય." "પણ આ જ કુંડમાં કેમ?"

"અરે હા, આ જ કુંડમાં પેલાં હરણાં પાણી પીવા આવેલાં... આ કુંડમાં સાચનો વાસ છે એમ માનવામાં આવે છે. આ મૃગીકુંડની જાત્રા અને મૃગીકુંડમાં આડા દિવસે સ્નાન કરવાનો એટલે જ મહિમા છે."

"આપણે ક્યારેક આવા મેળે પણ આવવું જોઇએ, નહિ?" હોંશીલી મીના બોલી પડી.

"મીના, બહેને પેલો ભાવિ એજન્ડા આપ્યો છે ને... એમાં વિચારજે!" "ભવનાથના મેળાનું મહત્ત્વ સમજીને હવે સરકાર, પ્રવાસન, ખાનગી





ટ્રસ્ટો... બધાં હવે અહીં બહુમોટા પાયાનું આયોજન કરે છે" - "મતલબ કે મોટાપાયે ધંધો ચાલે છે!" શેખરની કોમેન્ટે બધાં હસી પડ્યાં.

"એ વાત સાચી પણ આ મેળા-મહોત્સવો તો સેંકડો વર્ષથી બજારનો એક હિસ્સો બનેલાં જ છે. આજકાલ પ્રચાર-પ્રસાર-મિડિયા-બિડિયા વધ્યાં છે એટલે એનું સ્વરૂપ મોટું લાગે... વિચારી જોજો મિત્રો! આદિવાસી વિસ્તારોના મેળાથી માંડીને 'વાયબ્રન્ટ મહોત્સવ' સુધી આ બજાર જ વિસ્તર્યું છે ને?!"

ભવનાથનો વિસામો છોડીને મંડળી ગાડીમાં ગોઠવાઇ. પર્વતનાં સીધાં ચઢાણોએ તો થકવ્યાં હતાં પણ સદીઓથી વધતી જતી ધર્મસત્તા અને ધનસત્તાનાં સીધાં ચઢાણોએ તો હંફાવી દીધાં હતાં.

## પડે છે ત્યારે સઘળું પડે છે!

ભવનાથથી આગળ વધેલી ટુકડી 'દામા કુંડ' આગળ થંભી. "નરસિંહ મહેતા નહાવા આવતા એ જ આ દામોકુંડ ને?" "એ તો ખરો જ, પણ આટલામાં જ એ વખતે દલિતવાસ પણ હશે; મહેતાજી નાહીને પાછાં પોતને ઘેર જતાં પહેલાં ત્યાં થઇને જતા હતાને?" શેખરે પહેલી વાર કદાચ અહોભાવભરી ધારણા કરી હતી.

મંડળી નીચે ઊતરી. કુંડ ખાસ ગંદો નહોતો.લોકો સ્નાન, પૂજા વિધિ વગેરે કરી રહ્યાં હતાં. કુંડના ઓવારા સરસ કોતરકામવળા પથ્થરના હતા. વીસેક પગથિયાં ચઢીને મંદિર તરફ જવાતું હતું.ડહેલો પાર કરો ત્યાં સરસ, સોલંકી શૈલીનું, રેતિયા પથ્થરનું ઠીકઠીક ઊંચુ-સુંદર મંદિર હતું. "લેખિત ઇતિહાસ મુજબ, સ્કંદગુપ્ત-ચંદ્રગુપ્ત વગેરે વૈષ્ણવધર્મ પાળનારાઓ હતા, પોતાને પરમ ભાગવત કહેવડાવતા. દ્વારાકાનું કૃષ્ણમંદિર ગુપ્તકાળમાં જ બન્યું, એમ આ દામોદરજીનું મંદિર(વિષ્ણુજીનું એક નામ) પણ ગુપ્તકાળમાં જ બન્યું (ઇ.3જી સદી) હશે. કાળક્રમે જૂનું થતાં 11મી સદીમાં સોલંકી રાજાઓએ આનો જિર્ણોદ્ધાર કરાવ્યો હોવાની શક્યતા છે; તેથી આનાં ઘાટ-ઘૂટ પેલાં પાલિતાણાનાં મંદિરો જેવી સોલંકી કાળની ગૂર્જર શૈલીનાં છે. આવો, જોઇ

લઈએ?'' મંદિર જોઇ દર્શન કરી, સૌ પાછાં ફર્યા.ગાડીમાં ગોઠવાયાં. આગળ વધ્યાં.

''આજે વહેલી સવારે ડુંગર ચડવા ગયાં ત્યારે આપણે અહીંથી જ પસાર થયાં હતાં પણ આ દામોકુંડ અને મંદિર જેમ અંધારે ઢંકાયેલાં હતાં તેમ આ જગ્યા પણ અંધારે ઢંકાયેલી જ હતી.'' રચના હજી આટલી વાત કરે છે ત્યાં તો રસ્તાની ડાબી તરફ કોઇ મકાનનો કાટમાળ હજી પૂરેપૂરો ઉપાડ્યો ન હોય એવા ટુકડા-મલબો પડેલાં. રચનાએ બસ થોભાવી.સૌને નીચે ઉતરવા કહ્યું.મકાનના ટુકડા તો હતા જ, ASI અને પ્રવાસનાં પાટિયાં, ગ્રેનાઇટના માહિતી લખેલા પથ્થર... સઘળું જમીનદોસ્ત હતું. પ્રવાસીઓ ખંચાઇને ઊભાં રહી ગયાં.

''આ તૂટેલા માળખાંની અંદર- પેલો ડુંગરનો ખડક દેખાય છે તેના ઉપર કદાચ દેશનો પ્રથમ ઐતિહાસિક દસ્તાવેજ કોતરાયેલો છે.''

''અરે, પણ આ તો બધું કડડભૂસ્સ્ છે ? આ શું?''

''અરે, યહ તો વહ સમ્રાટ અશોક કે શિલાલેખ- હૈં ના?!'' હમિદના સ્વરમાં કંપ હતો. ''યે સબ કૈસે હુઆ? કબ હુઆ?''

''હમીદ... યે ભી પૂછો- ક્યોં હુઆ?!'' શેખર બોલ્યો તો ખરો, પણ વાત વાળી લીધી- ''મતલબ કે એવી કંઇ દુર્ઘટના પણ નથી બની, છતાં આ સ્મારકોના આ હાલ હોય અને મિડિયા ક્યાંય જાગ્યું કે ગાજ્યું ન હોય તો પછી શી આશા રાખવાની?!''

''2014માં 11 મી ફેબ્રુઆરીએ આ મકાન ભોંયભેગું થઇ ગયું.આમ તો શિલાલેખના ખડકો પૂરેપૂરા ઢંકાય એમ એવો મોટો ખંડ, પેલા રસૂલખાનજીના સમયમાં બંધાયેલો હતો જ પણ છેલ્લા દાયકા દરમ્યાન, ASI અને પ્રવાસને એના એક્સ્ટેન્શનરૂપે આગળ પરસાળ, નવાં પગથિયાં કરાવેલાં. પરસાળમાં સ્મારકોનો પરિચય આપતાં ગ્રેનાઇટના પથ્થરો મૂકાવેલા. તમે જુઓ- જે ભાગ







**સમ્રાટ અશોકનો શિલાલેખ**

તદ્દન ભાંગી ગયો છે તે એક્સ્ટેન્શન છે ને પછી નવા ભેગું જૂનુંય તે કડડભૂસ્સ છે.આશા રાખીએ કે લેખશિલાને નુકસાન ના થયું હોય!'' મંડળી માથાં ધુણાવવાં લાગી! ''બહેન, ઇસકે ઉપર ક્યા લિખા થા? કિસને લિખવાયા થા?'' યાસ્મિને પૂછ્યું. ''આમ તો બધાં લખાણોનો ટૂંક સાર કહું તો એમાં શાસકોની ફરજો અને ખાસ તો ભારત જેવા વિવિધ ધર્મો ધરાવતા રાજ્ય (સ્ટેટ) માં પ્રજાકીય શાંતિ અને સમતુલા કેવી રીતે જળવાય તે માટેના નિયમો હતા / છે. પ્રજાની સુખાકારી અને કુદરતી આપત્તિ વખતે રાજાઓએ પ્રજાનું પાલન કેવી રીતે કરવું તેની વાત છે. સૌથી પહેલાં ઇ.પૂ.250 વર્ષમાં સમ્રાટ અશોકની રાજાજ્ઞાઓ છે. જેમાં બૌદ્ધો અને બ્રાહ્મણોને પરસ્પર માન આપવું- પ્રજામાં સર્વધર્મસમભાવ જાળવી રાખવાના મુદ્દા મહત્વના છે. ઉત્સવોમાં સાદાઈ અને દાન-પુણ્યમાં મોટાઇ રાખવાની વાત છે. અહિંસા અને જીવદયાની આજ્ઞાઓ છે. સ્પષ્ટ છે કે આ લેખ સમ્રાટ અશોક બૌદ્ધ ધર્મ પ્રત્યે આકર્ષાયો તે સમયનો હશે. કહેવાય છે કે તે પહેલાં તે 'ચંડ અશોક'(ભયાનક) હતો પણ કલીંગબોધ પછી 'પ્રિયદર્શી'બન્યો.''

"દૂસરે લેખ કિસકે હૈંગે?" યાસ્મિને વળી પૂછ્યું.

"પછી ઇ.સ.150માં ક્ષત્રપ રાજા રૂદ્રદામને કોતરાવેલા લેખમાં ખાસ તો પાણીના અભાવે પીડાતી સુરાષ્ટ્રની પ્રજા માટે સુદર્શન તળાવ ખોદાવ્યાની નોંધ છે. એ પછી ઇ.સ. 456માં સ્કંદગુપ્તના સમયમાં લખવામાં આવ્યું કે સુદર્શન તળાવને સમારવું પડ્યું, ફરી ગળાવવું પડ્યું તેમાં જે ખર્ચ થયો તે લખ્યો છે. એમાં પ્રજા અને શાસક વચ્ચે વાત્સલ્યનો-સંભાળ લેવાનો જે સંબંધ હોવો જોઇએ તેને ફરજની જેમ ચીંધી બતાવ્યો છે."

"બહેન, હજારો વર્ષ જૂની રાજનીતિ આજે પણ કેટલી બધી યોગ્ય લાગે છે? નૈતિક જવાબદારીના સંદર્ભે ખરેખર એ શાસકો કેટલા વિચારશીલ અને પારદર્શક હશે, નહિ?"

"હાં... પન અગર યે હી હાલ રહા તો લોગોં કે સામને ઇતની બઢિયા બાતેં કૈસે પહૂંચ પાયેગી?" "આ બધું રિપેર કોણ કરાવશે? ક્યારે કરાવશે?" "કોણ જાણે"... રચનાથી ઊંડો નિઃશ્વાસ નંખાઇ ગયો!" જેને આ મૂલ્યો પ્રત્યે માન હશે, જેને શાસક તરીકેની પોતાની જવાબદારીનું ભાન હશે તે આ બધું ફરીથી ઉજાગર કરશે- કરાવશે... આશા રાખીએ; બીજું શું?" "આ યે રાજધર્મ જ છે". કનુભાઇ બધું સાંભળી રહ્યા હતા ત્યારે એમના ચહેરા ઉપર પણ ચીડ અને ચિંતા હતાં પણ એમણે છેલ્લે જે કહ્યું એ જાણે મીઠામાં પલાળેલા ચાબખાનો પ્રહાર હતો- "એ...પેલા ચીનનાને અમેરિકાના પ્રમુખ-ઓબામાને આ બતાડવાનો પ્રોગ્રામ રાખ્યો હોત તો આમ, ચપટી વગાડતાં બધું રિપેર થઇ ગયું હોત- હંધાય રોડ રસ્તા કેવા ચકાચક કરી દીધા'તા! સરકાર ધારે તો હંધુય કરી હકે! "ચીનના પ્રમુખને અહીં લાવ્યા હોત તો રિવરફ્રન્ટ નામનું ધામ સૂનું ના પડત?"

★★★





**મુકામ - 10.**

# પોરબંદર

જૂનાગઢ છોડ્યું, વંથળી છોડ્યું, બાંટવા આવ્યું ત્યારે રચનાને થયું કે બાંટવા ને કુતિયાણા સાથે પેલી આરઝી હકૂમતની લડાઇ વિશે મિત્રો સાથે થોડું શેરિંગ કરું પણ જરા ઊંચી ડોકે પાછું વાળીને જોયું તો બધાં ઝોલે ચડ્યાંતાં. ગિરનારની ઊંચાઇ- 'ગોટલા જામ' અને જૂનાગઢની દડમજલે બધાંને થકવ્યા'તાં.ક્યાંક તો નાક બોલતાં સંભળાયાં.ખેર! આગલી મજાનો સંતોષ માનીને રચનાએ પણ થાકેલી આંખો મિંચી દીધી.

કનુભાઇએ સાંજ પડતાંમાં તો પોરબંદર ટચ્ કરી દીધાં.રચના જાગી ગઇ. "સીધા ચોપાટી લઇ લો કનુભાઇ! બધાં આપમેળે તાજામાંજાં થઇ જશે."

બસ ચોપાટી પર થોભી.ઠંડો પવન, દરિયાની ખારી-ભીની ખૂશ્બૂ અને લોકોની ચહલપહલના સ્પર્શથી મંડળી જાણે ઝબકીને જાગી. "અરે, આ ગયા પોરબંદર?" આમિરે સૌથી પહેલાં પૂછ્યું. બહારનો મહૌલ અને દરિયાનો આછો આછો ઘૂઘવાટ જોતાં જ એણે બધાંને ઢંઢોળ્યાં ને પોતે દોટ મૂકીને પહોંચ્યો ચોપાટી. જરાક તોફાની મોજાંથી ઉછળતા દરિયાને અવરોધતી સરસ ચોપાટી બની હતી. સિમેન્ટનો ચોક, સરસ બાંકડા, દીવા-બત્તી અને સિમેન્ટની લાદીવાળી લાંબી ફૂટપાથ- જેના છેડા જડતા નહોતાં. ખાણીપીણીનાં લારી-ગલ્લા તો ખરા જ.અવરજવર બહુ ના કહેવાય, એ નવાઇની વાત હતી! થોડાંક સહેલાણીઓ દરિયાની મોજ માણતાં હતાં.

મંડળીએ પણ મસ્ત હવામાં દોડી-કૂદીને પગ છૂટા કર્યો.રચના સાથે થોડાંક મિત્રો પેલા બાંકડે બેઠાં અને દરિયાનો નીલરંગી વિસ્તાર આંખમાં ભરતા રહ્યાં. ધીમે ધીમે સૂર્ય અસ્તાચળે જતો હતો. આકાશ-સમુદ્ર અને ધરતીના રંગો પલટાઇ રહ્યાં હતા. ચોપાટીની લાઇટ્સ ટપ્ ટપ્ પ્રગટવા માંડી. થોડીવારમાં બધો નઝારો બદલાઇ ગયો. શાંતિથી સૌ આ ચિત્રપરિવર્તનને નિહાળી રહ્યાં.

"બહેન, આપણે પોરબંદરમાં શું શું જોવાનાં?" મીનાએ વાસ્તવિકતા તરફ ધ્યાન દોર્યું.

"એક તો આ દરિયો, બીજું બંદર. ત્રીજુ ગાંધીજીનું ઘર.પછી સુદામા-ચોક.પછી ગુરુકુળ અને એક... અજાણી-અનોખી જગ્યા જે તમે કાલે જોશો ત્યારે જ જાણવા મળશે." રચનાએ જાણે સસ્પેન્સ રાખવાની મઝા લીધી.

"આ જ ક્રમમાં બધું જોવાનું?"

"વિલ્સન, આમ તો આપણે દરિયે બેઠાં જ છીએ પણ દરિયા વિશેની વાતો કાલ સવારના અજવાળામાં કરીશું.અત્યારે પેલી તરફ કોઇ ફેક્ટરીનાં ભૂંગળાં દેખાય છે ને, એની પણ પેલે પાર, મહેલ જેવું ઝગમગતું મકાન દેખાય છે ત્યાંથી શરૂઆત કરીએ, કેમ કે એ જોવા તો નથી જવાનું!"

"તો પછી? એ છે શું?"

"પોરબંદરના જેઠવા વંશના રાજાઓનો મહેલ. આમ તો જેઠવા વંશના રાજાઓ જામનગર પાસે ઘુમલી નગર અને એની આસપાસના વિસ્તારોમાં રાજ કરતા હતા. શિવભક્તો હતા. ઘુમલીનું મંદિર, ખૂબ સરસ છે, સાવ ખંડેર છે. ઇતિહાસ-પુરાતત્વના વિદ્વાનો-વિદ્યાર્થીઓ માટે આકર્ષણ કેન્દ્ર; પણ હવે એવું પડીને પાધર થઇ ગયું છે કે ઠેઠ અંતરિયાળ જઇને ફક્ત એટલું જ જોવાની ઇચ્છા નથી થતી. ખેર, એ ઘુમલી શહેરનો નાશ 16મી કે 17મી સદીમાં થયો; કેવી રીતે થયો એ જાણવા નથી મળ્યું પણ ત્યારથી જેઠવાઓએ તેમના સમયનું આ જે બંદર હતું તેને પાટનગર બનાવ્યું, વસાવ્યું ને પોતે





વસ્યા.આજે 400-450 વર્ષમાં રજવાડાં અને તેમની નિશાનીઓ સદંતર નાબુદ થઇ ગઇ છે."

"આ મહેલ તો છે, બહેન!"

"આ મહેલની તો વર્ષોથી મરમ્મત થતી રહી છે. અત્યારે પણ યુરોપિયન શૈલીના મહેલ જેવો દેખાય- બહારથી અને અંદરથી પણ. કેમ કે છેલ્લાં રાણી ફ્રેન્ચ હતાં. અને સ્થાપત્યનાં શોખીન પણ. સમાજમાં લોકપ્રિય હતાં પણ હવે એમનાં અવસાન પછી અહીં શી સ્થિતિ છે તે નથી જાણતાં."

"મતલબ કે આપણે નહિ જોવાની યાદીમાં? જો કે મહેલો કરતાં કંઇક જુદું જોવામાં રસ છે." શેખરે સ્વાભાવિકપણે કહ્યું.

"કાલથી જૂદું ને નવું... શરૂ! કાલથી જે પોરબંદર જોવા મળશે તેનો વિકાસ રાજાઓએ નહિ, એક સાહસિક વેપારી અને તેના ઉદ્યોગપ્રધાન વારસદારોએ કર્યો છે. એ હતા નાનજી કાલિદાસ મહેતા. 19મી સદીની શરૂઆતમાં અહીંથી દોરી-લોટો લઇને આફ્રિકા ગયા હતા."

"દોરી-લોટો? વો ક્યા હૈગા?" યાસ્મિનને નવો શબ્દ લાગ્યો.

"એમ તો લાંબું થાય- ટૂંકમાં કહું તો સાવ ગરીબ સ્થિતિમાં, કોઇ મોટા વેપારીના વહાણમાં ચડી ગયા'તા. ત્યાં જઇને અનેક સાહસો કરીને ખૂબ કમાયા. પણ ત્યાં સ્થાયી થવાને બદલે અહીં, વતન પાછા ફર્યા. રજવાડાંની હાલત ખરાબ હતી. ગાંધીજીએ સ્વદેશી અને અસહકારની લડત શરૂ કરી દીધી હતી. નાનજી મહેતા નવા વિચારના હતા. એક તરફ એમણે ગાંધીજીને મદદ કરવા માંડી અને બીજી તરફ આ શહેરની રોનક બદલવા માંડી. નિશાળો, કોલેજ, કન્યાશાળા, ગુરૂકુળ વગેરે નવાચારી સંસ્થાઓ શરૂ કરી અને સામાજિક બદલાવની ભરપૂર કોશિશ કરી.કાલે આપણે એમનાવાળું પોરબંદર જોઇશું."

"ગાંધીજીવાળુંયે જોવાનું ને?" વંદનાએ પૂછી લીધું.

"હાસ્તો એ જોયા વિના છૂટકો છે?! પણ એ તો બધું જોતાં જઇશું ને વાતો કરતાં જઇશું. આ તો થોડી ભૂમિકા કરી લીધી."

આમિરે ધીમેશથી રચના પાસે સરકીને ગુસપુસ અવાજે પૂછ્યું. 'બેન, એક બાત બતાના; ખિલ્લી મત ઉડાના! ક્યા યે બાત સચ હૈ કિ અપની વો જુહી ચાવલા પોરબંદર કી બહુ હૈ?" બધાં આંખો નચાવીને આમિરની 'ઉતારવા' ગયા... "હાલ્યા, એ કહેવાનું તો ભૂલી ગઇ! આ નાનજી કાલિદાસના પૌત્રના દીકરા જયની પત્ની થાય તમારી જૂહી! અને હાં આમિર, બોલીવુડવાળી બીજી વાતોયે છે હોં, કાલે વાત! ચાલો હવે ગુજરાત પ્રવાસનના 'તોરણ' પથિકાશ્રમમાં જ જઇએ- અહીં આ લાઇનમાં, દરિયા કિનારે જ છે. કાલે સવારથી પાછી કૂચકદમ શરૂ." દરિયાકિનારાના નિવાસનું નામ સાંભળી મંડળી 'એક્સાઇટ' થઇ ગઇ. આખી રાત દરિયાને સાંભળીશું એવી આશાથી સૌ બસમાં ગોઠવાયાં.

## આ તે હિંદ કે યુરોપ

"આજના દિવસની શરૂઆત દરિયાથી જ કરીએ. પથિક-આશ્રમની નીચે, દરિયા કિનારે સરસ બેઠક વ્યવસ્થા હતી. પરવારીને મંડળીને ત્યાં એકઠી કરી, રચનાએ શરૂઆત કરી. ઉજળા તડકામાં પોરબંદરની 'સી-કોસ્ટ લાઇન'કોઇ ચમકદાર રંગોથી રંગેલા યુરોપિયન ચિત્ર જેવી સ્પષ્ટ દેખાઇ રહી હતી. ઠીકઠીક ઉછળતાં મોજાં ઉપર નાની નાવડીઓ ઓછી હતી.દૂરના કિનારે હતી ત્યાં કદાચ પેલી માછલીઓ ઊતરતી હશે. બલ્કે અહીં જરાક દૂર એક મોટી સ્ટીમર દેખાતી હતી. પેસેન્જર હશે એવું લાગતું હતું.એની નજીક એક સ્ટીમર ધક્કા ઉપર ઊભેલી દેખાતી હતી. કાર્ગો (માલવાહક) હતી એ સ્પષ્ટ દેખાતું હતું. ત્યાંથી બંદર, પાછળનાં ઊંચાં મકાનોવાળું ઢાળવાળું શહેર... બધું દેખાતું હતું. "નજર ભરીને પેલાં ઊંચાં મકાનો જુઓ.પાંચેક મજલા તો છે જ. પુષ્કળ બારીઓ અને







**દરિયા કિનારો**

ઉપર અગાશી નહિ-ઢળતાં છાપરાં નળિયાંવાળાં. આ લાઇનબંધ મકાનો જોતાં મને પશ્ચિમના દેશોના મોટાં શહેરો નજર સામે આવે છે."

"બહેન, તમે પરદેશ ગયેલાં?"

"ના, ના... મને તો ચોપડીઓ વાંચવાનો, ચિત્રોવાળાં આલ્બમ જોવાનો અને આપણા આમિરની જેમ વિદેશી ફિલ્મો જોવાનો શોખ, એમાં આવાં મકાનો હોય. માર્સેલ્સ, વેનિસ, જીનીવા, લિસ્બન, દક્ષિણ ગ્રીસનાં શહેરોનાં ચિત્રોમાં આવાં જ મકાનો દેખાય. આપણે દીવ, વેરાવળ જેવાં બંદરો જોયાં પણ ક્યાંય કાંઠા ઉપર આવાં મકાનો જોવા નહોતાં મળ્યાં. અહીંના ખારવા-ખલાસી-વેપારીઓના સંપર્કો યુરોપ સાથે હશે અને ત્યાંની અસરો નીચે અહીંના સમૃદ્ધ થતા જતા લોકોએ યુરોપિયન ઢબને અપનાવી હશે. વળી અહીંના રાણી ફ્રેન્ચ હતાં એ પણ યાદ રાખવું જોઇએ." મંડળી એ મકાનોને ઝીણી નજરે જોઇ રહી.અહીં સાવ નીચે મોટા મોટા ત્રિકોણાકાર સિમેન્ટ કે પથ્થરના કંઇક સાધનો ગોઠવેલાં એ જોઇને બાદલે પૂછ્યું : આ બધું શું છે? બીજે ક્યાંય દરિયાકિનારે તો આવું જોવા ના મળ્યું!"

''આને વિન્ડબ્રેકર કહેવાય. આવા ત્રિકોણ મજબૂત થાંભલા જેવા સાધનોથી તોફાની મોજાંને ખાળી શકાય.આ દરિયો તોફાની ગણાય છે. ભૂતકાળમાં અહીં મિની સુનામિ જેવાં તોફાનો વારંવાર આવ્યાં છે. પારાવાર નુકસાન પણ થયું છે. પોરબંદર શહેરનો દરિયાઇ તોફાનોનો ઇતિહાસમાં અચૂક ઉલ્લેખ થાય છે. આ વિન્ડબ્રેકર મૂક્યા પછી નુકસાન ચોક્કસ અટક્યું છે.''

## "વીજળી વેરણ થઇ"

''આમ તો આ બંદરેથી સેંકડો વર્ષો દરમ્યાન હજારો ને લાખો વહાણો-સ્ટીમરોએ મુસાફરી કરી હશે પણ એમાંનું એક વહાણ ડૂબીને નાશ પામ્યું એની યાદ અમર થઇ ગઇ છે. હાજી કાસમ નામનાં અહીંના વહાણવટીની સ્ટમીર 'વીજળી' અહીંથી ઉપડી ત્યારે એમાં સાત 'જાન'(લગ્નની ઉજવણી કરનારા) હતી. નહિ નહિ તોય 300 માણસો હશે.જાનો બધી અહીંથી મુંબઇ જતી હતી. થોડેક દૂર જતાં જ વહાણ વમળોમાં સપડાયું અને વહાણવટી અને ખારવા કંઇ બચાવ કરી શકે એ પહેલાં જ ડૂબી ગયું. 8, નવેમ્બર, 1888 નો આ બનાવ છે.અંગ્રેજોનો જમાનો હતો.ઝીણવટથી તપાસ કરી, શોધખોળ ચાલી પણ વહાણનો ક્યાંય પત્તો ન લાગ્યો. એનાં અવશેષો પણ નથી મળ્યા. કોઇ કહે છે કે અકળ કારણોથી ગૂમ થઇ ગયેલા આ વહાણ જેવી દુર્ઘટના ભાગ્યે જ બની હતી!''

''બાપ રે! કેટલી મોટી હોનારત?!''

''સ્થાનિક લોકગીતો-રાસડામાં આ કરૂણકથાને ગૂંથી લેવામાં આવી છે. એ સમયે તો સૌરાષ્ટ્ર-કચ્છ અને મુંબઇમાં આ કરૂણગીતો સૌને મોંઢે થઇ ગયેલાં. વર્ષો પછી ગુણવંતરાય આચાર્ય નામના લેખકે આ ઘટના વિશે 'હાજી કાસમ! તારી વીજળી' નામની રોચક-કરૂણ નવલકથા લખીને ઘટનાને સાહિત્યજગતમાં પણ સ્થાન આપ્યું''

''યે તો લગભગ 'ટાઇટેનિક' વાલા કિસ્સા લગતા હૈ.'' આમિરથી રહેવાય!?





''ઓહો, તો તને બોલીવુડ ઉપરાંત હોલિવુડનીયે લત લાગેલી છે, એમ ને?'' દોસ્તોએ વળી આમિરની ટાંગ ખેંચી.

''બિલકુલ. ટાઇટેનિકની દુર્ઘટના ઉપર બબ્બે ફિલ્મો બની ચૂકી છે. પણ આપણા બોલીવુડ કે ઢોલીવુડ... કોઇએ આ ઘટના ઉપર ફિલ્મ બનાવવાની દરકાર નથી દેખાડી. ખેર, આ ગુણવંતરાયની નોવેલ્સ તમારે વાંચવા જેવી. દરિયાખેડૂઓ, આફ્રિકા જનારા ખારવાઓ, ગુલામ-પ્રથા જેવા મુદ્દે એમણે લખ્યું છે તે તમારા જેવા સંસ્કૃતિનાં વિદ્યાર્થીઓએ વાંચવું જોઇએ.''

પથિકાશ્રમથી નીકળીને સૌ બસમાં બેઠાં. શહેરના રસ્તા અને વચ્ચેનાં રહેણાંક મકાનો, દુકાનો વગેરેની રચનાએ સૌનું ધ્યાન ખેંચ્યું.બધું એક મોટા સમચોરસ-લંબચોરમાં પથરાયું હતું. દરેક શેરી / લેન કપાઇને એકબીજાને મળતી હતી. થોડા થોડા અંતરે ચોક-વચ્ચે ફુવારા કે પૂતળાં હતાં. એકદમ વ્યવસ્થિત, સપ્રમાણ રીતે નગર આયોજન થયેલું છે. ''આ બધી નાનજી કાલિદાસની કમાલ. પણ ટ્રાફિક તો હજી બળદગાડાંના જમાનાની જ તાસીરનો છે!'' માંડ માંડ ભીડમાંથી રસ્તો કાઢતા કનુભાઇએ 'સુદામાચોક' જઇને ગાડી થોભાવી.

''આ સુદામા તો કૃષ્ણના બાળમિત્ર હતા ને? પણ ખરેખર એ થઇ ગયા?'' વંદનાના પ્રશ્નનો રચનાએ જવાબ આપ્યો કે આ પુરાણકથા છે- ભાગવત્ પુરાણની, જેમાં કૃષ્ણનું જીવન વર્ણવાયું છે. અર્ધસત્ય-અર્ધ કલ્પના. ગરીબ અને ધનિક વચ્ચેની મિત્રતાની કહાણીમાં ગરીબ બાળપણમાં લોભી છે પણ મોટપણે, ખરી મુસીબત છે ત્યારે નિસ્પૃહી બને છે ત્યારે ધનિક મિત્ર એને માગ્યા વગર જ મદદ કરે છે.બોધક કથાને મૈત્રીની કથા પણ માનવામાં આવે છે અને પ્રેમાનંદનું 'સુદામાચરિત'ગુજરાતી મધ્યકાલીન સાહિત્યનું ખૂબ જાણીતું આખ્યાન છે. આ સાંભળતાં જ વંદનાએ કહ્યું કે, ''એ કવિતા જ મને યાદ આવી'' - તને સાંભરે રે- મને કેમ વિસરે રે!'' એ જ ને?'' ''હા..'' ''આવા કવિઓ જ આવી બધી કલ્પનાઓને ચગાવી મારતા હોય છે'' શેખર-બીજું કોણ!? ''જૂના જમાનાનું એ મિડિયા હતું. આજે પણ મિડિયા જ રાઇના પહાડ કરે છે ને?!''

**"ભિક્ષુકગૃહ?!"**

ખેર, સુદામાચોકને નામે જાણીતી કરવામાં આવેલી જગ્યા આમ તો બહુ જૂની છે. પોરબંદર પહેલાં સુદામાપુરી હતું અને દ્વારકાના રાજા કૃષ્ણની કૃપાથી અહીં સુંદર મહેલો રચાયા હતા... એ પુરાણકથા પણ ચાલે છે જેનો લાભ આ ધર્મસ્થળવાળા લેવાની કોશીશ કરતા હશે. ચોક-મંદિર-સભાગૃહ નાનજી કાલિદાસે બંધાવેલું છે.પણ હાલની હાલત યાત્રાળુઓને આભારી(!) છે. ચોતરફ વેરેલા બાજરીના દાણા ચણવા અસંખ્ય પંખીઓ આવે છે. સાદા મંદિરમાં કૃષ્ણ-સુદામા મિલનનું સરસ ચિત્ર છે.. મૂર્તિઓ પણ છે, પૂજા-આરતી ચાલે છે. માત્ર વૃદ્ધાઓ ભજનધૂન કરતાં દેખાય છે ધર્મના નામે નરી કંગાલિયત દેખાતી હતી. ઘણીવાર આવાં ધર્મસ્થળો 'ભિક્ષુકગૃહ'જેવાં બની જાય છે તેનો આ ત્રાસદાયક નમૂનો છે. વિલ્સનને જો કે આમાં કંઈક જૂદું દેખાયું! "ધનિકના દાન કરતાં સુદામાની જેમ મુઠી તાંદૂલ(પૌવાં) અમૂલ્ય છે. બાઈબલની પેલી 'વિધવાની કોડી'ની કથાની જેમ! નમ્રતા-દીનતા-અકિંચનભાવ ઈશ્વરની નજીક લઈ જાય છે- સુદામાને જેમ કૃષ્ણ સાંપડ્યા તેમ!"

## કીર્તિમંદિર- દેશભરનું અને દુનિયાભરનું પણ!

ઘણાંને મન પોરબંદરનું એક માત્ર માહાત્મ્ય છે 'કીર્તિમંદિર'- ગાંધીજીનું ઘર. મંડળીને પણ જોવાનો ઘણો ઉમંગ હતો. ગાંધીજીના ઘરની આસપાસ નાનજી કાલિદાસ અને પોરબંદરના મહારાણાના પરિવારો દ્વારા એક સ્મારકની રચના કરવામાં આવી છે, જ્યાં તસ્વીરોનું પ્રદર્શન અને ગાંધીસાહિત્યનું વેચાણ થાય છે.'48 પછી આ સ્મારક બંધાયું અને વિકસતું રહ્યું છે. ગાંધીના ઘરનો રખરખાવ- સફાઈ વગેરે પણ આ સ્મારક-ટ્રસ્ટ દ્વારા જ થાય છે.

મિત્રોએ મનોમન સન્માન સાથે ગાંધીજીના પૈતૃક(બાપદાદાના) ઘરમાં પ્રવેશ કર્યો.18મી સદીના સુખી-સંપન્ન ગુજરાતી-કાઠિયાવાડી ઘરનો સરસ નમૂનો જોવા મળ્યો. ઘણું મોટું ઘર, સંયુક્ત કુટુંબની જરૂરિયાતો પૂરી કરવા અંગત છતાં નાના ઓરડાવાળા ત્રણ માળ અને અગાશી સાથે છે.લાકડાની સુંદર







**ગાંધીજીનું ઘર - કિર્તી મંદિર**

કોતરણી ઠેર ઠેર શોભે છે. ત્રણે માળ, મેડીઓ, ઓરડા બધું ફરફરીને જોયું.સૌથી ઉપલા મજલે ગાંધીજીનો તેમની વિદ્યાર્થી અવસ્થાનો ઓરડો જોયો. સરસ ચૂનો ટીપીને ચકચકીત કરેલી ભીત ઉપર ઘેરા લાલ-મરૂન પાકા રંગે ચિતરેલાં વિષ્ણુના દશાવતારનાં ચિત્રો હતાં.

"આને કમાંગર શૈલી કહેવાય. સમૃદ્ધ લોકોના ઘરની ભીંતે આ ચિત્રકારી 18-19મી સદીની ફેશન હતી. મૂળે રાજસ્થાન-કચ્છ થઈને આ કળા સૌરાષ્ટ્ર-ગુજરાત સુધી વિસ્તરી. આપણા પ્રવાસમાં કચ્છ, ઉત્તર ગુજરાત બધે જોવા મળશે." ગાંધીજીના ઘરમાં સ્વચ્છતા સારી હતી. ખંડે ખંડે ગુજરાતી-હિંદી-અંગ્રેજી ભાષામાં પાટિયાં મૂકીને માહિતી આપવામાં આવેલી. મુખ્ય ખંડમાં જ્યાં ગાંધીજીનો જન્મ થયો હતો ત્યાં અખંડ દીવો પ્રગટે છે, ફૂલ ચડે છે. ગાંધીજીનાં માતા-પિતાની મોટી તસ્વીરો પણ છે પણ મઝાની વાત એ લાગી કે આખા ઘરમાં બાપુની પોતાની એકેય તસ્વીર મૂકવામાં નથી આવી!

ઘરના ઉંબરે મંડળીએ ફોટા પાડ્યા- પડાવ્યા. પછી પહોંચી કીર્તીમંદિર. કીર્તિમંદિરના મોટા ચોકમાં બાપુ અને બાની મોટી તસ્વીરો છે. આસપાસના ખંડોમાં ગાંધીજીના આફ્રિકાનિવાસના ફોટા છે, દેશની સત્યાગ્રહ લડતના ફોટા પણ છે. પોરબંદર ખાતે મહારાણા અને નાનજી કાલિદાસ પરિવાર સાથેના ફોટા ગાંધીજીનો પોરબંદર સાથેનો અને આ બે મહત્વનાં કુટુંબો સાથેનો

અનુબંધ પણ બતાવે છે. જો કે લેખિત માહિતી ઓછી છે અને તસ્વીરો પણ ઓછી હોવાથી પ્રદર્શન પાંખું લાગે છે.

'કીર્તિમંદિર'ની વિદાય લેતાં બાદલે કહ્યું તે બહુ તટસ્થ નિરીક્ષણ હતું: "દેશવિદેશમાં અહિંસા-અસહકાર અને સ્વદેશીની ભાવનાને ફેલાવનાર, અનોખા નેતાના આ ઘરમાં અમદાવાદના ગાંધી આશ્રમ જેવું તેજ નથી. એ તો જેને ગાંધીજી અને ગાંધીવિચારમાં અખૂટ શ્રદ્ધા હોય એને જ અહીં અલૌકિક અનુભૂતિ થાય." કોણ જાણે કેમ, કનુભાઇ પણ પોતાની રીતે બોલી ઊઠ્યા: "હંઅક... આપડો ગાંધી આશરમ એટલે ગાંધી આશરમ! કેવું પડે!"

## "આપણે તો આપણું મન વાળી લીધું!"

'કીર્તિમંદિર'ની બહાર નીકળીને રચનાએ જાહેર કર્યું કે "હવે આપણે પેલા 'સસ્પેન્સ' સ્થળે જવાનું છે; જેને વિશે પ્રચાર તો ઠીક- માહિતી પણ ભાગ્યે જ આપવામાં આવે છે!" "પન વો જગહ તો આજ કે લીસ્ટ મેં છેલ્લે આનેવાલી થી!" પરવીન. "ના... આટલામાં જ છે એટલે હમણાં જ- અબ્બી જ આપણે ત્યાં જઇએ છીએ! અહીં પાછલી શેરીમાં જ કસ્તૂરબાનું ઘર છે- મતલબ કે પિયર." "અરે, એ તો જાણતાં જ નહોતાં!" "કભી સુના નહિ થા ઇસ કે બારે મેં..." વગેરે ઉદ્ગારો ઊઠે અને શમે એટલીવારમાં તો બાનું ઘર આવી ગયું. ઘર મોટું અને મોકળું હતું.બાકીની રચના તો સંયુક્ત કુટુંબ સમાય એવડા ઘર જેવી હતી. મુખ્ય ખંડમાં એક ખુરશી-ટેબલ નાખીને દેખરેખવાળા સજ્જન બેઠા હતા- ઉદાસીન અને ચૂપ! એ ખંડમાં જ બાના કેટલાક ફોટા હતા, બસ!

ઉપલા મજલે મોટો ઓરડો હતો અને છેક ત્રીજે માળ, દીવાનખંડ ગણાતાં હોલમાં છત અને દીવાલો ભરીને કમાંગરી શૈલીનાં ચિત્રો હતાં. કૃષ્ણ-રાધા, રાસલીલા વગેરે વૈષ્ણવધર્મ પળાતો હશે તે દર્શાવતાં હતાં. કૌટુંબિક વિગતો વાંચતા પણ જાણ થતી હતી કે મોટા, વેપારી, વગદાર કુટુંબમાં કસ્તૂરબા જન્મ્યાં હતાં.

"હમને સુના હૈ કિ બા, ગાંધી બાપૂસે બડી થી... મતલબ કિ ઉમ્રમેં..."





"યાસ્મિન, સાચી વાત છે.ફક્ત ઉંમરમાં જ નહિ, બા મનથી પણ મોટાં હતાં, જો આ સૂત્ર વાંચ-" રચનાએ એક ખંડમાં રાખેલાં કસ્તૂરબાનાં વાક્યો લખેલાં દેખાડ્યાં, જેમાંના એક પ્રત્યે બધાંનું ધ્યાન દોર્યું- "આપણે તો આપણું મન વાળી લીધું!" - " મલતબ?" યાસ્મિને પૂછ્યું. "મન કો મના લિયા, કિસી ભી સિચુએશન કા સ્વીકાર કર લિયા" હમિદે ખુલાસો કર્યો." "સ્રીને જાણે પોતાને આ મન થયું છે, એવું કહેવાનો હક નહિ ને તકેય નહિ!" શેખરે વધુ સ્પષ્ટતા કરી. "ગાંધીજીનાં પત્ની થઇને એમણે પોતાનું અલગ અસ્તિત્વ જ ઓગાળી દેવું પડ્યું'તું ને?"

" લે, આ તો હારું જ કે'વાય ને? અમારા જેવા તો કસ્તૂરબાને નવા જમાનાનાં સતી- કેયે છ્. સતી કાંય ચિતા પર ચડીને જ ઓછું થવાય?" કનુભાઇએ કહ્યું કે બધાંએ હોહા કરી મૂકી... "જમાનો નવો હોય તો સતી હોય જ નહિ!" "આ તો એક જાતનો આપઘાત કહેવાય આપઘાત!" દલીલો જરા ઉંચા અવાજે પહોંચી હતી. પેલા દેખરેખવાળા ભાઇ ખુરશી છોડ્યા વગર જ બોલી પડ્યા- "શું છે? શો પ્રોબ્લેમ છે?"

રચનાએ બધાંને બહાર નીકળવા ઇશારો કર્યો- "ના ના! એ તો જુવાનિયાં ખરાં ને, સવાલો કરતાં'તા!" અને બહાર નીકળતાં જ એણે કહ્યું, " તમે તમારી નજરે આ ન જોયું હોત તો વિશ્વાસ ન આવત, નહિ! મને તો આમાં કસ્તૂરબાની હિંમત દેખાઇ- એમણે પોતાને કેવું દમન સહેવું પડે છે એ વાત ખૂબ સરળ-સચોટ શબ્દોમાં કહી દીધી છે."

"ગાંધીબાપુ પણ એવું ધણીપણું જ કરતા'તા ને? મેં આત્મકથાનું એ ચેપ્ટર વાંચેલું છે." વંદનાને યાદ આવ્યું.

"ગાંધીજી ધણીપણું કરતા હતા ને કબૂલ પણ કર્યું છે પણ મને તો એમાં પણ જાણે હીરોગિરી કરતા હોય એવું લાગ્યું." વિલ્સનની લાગણી ખોટી હતી? " ખેર, ગાંધીજી એક અનોખી વ્યક્તિ હતા, અપૂર્વ લીડર હતા એનો ઇન્કાર થઇ ન શકે. એટલે તો જુઓને ગઇકાલે એમની હત્યા કરનારા એમની પૂજા કરવા

નીકળ્યા છે! એમના નામનું કેવડું મોટું મંદિર બાંધ્યું છે!'' ''બહેન, એ તો શબ્દ જ વટાવી ખાધો છે આ લોકોએ! બાકી તો બાપુ જીવતા હોત તો એમને પોતાના નામ સાથે જોડી દીધેલો આ શબ્દ જ ના ગમત!'' બાદલની વાત જાણે બધાંનાં મનની વાત હતી. શેખરથી છેલ્લે પૂછ્યા વગર ના રહેવાયું'- બીજું બધું તો ઠીક પણ આમાં સ્ત્રી-મુક્તિ ક્યાં આવી?'' રચનાએ ખભા ઉલાળીને ટૂંકમાં કહ્યું, ''એ તો તમારે નક્કી કરવાનું છે!''

ગાંધીજી અને કસ્તૂરબાનાં ઘર જોઇને ચોકમાં મંડળી પહોંચી ત્યારે બજાર ખૂલી ગયાં હતાં. તળપદા પોષાક અને આભૂષણો પહેરેલાં સ્ત્રી-પુરુષો જાતજાતની ખરીદી કરી રહ્યાં હતા. - ઘરવખરી, ખેતીનો સામાન, લગ્નસરાની ચીજો, દાગીના... ચહલપહલમાં લાક્ષણિક બોલીના ઉચ્ચારો પણ વહી આવતા હતા. પુરુષોએ ચોરણી-કેડિયાં ને માથે સફેદ બાવાટોપી પહેરેલાં અને સ્ત્રીઓ મરૂન કે કાળાં ધાબળાનો છૂટો ઘાઘરો-જિમિ-કાપડું ને ઓઢણાંમાં હતી. ગળામાં ચાદીની હાંસડી અને પગમાં ચાંદીના તોડા કોમન હતાં. ભારે જોડા અને ડાંગ પણ જાણે અનિવાર્ય હતી! શહેરની બજારમાં પણ શહેરી ચીજો ઓછી દેખાતી હતી- આખું વાતાવરણ શહેર વચ્ચે ગ્રામીણ ટાપુ જેવું લગતું હતું- મિત્રો વિશિષ્ટ લાગતાં-ઊંચા પહોળાં લોકોની તસ્વીરો લેતાં હતાં, કોઇ અકળાય તો સોરી-સોરી કહી દેતાં હતાં. સરવાળે શહેરી પ્રવાસી મંડળી આ માહૌલમાં 'પરદેશી' જેવી દેખાતી હતી!

## એકવીસમી સદીનું આ મહિલા-શિક્ષણ?!

શહેરની વિદાય લેતાં પહેલાં 'આર્યકન્યા ગુરૂકુળ' જોવા પહોંચ્યાં. સંસ્થાનું નામ એક તરફ આર્ય-અનાર્યની અલગ ઓળખમાં પસંદગી કરી બતાવે છે ને ઉપરથી આર્યોની બ્રાહ્મણવાદી-પુરુષપ્રધાન વર્ચસ્વવાળી સંસ્થા ગુરુકુળમાં કન્યાઓનો પણ ભાગ છે એ આગળ ધરે છે! આમ તો ધર્મ સુધારક અને આર્ય ધર્મ કહેતાં સનાતન ધર્મ-વેદ-ઉપનિષદના પ્રચારક સ્વામી દયાનંદ સરસ્વતીની પ્રેરણાથી નાનજી કાલિદાસે 19મી સદીમાં જ આ સંસ્થા સ્થાપી હતી પણ આઝાદી પછી એનું સ્વરૂપ વધારે નિખર્યું. નાનજીભાઇનાં શિક્ષણ અને સંસ્કારો





માટે ભેખધારી પુત્રી સવિતાબહેને ગાંધીજીની પ્રેરણાથી આનું સુકાન હાથમાં લીધું. આજે જેને 'હિંદુત્વ'કહીએ છીએ એવી તેમની સમજ મુજબની આર્યત્વની ભાવના ઉપર આધારિત આ સંસ્થામાં મુખ્યપ્રવાહની કન્યાશાળા, મહિલા કોલેજો છે ઉપરાંત કન્યા છત્રાલયો પણ છે. વિશાળ પરિસરમાં પ્રવેશ કર્યો ત્યારે મોટો પ્રાર્થના-મંડપ જોવા મળ્યો; કહો કે એ યજ્ઞમંડપ હતો. વચ્ચે મોટો હવનકુંડ હતો, ચોતરફ દીવાલો પર વેદમંત્રો લખેલા અને છોકરીઓ શાંતિપૂર્વક કંઇને કંઇક ધાર્મિક વાંચન કરતી બેઠી હતી.

''આપણે સ્ત્રીઓના ધાર્મિક અધિકારોની ચર્ચા ઘણી કરીએ છીએ ને, અહીં એ જ મુદ્દે યજ્ઞ, જનોઇ, પુરોહિત શિક્ષણ જેવી વિધિઓમાં સ્ત્રીઓને સામેલ કરવામાં આવે છે. છાત્રાલયના દૈનિક ટાઇમટેબલમાં છોકરીઓ માટે યજ્ઞ, ગાયત્રી, વૈદિક પઠનને ફરજિયાત બનાવવામાં આવે છે. સંસ્કૃતભાષાના વર્ગો પણ ખરા જ. આમ, પરંપરા-ધર્મ- હિંદુ તત્વજ્ઞાનના ક્ષેત્રે સ્ત્રીઓનું 'એમ્પાવર'(સશક્તિકરણ) કરવામાં આવે છે.'' રચનાએ સમજૂતી આપી.

''પણ પછી? બહારના સમાજમાં આ સશક્તિકરણનો ઉપયોગ શો?'' શેખરનો પ્રશ્ન. ''લગભગ કંઇ નહિ! બહારની પિતૃસત્તા, ધાર્મિક વિચારસરણી તો હજારો વર્ષોથી એની એ છે! સરવાળે આ બધી જાણકારી આ છોકરીઓની અંદર હિંદુત્વને ઊંડે સુધી ઉતારતી હશે; બીજો તો કોઇ ઉપયોગ કોણ કરવા દે છે?''

''આવી સંસ્થા ખોલવાનું કારણ?'' બાદલે પૂછ્યું.

રચના મંડળીને એક ખૂણે લઇ ગઇ અને સમજાવ્યું- મૂળ તો પૂર્વ અને દક્ષિણ આફ્રિકામાં રહેતા ગુજરાતીઓ- સૌરાષ્ટ્રીઓની દીકરીઓને ભારતીય- હિંદુ સંસ્કારો મળે, હોય તે જળવાઇ રહે અને ભવિષ્યમાં તેઓ સંસ્કારી ગૃહિણી બની રહે એવો હેતુ. ઉપરાંત 19 મી સદી રાષ્ટ્રીય ચેતનાના નામે પણ, ભારતભક્તિના નામે પણ હિંદુત્વનાં મૂલ્યો ઉજાગર કરનારી સદી હતી. અંગ્રેજો કન્યાશાળાઓ ખોલતા-ખોલાવતા હતા પણ એમાં પોતાની દીકરીઓને મોકલતાં સમૃદ્ધ ઉજળિયાતો ડરતા હતા...'' ''પાદરીઓ અને સિસ્ટરો એમને

વટલાવી દે એવો ડર હશે ને?'' વિલ્સને અંદરકી બાત કહી. ''હા, લગભગ એવું જ.કન્યા કેળવણી માટે હિંદુત્વની વિચારસરણી અને આચાર સંહિતાવાળો વિકલ્પ ઊભો કરવામાં આવ્યો.જો કે એક મુદ્દો મને જાણવા મળ્યો તે સારો લાગે છે- અહીં જ્ઞાતિભેદ નથી. સમાજના કોઇ પણ સમુદાયની છોકરીઓને પ્રવેશ મળે છે. હું દસેક વર્ષ પહેલાં આવી હતી ત્યારે તો સિદ્દી દીકરીઓ પણ હતી, જે આમ તો ધર્મે મુસલમાન હતી.'' ''... અને અહીં હવનપૂજન કરતી? મલતબ કે હિંદુધર્મ એમના ઉપર થોપવામાં આવતો?'' ''તારો મુદ્દો તદ્દન સાચો છે- પણ એ વર્ષોમાં હું અને મારા જેવાં ઘણાં લોકો આને સંસ્થાકીય ઉદારતા-મોકળાપણું માનતા... પણ આજે આ આક્રમણ મને બહુ હિંસક લાગે છે!'' રચનાએ પણ કબૂલવું પડ્યું.

પ્રાર્થનામંડપમાંથી બહાર જઇને છાત્રાલયનું રસોડું-ભોજનખંડ જોયાં. સ્વચ્છતા, શિસ્ત અને સ્વાસ્થ્ય- ત્રણે મુદ્દે બધું ઉત્તમ કક્ષાનું હતું.

''પ્રાચીન મૂલ્યોના આધારે સ્ત્રીઓનો 'ઉદ્ધાર' કરવાના પ્રયાસોએ દુર્ગાવાહિનીને જન્મ આપ્યો છે...'' રચનાની વાતમાં વચ્ચે પડીને હમિદે પોતાની લાગણી 'શેર'કરી- ''યૂં તો હમારે ઔરતોં કે મદ્રેસે મેં યા સ્કૂલ-કોલેજોં મેં, જો જમાત વગૈરા ચલાતે હૈં, વહાં પર ભી ઐસે હી સોચવિચાર ફૈલાતે હૈં.''

''હાયલ્લા! ઉધર તો લડકિયોં કો હિજાબ કંપલસરી, પાંચ ટાઇમ કી નમાજ ભી કંપલસરી ઔર અપની મરજીસે બાહર કા આનાજાના બંધ- વૈસી હોસ્ટેલમાં મુઝે મેરે અબ્બૂ ભેજનેવાલે થે; મૈને મના ચ કર દિયા!'' - પરવીને કહી દીધું. બધાં મિત્રો એક વાતે સંમત થયાં- ફરીફરીને કે, ધર્મ પરંપરા-સંસ્કારના આધારે સ્ત્રીઓની પ્રગતિ અશક્ય છે- મુક્તિ અસંભવ છે!

''આગળ વળી બે 'મંદિર' જોવાનાં છે- 'તારામંદિર' અને 'ભારતમંદિર'. શૈક્ષણિક હેતુથી અને કંઇક વૈજ્ઞાનિક સમજણ આપવાના હેતુથી તારામંદિર-પ્લેનેટોરિયમ બનાવવામાં આવ્યું છે.આમ તો નાના પાયા ઉપર છે, સંસાધનો





પણ મર્યાદિત છે પણ સ્થાનિક અને સૌરાષ્ટ્રભરનાં શાળા-કોલેજોનાં બાળકોનું કૌતુક સંતોષાય તેવું તો છે.''

મંડળીને આ જોયાનો રોમાંચ પણ થયો; એમને માટે પણ આ એક્સ્પોઝર નવું હતું ને? 'ભારતમંદિર'ને એક જાતની સાંસ્કૃતિક આર્ટ ગેલેરી કહેવાય. આ દેશના ધાર્મિક-પૌરાણિક વારસાઓને મૂર્તિઓ અને ભીંતચિત્રોમાં આલેખ્યાં છે. મિત્રોએ અંદર હિંદુ ઉપરાંત પારસી-જૈન-સીખ-ઇસ્લામ-બૌદ્ધ-ખ્રિસ્તી ધર્મના સ્થાપકો, તીર્થધામો, સંદેશ વગેરેની સાદી છતાં નિષ્પક્ષ માહિતી કલાત્મક ઢબે મૂકેલી જોઇ. બધાને જગ્યાની સ્વચ્છતા અને ઉદાત્ત ભાવના ગમી ગઇ પણ છેલ્લે બાદલે કહ્યું તે કદાચ મહત્વનું મૂલ્યાંકન હતુંઃ ''આવા સંગ્રહાલયો કે ગુરૂકુળો એક રીતે સામાજિક પ્રગતિ અને સર્વધર્મસમભાવના મૂલ્યો સ્થાપે છે- દૃઢ કરે છે જે એક રીતે જોતાં અમુક હદે જરૂરી જણાય પણ સરવાળે પ્રાચીનતા અને પરંપરાને જ મજબૂત કરે છે ને સાચી પ્રગતિ સુધી પહોંચવા જ ક્યાં દે છે?''

રચનાએ બહાર નીકળતાં આખા પોરબંદર વિશે કંઇક આકલન કરતાં કહ્યું, ''આ શહેર કેવા વિરોધાભાસોનું શહેર છે?! દયાનંદ સરસ્વતી અને ગાંધીજી... ગાંધીજી અને સરમણ મૂંજા... ગાંધીજી અને નાનજી કાલિદાસ....'' '' લો વળી, આ સરમણ મુંજા કોણ?''

''અહીં 'મેર' નામની જનજાતિ રહે છે. આમ તો ખેતી અને પશુપાલન એમનો વારસાગત વ્યવસાય; પણ વર્ષો પહેલાં કૌટુંબિક ઝઘડાને કારણે, સામાજિક અદાવતોને કારણે અને ક્યારેક સરકારો દ્વારા અન્યાય થવાને કારણે વાતેવાતે ઝઘડા-મારપીટ અને ખૂનામરકી સુદ્ધાંમાં સંડોવાયેલો આ સમુદાય અહીંની ભાષામાં કહીએ તો 'માથાભારે' કોમ.''

કનુભાઇ ઝાડ નીચે ગાડી પાર્ક કરીને ઊભા હતા; બહાર આવતી મંડળીના આ શબ્દો સાંભળીને ઝંપલાવ્યુંઃ ''અરે, અંદરો અંદર હગ્ગા ભાઇને ઊડાડી દેતાંય એનું રૂવાંડુ નો ફરકે. પણ ઈ જ સરમણ મુંઝો એમ જ- આંય પોરબંદરની ભર બજારે ગોળીએ વિંધાણો'તો! ઉગે ઇનો દિ'આથમે જ!''

મંડળી આશ્ચર્યસ્તબ્ધ! એમનેમ સૌ ગાડીમાં ગોઠવાયાં. બેસતાં બેસતાં રચના બોલી ''ક્યાં ગયો આમિર? આ સરમણ મુંજાની વિધવા વિશે બોલિવુડમાં સરસ પિક્ચર ઉતરેલું- ખ્યાલ આવે છે?''

''ગોડ મધર?'' ''આમિર પાસ! આમિર પાસ!'' -મંડળીની હોહાભરી હસાહસ.

''બહેન, આવી બીજી જાતિઓ પણ બદનામ છે ને?''

''હા ધીરજ! આપણે પોરબંદર છોડીને બરડા-બારાડી વિસ્તારમાં જઇ રહ્યાં છીએ. બળુકી અને બરછટ પ્રજાનો પ્રદેશ. ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની આવી કહેવાતી માથાભારે કોમો વિશે ખૂબ સંશોધન કર્યા પછી નિબંધ રૂપે અને વાર્તાઓ રૂપે પુષ્કળ સાહિત્ય આપ્યું છે. તમે બધાં એમની વાર્તાઓ શીખ્યાં હશો.''

''હા, સૌરાષ્ટ્રની રસધાર, સોરઠ! તારાં વહેતાં પાણી... ને એ બધીને? '' વંદના રાબેતા મુજબ બોલી.

''એ જ. ખાસ તો 'સોરઠી બહારવટિયા'માં આ વિવિધતાપૂર્ણ પ્રજાતિઓ વિશે સરસ લખ્યું છે. બની શકે કે આ જાતિઓ દરિયાવાટે, રણમાર્ગે અહીં આવીને વસી હોય.''

''બેન, યે 'બહારવાટિયા'કે બારે મેં કુછ બતાઇએ ના!'' હમિદની માંગણી.

''થોડુંક તો મેં કહ્યું એમ, પોતાને થયેલા આર્થિક-રાજકીય અન્યાયનો સામનો કરવા ગામ-કુટુંબનો ત્યાગ કરીને, સમદુ:ખિયા સાથીદારોની સેના બનાવી હોય અને અન્યાયકર્તાઓ સામે સશસ્ત્ર સંઘર્ષ કરતા હોય તેને બહાવટિયા કહે છે. જે કાનૂની હદની બહાર નીકળી ગયા છે તે! મેર, કાઠી, સંધી, વાઘેર, ગરાસિયા જેવી રાજપૂત-ક્ષત્રિય કોમોના આ સમુદાયો બહારવટિયા બનતા. સદીઓથી પોતપોતાના સમયના શાસકો, નવાબો, દરબારો, પેશ્વા, ગાયકવાડ અને અંગ્રેજ સરકાર સુદ્ધાંની સામે બહારવટાં ખેડાયાં છે. ખાસ કરીને





અંગ્રેજોએ એમને કાબૂમાં લેવા, ખતમ કરવા સફળ પ્રયત્નો કર્યા અને વીસમી સદીમાં બહારવટિયા કાં તો મરી પરવાર્યા, કાં તો શરણાગતિ સ્વીકારી.'' કનુભાઇ ડ્રાઇવિંગ સીટ પરથી ટહૂક્યા-ઇ'' મૂરુ માણેક, જોધો માણેક, જોગીદાસ ખુમાણ, માંગડાવાળો, ભૂપત... બધ્ધા જબરા બહારવટિયા!'' ''એલ્લો, યે તો સારે ગુજરાતી પિક્ચરોં કે હિરો!'' આમિર-બીજું કોણ? ''હા, પણ તેં આ ફિલ્મો નથી જોઇ? બોલ્યા વગર મોં મચકોડીને આમિરે જવાબ આપી દીધો.

''તે આ બધાને 'હીરો' બનાવીને પિક્ચરો ઉતરી હતી?'' ધીરજે પૂછ્યું. ''અમુક અંશે એ બધા લોકલાડીલા હતા. એક તો એ પોતાના 'ટાર્ગેટેડ' દુશ્મનો સિવાય બીજા કોઇની સામે હથિયાર ઉપાડતા નહોતા. બીજું કદી સ્ત્રીઓ, બાળકો, નવપરિણિત દંપતિ, એકલ-વૃદ્ધ લોકોને રંજાડતા નહોતા.ઉસૂલવાળા હતા અને મોટાભાગના બહાવટિયા તો સાધુ જેવું જીવન જીવતાં. આથી જનસમાજે એમની અન્યાય સામેની લડતને હંમેશા બિરદાવી. રાસડા, લોકકથાઓ વગેરે દ્વારા એમની યાદ તાજી રાખી છે... ગુજરાતી ફિલ્મ બનાવનારાને આનાંથી વધુ ભાથું કયું મળે?!''

''આમ તો આ બધું સામંતી હક્કો મેળવવા જ થતું હતું ને?'' ''હાસ્તો!'' ''કુછ કુછ હમારે આજકાલ કે નક્સલવાદી / માઓવાદી જૈસે નહિ થે યે?'' ''કે પછી આપણા ભગતસિંહ-ચંદ્રશેખર આઝાદ...?

રચના હસી પડી: ''ના ભાઇ, મીના કહે છે એવા સશસ્ત્ર ક્રાંતિકારીઓ કે હમિદે કહ્યું એવા નક્સલવાદી-માઓવાદીની સરખામણી બહાવટિયા સાથે ના થાય.બહારવટિયાઓ અને આ લોકોની લડાઇના હેતુ-હેતુમાં ફરક છે. બહારવટિયા ફક્ત અંગત-પોતાના હક માટે લડતા અને આ સશસ્ત્ર ક્રાંતિકારીઓ અને નક્સલવાદી-માઓવાદીઓ તો સમગ્ર સમાજ-પરિવર્તન, રાજપરિવર્તન અને પોતાના જ નહિ પણ વિશાળ શોષિત જનસમુદાયનું શોષણ દૂર કરવા હથિયાર ઉઠાવે છે. ફક્ત શોષિતો પોતે જ નહિ, વિચારધારામાં માનતા શિક્ષિતો-કર્મશીલો પણ આ સંઘર્ષમાં ઝૂકાવે છે.''

અચાનક યાસ્મિન ચહેકી ઉઠી- ''અરે, દેખો, દેખો! કિતને સારે પંછી? કૈસે લાલ-સફેદ હૈં... હાયલ્લા!''

બધાંની નજર બારી બહાર ગઇ. સમુદ્રની ખાડી પાસેથી પસર થતાં અસંખ્ય દરિયાઇ પંખીઓની વસાહતનાં ઝૂંડનાં ઝૂંડ જોયાં. રચનાએ કહ્યું: ''એ લાલ-સફેદ તે સુરખાબ કે હંસ કહેવાય છે. ખરેખર તો શબ્દ છે સુર્ખ-આબ = લાલ પાણી... અથવા તો જેમનાં કારણે પાણી પણ લાલ દેખાય છે તેવાં પંખી. કચ્છમાં તો આ પંખીઓનું આખું અભયારણ્ય છે. દેશી-વિદેશી સહેલાણીઓ એ સ્થળ ચૂકતાં નથી. થોડાંક વર્ષોથી તો દરિયાને બદલે આપણી નજીકના નળ સરોવર અને થોળ સરોવર ઉપર આવીને પણ વસ્યાં છે. ચિત્રકારો, છબીકારો... ! જોઇ શું રહ્યાં છો? ઝંપલાવો!'' રચનાની પ્રેરણાથી મંડળી ફટાફટ સક્રિય બની ગઇ.

★★★





**મુક્રમ - 11.**

# મંદિર એક - કથા અનેક

## હર્ષદ - હરસિદ્ધિ કે હરસિદ્ધ માતા?

બસ દ્વારકા તરફ આગળ વધી રહી હતી. ડાબે પડખે અરબી સમુદ્ર સાથોસાથ ચાલી રહ્યો હતો. ત્યાં જ એક નાના ડુંગરની ટોચે એક નાનું મંદિર દેખાયું. નીચે સમુદ્ર ખાડી બનીને ગામ વિસ્તાર તરફ વધ્યો હતો. ઉપર પુલ બાંધીને વાહન-વ્યવહાર માટે સુગમતા કરવામાં આવી હતી. તળેટીમાં પણ મંદિર દેખાતાં હતાં. ચા-નાસ્તાના લારીગલ્લા પણ હતાં ''આ કોયલો ડુંગર છે. ઉપરનું મંદિર શક્તિપીઠ ગણાય છે. સૌરાષ્ટ્રમાં આનો ખૂબ મહિમા છે. કહેવાય છે કે આ મંદિર ઇસ્વીસન પૂર્વેનું છે - ખૂબ પ્રાચીન છે''.

''માતાજી ક્યા? અંબાજી?'' મીનાએ પૂછ્યું.

''ના, આને 'હર્ષદ માતા'કહેવાય છે. મૂળમાં હરસિદ્ધિ કે હરસિદ્ધ માતા મધ્ય પ્રદેશના ઉજ્જૈનની કુળદેવી. ખાસ તો વિક્રમરાજા તરીકે જાણીતા ગુપ્તવંશના રાજાની કુળદેવી.''

'' તો... યહાં કી માતા કૈસે બની હૈંગી?'' યાસ્મિનને સવાલ.

''શક્ય છે કે ગુપ્તવંશના રાજાઓ ગુજરાતને સર કરીને શાસન કરતા થયા હોય ત્યારે. એની સાબિતી તો જૂનાગઢના ઉપરકોટમાં, સુદર્શન તળાવ અને

દામાકુંડમાં છે જ- આપણી પાસે. જો કે યાસ્મિનને શંકા થઇ પણ વિક્રમ રાજાને અભાવ નડ્યો હતો.''

''મતલબ કે એક ઓર વારતા?'' શેખર.

''અલા, ભૈ, ધરમનું નામ પડ્યું કે વારતા શરૂ... હાં બહેન, થઇ જાય-વિક્રમ રાજા અને માતાજીની વડચડ!'' કનુભાઇએ રચનાને પોરસ ચડાવ્યો.

''અરે, એ બધા તરંગતુક્કા રહેવા દઇએ; ટૂંકમાં કહીએ તો માતાજીની અહીં સ્થાપના કરવામાં આવી ત્યારે વિક્રમ રાજાને થયું કે આ તો મારી કુળદેવી છે, એ જો ઉજ્જૈન છોડી જાય તો શક્ય છે, ઉજ્જૈન ઉપર આફત આવી પડે. એણે માતાને રોકાઇ જવા વિનંતી કરી. માતાએ કહ્યું કે હું બંને ઠેકાણે રહીશ. આખો દિવસ સૌરાષ્ટ્રમાં, પણ સાંજે ઉજ્જૈન પાછી ફરીશ!''

''લ્યો, આ તો આપણા પુરાતનપંથી પંડિતોને ગમતી વાત- એ તો આ વાર્તાનું ઓઠું લઇને એવો પ્રચાર પણ કરી શકે કે આપણે ત્યાં ઇ.સ.પૂર્વે પણ હેલિકોપ્ટર હતાં; હર્ષદ માતા દિવસ-રાત એમાં જ અવરજવર કરતાં હતાં.'' શેખરની વાતે રમૂજ! કનુભાઇ જરાક ઘવાયા- ''એવું નો બોલીએ ભાય! પાપ લાગે. હાં... તો તે દિ'થી માતાજી સાંજે કોયલનું રૂપ લઇ ઉજ્જૈન જાય છે અને દિવસે પાછાં પધારે છે.''

જગ્યા ખૂબ આકર્ષક હતી. સૌ નાનકડા મંદિરે પહોંચી ગયાં તો બે આશ્ચર્ય! એક તો મંદિર ખાલી હતું, હવનકુંડ હતો અને શિખર તૂટી ગયેલું હતું. ''આમ કેમ?'' ''વળી પાછી વારતા જ હશે.'' '' છે સ્તો! પણ આ વખતે 'હીરો' બદલાઇ ગયો છે- હીરો છે જગડૂશા શેઠ- મૂળે કચ્છી પણ દેશવિદેશનો દરિયો ખેડનારા. જગડૂશાનાં વહાણ કોયલા ડુંગર પાસે આવે- આવે ને તૂટી જાય. વારંવાર આમ બનાવા માંડ્યું. શેઠને થાય કે કારણ શોધું. માતાજીની સહાય લઉં. તપ કરીને એણે તો હર્ષદ માતાને પ્રસન્ન કર્યાં. માને કહ્યું નીચે ઉતરો, તમારે માટે નવું મંદિર બનાવું. માએ નીચેના મંદિરમાં ઉતરવા પ્રચંડરૂપ ધર્યું - ઉપરનું શિખર ફાટયું - જગડૂશાનો પરિવાર મૃત્યુ પામ્યો, ફક્ત પોતે બચી





ગયો અને મા નવા મંદિરમાં આવી ગયાં. આ નીચે દેખાય છે તે જગડૂશાનું બનાવડાવેલું મંદિર.''

મંડળીએ નીચેનું મંદિર પણ જોયું.મનોમન સરખામણી થઇ તો ગઇ. ઉપરનું મંદિર પથ્થરનું ને પ્રાચીન હતું, નીચેનું નવું અને ટાઇલ્સ વગેરે જડેલું હતું. નીચેના મંદિર પર વાયકાઓ ઘણી હતી પણ અતાર્કિકતાને બહુ પ્રોત્સાહન આપવાને બદલે રચનાએ સ્થળ સૌંદર્ય મનમાં ઊતારી લેવાનું સૂચન કર્યું અને ખાસ નોંધ કરાવી કે સમયે સમયે એક જ દેવી-દેવતા, એક જ ધર્મસ્થળ કોઇ પણ પ્રકારના હુમલા કે વેરઝેર વગર પણ પોતાનું કલેવર બદલે છે. લોકશ્રદ્ધા હકીકતોને પણ હંફાવતી રહે છે!

સરસ પવન, સરસ દરિયાકાંઠો અને સરસ ચા-નાસ્તો! થાકેલા પ્રવાસીઓને આથી વધુ હર્ષ શામાં થવાનો! બેસતાં શેખરે જે બોલાવી અને સૌએ ઝીલી લીધી...'' જે હર્ષદમાતા! સૌને ફળ્યાં એમ અમને ફળજો!''

★★★

## મુકામ - 12.

# દ્વારકા

## પુરાણ પ્રાચીન નગરી

ડાબી તરફ, દૂર દેખાતી દરિયાની નીલી રેખા, જમણી તરફ રેતાળ, ખડકાળ જમીન ઉપર ઝાંખરાંના ઝૂંડ; વચ્ચે વચ્ચે દેખાતી પવનચક્કીઓ ને આ તરફ વચ્ચે વચ્ચે દેખાતાં નારિયેળ, કેળ, આંબા ને ચીકુની વાડીઓથી શોભતાં લાલ છાપરાંવાળાં મકાનો. મિશ્ર ભૂસ્તરરચના પણ ભૂલભૂલમણીમાં નાખી દેતી હતી. મંડળી ચૂપચાપ આ આટાપાટાની રમત નિહાળી રહી હતી.

''આપણે ગુજરાતના છેક પશ્ચિમ છેડે ફરી રહ્યાં છીએ. પ્રાચીન કાળમાં પણ આને પ્રવેશદ્વાર- 'દ્વારિકા'-'દ્વારામતી'કહેવાતું હતું. ફિરંગીઓ અને આરબો આને 'બારિકા' કહેતા. ભૌગોલિક રીતે બહુ વ્યૂહાત્મક જગ્યાએ આવેલી આ નગરીને પુરાણો-ધર્મશાસ્ત્રો અને દંતકથા-લોકકથાઓમાં પણ ઘણું મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ સાથે આ ભૂમિ સંકળાયેલી છે, પોતે દ્વારિકાના રાજા હતા અને અહીંનો સમુદ્ર કાંઠો એમના શાસનમાં હતો એ પણ ભાગવત્ પુરાણ ઉપરાંત મહાભરતમાં પણ સવિસ્તાર મળે છે. આ બધાંનો સરવાળો થતો હોય તેમ, દેશભરનાં હિંદુઓને મન આ સૌથી પવિત્ર ધામ છે''. રચના કહ્યે જાત પણ કનુભાઇએ વળી નવો ઉમેરો કરવા એને ટોકીઃ ' બહેન, આ લોકોને કહો કે આપણામાં તો કહેવત જેવું છે કે ગમે એટલી જાતરા





કરો પણ દ્વારકાની જાતરા નોં કરી તો બધી જાતરા ફોક!'' મંડળીની હોહા... વચ્ચે રચના આગળ વધી- '' પણ મોક્ષનગરી કહેવાતી આ દ્વારકા વિશે જ અનેક અટપટી માન્યતાઓ છે; પુરાણોએ ઊભી કરી છે અને દંતકથાઓએ ગૂંચવી છે.''

''મતલબ?''

''કોઇ કહે છે આ દ્વારકા એ જ ખરી; કોઇ કહે છે કે આપણે આવ્યા હર્ષદ બાયપાસથી, ત્યાં પાછળ રહી ગયેલું વિસાવાડા પાસેનું એક ગામ તે મૂળ દ્વારકા. વળી કોઇ વિદ્વાનો શોધી લાવ્યા કે રૈવત કે ઉજ્જયંત કહેવાયેલા પ્રાચીન પર્વતની નીચે વસેલી એ મૂળ દ્વારકા.'' બધાં થોડા ચકરાવામાં પડ્યાં.

''મતલબ કિ જૂનાગઢ મૂળ દ્વારકા?''

મંડળીની ગૂંચનો ઉકેલ લાવતાં રચનાએ છેવટે કહ્યુંઃ એ પાડાલડાઈમાં નથી પડવું. આપણે માટે તો આ જ દ્વારકા તે મૂળ દ્વારકા અને આજનીયે દ્વારકા!'' બધાંએ જરા ટાઢકનો શ્વાસ લીધો- હાશ- '' જે હોય તે! આપણે તો અઠે દ્વારકા!'' ''કદાચ આ કહેવત પણ એટલે જ પડી હશે ને, બહેન? લોકોની સામે જે હોય તેનાથી વધુ સાચું પ્રમાણ બીજું ક્યું હોઇ શકે?'' વંદનાએ કહ્યું.

''અરે, લોકોની સામે તો દરિયામાંથી મળેલી દ્વારકા પણ ખોલી દેવામાં આવી છે. આપણા લોથલવાળા જ પુરાતત્વવિદ્ પ્રો. એસ.આર. રાવે દ્વારકાના દરિયાકિનારે, પુરાણોના આધારે જ સંશોધન કર્યું અને દરિયામાંથી કોઇ અતિ પ્રાચીન, હરપ્પન સભ્યતાની નજીકની જ એક સભ્યતાના અવશેષો મળી આવ્યા- દીવાલ, પથ્થરનાં વાસણો, પથ્થરનાં લંગરો, બંદરના પાટડા... વગેરે. અનુમાન કરવામાં આવ્યું કે અહીં સિંધુસભ્યતાના સમયનું કે તેથી યે અગાઉનું નગર હશે અને કોઇ હોનારતને કારણે દરિયામાં ડૂબી ગયું હશે.

''નક્કી સુનામી!'' બાદલે જાણે ખાત્રીપૂર્વક કહ્યું.

''હાં... તો પુરાણકાળ પછીના કાળમાં- ઇતિહાસયુગ / અશોકયુગમાં આ સ્થળનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી. વળી પાછા ગુપ્તયુગના રાજાઓ વૈષ્ણવ હતા એમ

કહેવાય છે તો ઇ. 300 ની આસપાસ આ નગર આબાદ થવા માંડ્યું હશે. મધ્યકાળમાં તો સંતો-ભક્તોના 'ભક્તિયુગ' (15-16-17મી સદી)માં દ્વારકાનો ઉલ્લેખ વારંવાર છે તેથી મંદિર પણ આ પહેલાં બની ચૂક્યું હશે. મંદિરને પણ કોયડો બનાવવામાં આવ્યું છે - કોણે બાંધ્યુંનું ઊખાણું દરેક પ્રવાસીઓએ જાતે ઊકેલવાનું રહે છે, આમ છતાં સોલંકીકાળની બાંધણીને ઘણે અંશે મળતું આવતું હોવાથી આ મંદિર ભીમદેવ સોલંકીની રાણી ઉદયામતી જે પોતે વૈષ્ણવ હતી, રાણકીવાવ બંધાવડાવી તેણે જ આ મંદિર બંધાવ્યું હોવાની શક્યતા છે. (10-11 મી સદી)'' ''બાપ રે! મંદિરોં કે ઇતિહાસ સે કોઇ મુઝે બચાઓ!'' આમિરે હાથ જોડ્યાં ''થઇ જા ગઝની- પછી ન રહે બાંસ- ના બજે બાંસુરી!'' શેખરે ટોણા સાથે કોણી પણ મારી લીધી! બસમાં ''આમિર-આમિર-આમિર'' થઇ ગયું.

''બહેન, એ સમયનું હોય તો સોમનાથ અને બીજાં મંદિરોની જેમ તોડવામાં નહિ આવ્યું?'' વંદનાની શંકા લોજીકલ હતી!

''ગઝનીના સમયમાં ઉલ્લેખ નથી; પણ ગુજરાતના સુલતાન મહમ્મદ બેગડાએ અને તેના ગાદીવારસ મુઝફ્ફરશાહે ઓખામંડળ ઉપર હુમલા કરેલા પણ સ્થાનિક બહાદૂર કોમ- વાઘેરોએ ઘમાસાણ યુદ્ધો કરીને સુલતાનોને ખાળ્યા હતા અને દ્વારકા બચાવ્યું હતું. વાઘેર કોમ દ્વારકાધીશની અપૂર્વ ભક્ત હતી અને છે.'' ''આ જોધો માણેક ને મૂળુ માણેક... ઇ સંધાય વાઘેર જ હતા!'' કનુભાઇ બોલ્યા. ''કનુભાઇકો ગુજરાતી પિક્ચરકા બહુત શોખ લગતા હૈ- યે તો સારી ગુજરાતી પિક્ચર હૈ ના?'' આમિરનું જનરલ નોલેજ પાક્કું!

''બહેન, આ દ્વારકામાં કૃષ્ણમંદિર ને? પેલા સ્વામીનારાયણ જેવું જ હશે ને?'' ના, આ મંદિર કોઇ પંથનું નહિ- મૂળ વિષ્ણનું અસાંપ્રાદાયિક કહેવાતું મંદિર છે. અહીંની મૂર્તિ માનવાકૃતિ નથી પણ ચાર હાથવાળા કાલ્પનિક વિષ્ણુની છે. ચાર હાથમાં પ્રતીકો તરીકે શંખ-ચક્ર-ગદા અને કમળ છે જે તેમનાં શસ્ત્રો અને શોભા છે. ગુજરાતમાં અહીં ઉપરાંત ડાકોર, શામળાજી આવા અસાંપ્રદાયિક વિષ્ણુનાં જાણીતાં ધામ છે. દરેકનો રચનાસમય જુદો છે તેથી તેની સ્થાપત્યકળા પણ જુદી છે. આપણો ત્રણે જોવાનાં.''





આટલી વાત પૂરી થતાંમાં 'કુરંગા' ગામનું પાટિયું વંચાયું અને સામે- દૂર ખૂબ ઊંચા શિખર ઉપર ફરફરતી રંગબેરંગી ધજા દેખાઇ. ''આ દેખાય છે તે જ મંદિર?'' વંદનાએ પૂછ્યું ને બધાંએ ઊંચા થઇને જોવા માંડ્યું... થ્રીલ થઇ! પછાત અને ભૂખ્ખડ કહેવાતું ઓખા મંડળ હવે ખેતીની નવી ટેક્નીક, સિંચાઇ યોજનાઓને કારણે ફળદ્રુપ વિસ્તાર બન્યું છે. સાથેસાથે સામાજિક પ્રગતિ પણ ઉપર ઉપરથી તો દેખાય છે- શાળાઓ, આંગણવાડીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓનાં પાટિયાં-મકાનો પણ દેખાયાં. દ્વારકા પોલિસસ્ટેશન વટાવીને શહેરમાં પ્રવેશ્યાં કે તરત જુવાનિયાનું એક ટોળું બસને આંતરતું ઊભું રહી ગયું. પહેલાં તો કનુભાઇ સાથે થોડી માથાકૂટ ચાલી પણ એ લોકો બારીઓ પાસે ઊભાં રહીને ડોકિયાં કરવા લાગ્યાં. રચના નીચે ઊતરી. થોડી વાતચીત કરી. પાછી આવી ત્યાં જ પેલા જુવાનિયા વીલાં મોંઢે પાછા જતાં રહ્યા.

બસમાં બેઠેલી મંડળીએ ચિંતા અને ઉત્કંઠાથી પૂછ્યું: ''કોણ હતા? શું પૂછતા હતા? કંઇ ધમાલબમાલ તો નથી ને?'' રચનાને હસવું આવી ગયું, બોલી: ''અરે ના રે! આ તો બધા સ્થાનિક પૂજારીઓના એજન્ટ હતા.'' મંડળી આભી! ''દ્વારકામાં ગૂગળી બ્રાહ્મણો પેઢી દર પેઢીથી પૂજા કરે. આવનાર યાત્રાળુને પૂછે કે કોણ છો- ક્યાંથી આવ્યા વગેરે. નામઠામ જાણ્યા પછી એમના જમાનાજૂના ચોપડામાંથી વિગતો કાઢે અને તમને કહે કે તમારા ફલાણા બાપ-દાદા ફલાણી સાલમાં અહીં આવેલા અને આટલા રૂપિયાની પૂજા કરાવેલી; એ હિસાબે તમે પણ પૂજા કરાવો.''

''અમારામાં પણ તૂરીબારોટો આવા ચોપડા રાખે અને ધાર્મિક વિધિઓ કરાવે છે' શેખરે ગુજરાતના દલિત સમાજની વાત કરી.

''તો બહેન, આપને કયા બોલ કે પિછા છુડાયા?'' હમિદે પૂછ્યું ત્યારે રચનાએ કહ્યું: ''સાચી વાત કરી દીધી કે અંદર બેઠેલાં મુસ્લિમ, ખ્રિસ્તી, દલિત છે. ડ્રાઇવર પણ. કોઇ દ્વારકા આ પહેલાં આવ્યું નથી. હું પૂજા કરાવવાની નથી. અમે ફક્ત વિદ્યાર્થીઓ છીએ- જોવાસમજવા આવ્યાં છીએ. બસ, જતા રહ્યાં!''

''ઇસ હિસાબ સે યે લોગ સીધે હૈંગે!'' યાસ્મિને સર્ટિફિકેટે આપ્યું.

''સીધે નહિ, સમજદાર, પક્કે! જાન લિયા કિ યહાં અપની દાલ નહિ ગલનેવાલી તો ચલ દિયે!'' આમિરે બરોબર કહ્યું.

''ભોળાં-સીધાંને જ લોકો છેતરે; ભણેલાં ને મક્કમ જુએ તો કોઇ છેડે નહિ.'' મીનાનું ગણિત બહુ સરળ હતું. ખેર, દ્વારકાનું નગરદ્વાર આવી ગયું હતું. આ ભાગમાં જૂનાં-નવાં મકાનો, ગેસ્ટહાઉસ-હોટલો, ધર્મશાળા-લોજો અને બજાર જેમાં છેલ્લીઢબનાં 'રેડીમેડ' અને ટાપટીપનો સામાન વેચાતો હતો. યાત્રાળુઓની મોંઘી મોટરકારોની સાથોસાથ ભડકીલા છકડા પણ હાજરાહજૂર હતા. રસ્તા મોટા અને ચોખ્ખા હતા. રચનાએ પાંત્રીસેક વર્ષ પહેલાં પહેલીવાર જોયેલું ગંધાતું દ્વારકા 'શિટ્ટી' હવે હિંદુ રાષ્ટ્રનું ચમક્તું ધબક્તું યાત્રાધામ લાગી રહ્યું હતું.



**દ્વારકાધીશ મંદિર**





'જગતમંદિર' અથવા 'ત્રૈલોક્યસુંદર' મંદિર તરીકે ઓળખાતા વિષ્ણુધામના પ્રાંગણની બહારના પ્રાંગણમાં ગાડી ઊભી રહી. સંધ્યા-આરતીનાં દર્શન કરવાનું નક્કી કરીને મંડળી મોટા ડેલા જેવા દરવાજામાં પ્રવેશી. ડાબી તરફ કિલ્લાની રાંગ દેખાતી હતી, અંદર મંદિર હતું. અત્યાર સુધી જોયેલાં ગુજરાતનાં મંદિરોમાં આ સૌથી ઉંચું- 175 ફીટનું છે. પાંચ પાંચ માળ ધરાવતા આ મંદિરના ઝરૂખા, જાળીઓ, ટોડલા, થાંભલા, ઉપરની કમાનોની કોતરણી ખીચોખીચ અને અનેક પ્રતીકોથી ભરપૂર હતી. એક લાક્ષણિક મુદ્દા ઉપર રચનાએ ધ્યાનું દોર્યું. અહીં પશુ-પંખી-ફૂલ-વેલ-વૃક્ષ બધું છે; ફક્ત નર્તકીઓ-અપ્સરા-અન્ય દેવ-દેવીઓનાં સ્તર છે જ નહિ. જૈન મંદિરોની 'સ્તર'રચનામાં એ સુશોભનો પણ હોય જ - પણ આ મંદિરમાં એવું એકે સુશોભન જડતું નથી. ''કેમ?'' - ''65માં પાકિસ્તાને હુમલો કર્યો એમાં પાછળો ભાગ તૂટી પડ્યો હતો. પુનરુદ્ધાર-મરમ્મતમાં ઠીકઠીક સમય લાગ્યો. એ તૂટ્યાં પહેલાંનું મંદિર તો મેં પણ જોયું નથી. ત્યારે ચોક્કસ સ્તર-યોજના હશે જ. કોઇએ આને વિશે કે આના અભાવ વિશે લખ્યું નથી. કેમ?''

રચના આ મિત્રોના કેમ -કેમ-કેમનો ઉત્તર રાતે ફિડબેક મિટીંગમાં આપવાનું કહીને આગળ વધી.

અંદર જવા માટે સિક્યોરિટી ગેટ પરની જડતીમાંથી પસાર થયું પડ્યું. રચનાને યાદ આવ્યું કે આ એક પ્રકારનો રાજકીય અવરોધ પસાર કરવો પડે છે પણ પાંત્રીસેક વર્ષ પહેલાં સામાજિક-સાંસ્કૃતિક અવરોધ પસાર કરતાં જે તકલીફ પડી હતી એ મંડળી સાથે શેર કરવું રહ્યું.

ત્રૈલોક્યસુંદર(ત્રણ લોકઃ આકાશ, પૃથ્વી, પાતાળ) મંદિરમાં પ્રવેશ કરતાં જે નવું જોવા મળ્યું તેના પ્રત્યે બાદલની તરત નજર ગઈ; મેઇન મંદિરની આજુબાજુ પણ બીજાં મંદિરો છે અહીં તો! ને તેય પાછાં નાનકડા આંગણામાં જ છે! સોમનાથ જેવું મોટું ચોગાન હોત તો જુદી વાત.

''સરસ'' પકડ્યું; બાદલ, તેં! આમ તો જો કે સોમનાથ પણ આવું જ હોવાની શક્યતા છે, મોટું ચોગાન તો મુનશી-સરદારની ભેટ છે.

"કેમ આવું, પણ? "આ હાં! આ મંદિરો બાંધાવનારા સોલંકીઓના મૂળ ચાલુક્યવંશના- જે તમિલનાડુના મૂળે. તમે તમિલનાડુ-કર્ણાટકના વૈષ્ણવ-શૈવ મંદિરો જુઓ તો આમ જ- એક જ કંપાઉન્ડમાં ત્રણ ચાર મંદિરો હોય." "દેવી-દેવતાઓનું સુપર માર્કેટ!" શેખરે કહી દીધું:" જે જોઇએ તે મળે! ખડખડાટ હસતી મંડળીએ બીજા યાત્રાળુઓનું ધ્યાન ખેંચ્યું. અંદર જોઇ શકાતું હતું કે દેશના ખૂણે ખૂણેથી યાત્રાળુઓ આવ્યાં હતાં. વૃદ્ધાઓ વધારે હતી એની ના નહિ પણ એમાંયે વૈવિધ્ય હતું- મરાઠી, બંગાળી, ઓડિયા પ્રજા હતી, સ્થાનિકો તો ખરાં જ અને ગુજરાતનાં બીજાં સ્થળેથી પણ લોકો આવ્યાં હતાં. દર્શન ખૂલવાની રાહ જોતાં, આમતેમ ફરતાં હતાં, ભજનધૂન કરતાં હતાં, જપમાળા કરતાં હતાં અને કંઇક અકળ ઉમળકાથી બંધ કમાડ તરફ જોઇ રહ્યાં હતાં.અનેક ભાષા-બોલીઓ, અનેક પ્રકારનાં ગીતસંગીત સંભળાતાં હતાં. અજાયબ શંભૂમેળો જામ્યો હતો. મંડળી પળેપળ માણી રહી હતી.

ત્યાં જ શંખનાદ-ઘંટનાદથી વાતાવરણ ગાજી ઊઠ્યું.ગર્ભગૃહ ખૂલ્યું. શ્રદ્ધાળુઓ હુડુડુડૂ કરતાં દ્વારકાધીશ કી જય પોકારતાં ધસ્યાં. મંડળી પણ ધક્કામુક્કીમાં ઘસડાઇ. ગર્ભગૃહમાં વીજળીના ઝળાંહળાં પ્રકાશની સાથે ઘીના દીવા અને મોટી આરતી પણ ઝળહળી રહ્યાં'તાં. પૂજારી દ્વારાકાધીશ (દ્વારકાના રાજા) તરીકે ઓળખાતા વિષ્ણુની આરતી ઉતારી રહ્યો હતો- બીજો પુજારી મૂર્તિ પર ફૂલહાર ચડાવી, આરસી બતાવીને શણગાર કરી રહ્યો હતો. ભક્તો પણ ફૂલ-હાર- આપતા હતા. ટોળું ધીમેધીમે કતારબંધ થતું જતું હતું. પણ ભાઇઓ-બાઇઓના છેડે ઊભેલા સિક્યોરિટી ગાર્ડ હાથના ડંડીકા વડે સૌને ઝડપ કરવા ગોદા મારી રહ્યા હતા. દરેક દર્શનાર્થી વધારેમાં વધારે વીસ સેકન્ડ સુધી દર્શન કરવા પામતા હશે. છતાં દર્શનની આટલી ઝંખના?! મંડળી પણ એ રીતે જ બહાર ધક્કેલાઇ. થોડાં અલગ ઊભાં રહીને દર્શન કરી શકાય એવી યુક્તિ હતી- પછીતે મોટું દર્પણ હતું જેમાં દ્વારકાધીશ આબેહૂબ દેખાતા હતા. જોયું તો ત્રણેક ફીટની શ્યામ પથ્થરની મૂર્તિને સરસ રંગીન જરીના વસ્ત્ર-જેને વાઘા કહેવાય- પહેરાવ્યાં હતાં. લાંબો અંગરખો અને ચોરણી હતી. માથે પાઘડી. પુષ્કળ રત્નજડિત અલંકારો અને ફુલમાળાઓ શોભતાં હતાં. ચાર





હાથનાં ચાર પ્રતીકો શંખ-ચક્ર-ગદા-કમળ(પદ્મ) પણ સોના-ચાંદીના હતાં. પણ એક વસ્તુ સૌએ નોંધી- એક સોનાની મોરલી પણ હોઠ આગળ મૂકવામાં આવી હતી જે આ વિષ્ણુ તે કૃષ્ણ- એની ખાત્રી આપતી હતી. રાતની મીટીંગમાં વધારે વાત કરવાનું આશ્વાસન આપીને રચનાએ મંડળીને છૂટ્ટી મૂકી દીધી.

આસપાસનાં નાનાં છતાં શોભાયમાન મંદિરોમાં જઇને ત્રિવિક્રમજી, દેવકીમાતા, માધવરાયજીનાં વિધિવાર મંદિરોમાં દર્શન કર્યા. પાછળ, હિંદુધર્મના 7મી સદીના સુધારક કે ઉદ્ધારક શંકરાચાર્યે સ્થાપેલી પીઠ- શારદાપીઠનાં દર્શન કર્યાં. ત્યાં શંકરાચાર્યના જીવન અને ઉપદેશ વિશે ચિત્રો- સૂત્રો વગેરે મૂકવામાં આવેલાં. રચના બહાર બેઠી બેઠી વિચારતી હતી કે શંકરાચાર્ય મૂળ કેરળ-કર્ણાટકની સંધિ પર આવેલા કાલડીના. એમણે અહીં 7મી સદીમાં શારદાપીઠ સ્થાપી ત્યારે આ મંદિર અહીંના શાસકો પાસે બંધાવ્યું હોય એવી ધારણા કરી શકાય? આમ પણ ચાર ધામ અને ચારેય પીઠો આખા દેશમાં વિષ્ણુધામોમાં જ છે - દ્વારકા ઉપરાંત બદ્રીનાથ, જગન્નાથ અને દક્ષિણમાં વિષ્ણુકાંચી. દક્ષિણ ભારતની એક જ આંગણમાં વધારે મંદિરની શૈલી પણ શંકરાચાર્ય જ અહીં લઇ આવ્યા હોય એવું ના બને?!

ત્યાં તો મંદિરના આંગણમાં વાજાં-ગાજાં ગાજી ઊઠ્યાં, જોરથી જયજયકાર થઇ રહ્યો અને ટોળાં ધજા તરફ ઊંચી ડોકે જોતાં, હાથ જોડીને ઊભાં રહી ગયાં. મંડળી રચના પાસે આવી ગઇ. ત્યાં જયકાર ગગનભેદી બન્યો. જોયું તો એક શ્રદ્ધાળુ છેક શિખરનીયે ટોચે, ધજા ચડાવવા ચડેલો. જૂની ધજા ઉતારી, નવી ફરકાવી. અંદરથી ફૂલ-તુલસી-સાકરની પ્રસાદી નીકળીને નીચે પડી, પડાપડી કરતાં શ્રદ્ધાળુઓ પ્રસાદ ઝીલીને ધન્ય બન્યાં. આ બધાં મરાઠી યાત્રાળુ હતાં. ખૂબ જોરશોરથી તેમની બોલીમાં અને શૈલીમાં ધૂન સાથે આનંદ નૃત્ય કરવા લાગી ગયાં. મંડળીને પણ પ્રસાદ મળ્યો. આખા પરિસરમાં રમઝટ જામી ગઇ.

રમઝટને ત્યાં જ રહેવા દઇને રચના અને મિત્રો, દરિયાકિનારા તરફના દ્વારમાંથી નીકળી, 'સ્વર્ગની સીડી' ઉતરીને દરિયા તરફ આવ્યાં. નીચે લાંબો

ઓવારો હતો. ઓવારાની આ તરફ સ્નાનઘાટ, નાની-મોટી દહેરીઓ અને અસંખ્ય સાધુબાવાઓ હતા. કેટલાંક યાત્રાળુઓ ઓવારેથી પગથિયાં ઊતરી, નીચે વહેતી ગોમતી નદીમાં સ્નાન કરતાં હતાં, પવિત્ર પાણી પીતાં હતાં (આચમન લેતાં હતાં) એકાદ કિ.મી.નો ઓવારો વટાવતાં છેડે ગોમતી નદી સમુદ્રમાં ભળતી હતી ત્યાં, સમુદ્રનારાયણના મંદિરે સૌ પહોંચ્યા.

ગોમતી નદીની સામે પાર લાંબો, રૂપેરી રેતીનો પટ હતો, ખડકો હતા જેની બીજી તરફ સમુદ્ર ઉછળતો હતો ને આ તરફ મીઠા પાણીની નદી. પાર કરવાનાં હોડકાં પણ હતાં. રેતાળ પટ અને ખડકો ચિંધીને રચનાએ નવી વાત કરીઃ "આ એ 'સાઈટ' છે, જ્યાં સમુદ્રી પુરાતત્વ વિભાગે પુરાતન દ્વારકાના અવશેષો શોધી કાઢ્યા હતાં"

"ઓહ, હવે એ અવશેષો ક્યાં છે?" "મ્યુઝિયમ બનાવ્યું છે?" આપણે જોવાનાં?" વગેરે પ્રશ્નોના જવાબમાં રચનાએ કહ્યું- "મારો પણ એ જ સવાલ છે.એ બધું ક્યાં ગયું? જો કે મેં તો ચાલુ ઉત્ખનનની પ્રક્રિયા જોઇ હતી અને અવશેષો નજરે જોયા હતા ત્યારે ત્યાં ઊભેલા નિષ્ણાતોએ ખાત્રીપૂર્વક કહ્યું હતું કે અહીં એક મ્યુઝિયમ બનાવાશે અને બાકાયદા 'મરીન આર્કિયોલોજી' વિભાગ સાથે એને જોડવામાં આવશે."

"પછી?" - "પછી કાંઇ નહિ અહીં મરીન આર્કિયોલોજી વિભાગ તો થયો છે પણ એમાં મ્યુઝિયમ છે કે નહિ એની કોઇ જાણ નથી. પ્રવાસન ખાતું દર્શન વગેરેની રજેરજ માહિતીનાં પતાકડાં છાપે છે પણ આ મ્યુઝિયમ વિશે કંઇ નહિ!"

"બેન, બચ્ચન ઇસ મંદિર, સમુદ્ર ઔર નદી-સમુદ્ર કે સંગમ કે બારે મેં ભી બોલા હૈ; પર ઉસને ભી મ્યુઝિયમવાલી બાત નહિ કી હૈ!"

"હવે કહો, ડૂબેલી દ્વારકાનું શું?" "ડૂબી ગઇ વળી પાછી... બીજું શું?" બાદલ અને શેખરના સંવાદે મંડળીને જરા ઉદાસ કરી મૂકી. આમ પણ સૂર્યાસ્ત તો થઇ ગયો હતો. આછા જાંબુડી ઉજાસમાં મંડળી દરિયાનાં મોજાંની





ફીણલીલા જોઇ રહી. ખૂબ પ્રચંડ અવાજ સાથે રેતાળ ખડકો સાથે પછડાતો દરિયો જાણે પોતાની તરફ બોલાવી રહ્યો તો. નીચે દોટ મૂકતી મંડળી અચાનક અટકી ગઇ- પ્રવાસીઓ અને સ્થાનિકોએ કાંઠે કરેલી 'ગંદકી' જ એમને માટે અવરોધરૂપ બની ગઇ! દ્વારકાનો આ ખૂણો 'શિષ્ટી' જ રહી ગયો!

મંદિરેથી પાછાં ફરતાં, સન સેટ પોઇન્ટના સરસ ઓટલે બેસીને, થોડી હવા ખાતી મંડળીએ જમણી તરફના નવા બનેલા ભડકેશ્વર મહાદેવનો ઘંટારવ અને ડાબી તરફ બનેલી નાની નવી મસ્જિદમાં ઇશાની અઝાનના સ્વર એક સાથે માણ્યા. પણ સામે ઘૂઘવતા સાગરનો નાદ એનાંથીયે બુલંદ હતો.

સન સેટ પોઇન્ટ પાછળના 'તોરણ' ગેસ્ટહાઉસમાં, ખુલ્લા ચોકમાં, ચાંદની માણતી મંડળીએ આજની દ્વારકા મુલાકાત વિશે પ્રતિભાવો શરૂ કર્યા. થાક્યા હતા તોયે કનુભાઇ સાથે આવીને બેઠા હતા. એમણે જરા ખોંખારીને શરૂઆત કરી- "બેન, તમે બધી વાતું કરી- એકદમ પરફેક્ટ! પણ એક વાત રહી ગઇ!"

"કઇ?" "બોડાણા ભગતવાળી વાત!"

"અરે એનાથી તો આજની શરૂઆત કરવાની હતી. ચાલો, મીટીંગની શરૂઆત એનાથી કરીએ. મિત્રો! આમ તો આ દંતકથા છે પણ એમાં ઇતિહાસના તાણાવાણા કેવી રીતે વણાઇ જાય છે એ જોવાની તમને મજા આવશે."

"દંતકથાનો હીરો કોણ છે?"

"ખેડા જીલ્લાના ડાકોરનો ભગત બોડાણો- એને અને એની પત્ની ગંગાબાઇને નિયમ હતા કે વરસની બે મુખ્ય પૂનમે ડાકોરથી દ્વારકાની પદયાત્રા કરવી ને દર્શન કરવાં."

"આ કયા સમયની વાત છે, બહેન?" ઇતિહાસનો તંતુ પકડવા મથતા શેખરે પૂછ્યું. "ધારણા છે કે 16-17મી સદી. જ્યારે ઓખામંડળમાં વાઘેરો અને મરાઠા તેમ જ વાઘેરો અને ગુજરાતના સુલતાનો વચ્ચે સતત

યુદ્ધો ચાલુ હતા. દરિયા ઉપર અને જમીન ઉપર પણ. બોડાણાજી જેમતેમ કરીને દ્વારકા આવતા તો હશે પણ કોઇક સમય એવો પણ આવ્યો હશે જયારે પગરસ્તે મુસાફરી બિલકુલ અઘરી થઇ ગઇ હશે. હવે દંતકથા એવું કહે છે કે લાચાર બની ગયેલા બોડાણાજીને દ્વારકાધીશે સપનું આપ્યું ને કહ્યું કે તું મારી મૂર્તિ દ્વારકાથી તારે ગામ - ડાકોર લઇ આવ. બોડાણા તો માંડ માંડ દ્વારકે પહોંચ્યા અને કંઇકંઇ યુક્તિથી મૂર્તિ બહાર કાઢી લીધી. દંતકથા પ્રમાણે એ રાતે ગૂગળી બ્રાહ્મણ પૂજારીઓને એવી ઊંઘ આવી ગઇ કે ચોરીની ખબર જ ના પડી. ભગવાને કહેલું કે ચાલીને નહિ, મને ગાડામાં લઇ જજે, નહિ તો દ્વારકાના બ્રાહ્મણો તારો શિરચ્છેદ કરાવી નાખશે.'' ''અલ્યા, પણ ગાડાવાટેય કંઇ રાતોરાત થોડું દ્વારકાથી ડાકોર પહોંચાય છે?'' ''શેખર, આ દંતકથા છે- સાંભળ અને સાંભળવા દે!'' વંદનાએ શેખરને તતડાવ્યો. ''હા બહેન પછી?''

''પછી તો રાતોરાત બોડાણાજી ડાકોર પહોંચી ગયા. સવારે પૂજારીઓ જુએ તો મૂર્તિ ગાયબ! પેલી તરફ બોડાણાને મરાઠા અમલદારોએ વધાવી લીધા અને તાંબેકર નામના દિવાને ડાકોરમાં મદિર બંધાવીને દ્વારકાધીશને ત્યાં પધરાવ્યા. ભગવાને આ રણ વિસ્તાર છોડી દીધો તેથી રણછોડરાય કહેવાયા''

''તો આ મંદિરની મૂર્તિ કોણે બનાવડાવી?'' મીનાને સવાલ થયો.

''કદાચ વાઘેરોએ! એ એમના ઇષ્ટદેવ કહેવાય છે. આ વિસ્તારના રામદેવજી પણ દ્વારાકાધીશની કૃપાથી સંતપુરુષ કહેવાતા'તા.બાકી સત્ય હકીકત તો અંધારામાં છે!''

''વાહ, પણ પેલી લેમડામાં એક ડાળ મેંઠીવાળો બનાવ તો રહી ગયો બેન!'' કનુભાઇએ વળી રચનાને પકડી!

''એ ભાગ આપણે ડાકોર જઇશું ત્યારે કહીશુ - એ ઝાડ પણ આપણે જોઇશું.''

''એ ભલે ભલે... જૈ રણછોડરાય.'' કનુભાઇએ સમાધાન કરી લીધું





''સરવાળે, રાજકીય અંધાધૂંધીમાં આવી રીતે ભગવાનાનેય સ્થળાંતર કરવું પડે!''

''બહેન, મારો મુદ્દો એ છે કે બધાં ભક્તો દર્શન-દર્શન કરે છે પણ પૂરી એક મિનીટ પણ દર્શન કરવા નથી મળતા. મને તો ટેરર જેવું થઇ ગયું'તું.આવું તો કોઇ ધર્મસ્થળમાં મેં નથી જોયું!'' વિલ્સન ખરેખર 'અપસેટ' હતો.

''આમ તો તારી વાતનો પૂરો જવાબ આપું તો ધર્મની ફિલસૂફી ડહોળવી પડે. ટૂંકમાં કહું તો જીવ એટલે કે માણસ - બ્રહ્મ એટલે કે ઈશ્વરને મળવા તલસતો હોય છે. એ મળવું અશક્ય છે એમ માનનારાએ પળવાર દર્શનનો સિદ્ધાંત આપ્યો. એક તો આ કારણથી પણ ભક્તો મનોમન સમાધાન કરી લે છે. પણ ધર્મસંસ્થાએ દર્શનનું ટાઇમટેબલ બનાવીને, ભક્તોને વારંવાર દર્શન કરવાનો મોકો આપ્યો છે. બીજા ધર્મનું તત્વજ્ઞાન આવું નથી, પુષ્ટિ સંપ્રદાય અને એના તત્વજ્ઞાન ઉપર આધારિત આ વિષ્ણુમંદિર, સ્વામીનારાયણ મંદિરો આ રીતે દિવસમાં પાંચ કે સાત વાર દર્શન કરાવે છે એને 'સમા સમા(સમય-સમય)નાં દર્શન કહે છે. વળી દરેક દર્શન વખતે ભગવાનની જુદી અવસ્થાઓ, જુદા શણગાર વગેરે કલ્પના છે જે મુજબ ભારે તલસાટવાળા ભક્તો એવાં આકર્ષણથી પણ દર્શન કરવા જાય છે. પુષ્ટિમાર્ગે કળાઓને મોટું માધ્યમ બનાવ્યું છે. સંગીત, કાવ્ય, વસ્ત્રકળા, ફૂલહાર વગેરેનું કલામય પ્રદર્શન પ્રભુના નામે કરે છે જેનાથી કલાઓને-કલાકારોને પ્રોત્સાહન મળે છે, ધર્મ રસમય થય છે. 16મી સદીમાં માનવજીવન અંધાધૂંધીમાં હતું, શંકર વગેરે સંપ્રદાયો ત્યાગ, તપ, વૈરાગ્ય ઉપર ભાર મૂકતા. ઘરબાર છોડે તેને જ પ્રભુ મળે, મોક્ષ મળે એવી ધારણા હતી. સામે પુષ્ટિ માર્ગે આત્માના સંતોષ અને આનંદનો મહિમા કર્યો અને હિંદુધર્મને ટકાવ્યો- ફેલાવ્યો. આપણે માટે આટલું પૂરતું છે. દ્વારકા આવું ધામ છે જ્યાં ભક્તોને દિવસમાં 5-7 વખત વૈવિધ્યમય દર્શન થાય છે જેને 'ધન્યતા' કહે છે.''

''બોલો શ્રી રણછોડરાય કી જય!'' શેખરને વિલ્સને કહ્યું- જય -જય! હું તો સમજ્યો; તું સમજ્યો કે નહિ?!

"આ દર્શનની વાત આવે છે ને ત્યારે મને હંમેશા ખીજ ચડે છે. મેં તો સોમનાથમાં પણ કહેલું- મંદિર પ્રવેશનો જેને અધિકાર જ નથી, એની આગળ આ ખૂની ભપકા શા માટે?!" શેખર ખેંચાઇ ગયો.

"એ માટે બાબાસાહેબ જેવી હિંમત કરીને, આંદોલન કરીને, નક્કર પ્રયાસ કરવો જોઇએ.હવે આ દેશમાં કોઇ કોઇને મંદિર પ્રવેશ કરતાં અટકાવી ન શકે! આ વાત નીકળી છે તો કહું. આમ તો બાબાસહેબે અને ગાંધીજી સુદ્ધાંએ મંદિર પ્રવેશની લડત આપી છે."

"ગાંધીજીને ભી ?"

"હા, પરવીન. એમણે દલિતોની સ્થિતિ જોઇ અને પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી આ દેશના દલિતોને ખુલ્લેઆમ મંદિર પ્રવેશનો અધિકાર નહિ મળે ત્યાં સુધી હું મંદિર પ્રવેશ નહિ કરું. એમણે આ પ્રતિજ્ઞા આજીવન પાળી હતી. એક વાર કસ્તૂરબાને જગન્નાથપુરીમાં દર્શન કરવાનું મન થયું ત્યારે ચોખ્ખી મનાઇ ફરમાવી દીધી'તી.એ વાત અલગ છે કે એ ઘણીપણું હતું પણ મૂળમાં એમનો સિદ્ધાંત ખોટો નહોતો. ગાંધીજી આજકાલના નેતાઓની જેમ બાવા-સાધુની સોબત કદી નહોતા રાખતા કે કદી એમનાં ચરણોમાં નહોતા પડતા!" બધાંને સારું લાગ્યું.

"બહેન, આજ વો ધજાવાલા ઉત્સવ દેખકર મજા આ ગયા થા; પર એક બાત થી કિ સારે લોગ મહારાષ્ટ્ર કે થે ઔર કાફી ગરીબ ભી થે- ફિર ભી ઇતની બડી, રેશમકી, મેંહગી ધજા લાના, ઇતની દૂર સે- પતા નહિ કિતના ખર્ચ કરકે આના અજીબ લગા. મહારાષ્ટ્ર મેં તો કિતને કિસાનોં ને ગરીબી કે મારે ખુદકુશિયાં કી હૈ!" "આમિર, ધર્મ, ઉત્સવો... બધું દુઃખદર્દ ઉપર મલમનું કામ કરે છે - પેલી વાત આ પહેલાં પણ કહી છે ને, કે ધર્મ એ માનવસમાજ માટે અફીણ જેવું ઘારણ છે!"

"બહેન, કદાચ છેલ્લો સવાલ- તમે કહ્યું કે દ્વારકાના આ મંદિર ઉપર ભારત-પાક. યુદ્ધ વખતે હુમલો થયો હતો અને ઘણું નુકસાન પણ થયું હતું! તો જેમ





સોમનાથ મંદિરને બહુ બધી રીતે 'પોલિટિકલ ઇશ્યૂ'બનાવી દેવામાં આવેલું ને આજે પણ સરદારનું પૂતળું મૂકીને કે સાઉન્ડ એન્ડ લાઇટમાં એ બાબતને ખૂબ હાઇલાઇટ કરવામાં આવે છે કે આ હિંદુ ગૌરવનું પ્રતીક છે. તો પછી દ્વારકા હિંદુ ગૌરવનું પ્રતીક નથી! એને પોલિટિકલી ઉછાળ્યું હતું કે નહિ?" વિલ્સને સંકોચ વિના પૂછી લીધું.

"બહુ સારું કર્યું, તેં આ મુદ્દો કાઢ્યો. એક કરતાં વધારે જવાબ મેળવી શકાય." રચના વાત માંડે એ પહેલાં શેખરથી બોલી પડાયું: "દ્વારકા - ધર્મસ્થાન ટ્રસ્ટને મુનશી જેવા પોલિટિકલ વકીલ નહિ મળ્યા હોય; અથવા તો પછી એ ગુજરી ગયા હશે!" કેટલાકથી હસી પડાયું, કેટલાંકના ભવાં ચડી ગયાં...રચનાની બંને પ્રતિક્રિયા હતી: "શેખર! તારો પહેલો તુક્કો સાચો; અને બીજો પણ લગભગ સાચો! મુનશી બસ, એ જ અરસામાં મૃત્યુ પામ્યા. હા, પણ વિલ્સનને ગંભીર અને ઊંડુ વિચારીને જવાબ આપવો પડે. કદાચ 1965 સુધીમાં આપણી બિનસાંપ્રદાયિક/ ધર્મનિરપેક્ષ લોકશાહી થોડી વધુ મચ્યોર / પુખ્ત થઇ હતી. નહેરૂની આચારસંહિતાએ લોકોને ધર્મઘેલછાથી થોડાક અલિપ્ત પણ રાખ્યા હતા. નુકસાન થયું એ ગાળાના નેતા શાસ્ત્રીજી હતા એ અંગત રીતે ધર્મિષ્ઠ હતા પણ રાજકીય રીતે ધર્મનિરપેક્ષ. દ્વારકા મંદિરને થયેલા નુકસાન વિશે ઉહાપોહ કરતાં અફસોસ વધારે થયો હતો. આમ તો રિપેરિંગ માટે હમણાં સુધી ફંડ ઉઘરાવાતું રહેલું પણ બીજો ઇશ્યુ મંદિરને લઇને નથી થયો. બાકી અમુક મોરચા તો સજીવન થઇ જ ગયા છે અને દ્વારકાને પણ ભગવા રંગે રંગવાની કોશિશો શરૂ થઇ ગઇ છે; પણ એ આ છેલ્લા દોઢ-બે દાયકામાં! એ રંગ આપણને કાલે જોવા મળશે.

ચાલો, હવે પૂરું કરીએ! આજે ચર્ચાઓ સારી રહી! ગમે તેવા અઘરા મુદ્દાની આપણે છણાવટ કરી શકીએ છીએ, એ સારી વાત છે."

★★★

**મુકામ - 13.**

## બેટ દ્વારકા

સવારના કૂણા કૂણા તડકામાં જ મંડળી 'બેટ દ્વારકા'તરફ ઊપડી. ઓખા બંદર તરફ જતા રસ્તે ઝાડઝાંખરાં ઓછાં અને વાડીખોરડાં ઝાઝાં જોયાં. થોડેક જતાં રૂક્ષ્મણી મંદિર આવ્યું. ત્યાનું શિલ્પ મોઢેરા, કુંભારિયાની યાદ અપાવે તેવું ભવ્યસુંદર છે પણ સમુદ્રી હવા અને ખારને કારણે રેતિયો પત્થર ઘણે ઠેકાણે ખવાઈ ગયો છે. ઉપરાંત લેભાગુ લાગતા પૂજારીઓ પૈસા પડાવવા કંઈકંઈ વિધિઓ કરાવે છે. મંડળી છટકી. આગળ જતાં બે માર્ગ જાણે જુદા પડતા હોય તેવું દેખાયું.એક રસ્તો દરિયા તરફનો હતો ને બીજો, જરા આઘો રહીને એમ જ જતો હતો. પહેલો રસ્તો ઉબડખાબડ હતો ને બીજો શરૂ થતો હતો ત્યાં સુશોભિત નગરદ્વાર હતું અને ચકચકતી કારો, રિક્ષા, બસો વગેરે જતાં હતાં. પહેલા રસ્તાની પડખે જ, દરિયામાં અસંખ્ય હોડકાં, જાળ ભરેલી નાવડીઓ હતી અને એક આખી વસાહત દેખાતી હતી... લાંબી પહોળી! ''એ રૂપેણ બંદર છે. અને આ સારો દેખાતો રસ્તો ત્યાં થઈને ના જાય એની તકેદારી રાખવામાં આવી છે; કેમ કે એ સારો રસ્તો બેટ દ્વારકાના જાત્રાધામે જાય છે. રૂપેણ બંદર ઉપર માછીમારો, ખારવા, ખલાસીઓની વસાહત છે જેમાં 95%થી વધુ મુસલમાનો જ છે. છેલ્લાં ત્રીસેક વર્ષથી હિંદુત્વવાદીઓ આ ગામને ખાલી કરાવવાની પેરવીમાં હતાં અને યાત્રાધામ પાસે મચ્છીમારી ન હોવી જોઈએ એ નિમિત્તે મુસલમાનોને બેઘર-બેરોજગાર કરીને ભગાડી દેવા





માંગતા હતા. હિંદુ યાત્રાળુઓને માછલાંની વાસ સુદ્ધાં ન આવે એવો 'પવિત્ર રસ્તો' બનાવીને છેવટે આ લોકો જંપ્યા! આમ તો સેક્યુલર કર્મશીલો, સ્વૈચ્છિક સંસ્થાઓ બધાએ આ ગામને ટકાવી રાખવા પ્રયત્નો કર્યા; છેવટે ગામ તો બચી ગયું પણ જૂદારું થયું! હવે રૂપેણ એક ઘેટ્ટો બની ગયું છે.''

''અપને જુહાપુરા કી તરહ?'' આમિરે માથું ધૂણાવી અફસોસ વ્યક્ત કર્યો.

બસ વરવાળા વગેરે વિકસિત ગામો વટાવતી મીઠાપુર સુધી પહોંચી. દૂરથી ટાટા ફેક્ટરીની ચિમનીઓ દેખાવા માંડી હતી. રસાયણો અને ખાસ તો મીઠું / નમક બનાવતી આ કંપની દેશની ધનાઢ્ય કંપનીઓમાંની એક અને અનેક ઉદ્યોગસાહસોમાં પહેલકર્તા.કારખાનાં કર્મચારીઓ માટેની સરસ વસાહતો, સ્કૂલો વગેરે તો અહીં છે જ, સાથોસાથ કંપનીના માલિક ટાટા પરિવારનો વિશાળ બંગલો, હેલિપેડ ઉપરાંત અંગત 'બીચ' પણ છે.બપોરે બેટથી પાછાં ફરતાં અહીંનો દરિયો જોવાનું નક્કી કરીને સૌ આગળ વધ્યાં.

ઓખા બંદર તરફ બસ આગળ વધી અને રસ્તાની બંને તરફ વિવિધ જાતોની માછાલીઓની સૂકવણી થઈ રહી હતી. મત્સ્ય-ઉછેર માટેનાં કૃત્રિમ તળાવો અને તેનું સંચાલન કરતી સંસ્થાઓ પણ દેખાતી હતી. આરંભડા ગામે સરસ કોન્વેન્ટ સંચાલિત શાળા- હોસ્ટેલ હતાં. ઓખા મંડળમાં શિક્ષણનો ઊજાસ તો ફેલાવા માંડ્યો હતો. આગળ વધતાં, દરિયાનો ભેજલ પવન વાયો અને આજુબાજુની ખાડીમાં વહાણો 'રિપેર કરવાનાં ગેરેજ' દેખાયાં. અધૂરાં બનેલાં મોટાં હોડકાં દેખાયાં. મંડળી ગુજરાતના પશ્ચિમોત્તર દરિયાકિનારે પહોંચી રહી હતી. છેલ્લું રેલ્વેસ્ટેશન 'ઓખા' દેખાયું. પાસે જ ધક્કા ઉપર મોટું કાર્ગો (માલવાહક જહાજ) ઊભું હતું. સ્ટેશનથી બંદર સુધી ભારખાનાં જતાં હતાં. અજીબ ચહલપહલ હતી.

બેટ દ્વારકા જવાનો નાનો ધક્કો થોડો અલગ હતો. પુષ્કળ નાનાં મોટાં નાવડાં, સ્ટીમબોટ, શઢથી ચાલતાં નાવડાં ઊભાં હતાં. યાત્રાળુઓ ટિકિટ લઈને વહાણ / નાવડામાં બેસવાની કતારોમાં ઊભાં હતાં.

સામે, ચાર-પાંચ કિ.મી.દૂર મોટો બેટ દેખાતો હતો, મંદિરનાં નાનાં શિખરો પરની ધજાઓ ફરફરી રહી હતી.

"તો... આ સામે દેખાય છે તે જ બેટ દ્વારકા? ત્યાં મંદિરો દેખાય છે પણ પેલા જેવું મોટું નથી!" શેખરની કોમેન્ટ.

"અરે, આ બેટના પેલે છેડે પાછું નાનું મંદિર છે... ને વચ્ચે આ લીલી દીવાલ તો મસ્જિદની લાગે છે! ત્યાં પણ કંઇ ગુંબજ જેવું છે! અરે વાહ! અહીં બંને કોમ-ધરમનાં દેવસ્થાન છે!" બાદલનો અહોભાવ.

"હાયલ્લા... હમે વાં પે જાના હૈગા? કિતના મજા આયેગા! બોટ મે જાયેગેં ના?" યાસ્મિનના ઉમંગનો પર નહોતો.

"આવો, પહેલાં આ કેન્ટીનમાં ચા-બા પીએ અને થોડી વાત કરીએ." રચનાએ આ કાંઠાની કેન્ટીનમાં ચાનો ઓર્ડર આપ્યો. સૌ બેઠાં.

"આમ તો અહીંના પૂજારીઓ ભોળાં યાત્રાળુઓને એમ કહીને પણ છેતરે છે કે અસલ દ્વારકા આ જ. કૃષ્ણ અહીં જ વસતા હતા. ખેર, એટલું સાચું કે અહીંનાં બે મુખ્ય મંદિરો વિષ્ણુ અને કૃષ્ણ- બંને સાથે સંકળાયેલાં છે"

"કૃષ્ણ તો વિષ્ણુના અવતાર હતા ને? કુલ દસ અવતારો; કૃષ્ણ આઠમા." વંદનાની વાતથી બધાં ખુશ. હમિદ કહે, "વૈસે યે અવાતારોં કી ડિટેઈલ તો નહિ જાનતે હૈં પર વિષ્ણુ કે અવતાર હોતે થે વહ બિલકુલ પતા હૈ - ઉસ હિસાબ સે રામ, બુદ્ધ... સારે અવતાર હૈ; રાઈટ્ બેન?"

"રાઈટ. પુરાણોમાં આ બેટને શંખોદ્ધાર બેટ પણ કહે છે. અહીં શંખાસુર નામે એક બળવાન અસુર રાજા રહેતો હતો. એની સંસ્કૃતિ એટલી પ્રબળ હતી કે વૈદિક (ચાર વેદોમાં ચિંધી છે તે આર્યોની) સંસ્કૃતિનો અહીં નાશ થયો હતો. સમુદ્રમાં એનું સામ્રાજ્ય હતું. પૃથ્વી પરના લોકો ત્રાસી ગયા હતાં. એમણે સૃષ્ટિના પાલનકર્તા વિષ્ણુને વિનંતી કરી..."





"બહેન, પુરાણોમાં ત્રણ દેવને ત્રણ ભૂમિકા (રોલ) સોંપેલી છે, નહિ? બ્રહ્મા એટલે સૃષ્ટિના સર્જનકર્તા, વિષ્ણુ પાલનકર્તા અને શિવ વિનાશકર્તા... ખરું ને?" વંદના.

"એમ જ. વંદનાને આ બધું ઠીકઠીક યાદ છે."

"અરે વો તો સારી ઐસી સિરિયલ દેખતી હોગી ના?... આવડે જ ને?!" આમિરે ખેંચી! "ખેર, એની વાતને આગળ લઇ જઇએ- વિષ્ણુએ શંખાસુરને મારવા પૃથ્વી ઉપર અવતાર લીધો- પહેલો પ્રથમ- મત્સ્યાવતાર. માછલીના રૂપે દરિયામાં ગયા, મોટો મગરમચ્છ બનીને અસુર સાથે લડ્યા અને ચારે વેદો જેને ડૂબાડી દીધા હતા તેને પાછા પૃથ્વી ઉપર લઇ આવ્યા!"

હાશ... આર્યસંસ્કૃતિ બચી ગઇ! બહેન, ખરેખર હોં- આ પુરાણો એક રીતે અર્થઘટન કરીએ તો ઘણો બધો સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસ આપે છે નહિ? એને સમજતાં આવડવું જોઇએ." શેખરે આકલન કર્યું.

"રાઇટ, અને યુરોપિયન વિદ્વાનોએ એમ કર્યું છે. એમને 'ઓરિએન્ટાલિસ્ટ' કહેતા. એ લોકો પૂર્વના દેશોનાં શાસ્ત્રો, સાહિત્ય વગેરેના અઠંગ અભ્યાસુઓ હતા. એક રીતે કહું તો આ વિદ્વાનોએ આપણા વિદ્વાનો માટે કેડી પાડી આપી છે. હા, તો આ બેટને એટલે 'શંખોદ્ધાર' કહે છે. અસુરનો ઉદ્ધાર કર્યો તેથી નારાયણ / વિષ્ણુ શંખનારાયણ કહેવાયા. પહેલાં અહીં એમનું એક મંદિર પણ હતું. ત્યારે પણ બિસ્માર હતું- ગંદું હતું. ભૂકંપમાં પુષ્કળ નુકસાન થયેલું. એ પછી મરમ્મત થઇ છે કે નહિ તેનો ખ્યાલ નથી."

"બહેન, અસુરોને મારવા-હરાવવાનું કામ વિષ્ણુએ જ કર્યું છે નહિ! મતલબ કે પુરાણોએ એમને એ રોલ આપ્યો છે અને એ રીતે આર્યસંસ્કૃતિ બચાવવાનું કામ એમણે કર્યું છે. નેચરલી, પુરાણલેખકો બ્રાહ્મણો / આર્યો હશે જેમણે પોતાના સિવાયની સંસ્કૃતિ-સભ્યતાને હલકી ગણવા-ગણાવવા અસુરોને બિહામણા જ બતાવ્યા છે." શેખરે સરસ સમીકરણ આપ્યું. "હાં! સિરિયલો મેં ભી યે વાલે રાક્ષસ વગૈરા કૈસે ભયંકર ઔર ડરાવને દિખાતે હૈ?" પરવીન પણ સિરયલો જુએ

છે! બહુ સરસ! આ મુદ્દો હવે તમને બરોબર સમજાયો. બીજું ધ્યાન એ દોરું કે ગુજરાત-સૌરાષ્ટ્રમાં અસુરો દરિયાકાંઠાના બળવાન શાસકો હશે. પેલો દીવનો જાલંધર, ગિરનારનો કાળયવન...'' યે સારે અસુર-યવન-રાક્ષસ વગૈરા યહાં પર 'બહારવાલે' ગિને જાતે હોંગે ના? ઔર ઈસી લિયે ઉસકે સાથ લડાઈ કરના યે આર્યો કા ફર્જ બન ગયા લગતા હૈ.'' ''હમિદ, બરોબર આવડી ગયું તને ભૈલા! હિંદુ ધરમ હમજાતો થૈ ગ્યો તને!'' શાંતિથી સાંભળી રહેલા કનુભાઈએ હમિદનાં વખાણ કર્યા ત્યારે એને ગમ્મત પડી... કે માઠું લાગ્યું?! શી ખબર!

''અહીંનું બીજુ મુખ્ય મંદિર 'હવેલી' પ્રકારનું છે.'' રચનાએ નવી જ વાત કાઢી.

''વિષ્ણુભક્તિના ત્રણ મુખ્ય પ્રકાર-ભાગવત્, પુષ્ટિ અને સ્વામીનારાયણ.ગઈકાલે દ્વારકાનું મુખ્ય મંદિર જોયું જેમાં વિષ્ણુપૂજા હતી તે ભાગવત્ સંપ્રદાય, ગઢડામાં જોયું તે નર-નારાયણવાળું, સ્વામીનારાયણ અને અહીં પુષ્ટિ સંપ્રદાયનું દેવસ્થાન જોવા મળશે.''

''બહેન, એક જ ધર્મ / હિંદુ ધર્મને આટલા બધા સંપ્રદાય ને એમાંયે પાછા પેટા પ્રકાર, એ કેવું? કેટલા બધા ભાગલા?'' વિલ્સનને નવાઈ સાથે દુઃખ થતું લાગ્યું. ''વિલ્સન, એ તો બ્રાન્ડનેમ અલગ, બાકી માલ એનો એ!'' શેખરે દાઢમાં કહ્યું. ''એક રીતે સાચી વાત પણ વિચારકોએ ધર્મમાં સિદ્ધાન્તોને સ્થાપ્યા ને ઉથાપ્યા.એકના વિચારનું ખંડન કરી, પોતાના નવા વિચારનું મંડન કર્યું. એનાથી તર્કો કરીને ધર્મના ઊંડાણને તાગવાની રીત હતી. મધ્યકાળ સુધી બધું ચાલ્યું પછી વિચારો સ્થગિત / જડ થઈ ગયા. પુષ્ટિમાર્ગ આવી નવી અને વધારે જીવનલક્ષી દૃષ્ટિએ વિચારેલો સંપ્રદાય છે. 16મી સદીમાં વલ્લભાચાર્ય નામના ધર્મચિંતકે શરૂ કરેલી આ વિચારધારા રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશમાં વધારે ફેલાઈ. બંગાળ-ઓડિશામાં વળી એનાયે ફાંટા પડ્યા. ખેર, અપણે એની લપમાં નથી પડવું પણ એના ઐતિહાસિક સંદર્ભને તપાસીએ. એ પણ સાવ ટૂંકમાં જ કહું તો 16મી સદીમાં ઈસ્લામ આ દેશમાં ઠીકઠીક પગભર થઈ ચૂક્યો હતો. 14-15મી સદીમાં ઘણાં મંદિરો તૂટયાંનું





નોંધાયું છે. દેવને, દેવસ્થાનને બચાવી રાખવામાં પણ પુષ્ટિની વિચારધારા માર્ગદર્શક બની. એમાં કૃષ્ણને બાળકરૂપે - લાલો- પૂજાવામાં આવે છે. બીજા સિદ્ધાંતો પણ કૃષ્ણની સતત એવી, દરકાર અને સંપર્કની જરૂરિયાતો ઊભી કરે છે. ઘરમાં એક નાનાં બાળકનું જે રીતે લાલનપાલન થાય એવી જ ભાવના, ભક્તિ અને પૂજાપધ્ધતિ આ સંપ્રદાયે સરજી અને એનો પ્રચાર કર્યો. બાળકૃષ્ણને ઘરના ઓરડામાં રાખવામાં આવે, પારણા કે ઢોલિયા / ખાટલામાં બેસાડવામાં આવે- લાડ માંગે તે લાલો! આ દષ્ટિકોણથી પૂજાવિધિ અને મંદિરનિર્માણ શરૂ થયા. ઘરમાં જ -મોટા ઓરડામાં શ્રીકૃષ્ણ / ઠાકોરજીની સ્થાપના હોય. મોટા મંદિરોની જરૂર નહિ! ગર્ભગૃહ, સભાગૃહ, પરસાળો, ઝરૂખા, સ્તંભો, તોરણો કશા વગરની 'હવેલી'ઓ બની અને ઠાકોરજી પૂજાવા લાગ્યા. અહીં બેટ દ્વારકામાં સ્થાપક વલ્લાભાચાર્ય આવ્યા હતા અને આ હવેલી સ્થાપી હતી તે લેખિત ઈતિહાસ સ્પષ્ટતાથી બતાવે છે.''

વાત તો લાંબી હતી પણ નવી હતી, ગુજરાત માટે મહત્વની હતી તેથી સૌ કોઈ રસથી સાંભળતા હતા. ''બહેન, હવેલીઓ પુષ્ટિસંપ્રદાયની જરૂરિયાત હતી કે તે વખતની સામાજિક-રાજકીય પરિસ્થિતિનું પરિણામ?'' શેખરનો પ્રશ્ન મહત્વનો હતો.

''પતાવવું હોય તો હું કહી શકું કે પરસ્પરની જરૂરિયાત હતી; પણ મારું માનવું જરાક જુદું છે - ધર્મ ઈતિહાસને નથી રચતો; અમુક ઐતિહાસિક પરિબળોને કારણે ધર્મ પેદા થાય છે અને સમાજનો અમુક ઘાટ ઘડાય છે. પણ મજાની વાત એ બની કે પુષ્ટિમાર્ગની શરૂઆત થઈને હિંદુસ્તાનની ગાદીએ અકબર આવ્યો. એ સર્વધર્મ સમભાવને વ્યૂહરચના પણ માનતો હતો અને ઉચ્ચ જીવનમૂલ્ય પણ.જહાંગીર અને શાહજહાં સુધી સમન્વયનો માહૌલ જળવાઈ રહ્યો. એટલું જ નહિ, આ દેશની સંસ્કૃતિમાં હિંદુ-મુસ્લિમ તાણાવાણા પરસ્પર ગૂંથાઈને ઘટ્ટ પોત બન્યું. આ મુદ્દે ચોપડીઓની ચોપડીઓ ભરાય, આપણે ટૂંકમાં કહી શકીએ પુષ્ટિસંપ્રદાયે સૈદ્ધાંતિક રીતે અને વહેવારની દૃષ્ટિએ- સંગીત, નૃત્ય, ચિત્ર, સ્થાપત્ય- સમન્વયને ખૂબ બહાલી આપી હતી.''

"બહેન, સુના હૈ, અકબર ઇન વૈષ્ણવો સે ઇતના પ્રભાવિત થા કિ ખુદ ભી દીક્ષા લે લી થી ?!" હમિદને કુતૂહલ હતું; કંઇક તીખાશથી એણે પૂછ્યું.

"હાં તો...'મોગલેઆઝમ'નહીં દેખી થી? કૃષ્ણ કો પાલને મેં તો ઝૂલા રહે થે ખુદ બાદશાહ- અપને હાથોં સે!" આમિર જાણે અહોભાવથી બોલ્યો.

"હમિદ, વૈસે પુષ્ટિમેં દીક્ષા નહિ હોતી હૈ; માલા પહનની પડતી હૈ. સાંભળ્યું છે કે અકબરે કંઠી પહેલી હતી. પોતાની પ્રજા ઉપર દાખલો બેસાડવાની આનાથી વધુ સારી કઇ રીત હોઇ શકે?! અને હા, આમિર! તેં કહ્યું એ સીન તો હજી આજની તારીખમાં પણ જોઉં છું ત્યારે મારા રૂંવાડાં ખડાં થઇ જાય છે."

"માફ કરના બેન, પર હમારે જો શુદ્ધતાવાદી મૌલવી વગૈરા હૈ ના, વે અકબરકી ઐસી હરકતોં કી બહુત ટીકા કરતે હૈં" હમિદે નિખાલસતાથી કહ્યું.

"આપણો પ્રવાસ આપણી ઘણી બધી સમજણ- ગેરસમજણની ગાંઠો ખોલી આપે, એટલે બસ."

"મતલબ કે અહીં આપણને 'હવેલી' જોવા મળશે- 'હવેલી'નો સાદો અર્થ તો મોટા માણસો- શેઠિયાઓનું ઘર - એમ જ ને?" શેખર હજી ટીખળના મૂડમાં હતો.

"હા શેખર, ઠાકોરજી પણ મોટા માણસો જેવા થઇ ગયા છે...હાં! અહીં પેલી 16મી સદીમાં બંધાયેલી તો 2001ના ભૂકંપમાં નષ્ટ થઇ ગઇ; હવે જોવા મળશે તે છેલ્લા દાયકાવાળી, નવી તરાહની હવેલી."

"બેન, હાલો- હવે ન્યાં પોંકી જૈયેં" કનુભાઇએ તાકિદ કરી. એ તો ઊભા જ થઇ ગયા. "પન વો દરગાહ જૈસા કુછ હૈ, ઉસ કે બારે મેં બાત નહીં કરેંગે? યાસ્મિનને જરા માઠું લાગ્યું.

"કરીશું- જરૂર; પણ ત્યાં જઇને. ત્યાં એવી સરસ જગ્યા છે કે એનો મહિમા આપમેળે વધી જાય." રચનાએ મંડળીને નાના ધક્કા ઉપર દોરી.





નાવડાંવાળાઓ સાથે થોડી વાટાઘાટો પછી શઢવાળી નાવ પસંદ કરી જે રિટર્નમાં પણ લઇ આવશે.

## "હોડીને દૂર શું - નજીક શું?"

હોડીમાં બેસવાનો રોમાંચ તો સૌ કોઇને હતો પણ જ્યારે રચનાએ હોડીવાળાઓની ઓળખાણ આપી ત્યારે રોમાંચ અનેક ગણો વધી ગયો. શરૂઆત સરવા કાનના વિલ્સને કરી: "આ લોકો કંઇક જુદી ભાષા બાલે છે, નહિ?"

"હા, એ હાલારી બોલી છે. આ વિસ્તારના ખારવાઓ હજી આ બોલી બોલે છે."

"એમનાં નામ તો મુસલમાનનાં હોય તેવાં છે." હવે મીનાનું ધ્યાન પણ ખેંચાયું.

"આ બેટ ઉપર જે કોઇ હોડીવાળાઓ છે તે બધા મુસ્લિમ છે. પેઢીઓથી આ એમનો વ્યવસાય છે. હોડી, મોટાં વહાણ, કાર્ગો સુદ્ધામાં આ બેટના ખારવા- ખલાસી કામ કરે છે. આગળ હોડી બનાવવાનું-મરમ્મત કરવાનું... તમામ કામ આ લોકોની બાપીકી આવડત છે. સદીઓ જૂની રોજી-રોટી છે."

"500 સાલ સે યે મંદિર ખડા હૈ ઔર 500 સાલ સે યે લોગ યહાં રહે હૈં, ઔર નાવ ચલાતે હૈં?!" યાસ્મિનના અવાજમાં આશ્ચર્ય હતું કે અવિશ્વાસ? "બિલકુલ એખલાસથી ચાલે છે આ ધંધો. અને "ધંધો તો ધંધો છે, યાસ્મિન... એમાં ધરમ વચ્ચે ના આવે!" શેખરે કહ્યું.

"પણ ધર્મને- કહેવાતા ધાર્મિકોને, મતલબ કે VHP વાળા- હિંદુત્વવાળાઓને આ એખલાસ તોડવો હતો. એમણે 2002ના જાન્યુઆરીથી જ VHP ની હોડીઓ શરૂ કરેલી. હિંદુ ખારવાઓ યાત્રાળુઓને ઓછા દરે લઇ જવા પડાપડી કરતાં. હોડીઓનો રંગ પણ ભગવો.મારી એ સફર તો હું કદી નહિ ભૂલું!"રચનાએ કહ્યું.

''પછી?'' ધીરજનું કુતૂહલ. ''પછી કંઇ નહિ, એવા બહારના હોડીવાળા અહીં ન ફાવ્યા. બધું નાટક થોડા સમયમાં જ પતી ગયું!''

''ઇ તો આંયનાં કોઇ હિંદુઓને ટકવા નો દેને; એમાં બોટીંગ સર્વિસ બંધ થઇ ગઇ!'' કનુભાઇએ જાણકારીનો જાદૂ ફેલાવ્યો.

મિત્રોની નજર, આછાં લીલાં સાગરજળ ઉપર ઠરી રહી. લગભગ મોટા સરોવર જેવાં શાંત છતાં તરંગી મોજાં હતાં. અનેક હોડીઓ જઇ રહી હતી. કેટલીક હોડીમાંથી પ્રવાસીઓનાં ભજનકીર્તન સંભળાતાં હતાં. કેટલીક હોડીઓ ઉપર સફેદ પંખી- સીગલ- ટોળાબંધ ઊડી રહ્યાં હતાં. અને યાત્રાળુઓ મમરા વગેરે નાખીને એમને આકર્ષતા હતા- પંખી ડૂબકી મારીને મમરા મોંમાં મૂકતાં હતાં. આછો તડકો-ઠંડો પવન માણતી મંડળી જાણે સમન્વયની સફરે નીકળી હતી. જોતજોતાંમાં 3 થી 5 કિ.મી.તો કયાંય પસાર થઇ ગયા.હોડી નાંગરી. ઘાટ ઉપર ઘણાં યાત્રીઓ પોતપોતાની હોડીમાંથી ઉતરી ઉતરીને ઉપર જતા હતા. મંડળીની શઢવાળી નાવ દૂર ઊભી રહી- થોડાંક હોડકાં ઓળંગતાં, ડગમગતાં, ડરતાં મિત્રોએ બેટ ઉપર પગ મૂક્યો. રાબેતા મુજબ નાની રંગીન સસ્તી ચીજવસ્તુઓથી ભરચક બજારમાં થઇને જ હવેલી સુધી જવાનું હતું.બજારમાં શંખલાં-છીપલાંમાંથી બનાવેલાં સુશોભનો, દાગીના, અરીસા, કી-ચેઇન ને અઢળક રમકડાં-રાચરચીલું અહીંની નવીનતા હતી. ''આમ તો સોમનાથમાં પણ આ બધું મળે જ છે પણ હવે તો પાથરણાંવાળાને ઊઠાડીને પેલો મોલ કરી દીધો છે ને?!'' અહીંની ગ્રામીણ સાદગી માણતાં માણતાં મંદિરે પહોંચ્યાં. મોબાઇલ મૂકી દેવાનાં, જડતી લેવાની- રાબેતા મુજબ હતું પણ હળવું! અત્યારે લાલ પથ્થર, આરસપહાણ, ગ્રેનાઇટ વગેરે વિવિધ પથ્થરોથી બનાવેલી, મોટા મહાલય જેવી હવેલી સરસ તો લાગતી હતી, સ્વચ્છ પણ લાગતી હતી પણ 'ઓરિજીનલ' લાકડાંકામ, લાખકામ, ચાંદલી અને મીનાકારીકામની જે ભભક હતી, શોભા હતી તે ઓસરી ગઇ હતી.દરવાજો નવો હતો. મંડળીએ અંદર જતાં જ પહેલો પ્રતિભાવ એ આપ્યો- ''યે તો અમદાવાદ કે પુરાને ઘર જૈસી હૈ!'' - ''આપણે જોયેલાં મંદિરોથી તદ્દન






અલગ'' - અરે, ગઢડામાં પણ આવું જ હતું છતાં શિખરો તો હતાં...!'' વચ્ચે ચોકમાં લાદીઓ હતી, સામસામી બે પરસાળોમાં હારબંધ કૃષ્ણનાં વિવિધ સ્વરૂપોની ચાંદી અને કાળાપથ્થરની મૂર્તિઓ હતી. કૃષ્ણ પરિવારમાં એમની પટરાણીઓ, દેવકીમાતા વગેરેની મૂર્તિઓ પણ હતી. બધાંને સરસ રંગીન રેશમનાં કિંમતી વાઘાવસ્ત્ર પહેરાવેલાં. સોના-હીરા-મોતીનો પાર ન હોતો. સરવાળે, ''હવેલીમાં શોભે એવા ઠાકોરજી છે''... એવી શેખરની કોમેન્ટનો કોઇ વિરોધ કરી શકે તેમ નહોતું.

યાત્રાળુઓ હતાં પણ અંદર- ગર્ભગૃહનો માહૌલ ઠંડો હતો.આગલી પરસાળવાળું 'મંદિર' જોઇને હવેલીના પાછલા ભાગમાં ગયા. જ્યાં ચોકમાં એક બાજુએ ગાદી-તકિયા ઉપર કૃષ્ણ-સુદામાની છબિ ગોઠવી હતી, ફૂલ-અગરબત્તી-ધૂપદીપ ચાલતાં હતાં અને એક પૂજારી લાઇનબંધ દર્શન કરવા આવતાં ભોળાં ભાવિકોને ધમકીના સૂરે પટાવી રહ્યો હતો- ''આ છે કૃષ્ણ-સુદામા મિલન. ખરેખર સુદામાજી અહીં બેટમાં જ આવેલા. કૃષ્ણે અહીં જ એમને સહાય કરેલી. અહીં જેટલું બને તેટલું દાન પુણ્ય કરશો તેટલું ઠાકોરજી પાછું આપશે.કંજૂસી કરશો તો નરકમાં જશો!'' દરેક ભક્તના માથે મોરપિંછ ફટાકારીને રૂપિયા મૂકવાતા પૂજારીને જોઇને ઝટપટ સૌ બહાર નીકળી આવ્યાં. ''એવો તો ગુસ્સો આવે છે ને...'' વંદનાએ લગભગ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું. ''કોના ઉપર? પૂજારી ઉપર કે પેલાં ભોળા કહેવાય છે એ લોકો ઉપર?'' શેખરે કહ્યું તે સાંભળીને બધાંને લાગ્યું કે કદાચ પેલાં લોકો જ...!

મંદિર-પરિસરમાં આથી વિશેષ કશું જોવાનું નહોતું. હવેલીમાં પણ મંદિરના સ્થાપત્યની પરંપરાનો અભાવ હતો. સડેડાટ મંડળી બહાર નીકળી. બજાર વટાવીને, ઘાટ ઉપરના લારીગલ્લે પહોંચી, ખટમીઠું લીંબુશરબત પીને રચનાએ ગલ્લે પૂછી લીધું, ''સૈયદસાબની દરગાહે લઇ જશો? '' એક બે છકડાવાળા ભાઇઓ ઊભા થઇને, વાટાઘાટ કરીને એક ખુલ્લી લોડિંગ રિક્ષા તરફ મંડળીને દોરી ગયા. ગમ્મત લેતી મંડળી 'લોડ' થઇ. ખડખડભડભડ કરતાં, ગામમાં થઇને સૌ ત્રણેક કિ.મી.ની સફર કરીને દરગાહ પર પહોંચ્યાં.

રસ્તામાં ઠીકઠાક કહેવાય તેવા રહેણાંક મકાનો, નિશાળ, મદ્રેસા, નવી જણાતી મસ્જિદ અને બેંક સુદ્ધાં દેખાયાં.કંગાલિયત ક્યાંય નહોતી.સુખી ગામ જોયાંની લાગણી સૌને થઇ.



**સૈયદ હાજી કિરમાણીની દરગાહ**

સૈયદ હાજી કિરમાણીની દરગાહે પહોંચ્યાં. બહુ મોટું નહિ છતાં નાનું ન કહેવાય એવા પરિસરમાં, નીલસમુદ્રને અડીને જ દરગાહ ઊભી હતી. 2001ના ભૂકંપ વખતે આ સ્થાનકને પણ નુકસાન થયું હતું.અત્યારે નવીન રંગરૂપ સાથે ઊભેલી દરગાહના દરવાજાની ઠેઠ ઉપર લાકડાની હોડીની નાનકડી પ્રતિકૃતિ હતી જે સૈયદનું 'સ્ટેટસ' સૂચવતી હતી. શાંત અને અહ્લાદક વાતાવરણ હતું. યુવાન મુંજાવર સમુદ્ર તરફ મોં રાખીને બેઠા બેઠાં કંઇ વાંચતા હતા. મંડળીનો પગરવ સાંભળીને આવકાર આપવા સસ્મિત આગળ આવ્યા. દુવા સલામ પછી મંડળીના આગ્રહથી એમણે દરગાહ વિશે ઠીક ઠીક વિસ્તારથી માહિતી આપી. ''આ બેટ 25 કિ.મી.નું વર્ગફળ ધરાવે છે. આ ટાપુ ઉપર ત્રણ ગામ છે- કહો કે મહોલ્લા બેટ, બાલ્લાપુર અને પાર. આખા ટાપુ ઉપર કુલ ચાર-પાંચ હજારની વસ્તી હશે. સોએ સો ટકા મુસ્લિમોની વસ્તી છે.''

''કેમ, પેલા હિંદુ મંદિરના હિંદુ મંદિરના પૂજારીઓ અહીં નથી રહેતા?'' વિલ્સને પૂછ્યું.





''ના, એ લોકો છેલ્લી આરતી પછી હોડકાંમાં બેસીને, ઓખા કે આસપાસનાં ગામડે રહે છે ત્યાં પાછાં જતાં રહે છે. આ ઘણા વખતથી રોજનો નિયમ છે.

''મતલબ કિ મંદિર આપ કે હવાલે?'' હમિદે સાશ્ચર્ય પૂછ્યું.

''ચોક્કસ.અમને એકબીજા ઉપર વિશ્વાસ છે કેમ કે પૂજારીઓ સૈયદસાહેબને માન આપે છે, અમે પૂજારીઓનું રિસ્પેક્ટ રાખીએ છીએ. મંદિરની સલામતી અમારી પ્રેમભરી જિમ્મેદારી છે.'' મુંજાવર બહુ સ્વાભાવિક રીતે કહી રહ્યા હતા.

''ક્યારેય કંઇ ધમ્માલ- હુલ્લડ?''

''કદી નહિ, જો કે બહારથી, દ્વારકાથી અમુક કટ્ટરવાદીઓએ દસ-બાર વર્ષ પહેલાં કોશિશ તો કરી હતી કે આ માહૌલ ડહોળાય અને બેટ એક હિંદુ યાત્રાધામ જ બની જાય.પણ... 500 વર્ષ જૂની પરંપરા અને રિશ્તેદારી ના તોડી શક્યાં''. મુંજાવરના અવાજમાં ગૌરવ હતું.

''થોડા હાજી સૈયદ કે બારે મેં બતાયેંગે ક્યા?'' યાસ્મિનની વિનંતીને માન આપીને મુંજાવરે ટૂંકો પરિચય આપ્યોઃ ''સૈયદ હાજી કિરમાણી 16મી સદીના પ્રસિદ્ધ વહાણવટી હતા. યોદ્ધા પણ હતા. અહીં દ્વારકા વિસ્તાર ઉપર જયારે પોર્ચુગિઝોએ હુમલો કર્યો ત્યારે ગુજરાતના સુલતાનો તરફી લશ્કરના પોતે જહાજી કાફલાના વડા હતા. અહીંથી પોર્ચુગિઝોને ભગાડ્યા અને મંદિર સુધી ના પહોંચવા દીધા. આ દરગાહની પહેલાં અહીં દીવાલ(કોટ) હતી, એમાં પોર્ચુગિઝ તોપગોળાઓએ મોટાં મોટાં ગાબડાં પાડ્યાં હતાં. પણ હાજીની દુઆથી બેટનો કાંકરો પણ ના ખર્યો.

''અહીં એ અવસાન પામ્યા. આ દરગાહ ઉપર હિંદુ-મુસ્લિમ બંને કોમની સ્ત્રીઓને બહુ જ શ્રદ્ધા છે. વારતહેવારે મોટો ઉર્સ (મેળા) ભરાય છે ત્યારે બેટનાં ત્રણે ગામો, સામે પારનાં ગામો અને છેક રૂપેણ બંદરથી બંને કોમના લોકો આવીને સૈયદની ઝિયારત(દર્શન) કરે, ન્યાઝ (ભોગ-અર્પણ) ચડાવે... ખૂબ મહિમા છે સૈયદનો.આ બેટના ખારવાઓ પણ ખાધેપીધે સુખી છે,

દેશવિદેશ કમાય છે ને અહીં વતનમાં વાપરે છે. તમે ગામોની આબાદી જોઇ હશે.'' મિત્રોએ પોતે જોયું તેનાં વખાણ કર્યાં. બપોરની નમાઝનો વખત થયો. દૂરથી અઝાન સંભળાઇ. મુંજાવરે માથે રૂમાલ વિંટતાં કહ્યું- ''એક છેલ્લી વાત કહું; આ હવેલીના દરવાજે હંમેશા દર્શનના સમયે, ટકોરખાનું (ઢોલ-શરણાઇ વગરે વાદ્યો) વાગે; સાતેય સમાનું ટકોરખાનું વગાડનારા કલાકારો તમામ મુસલમાન છે. રાતે છેલ્લે ટકોરખાનું વાગે પછી મંદિરનાં દ્વાર બંધ થઇ જાય છે. 500 વર્ષ જૂની આ પરંપરા એક પણ દિવસની ચૂક વિના ચાલુ છે... આજની તારીખમાં પણ.'' હસતાં મોઢે મિત્રોના શુક્રિયાનો જવાબ વાળી- ખુદા હાફિઝ કહી મુંજાવરે મંડળીને વિદાય આપી.

મીનાએ પાછાં ફરતાં જરાક ભીના સ્વરે કહ્યું- ''મને તો ટકોરખાનાવાળી છેલ્લી વાત જ હાજી સૈયદનો મોટોમાં મોટો ચમત્કાર લાગ્યો!''

''પરસ્પર આર્થિક આધારિતતા જ વિશ્વાસ અને સલામતીનું વાતાવરણ સરજી શકે, ટકાવી શકે એ મુદ્દો બેટની વાસ્તવિકતાઓ જોતાં બિલકુલ સાચો લાગે છે. વર્ષો જતાં આ સમજણ એક પરંપરા બની શકી છે. ખરેખર તો આખા ગુજરાતની આ વાસ્તવિકતા છે. શ્રમને કોમ નથી હોતી!'' રચના અને શેખરની વાતમાં આમિરે પથરો નાખ્યોઃ ''હમેશા ઐસા કહાં હોતા હૈ? અમદાવાદમેં, સાબરકાંઠામેં, મહેસાનામેં હિંદુ-મુસ્લિમ એકદૂજે કે સપોર્ટ સે હી ધંધે ચલાતે થે ના?... ફિર ભી વહાં કૈસા સબ હો ગયા?'' જવાબની શોધ તો શરૂ કરીએ, પણ કઇ આશાથી?!

મનોમન વિમાસતાં સૌ શઢ ખોલેલી નાવમાં રિટર્ન થતાં હતાં. વંદનાએ પેલું જાણીતું ગીત ઊપાડ્યુંઃ ''હોડીને દૂર શું- નજીક શું?'' અને મંડળીએ કોરસમાં લલકાર્યું- હો હૈયા... હો હૈયા... હો હૈયા...!

ઓખાને કાંઠે ઊતરીને બસમાં ગોઠવાયાં.સીધા મીઠાપુર. ટાટા ફેક્ટરીવાળાઓએ પોતાનાં કામદારો માટે રાખેલી કેન્ટીન / ભોજનાલયમાં અગાઉથી જાણ કરી રાખી હતી તેથી જમવા મળ્યું. બોસથી માંડીને સફાઇ કામદાર સુધીનાં દરેક, એક જ કતારમાં ઊભાં રહીને, પોતાની જાતે લઇને





જમે, થાળી-વાટકા સાફ પણ કરે. નવો અનુભવ લઇને મંડળી બહાર નીકળી. રચનાએ કનુભાઇને સીધાં મીઠાપુર દરિયા કિનારે લઇ જવા કહ્યું.

અદ્ભુત સુંદર-સ્વચ્છ બીચ. વચ્ચેવચ્ચે છત્રીઓના વિસામા અને થોડાંક લીલાં ઝાડનો છાંયડો. આખી બપોર રૂપેરી રેતી અને ભૂરા દરિયાને ખોળે ખૂબ રમીને વિતાવી ત્યારે મંડળી ખુશ ખુશ હતી. આવી મોજ તો દીવમાં પણ નહોતી માણી.આ બીચની જોડે જ મોટા ખડકો હતા. રચનાએ કહ્યું કે આને પરવાળાંના ખડક કહેવાય. ''પરવાળાં એટલે?'' ઘણાંનો પ્રશ્ન હતો. ''પરવાળાં એવાં સમુદ્રી જંતુ છે જે પોતાના શરીરમાંથી રસ જેવું પ્રવાહી કાઢતાં જાય છે અને એ પ્રવાહી જામતું જાય છે- જામતાં જામતાં કઠણ ખડક જેવું બને છે. ખડક જમીનની જેમ ફેલાય છે. પેલાં પરવાળાં તો નાશ પામતાં જાય છે પણ બીજાંને માટે જમીન બનાવતાં જાય છે! છે ને કમાલ?'' ''અરે, આ તો આપણા કવિ ગદરના ગીત- 'કથા સુનો રે લોગો' જેવી વાત.''

દરિયાકિનારો ક્રાન્તિગીતથી ગૂંજી ઉઠ્યો. ગમ્મત સાથે નવી સંવેદના મન-હૃદયમાં ભરીને મંડળીએ દ્વારકાનો રસ્તો પકડ્યો. ટેવવશ કનુભાઇ કહે, 'જાવું છે ગોપી તળાવ?'' ''ના ભાઇ, દંતકથામાં ડૂબકીયે મારવી નથી અને પૂજારીઓના સંકજામાંયે નથી આવવું.'' રચનાએ આવું કહ્યું એટલે મીનાનું કુતૂહલ અટક્યું નહિ. છેવટે રચનાને ગોપીતળાવનું મહાત્મ્ય વર્ણવવું જ પડ્યુંઃ કૃષ્ણ ગોકુળવૃંદાવનમાં ગોપીઓને છોડીને આવ્યા હતા. વર્ષો પછી ગોપીઓને કૃષ્ણને મળવાની ઝંખના થઇ. કૃષ્ણે પોતાના મિત્રને મોકલીને તેઓને અહીં દ્વારકા બોલાવી. આ તળાવમાં ડુબકી મારવા કહ્યું- ડુબકી મારતાં જ ગોપીઓ જાણે ભૂતકાળમાં સરી ગઇ. કૃષ્ણે તેમની સાથે ગોકુળમાં કરેલી લીલાઓ તેમણે ફરી માણી. ડૂબકીમાં પ્રેમરસનો અનુભવ કર્યો. આ અલૌકિક તીર્થ તે ગોપીતળાવ.

''દંતકથા તો પ્રતીકાત્મક છે પણ સ્થળ નર્યું વાસ્તવિક.ત્યાં તળાવની ગંદકી અને પૂજારીઓની માંગણીથી બચાય તેવું નથી. આપણે જરૂર નથી એ ચમત્કારી(!) ડૂબકીની. આગળ ચાલો.

એવી જ ટેવવશ કનુભાઈએ 'નાગેશ્વર' લાવી મૂકેલી ગાડીમાંથી સૌ ઊતર્યાં. બહાર પુષ્કળ ઊંચું-મોટું શિવજીનું પૂતળું હતું. બધાં ઊંચી ડોકે જોતાં રહ્યાં. "આ પેલા કેવડિયાવાળા સરદારના પૂતળાથી ઊંચું કે નીચું?" શેખર કમ્મરે હાથ રાખીને બોલતો હતો.

"અલ્યા, એનાંથી ઊંચું તો ના જ હોય ને? 'સાહેબે' બધ્ધાં પૂતળાં માપ્યાં પછી લોખંડ ઊઘરાવવાનું શરૂ કર્યું છે!" બાદલ પણ ક્યાં છોડે તેવા હતો?!

"નાગેશ્વર બાર જ્યોતિર્લિંગમાંનું એક છે. આપણે સોમનાથ હતાં ત્યારે આનો ઉલ્લેખ કર્યો હતો. આ ઝાડીઝાંખરાથી ભરપૂર વિસ્તારને પુરાણ કાળમાં 'દારૂકાવન' કહેવાતું. અહીં આ સ્વયંભૂ લિંગ ક્યારે પ્રગટ થયું- કોણે મૂળ મંદિર બંધાવ્યું એનો કશો ઉલ્લેખ નથી. અત્યારે દેખાય છે તે તો વીસ પચીસ વર્ષ પહેલાં જ જિર્ણોદ્ધાર થયેલું મંદિર છે." રચનાએ માહિતી આપી. "એ VHP ના પ્રયત્નોથી જ થયું હશે; એ સિવાય મંદિરો કોણ બનાવડાવે?" ધારણાઓ કરતાં સૌ મંદિરમાં પ્રવેશ્યા. જરાક અલગ સ્થાપત્ય હતું. કોઈ જાતની મંદિર શૈલીમાં મૂકી શકાય નહિ. ફકત ઉપર શિખરો હતાં. ધજા હતી. બાકી તો સભામંડપ-ગર્ભગૃહ... કશું ના મળે! અંદર વિશાળ સભાખંડ હતો- હજારેક માણસ બેસી શકે તેવડો અને એના એક છેડે થોડાંક પગથિયાં ઊતરીએ ત્યાં નાનકડું શિવલિંગ હતું, ઉપર સોનાચાંદીના નાગ શોભતા હતા, જે સ્થળનામને સાર્થક કરતા હતા. શ્રદ્ધાળુઓ પૂજા-ભક્તિ કરતા હતા. પૂજારીઓ હતા પણ કોઈ લાલચ-માંગણી જેવું નહોતું.

બહાર આવીને એક જ વિચાર આવ્યો- ગુજરાતમાં એક કરતાં વધારે જ્યોતિર્લિંગ છે તેમ સાબિત કરીને બે વેંત ઊંચા ચાલવાના ઘમંડ સિવાય, અહીં શો અધિક મહિમા છે તે સમજાતું નથી... આ રીતે જ તીર્થો ઊભાં થતાં હશે?!

★★★





**મુકામ - 14.**

## આ પણ દ્વારકા છે, દોસ્તો!

### રૂપેણ બંદર



બસ સરિયામ રસ્તા ઉપર આવી એટલે રચનાએ કનુભાઈને રૂપેણ બંદર થઈને લેવાનું કહ્યું. એમનો બડબડાટ શરૂ થઈ ગયો... "અરે, ત્યાં મરવા જાવું છે? આખેઆખો એરિયો મિંયાઓનો છે! હાંજ પડ્યે નર્યા લોંઠકાઓ(મવાલી)

આમતેમ રઝરતા રિયે છે. જવાન છોડીયુંને લઇને ત્યાં તે જવાતું હશે?''
''કનુભાઇ, આપણી સાથે છ લોંઠકા છે ને સાતમા તમે- છોકરીઓને કોઇ આંગળી તો અડાડી જુવે! ચાલો; તમનેય કંઇ નવતર જોવા મળશે.'' રચનાના અવાજમાં રહેલી મક્કમતાભરી રમૂજ સામે કનુભાઇનું કંઇ ના ચાલ્યું. રૂપેણ બંદરના પાછલા દરવાજાવાળા મેદાનમાં જઇને એક તરફ ગાડી રોકી. માછીમારોની જબરજસ્ત મોટી વસાહતમાં પેંસતાંવેંત આંખે નહિ, કાને પડી બજારની બૂમાબૂમ. જાતજાતની, નાનીમોટી, ચિત્રવિચિત્ર માછલીઓ વેચતી સ્ત્રીઓ અને ગ્રાહકોની મેદની ગામના નાકે ઉમટી હતી. વંદના અને ધીરજ માટે જરા શોકિંગ અનુભવ હતો. નજર સામે, નાક નીચે, આટલી બધી માછલીઓ??? જરાક અકળામણ સાથે ઝટઝટ ચાલતાં એ બંને, બજાર વિંધીને આગળ નીકળી ગયાં. બાકીની મંડળી કૌતુકથી લટાર મારી રહી હતી. રચનાએ ધ્યાન દોર્યું- કેટલીક પ્રૌઢ મુસ્લિમ મહિલાઓ જુવાન ખારવાઓને પૈસા ચૂકવી રહી હતી. ભાવતાલની માથાકૂટ કરી રહી હતી. કોઇએ બુરખા, હિજાબ કે ચાદર નહોતાં પહેર્યાં. બધી બહેનો સાદાં, રોજિંદા સલવાર-કુર્તા-દુપટ્ટામાં હતી.
''આ વહેપારી બહેનો છે. કોઇ કોઇ પાસે તો દસ દસ હોડકાં છે, મતલબ કે દસેદસ ભરાઇને માછલાં આવે છે ને ધીકતો ધંધો ચાલે છે. પોતાનાં હાથ નીચે દસ-વીસ માછીમારોને નોકરીએ રાખે છે, દરિયે મોકલે છે ને પકડાયેલી માછલીના ભાવ પોતે નક્કી કરે છે'' અહીં મહિલાઓની- મુસ્લિમ મહિલાઓની લાચારી ક્યાંય નહોતી દેખાતી. મંડળી આગળ વધી. આખા રસ્તે, જાતજાતની જાળો સૂકવવા પાથરી હતી. દેશી દોરડાંની- પ્લાસ્ટિકની- ફાઇબરની... મોટી ગાંઠોથી ગૂંથાયેલી, મહીં મણકા પરોવીને શણગારેલી... જાળો જોતાં વટાવતાં સૌ આગળ વધ્યાં. ખજૂરીનાં છાપરાં છાજેલાં ઘર, દુકાનો હતાં. પ્લાસ્ટીક પણ ઢાંકેલાં હતાં. નાના નાના ગલ્લા ઉપર પાન-બીડી ઉપરાંત આઇસ્ક્રીમ, કુરકુરે ને પેપ્સી પણ મળતાં હતાં. જોરદાર ચહલપહલ હતી. ત્યાં જ એક દુકાન આગળ કંઇક પરિચિત અવાજ સાંભળીને રચના ખમચાઇ- સહેજ પાછું વાળીને જોયું તો ફાતમાબેન અમૂલ દૂધનાં પેકેટ માંગી રહ્યાં હતાં.
''ફાતમાબેન! સલામ-સલામ!'' બોલી પડી ને આગળ વધીને ભેટી પડી




રચના. ''વાલેકુમ સલામ! બેન? અરે, બેન તમે?'' વળી મુસાફા(ભેટવું) અને બોસા(ચૂમવું). મંડળી તો આભી! રચના બહેનને આટલાં ઇમોશનલ ક્યારેય નહોતાં જોયાં! તરત રચનાએ ફાતમાબેનનો પરિચય કરાવ્યો- ''આ ફાતમાબેન છે. મારાં બહેનપણી.'' ''એ તો ખ્યાલ આવી જ ગયો.'' '' ફાતમાબેન, અમે બધાં બધું ગુજરાત ફરવા ને જાણવા નીકળ્યાં છીએ. જુવાનીયાંને દ્વારકા બતાડ્યું પછી રૂપેણ તો બતાડવું જ પડેને?'' ''ભલે પધાર્યા, બેન! કેટલાં વરસ થિયાં? તંણેક?'' ''હા... હવે તમારે કેમ ચાલે છે? હું આ લોકોને બહેનો કેવા માછલીનાં વેપારમાં પડી છે એ જ સમજાવતી હતી.''

''અરે, એમનેમ હમજાવ્યે હાલે કાંય? મને ફોન તો કરવો'તો...''

''પણ ટાઇમની મારામારી હતી. ફોન કરું ને રખે ને મોડું થઇ જાય!...''

''હાલે જ નંઇ નાં? લ્યો છોકરાંઉં, હાલો, ઘિરે બેસીને જ વાત કરીએં.''

એ બજાર વટાવી કે તરત એક રહેણાંક શેરી આવી. એક મજલના સાદા પણ લાંબા-પહોળા મકાન આગળ ફાતમાબેન ઊભા રહ્યાં અને અંદર સાદ કર્યોઃ

''એ રાબિયા, અમીના, બા'રે આવે તો... જોવો મે'માન છે!'' સાંભળતાંક્ ત્રણેક યુવતીઓ દોડી આવી. રચનાને જોઇને પગે પડી. મંડળી સામે જોઇને પાછી અંદર દોડી ગઇ- બે-ત્રણ ખુરશી અને મોટું-પ્લાસ્ટિકનું પાથરણું લઇને દોડી આવી. પાથરીને સૌને બેસાડ્યાં, ટ્રે ભરીને કાચના ગ્લાસમાં પાણી લાવી. ફાતમાબેને ત્રણેની ઓળખાણ કરાવી- આ રાબિયા ને અમીના- મારી વઉઓ ને આ પેલી જરા નનેકડી દેખાય છે ઇ સુગરા- મારી છોડી.'' વહુ અને દીકરીમાં કોઇ ફરક વર્તાયો નહિ. હસીને- ગ્લાસ લઇને ત્રણે અંદર ચાલી ગઇ.

''ઘરનાં માણસું બધા ખેપ કરવા ગયા છે, અમીં બાયું જ છીએ અટાણે તો.''

''ખેપ કરવી એટલે નાવડી લઇને મચ્છી પકડવા જવું. ફાતમાબેન પોતે વેપારી છે ને બહેનોને માછલીનો વેપાર કરવાનાં લાયસન્સ મળે એની ચળવળનાં સ્થાનિક નેતા છે.

''અરે બઉ બઉ લડ્યાં અમીં તો. પહેલાં આ મચ્છીનાં લાયસન માટે ને પછી આ બંદર- આ ઘરખોરડાં ને અમારી જિંદગી બચાવી રાખવા હાટું બૌ લડવું પડ્યું છે.'' ફાતમાબહેન લાગણીના આવેશમાં બોલતાં જતાં હતાં, રચનાને લાગ્યું કે મિત્રોને એમની લડતની વાત કરવી જોઈએ.

''ફાતમાબેન અને એમનાં જેવી બહેનોને સત્તા સામે અને સ્વજનો સામે- બંને મોરચે લડવાનું થયું અને થતું રહે છે. સ્ત્રીઓ મચ્છીનાં વહેપારી બને-ભાવ-તાલ નક્કી કરે- હિસાબો રાખે એ સામાજિક રીતે પુરુષોને-ઘરનાં જ પુરુષોને ગમતી વાત નહોતી. સંગઠન કરીને, સમજાવટો કરીને એમણે આ સિદ્ધિ મેળવી. આજે સેંકડો કુટુંબો આ બહેનોની બુદ્ધિ-શક્તિના પ્રતાપે સદ્ધર બન્યાં છે. ખરું ને, ફાતમાબેન!''

''સત્તા સામેની કઈ લડાઈ, ફાતમાબેન?'' વંદનાને કૂતૂહલ હતું.

''અરે, વાત ના પૂછો બેન. આ વીસ-પચીસ વરહ પેલાં, દ્વારકામાં રાજકારણીઓ એવા પેંઠા'તા કે બધું બદલ્યે જ છૂટકો કર્યો. કયે' યાં મોટું મંદિર છે તે આ માછલાં ને માછીમારો ના જોવે. કયમ મંદિર અમારું નહિ?! તો મંડ્યા ખદેડવા. હોડકાં ફંગોરે ને ખોરડાં ધમરોલે. અમે બાયું તો તિયાર હતી જ, આદમીયુંનેય તિયાર કર્યાં. હામી છાતીએ ઊભાં રહી ગયાં'તાં ઈવડા ઈની હામું! ને પછી તો ઠેઠ અમદાવાદથી વકીલો આયવા, પેપરવારા આયવા... તો વરી ઘર ને ધંધા બચી ગ્યાં- પણ આ આમ નોંખા ખસેડ્યાં તિયારે ઝપ્યાં. આ જોયું ને તમે, રોડ-રસ્તા ઓલી કોર ને અમારું રૂપેણ આમ-આડફટ્ટે!''

''યે તો અદ્દલ અપને જુહાપુરા જૈસા મામલા!'' પરવીને કહ્યું ત્યારે યાસ્મિનને સુધાર્યું- ''ઉસસે ભી બદતર!''

'' આ બંદર અને વસાહતો હટાવીને એમને મોટા મંદિરથી ઠેઠ બેટ સુધી ઘાટ બનાવવા'તા, ધામ બનાવવા'તાં ને હોટલો પણ ખરી જ. આખો વિસ્તાર 'સાફ' જોઈએ; આવડા મોટા હિંદુ તીર્થમાં મચ્છીમારી અને માંસમરઘાં ખાનારાં મુસલમાનો શોભે?! - આમ શાકાહારી અને કટ્ટર હિંદુઓની જિદ હતી.''





''બેન, લોકોની નહિ- નેતાયુંની. લોકો તો હજારો વરહથી ભેરાં જ રિયે છે ને?!'' ફાતમાબેને સુધાર્યું. ''આ લે લે, વાતુંમાં ને વાતુંમાં મેમાનગતિ તો રઈ જ ગઈ! એ સુગરા, અમીના, રાબિયા! આ મેમાનોને કંઈ ખવરાવસો પિવરાવસો કે નંઈ?!'' ને જાણે રાહ જોતાં હોય તેમ, ચાનાં કપ ને નાનખટાઈ-બિસ્કિટ લઈને ત્રણે દીકરીઓ દોડી આવી. ફાતેમાબેને ઉઠીને બધાંને કપ આપ્યા, બિસ્કિટનો આગ્રહ કર્યો. ચા પીતાં પીતાં શેખરથી રેવાયું નહિ- ''આજ સુધી કોમી રમખાણોને લીધે કે વિકાસના નામે લોકોને ઊઠાડેલાં જોયાં-જાણ્યાં છે, પણ તીર્થધામના વિકાસ માટે આવી બળજબરી થતી પહેલી વાર જાણી!''

''ને તેય શાકાહારીઓની દાદાગિરી તો જુઓ! એ બેન, આ લોકો આટલી માંસ-માછલીની ટીકા કરે છે પણ આ રામ-લક્ષ્મણ-કૃષ્ણ ને પાંડવો... બધાંય શાકાહારી જ હશે? એ લોકો તો ક્ષત્રિયો કહેવાય ને? ખાતા જ હશે ને?'' બાદલે ઉલટ તપાસ શરૂ કરી.

''ખાતાં જ હશે ને, પેલા તીર્થંકર ક્યા- હા, નેમિનાથના લગ્નમાં બધું રંધાવાનું જ હતું ને?!'' મીનાને યાદ આવ્યું.

''આ તો એક જાતની તાગડધિન્ના છે. ગુજરાતમાં મુઠ્ઠીભર શાકાહારીઓ કહેવાતા ઊજળિયાતો જ છે. એમને ત્યાંય બંધ બારણે બધું જ ચાલે છે. એટલેસ્તો હું કહેતી હતી કે પૈસાના જોરે ગુજરાત ઉપર શાકાહારી કહેવાતા ધર્મ-સંપ્રદાયોનું એટલું વર્ચસ્વ છે કે હવે બધાંને એમ જ લાગે છે કે ગુજરાતની સંસ્કૃતિ એટલે મુઠ્ઠીભર જૈનો-વૈષ્ણવો-સ્વામીનારાયણિયાઓની સંસ્કૃતિ!'' રચનાએ સ્પષ્ટ કર્યું.

''ઈ તો બોલે ઈનાં બોર વેચાય- કીધું છે ને?!'' ફાતમાબેને સાર કાઢ્યો ''લ્યો બેન, હવે જમીને જ જાજો. દીકરીયું ઝપાટામાં ઝીંગાની તરકારી ને રોટી ઘડી દેસે!'' મીઠા આગ્રહથી જ મંડળીના મોમાં પાણી આવ્યું પણ રચનાએ વાત વાળી- ''ના ના ફાતમાબેન, ફરી આવીશું. આજે તો હવે નીકળવું છે. રાતવાસો જામનગર રાખ્યો છે - ઊઠીએ.

બોસા-મુસાફા દઈ દઈને બંને બહેનપણીઓ છૂટી પડી. મંડળીને પણ આ મુલાકાત યાદગાર લાગી.

બહાર નીકળ્યા ત્યારે કનુભાઈએ ગામમાં પોતે ના આવ્યા એની સફાઈ આપી 'આ છોકરાંની વેજાઓ ગાડીને નુકસાન કરે તો ક્યાં જાવું? ચોકી કરવી જ પડે!'' થોડીવાર પછી, વીજળીની લાઈટ્સથી ઝગમગતા રસ્તા, મંદિરો, ઘાટ અને સોનાની કહેવાયેલી દ્વારકા છોડીને મંડળીએ જામનગરનો રસ્તો પકડ્યો.

★★★





**મુક્રમ - 15.**

# જામનગરના રસ્તે

## ગુજરાતનું 'પહેલું' મંદિર!

''અત્યારે તો એટલું અંધારું છે કે આછી રેખાઓ પણ ના દેખાય... પણ હાઈ-વેથી અંદર જતાં એક ગામ આવે છેઃ ઘુમલી. ઈતિહાસકારો કહે છે કે નગર સંસ્કૃતિ વિકસી ત્યારનું પહેલું શહેર હતું- સામાજ્ય હતું અને અહીં જે મંદિર



**નવલખા મંદિર - ઘુમલી**

છે- ગોપનું- તેને માટે કેટલાક વિદ્વાનોનો તો દાવો છે કે એ ફક્ત ગુજરાતનું જ નહિ- દેશનું પહેલું મંદિર હોઇ શકે.'' રચનાએ નવી જ વાત કરી.

''એ મંદિર આપણે નહિ જોવાનું?'' મીનાને ધોખો રહી ગયો.

''જોવાત પણ ટાઇમટેબલની ગરબડ થઇ જાત. જો કે સાવ ખંડેર હાલતનું આ મંદિર અત્યાર સુધીમાં જોયેલાં મંદિરો કરતાં જુદું તો પડે છે. એની સમય રેખા ઇ.સ.6ઠ્ઠી સદીમાં આપવામાં આવે છે; શૈલી બૌદ્ધકાલીન છે. મેં મધ્યપ્રદેશમાં રિનોવેટ થયેલું એક મંદિર જોયું છે તે આ જ શૈલીનું છે- શિવમંદિર છે.''
''બહેન, એક સવાલ પૂછું? આ હિંદુ કહો કે બ્રાહ્મણવાદી કહો- એના મંદિરને જ 'મંદિર' કહેવાય? એથી જૂની સંસ્કૃતિ જાણે કોઇ ન હોય? આદિવાસીઓના દેવસ્થાનને ગણવાનાં જ નહિ? સૌથી જૂનાં તો એ કહેવાય ને?!'' શેખરે પૂછી જ લીધું. ''ચોક્કસ કહેવાય. આપણે જેને સંસ્કૃતિ કહીએ છીએ એમાં તો મધ્યપ્રદેશની ભીમબેટકાની ગુફાઓમાં પણ ધર્મસ્થળ મળી આવ્યું છે. હજી એટલું સંશોધન જ ક્યાં થયું છે, કે આ જૂનામાં જૂનું અને આ પહેલાંમાં પહેલું- એવો દાવો થાય!''

મીનાએ વળી પૂછ્યું- ''બહેન, આપણે જામનગર જોવાનાં?''

''ના, ઊતરી ઊતરીને જોવા જેવું ખાસ નથી, ફરીશું ને થોડી વાત કરીશું.''

''જામનગર તો પેલા સોમનાથવાળા જામસાહેબનું ને?'' બાદલે તાર જોડ્યો.

''હા, જામનગર ઘણું જૂનું રજવાડું. એના શાસકો જાડેજા વંશના. 18મી સદીના રાજવી રણમલજી પોતાના પ્રજાકલ્યાણનાં કામો માટે લોકપ્રિય બન્યા હતા. પણ એમના પુત્ર જામ વિભાજીના સમયમાં ઓખામંડળના વાઘેરોએ બળવો કરેલો અને અંગ્રેજોની મદદ લઇને જામે એ બળવો ઠારેલો. ત્યારથી સ્વાયત્ત હોવા છતાં જામનગર અંગ્રેજોનું પ્રિય રજવાડું બન્યું.''

''અંગ્રેજો સાથે સંપર્ક થયો તો સામાજિક-આર્થિક સુધારો નહીં આવ્યો હોય?!''





''આવ્યો જ, શેખર! જામ વિભાના સમયમાં જ અહીં શિક્ષણ, લલિતકળાઓ, ઈમારતો, બંદર-વિકાસ જેવાં પ્રગતિશીલ ગણાય તેવા ફેરફારો થયા. ત્યાર પછી, વીસમી સદીના પહેલા રાજવી જામ રણજિતસિંહ ખૂબ લોકપ્રિય બન્યા.''

''અરે, વો હી ના- ' રણજી ટ્રોફી' વાલે? આમિરનો ક્રિકેટશોખ ફિલ્મશોખ જેટલો જ જોરદાર.

''રાઇટ! પોતે ઈંગ્લંડમાં ભણવા ગયા. ક્રિકેટનો શોખ લાગ્યો અને દેશ આખાને એ શોખ એમણે લગાડ્યો. હિંદના લોકો પણ ક્રિકેટ રમે એવી ધખનાથી; તાલીમ-ક્લબો અને મંચ શરૂ કરાવ્યાં. ક્રિકેટ જાણે હિંદની રમત બની ગઇ!''

''એ... ઘો ઘાલી તે ઘાલી; આજની તારીખમાં નીકળી નથી.'' કનુભાઇએ પાછું જોઇને બાપોકાર કર્યો- ''એમની કોમેન્ટ ખોટી છે ક્યાંય?!'' ધીરજે પૂરું કર્યું. ''એમના પશ્ચિમ પ્રેમે જામનગરને પેરિસ બનાવ્યું એમ કહેવાય છે. આપણે કાલે સવારે, ગાડીમાં બેઠાં બેઠાં જ 'પેરિસદર્શન' કરીશું.

વળતી સવારે જામનગરની સડકો ઉપર બસ નીકળી પડી. અર્ધચન્દ્રાકાર બજાર જાણીતું હતું પણ આજકાલ ત્યાં આડેધડ પાર્કિંગ અને ટ્રાફિકના બખેડા લાગ્યા. સામે લાખોટા તળાવ જે શહેરની જાણીતી જોવાલાયક જગ્યા કહેવાય છે, તેને ફરતું ચક્કર મારતાં મારતાં વાતો શરૂ થઇ.

''આ લાખોટા તળાવ વચ્ચે દેખાય છે તે લાખોટા મહેલ. થોડા સમય પહેલાં એને રાજાઓનું ખાનગી મ્યુઝિયમ બનાવવામાં આવેલું. ફોટા, તૈલચિત્રો અને થોડાક પોષાકો મૂક્યા હતા. વિદેશથી ખરીદેલું રાચરચીલું ગોઠવેલું. એક ખાસ ખંડ 'જામ રણજી' ને નામ હતો. એમના દેશ-વિદેશના ફોટા, ટ્રોફીઓ અને ક્રિકેટનાં સાધનો મૂકીને જાણે એમને અંજલિ આપવામાં આવી હતી.''

''કેમ 'ભૂતકાળ' વાપરો છો, બહેન?'' શેખરે સવાલ કર્યો.

"2001ના ભૂકંપમાં મહેલના અંદરના ખંડોને બહુ નુકસાન થયું હતું. આજે મ્યુઝિયમ ખુલ્લું છે કે કેમ તે ખ્યાલ નથી. પણ એ સમયે પણ ઝાંખુપાંખુ જ હતું. જૂનાગઢના દરબાર હોલ આગળ તો ફીક્કું જ લાગે. આગળ ચાલો...!"

આગળ કાશી વિશ્વેશ્વરનું મંદિર આવ્યું. "જામનગરને એક કાળે 'છોટાકાશી' કહેતાં. આજકાલ કાશી / બનારસ નામચીન થયું છે તે જુદા કારણે પણ કહેવાય છે કે એ અતિપ્રાચીન નગર છે. શિવભક્તિ-સંગીત-નૃત્ય ઉપરાંત સંસ્કૃતભાષા અને હિંદુ ધર્મશિક્ષણનું પણ મોટું ધામ છે. એના અનુસરણમાં જામનગરને પણ રાજવીઓએ પાઠશાળાઓ, મંદિરોથી શોભાવ્યું. રણજીએ અન્ય કોલેજો ઉપરાંત આયુર્વેદિક કોલેજ પણ ખોલાવી. આઝાદી પછી આ બધું મંદ પડ્યું હતું પણ છેલ્લાં પચીસેક વર્ષમાં વળી પાછું જાગતું થયું છે." "જૂનું એટલું સોનું- એની ના નંઇ બેન?" કનુભાઇના અહોભાવથી રચનાને યાદ આવ્યું "મિત્રો! ચિંતનભાઇનો પેલો લેખ તમે વાંચ્યો છે કે નહિ- 'ગુજરાતઃ હિંદુત્વની પ્રયોગશાળા...?" હવે અચૂક વાંચી જજો- તમને આ જે કંઇ જોયું- જાણ્યું તે પછી એ લેખ વધારે ઊંડાણથી સમજાશે."

વર્તુળાકારે ફરતાં લાખોટા કિલ્લો દેખાયો. બુરજ ઉપર તોપ મૂકવાના કાંગરા હતા. ચોકીઓ હતી જેનો 'વોચ-ટાવર' તરીકે ઉપયોગ થતો. "પેલાં વાઘેરોના હુમલા વખતે અહીંથી તોપમારો થયેલો."

બાકીના વર્તુળમાં માછલીઘર, બગીચો, ખાણીપીણીની લારીઓ વગેરે તળાવની આસપાસ જોતાં મિત્રોને વળી કાંકરિયા યાદ આવી ગયું.

"બહેન, જામનગર તો બાંધણી અને કાજળ-કંકુ માટે જાણીતું છે ને?"

"હા, જેમ પાટણનાં પટોળાં એમ જામનગરનાં ઘરચોળાં. જરી-રેશમ-અતલસ, ગજી વગેરે કિંમતી કાપડ અને બાંધણી બાંધવાનું કામ અહીં ચાલે છે. આપણે કચ્છમાં બાંધણી કારીગરોને પ્રત્યક્ષ કામ કરતાં જોઇશું. અહીં હવે મશીન અને પાલરલૂમ વધ્યાં છે એટલે હાથનું કામ 'ફૂર્ર'-છૂ થઇ ગયું છે ને મોંઘું પણ." "હવે તો બહેન, બજાર એટલું વધ્યું છે કે બધી ચીજો બધે મળે-





વિદેશમાં પણ. હસ્તકલાના કારીગરો હવે જગપ્રસિદ્ધ થવા માંડ્યા - એવું નથી?" શેખરે પૂછ્યું. "એ વાત સાચી પણ માત્ર મુઠ્ઠીભર કારીગર-કસબીઓને આવી તક મળે છે બાકી તો હસ્તકલાઓ કાં તો બંધ પડી જાય કાં તો મશીનકામ સાથે ભળી જાય. કચ્છ-સૌરાષ્ટ્રના ભરતકામની સાથોસાથ બાંધણી પણ પાવરલૂમની મળતી થઇ ગઇ છે."

જૂના શહેરમાંથી નવા વિકસતા શહેર તરફ ગયાં ત્યારે કંઇ વિશેષ જોવા ન મળ્યું. કોઇ પણ વિકસતાં શહેરની જેમ રોડ-રસ્તા, મૉલ-માર્કેટ, સોસાયટી-ફ્લેટ્સ વધી રહ્યાં છે. ઉપરાંત મોટી ઔદ્યોગિક કંપનીઓ નંખાઇ હોવાથી એની કોલોનીઓ અને 'સેઝ' પણ બની ગયાં છે.

"જામનગરનું બીજું નામ છે નવાનગર- અહીં ફરતાં એ નામ સાર્થક થતું લાગે." રચનાએ કહ્યું અને મંડળીએ જામનગરની વિદાય લીધી.

★★★

**મુકામ - 16.**

# પિરોટન બેટ- સમુદ્રી અભયારણ્ય, ખિજડિયા પક્ષી અભયારણ્ય

## ચલ, દરિયા મેં ડૂબ જાયે.

પહેલેથી જ રચનાને શંકા હતી કે આ સ્થળ કેમ કરીને પાર પડશે! એક તો પ્રવાસન વિભાગમાંથી પણ કેવી રીતે જવું ને ક્યાં રોકાવું- જેવી જ માહિતી મળી હતી. સાહસિક કર્મશીલ મિત્રોએ સંશોધનનાં જર્નલ્સ, માહિતી-પત્રિકાઓ આપ્યાં હતાં પણ સ્થળ ઉપર આખી પ્રવૃત્તિને શી રીતે વહેવારૂ રૂપ આપવું એનો ખ્યાલ નહોતો આવતો. છેવટે ખિજડિયા પહોંચીને, જામનગરની 'મરીન નેશનલ પાર્ક'ની ઓફીસમાં ફોન કરીને જાણવાનું મુનાસિબ માન્યું. વારંવાર ફોન લગાડયા પછી પણ સામે કોઇ ઉપાડતું નહોતું. રચનાને વારંવાર પ્રયત્ન કરતી, અકળાતી જોઇને બાદલે પૂછ્યું : ''બહેન, કંઇ પ્રોબ્લેમ? અગાઉથી નક્કી તો છે ને?'' ''ના ભાઇ, આ સ્થળ માટે જરા ગોટાળો જ થઇ ગયો. પેલા પર્યાવરણપ્રેમી મિત્રોએ પુસ્તકો વગેરે આપ્યું એનાંથી મરિન પાર્કની માહિતી તો મળી ગઇ, પણ ત્યાં જઇને જે જોવાનું છે તે માટે એક્સપર્ટ(તજજ્ઞ)ની જરૂર છે અને બીજી એક જરૂર છે થોડુંક તરતાં આવડવું જોઇએ તેની! અહીંની ઓફિસમાં સંપર્ક નથી થતો, નહિ તો કોઇને કોઇ રીતે થોડુઘણું પણ જોઇ શકાત કે સ્થળ પણ જોઇ લેત.'' ''હાયલ્લા! પાનીમેં જાનેકા





હૈ? યાં તૈરના કિસકો આતા હૈગા?'' યાસ્મિનનો ડર પોતાને માટે હતો- સવાલ બધાંને માટે!

એ વાત તો સાચી કે મંડળીમાં તરતાં તો કોઇને નહોતું આવડતું. શહેરી અને મોટા ભાગે શ્રમિક સમુદાયનાં આ મિત્રો માટે તરવું કે પાણીની રમતો (વોટર સ્પોર્ટ્સ) સહેજે રોજીંદી બાબતો ના કહેવાય. આ બધું વર્ગીય ભેદભાવ બતાવે છે. ''અત્યારે ત્યાં જવાનો કંઇ અર્થ નથી, એમ જ ને?'' ધીરજનો સીધો સવાલ. ''હા, કંઇ પત્તો ખાય તેમ નથી. આપણામાંથી જેને રસ હોય તેનો સંપર્ક આપણાં પર્યાવરણ-સાહસિક-મિત્રો સાથે કરાવી દઇશું. એ લોકો તમને જળદર્શન અને પક્ષી દર્શન, બંને કરાવી દેશે.''

''વો તો જાયેંગેં, પર આપ અભી જરા ડિટેઇલમેં બતાઇયે ના!'' હમિદે કહ્યું. ''ઠીક છે. આપણે એ જ વિસ્તારમાંથી પસાર થઇ રહ્યાં છીએ તો દૂરદર્શન તો કરી લઇએ. આમ, ઉત્તર પશ્ચિમે જે દરિયાઇ વિસ્તાર દેખાય છે તે કચ્છની ખાડી છે- અખાત પણ કહેવાય. જેની પેલી તરફ કચ્છનાં મુંદ્રા-માંડવી-કંડલા જેવાં બંદરો છે અને આ બાજુ, બેડી, નવલખી જેવાં નાનાં ને કંઇક પડતર જેવાં બંદરો છે. આ જ્યાં ખાંચ પડે છે ત્યાં અદ્દભુત જળચર-દરિયાઇ સૃષ્ટિ છે.

જેમ પર્વતો-જંગલોમાં પશુ-પંખીનાં અભયારણ્ય હોય છે તેમ અહીં દરિયાઇ અભયારણ્ય છે. અંદર અસંખ્ય પ્રકારનાં માછલાં, મોટાં માછલાં અને દરિયાઇ વનસ્પતિ, પરવાળાં જેવાં જીવજંતુ થાય છે. એ બધાં વિરલ / રેર જાતિનાં જીવ કહેવાય છે. અમુક જીવ તો દુનિયામાં અહીં સિવાય ક્યાંય નથી એટલે બધાંની જાળવણી એ સરકારની ને સમાજની ફરજ બની જાય છે. આ જગ્યાને થોડાંક વર્ષથી 'નેશનલ પાર્ક'- 'રાષ્ટ્રીય ઉદ્યાન' તરીકે વિકસાવવામાં આવ્યો છે. આ જોવા માટે મોઢે માસ્ક, ઓકિસજન સિલીંડર, પગમાં ખાસ બૂટ વગેરે પહેરીને ડૂબકી મારવી પડે, જેને 'સ્કૂબા ડાઇવિંગ' કહે છે. અહીં એ બધું ચાલે છે.''

''અરે, વો તો કઇ પિક્ચરમાં દેખા હૈ, મૈંને.'' આમિરને આખો ખ્યાલ આવી ગયો. ''પછી... પેલી તરફ જુઓ; પેલાં ઘાટાં લીલાં ઝાડનાં ઝૂંડનાં ઝૂંડ દેખાય

છે? એને ચેરિયાં કે મેન્ગ્રોવ કહે છે. આ ઝાડની ખાસિયત છે કે એ પાણીને જમીન પર ધસી આવતાં રોકે છે, જમીન-પાક-ગામને બચાવી લે છે. ખાર પણ નથી થતો. આવાં ચેરિયાં કુદરતી રીતે ઊગે છે તો અમુક વાર ઊગાડવામાં અવે છે. કચ્છમાં નખાયેલા નવા ઉદ્યોગોએ પોતાને જોઇતી જમીનો ઉપર કબ્જો કરવા દરિયામાં પણ પગપેસારો કર્યો છે, તેને કારણે ચેરિયાંનો સોથ વાળી નાખ્યો છે. પર્યાવરણપ્રેમીઓ, કર્મશીલો આનો વિરોધ તો કરી રહ્યા છે. એ ચેરિયાંના ઝૂંડ આપણે માટે જોવાલાયક હતાં... જો કે અમુક વિસ્તાર તો તમને અહીંથી પણ દેખાય છે- હેં ને?''

''હા બહેન. ચાલે!... પણ તમે પેલું 'ખિજડિયા-ખિજડિયા' કરતાં હતાં એ શું?'' ''મીના, ખિજડિયા એક ગામનું નામ છે, અહીં છીછરાં પાણીમાં પંખીઓનું અભયારણ્ય છે. કાળાં બતક, સારસ વગેરે રેર કહેવાતાં પંખીઓ અહીં દેખાય છે. લોકો દૂર દૂરથી જોવા અહીં આવે છે.''

''એ તો ચાલે! આમેય આ અભયારણ્યોમાં રહી રહીને પશુ-પંખી બહુ 'મૂડી' થઇ ગયાં છે; 'મૂડ' હોય તો દર્શન દે; ના હોય તો નહિ!'' વિલ્સને કહ્યું.

''ચાલો, આપણે તો આપણું મન વાળી લીધું...!'' શેખરે પૂરું કર્યું અને બસમાં હસાહસ થઇ ગઇ.

''નહીં, મૈં તો વો સ્કૂબા જરૂર કરુંગા... ઝિંદગી ફિર મિલે ના દોબારા!'' આમિર બોલ્યો એટલે પરવીને ટોક્યો- ''ઐ હૈ- મનહૂસ બાત ક્યોં કરતા હૈ રે?'' ''અરે નહીં; મૈંને તો વો ઋત્વિક કી પિક્ચર કા નામ લિયા; જિસમેં સ્કૂબા કરતે હૈં ના... મૈં ભી તો વૈસા હી પહનવહન કે કરુંગા ''ચલ દરિયા મેં ડૂબ જાયેં''. બસમાં વળી ઔર હસાહસ થઇ ગઇ!

★★★





**મુકામ - 17.**

# ''હેલો સાંભળો જી!''

## નાના રણૂંજા

મરીન પાર્ક' નો 'ધક્કો ટળ્યો' તેથી મિત્રો નિરાશ હતા પણ કનુભાઇ મૂડમાં હતા અને રચના રચનાત્મક મૂડમાં હતી. પોતાની જગ્યાએથી ઊઠીને ધીમેશથી કંઇક કહ્યું. કનુભાઇ તો ગેલમાં આવી ગયા. ''કેમ નહિ?'' કહેતાંક્ બસને જરી આડીતેડી વાળતાં વાળતાં હાઇવેથી નીચેના રોડ ઉપર ઊતારી, ડાબી બાજુ 'મેટલ'ના રોડે વળ્યા. લલકારતા ગયા... ''મારો હેલો સાંભળો જી!''

મંડળી નવાઇમાં. ત્યાં પાટિયું દેખાયું ''નાના રણૂંજા.'' ધીરજને નવાઇ લાગી- ''આ પહેલી વાર સાંભળ્યું. રામદેવ પીરનું રણૂંજા તો અજમેર પાસે- રાજસ્થાનમાં નહિ?'' ''અજમેરવાલા 'મોટા' હૈગા- યે નાનાવાલા હૈગા'' પરવીને ધારણા કહી. ''બેનની વાત એકદમ હાચી. ઇ જોધપરવાળા મોટા ને આ નાના. ''કનુભાઇએ ઉત્સાહમાં મારી મૂકેલી ગાડી એક લીલાછમ લીમડાઓથી છવાયેલા મંદિર પરિસરમાં અટકી. ઠીક ઠીક મોટા વિસ્તારમાં રાબેતા મુજબ ફૂલ-પૂજાપો-ભજનની સી.ડી. વિડીયોની દુકાનો ઉપરાંત ખાણીપીણીના ગલ્લા પણ હતા. ભીડ પણ સારી એવી હતી. રંગબેરંગી ઓઢણાં- પાઘડીવાળાં મારવાડી ભાઇઓ-બહેનો ઉપરાંત પહેરવે-બોલવે ઓળખી શકાય એવો ગુજરાતી દલિત સમાજ દુકાનો ઉપર વિવિધ મોજ માણી રહ્યો હતો.

કનુભાઇ ગાઇડના રોલમાં આવી ગયા હતા. ''આંય ભજીયાંગોટા નથ્ ખાવાં. ભંડારો ચાલુ જ હશે- ગરમાગરમ રસોઇ જ જમી લઇએં, હાલો! હાલો! પહેલી પેટપૂજા ને પછી પ્રભુપૂજા.'' નેકી ઓર પૂછ-પૂછ! બધી મંડળી સીધે સીધી ભોજનાલય તરફ પહોંચી. કોઇએ રોક્યા-ટોક્યા નહિ. પાણીના નળ ઉપર હાથમોં ધોઇને સૌ લાંબીપહોળી પરસાળમાં હારબંધ બેઠેલા એમના જેવાં યાત્રાળુઓ સાથે જઇને આસનપટ્ટા પર ગોઠવાયાં. મીઠા આવકારા સાથે સ્થાનિક સેવકો થાળી-વાટકા મૂકી ગયા અને ફટાફટ પિરસણ ચાલુ થયું. ગરમાગરમ શીરો, મગ, ભાત, રિંગણબટેટાનું શાક અને ગાજરમરચાંનો સંભારો. મંડળી તૂટી પડી.

ભોજનાલયમાંથી તૃપ્ત થઇને બહાર નીકળતાં દાનપેટીમાં વાજબી નોટો નાખી. સદાવ્રત છે તેથી શું થયું- ખમતા યાત્રાળુ કંઇ મફત નો જમે! કનુભાઇની ફિલસૂફી હતી. મિત્રો માટે પણ આવું સદાવ્રત નવું નહોતું એટલે પૂછપરછ ના થઇ. રચનાને યાદ આવ્યું કે જ્યારે સંપૂર્ણ કેથલિક-ખ્રિસ્તી જૂથો જોડે આવતી ત્યારે એમને સાનંદાશ્ચર્ય થતું. એક વડીલ ફાધરે બહુ સરસ કહેલું: ''સાથે બેસીને ખાવું-પીવું એ ખ્રિસ્તી મૂલ્ય છે -પછી તેમણે પેલા વિખ્યાત ચિત્ર-લાસ્ટ સપર- 'ઇસુનું છેલ્લું ભોજન'નું ઉદાહરણ યાદ દેવડાવેલું. હિંદુઓમાં હજી પણ ક્યાંક ક્યાંક તમામ જ્ઞાતિ-જાતિ-કોમ-ધર્મના લોકો એક જ પંગતે બેસીને જમવામાં પણ કેટલા બાધ નડે છે! સ્વામીનારાયણ સંપ્રદાયે નવેસરથી જ્ઞાતિપ્રથાને જીવંત કરવા માંડી છે. સ્થળદર્શનની શરૂઆત સીધા મંદિરથી જ કરી. અહીં રેતિયા કે ભૂખરા પથ્થર કે આરસ-પહાણનો નહિ; રંગીન ટાઇલ્સ, ચાઇના મોઝેક (કપચી) અને રંગીન કાચનો ભરપૂર ઉપયોગ કરવામાં આવેલો. મૂર્તિઓ નહિ, ચિત્રો હતાં. સ્થાનક 50-55 વર્ષથી વધારે જૂનું નહોતું. લાંબી પરસાળ જ 'મંદિર' હતી. પારંપરિક રચના નહોતી એ પણ નોંધપાત્ર હતું- બ્રાહ્મણવાદ 'હાવી' નહોતો થયો. પરસાળમાં જ એક છેડે રામદેવપીરની સરસ છટાદાર મૂર્તિ હતી. પાસે એમનો પ્રિય ઘોડો પણ હતો. શ્રદ્ધાળુઓ શાંતિથી- ધક્કામુક્કી વગર- મનભરીને દર્શન કરતાં હતાં. પૂજારી પણ હસતાં મોઢે આશિષની સાથે સૌને સિંગ-સાકરિયાનો પ્રસાદ આપતા હતા.





કોઇની પાસે કંઇ અપેક્ષા નહોતી રખાઇ. નારિયેળ-ચુંદડી ચડાવતાં અને 'પ્રસાદી' કરીને પાછાં આપતાં. સાદું-શ્રદ્ધા ભરપૂર ધામ સ્પર્શી જાય તેવું હતું.

દર્શન કરીને મંડળી ચોકમાં, ઓટલે બેઠી. વિલ્સન, હમિદ, આમિર, યાસ્મિન, પરવીન, વંદનાને એક પ્રશ્ન હતો - રામદેવજી તો હિંદુ હતા- પછી એમને 'પીર' કેમ કહેવાય?

રચના કંઇ કહે એ પહેલાં કનુભાઇએ જ ઉમંગભેર શરૂ કર્યું- ''અમારા રામાપીરને 'હિંદવા પીર' જ કહેવાય. મૌલવીઓએ જ એમને આ નામ આપેલું. સીધીસાદી રીતે કહીએ તો પરચા પૂરે ઇ પીર! રામાપીરનો મહિમા બધો પરચાનો! પોતે મૂળ જોધપુરના રાજવીનાં કુંવર. એમનો જલમ જ દ્વારકાધીશની કૃપાથી થયેલો. એમનું પોતાનું સત્ એવું કે ડૂબતાં વહાણ તાર્યાં, ખાલી તપેલાંમાં એટલી ખીર ભરી કે હજારોને જમાડ્યાં તોય ઇ અખેપાતર ખૂટ્યું નંઇ. બાંયુબેનો પર ત્રાસ થયો ત્યારે અડધી રાતે દોડ્યા, કાળા ચોરને પકડી પાડ્યા, ગાયું વાળી જતાં કસાઇયુંને જેર કર્યા ને ગાયું છોડાવી. દૂરદેશાવરના મૌલવીઓએ શરત મારી- પરચા કરવા ચેલેન્જ આપી; રામાપીરે પૂરી કરી ને ત્યારથી જ પીર કે'વાયા. આ સામેની ઓરડીમાં રામાપીરના પરચાનાં ચિત્રો છે- જોઇ આવો.'' પછી રચના તરફ ફરીને પૂછી લીધું: ''બેન, બરાબર કીધું ને? આટલા દી'થી તમને જોતો'તો -શીખી લીધું- ઠીક છે ને?!'' ''ના પડાય?'' … થોડીવારે ચિત્રો જોઇને બહાર નીકળેલા શેખરે સવાલ કર્યો- કનુભાઇ, તમે બધું કીધું- મજા પડી. પણ રામા પીર ક્યારે થઇ ગયા એ ના કીધું?''

''અરે હઝઝારો વરહ થઇ ગયાં.'' કનુભાઇ પાસે સીધોસાદો જવાબ હતો. હવે રચનાએ દોર હાથમાં લીધો. ''કનુભાઇ, હજારો વરસ પહેલાં તો માણસજાત જંગલો ને ગુફાઓમાં રહેતી હતી. આ રામદેવજી જેવા લોકો તો જનમે તેવા સંજોગો જ નહોતા. તમે જે કહ્યું તે તદ્દન સાચું કે પોતે જોધપુર બાજુના હતા, એટલેસ્તો એમને 'જોધલપીર' પણ કહેવાય છે. ખેર, ઐતિહાસિક રીતે પોતે 14મી સદીમાં થયા, જ્યારે આ ભૂખંડ ઉપર ઇરાનમાંથી સૂફીઓ આવીને વસેલા અને

અહીંના દલિતો-શ્રમિકો ઉપર એમના સાદાં જીવન અને ઉંચા વિચારોનો પ્રભાવ પડવો શરૂ થઇ ગયો હતો... એવા ધર્મવંચિત લોકોએ આ પીરોના પ્રભાવમાં સૂફીવાદના માર્ગે ઇસ્લામ સ્વીકારવાનો શરૂ કર્યો હતો. રામદેવજી સદરૂદ્દીન નામના સૂફીસંતને મળ્યા હતા. સૂફીમતમાં 'નિઝાર' સંપ્રદાય છે, જે યોગીઓના 'માર્ગી' પંથને મળતો આવે છે. એ સમયે યોગીઓ-સૂફીઓ વચ્ચે વૈચારિક આપ-લે થવાનું પણ નોંધાયું છે. ખેર, તમે એ પણ જોઇ શકશો કે રામદેવજી હિંદુ-ક્ષત્રિય-રાજવી હોવા છતાં એમના 99% અનુયાયીઓ દલિતો-શ્રમિકો છે- કહેવાતા સવર્ણ હિંદુઓ એમને ક્યાં પૂજે છે?!''

આ મુદ્દાઓ મમળાવતી મંડળી મોટા ચોગાન તરફ વળી; જ્યાં લગભગ સોએક જેટલાં કાચનાં શો-કેસમાં, પ્લાસ્ટર ઓફ પેરિસની બનાવેલી હિંદુ દેવી-દેવતાઓની મૂર્તિઓ-પૌરાણિક પ્રસંગો વગેરેની ઝાંખીઓ હતી. એમાં જાણીતા ધાર્મિક ચમત્કારો પણ હતા. મૂર્તિઓ સુંદર હતી, વસ્ત્રાભૂષણ કિંમતી હતાં અને મુખ્યપ્રવાહનાં દેવતાઓનાં ચિત્રો-ફોટાઓમાં જોવા મળે છે એવા જ ''ઉજળિયાત' હતાં. ફરતાં ફરતાં ખાસો કલાક થાય એટલી સામગ્રી હતી. શેખરે કનુભાઇને પૂછી લીધું- ''કનુભાઇ, તમારે આ બધાં દેવીદેવતામાં માનવાનું?'' ''હાસ્તો! આ હંધાયે ભગવાનો ને માતાજીયું આપણાંયે ખરાં જ ને?!'' શેખર શું બોલે? રાતે ફીડબેક મિટીંગમાં આ મુદ્દો ચર્ચવાનું નક્કી કરી લીધું.

★★★





**મુકામ - 18.**

# ઝોળી ને ડંગોરાવાળાં ડોસો ડોસી

## વીરપુર

મજાની લીમડાની લીલી છાંયડીઓ માંડ છોડીને બસ પાછી હાઇવે ઉપર પહોંચી ગઇ. રાજકોટ પહોંચતાં પહેલાં જ વીરપુર-ધામ થઇને જવાનું ઠીક પડશે એમ વિચારીને રચનાએ કનુભાઇને સૂચના આપી. વીરપુરનું નામ સાંભળતાં જ કનુભાઇ રંગમાં આવી ગયાઃ ''એ... આ મારો જલોબાપોય જબરો હતો હાં કે! ઇને ત્યાંનું અન્ન કદી નોં ખૂટે- ખજાનો ખાલી જ નોં થાયને!'' મંડળીને આવો 'ખજાનો' જોવાની ઉત્સુકતા જાગી. થોડી જ વારમાં, નવો બનેલો કમાનદાર દરવાજો વટાવીને મંડળી વીરપુરધામ પહોંચી. ''લ્યો, આવી ગઇ મારા જલાબાપાની જગો. બરાબ્બર ચાનો ટેમ થઇ ગ્યો છે!''

રાબેતા મુજબના યાત્રાધામની આગળ હોય એવી બજાર તો હતી જ, પણ ગામ કંઇ બિસ્માર નહોતું. યાત્રાધામ જેવાં કંગાળ હોટેલ-ગલ્લા પણ નહોતા. મધ્યમ અને ઉપલા મધ્યમવર્ગનાં સમૃધ્ધ અને ઘાટીલાં જૂનાં નવાં સંખ્યાબંધ મકાનોની વચ્ચે મોટું હવેલી જેવું મકાન આવ્યું- ''આ જ જલારામધામ''... કહીને કનુભાઇએ સૌને અંદર દોર્યા. આ 'ધામ' મંદિર તો નહોતું જ; વૈષ્ણવ 'હવેલી' પણ નહોતું. ખમતીધર વહેપારીનું ઘર હોય એવું લાગતું હતું. ડેલામાં પેંસતાં જ ડાબી તરફ, એક નાના ઓટલા ઉપર, રામ-સીતા-લક્ષ્મણની સરસ મૂર્તિઓ કાચના શો કેસમાં હતી. આખી યાત્રામાં મંડળીએ આ પહેલું

રામ-ધામ જોયું. રચનાએ રાતની મિટીંગ માટે 'ગુજરાતમાં રામભક્તિ' મુદ્દો નક્કી કર્યો.

મૂર્તિઓ સરસ હતી પણ કંઇ પ્રાચીન-શિલ્પકળા નહોતી. હમણાં, રણૂંજામાં જોયલી એ પ્રકારની લોકપ્રિય સ્વરૂપની મૂર્તિ હતી. એ જ ઓટલાના ખૂણે જલારામબાપાની 'જાણીતી' મૂર્તિ હતી અને પાસે કાચના શો-કેસમાં એક થેલો / ઝોળી અને ડંગોરો પણ જાળવી રાખેલાં. સાદાઇ ઊડીને આંખે વળગી.

સહેજ ખાલી ખૂણે જઇને રચનાએ જલારામબાપાનો પરિચય આપ્યોઃ ઇ. 1800માં પ્રધાનજી ઠક્કરને ત્યાં, આ ગામમાં જલારામબાપાનો જન્મ થયો. મૂળ નામ દેવજી. અનાજ-કરિયાણું જથ્થાબંધ વેચવાનો વારસાગત ધંધો હતો પણ બાળપણથી જ દેવજીને રામનામની રઢ હતી. છોકરો ભાગીને બાવો ન થઇ જાય એ બીકે મા-બાપે વીરબાઇ સાથે દેવજીનું લગ્ન કરાવી દીધું. તોયે કંઇ ફરક ન પડ્યો. કાકાની કરિયાણાની દુકાને બેસાડ્યા તો ત્યાંય સાધુબાવાને મફત અનાજ-લોટ આપી દેતા, એટલા ભોળા હતા. તોય કાકા જોતા કે અનાજ ખૂટતું નથી. કાકાને આમાં ચમત્કાર દેખાયો. જલરામને ત્યારથી ગરીબો-સાધુ-ફકીરો માટે સદાવ્રત ખોલવાનો વિચાર આવ્યો અને અમલમાં મૂકાયો." કનુભાઇએ આગળ ચલાવ્યુંઃ "બંને ધણીધણિયાણી સવાર-સાંજ રોટલા ઘડે ને લોકોને જમાડે. વીરબાઇમા જાતે ઘંટીએ બેસીને દળે; જલોબાપોયે ઘંટી ફેરવે. કોકવાર ખૂટી જાય તો ખંભે ઝોળો લઇને ગામમાં જઇને માંગી લાવે ને ભૂખ્યાંને જમાડે. ગામેગામ 'રામરોટી'નું નામ થઇ ગયું. જ્યારથી શરૂ થ્યું ત્યારથી આ સદાવ્રત એક દિ' બંધ નથી પડ્યું ને નીમ એવો કે કોઇએ એક પૈસો નહિ મૂકવાનો!"

મંડળીને લાગ્યું કે કનુભાઇ અતિશયોક્તિ કરે છે. આંખમાં અવિશ્વાસ સાથે સૌએ રચના સામે જોયું. "તદ્દન સાચી વાત છે. આખા ગુજરાતમાં આ એક માત્ર ધામ છે જ્યાં બિલકુલ પૈસાનો વહેવાર નથી. ઠેરઠેર પાટિયાં જોવા મળશે." નવાઇ પામેલી મંડળી પાસે આવીને ધામના સ્વયંસેવકે મીઠા સ્મિત સાથે કહ્યું "હાલો, ચા-નાસ્તો તિયાર છે."







**જલા સો અલ્લા**

મંડળીએ ચા સાથે ગાંઠિયા ને ગળી બુંદીનો પ્રસાદ-નાસ્તો લીધો. બહાર નીકળતાં બે વાતે માન ઉપજ્યું. એક ખંડમાં મોટી ઘંટી રાખેલી જે વીરબાઇ અને જલાબાપાના સહિયારા શ્રમનું સ્મૃતિપ્રતીક હતી. બીજું, જમવા-નાસ્તાની હરોળમાં મુસ્લિમ ભાઇ-બેનો બેઠેલાં વરતાયાં-એમના પારંપરિક વેશથી. રચનાએ કહ્યું, "આમ તો સૌરાષ્ટ્રના મુસ્લિમો પારંપરિક વેશ નથી પહેરતાં; જરૂર આ લોકો કચ્છથી જાત્રાએ નીકળ્યાં હોવા જોઇએ." આ વાત કરતાં જ પગથિયાં ઊતરતાં હતાં ને બાજુમાં ચાલતા એક સજ્જને કહ્યું, "બેન આયાં તો જલ્લા સો અલ્લા કે'વાય છે! કોઇ ભેદભાવ નો મલે!" જલારામ જ્યાં મુસ્લિમોમાં અલ્લાના આદમી મનાય છે એવા સાદાસીધા ધામની વિદાય લઇ સૌ રાજકોટ તરફ જવા નીકળ્યાં.

★★★

## મુકામ - 19.

# રજવાડું - ગઇકાલે અને આજે પણ...?

### રાજકોટ

કાલાવડ રોડ તરફથી પ્રવેશ કરીએ તો રાજકોટની પહેલી જોવાલાયક જગ્યા આવે 'પ્રેમ-મંદિર'. પણ એ જોતાં પહેલાં આ નગર / શહેરનો ટૂંકો પરિચય રસપ્રદ બનશે. 17મી સદીમાં, જામનગરના જામ વિભાના અંગરક્ષક રાજુ સંધીએ (સિંધી મુસલમાન) આ શહેર વસાવ્યું કહેવાય છે. આજી નદીનો આ તટવિસ્તાર જામ વિભાએ રાજુને ખુશ થઇને ગરાસમાં આપ્યો હતો. પણ ટૂંકા ગાળામાં જ રાજુનું અવસાન થયું અને વળી પાછો જાડેજાઓએ વહીવટ હાથમાં લીધો. 19મી સદીમાં મહેરામણસિંહજીને મારીને ગુજરાતના સૂબા માસૂમખાને 12 વર્ષ શાસન કર્યું હતું ને રાજકોટનું નામ બદલીને 'માસૂમાબાદ' કરેલું. જો કે 12 વર્ષમાં જ અંગ્રેજોએ રાજકોટને ખાલસા કરીને 'એજન્સી' સ્થાપી હતી. આખા સૌરાષ્ટ્ર-કચ્છના સહિયારા વહીવટ માટે રાજકોટમાં અંગ્રેજોનું થાણું અને લશ્કરી છાવણી - બંને રહ્યાં.

રાજકોટ વિશેની એક-બે મહત્વની ઐતિહાસિક ઘટનાઓ યાદ કરીએ તો 18મી સદીમાં સહજાનંદ સ્વામી અહીંના અંગ્રેજ અધિકારી માલ્કમ સાહેબને મળ્યા હતા. બંનેએ મળીને તત્કાલીન ગુજરાત-સૌરાષ્ટ્રમાં ચાલતા કુરિવાજો- દીકરીને દૂધ પીતી કરવી, સતી પ્રથા સામે કાયદા ઘડીને બહાલી આપી હતી.





આ આખો પ્રસંગ ઐતિહાસિક ચોપડે અને સ્વામીનારાયણ પંથના ગ્રંથમાં નોંધાયો છે.

બીજો એવો જ બનાવ છે અહીંના ભાયાત દરબાર વીરાવાળા અને ગાંધીજી વચ્ચેના વૈચારિક વિરોધાભાસો જાહેરમાં આવેલા અને ગાંધીજી ઉપર જૂનવાણી સમુદાયના લોકોએ ખૂની હુમલો સુદ્ધાં કરેલો-1939 માં.

આજે તો રાજકોટ નાના ઉદ્યોગોનું પાટનગર છે. કૂદકે ને ભૂસકે સૂરત જેવું બનવા થનગની રહેલું રાજકોટ ઉપર ઉપરથી આધુનિક દેખાય છે પણ લોકશાહી પદ્ધતિમાં પણ રાજકીય ક્ષેત્રે જ્ઞાતિવાદી જૂથબંધીનું જોર જેમનું તેમછે.

આ વાત ચાલતી હતી ત્યાં જ 'પ્રેમમંદિર' પહોંચી ગયાં. બહારથી ભવ્ય-સુંદર દેખાતી આ ઈમારત ગુલાબી રાજસ્થાની પથ્થર, આરસપહાણ, ગ્રેનાઈટ, કપચીથી બનેલું છે. બન્યું છે તો ગઇ પચ્ચીસીમાં પણ પારંપરિક ગુર્જર શૈલીનાં ઘુમ્મટ અને થાંભલા-પરસાળની રચના મોહક લાગે છે. છેક નજીક ગયાં ત્યારે મંડળીને જાણ થઈ કે આ તો ખ્રિસ્તી ચર્ચ છે!

"દક્ષિણ ભારતમાં કેરળમાં અને ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મે સંસ્કૃતિકરણના નામે આ રીતે મુખ્ય પ્રવાહના હિંદુધર્મની શૈલી અને બાહ્ય રંગ-રૂપને અપનાવવાનાં ઘણા પ્રયાસો-ઘણા મોટાપાયે કર્યા છે. આગળ ઉપર પણ આવા નમૂના જોવા મળશે. જો કે આ દેવળ કદાચ સૌથી વધુ મોટું, મોંઘું અને કલાત્મક પણ છે;" રચનાએ થોડી ભૂમિકા બાંધ્યા પછી સૌ અંદર ગયાં.

અંદર, પરમ શાંતિની વચ્ચે કેટલાંક લોકો બેસીને અંગત પ્રાર્થના-ધ્યાન કરી રહ્યાં હતાં.એમને ખલેલ ન પહોંચે એ રીતે મિત્રોએ ચૂપચાપ બેસીને બધું જોયું અને નજર-મનમાં ભરી દીધું. વિશાળ પ્રાર્થનાખંડ હતો- કોઇ ગર્ભગૃહ વગેરે નહોતું; એ રીતે અંદરનો ઘાટ હિંદુ મંદિર જેવો નહોતો. છત ઉપર, દીવાલો ઉપર બાઇબલનાં પ્રસિદ્ધ ચિત્રો દોરેલાં હતાં. સર્વધર્મસમભાવ પ્રગટ કરે તેવાં પ્રતીકો હતાં. મુખ્ય વિભાગ અલબત્ત, ઈસુ અને માતા મરિયમના જીવનપ્રસંગોનાં ચિત્રોએ રોક્યો હતો. પ્રકાશ-આયોજન પણ ખૂબ કલાત્મક

રીતે, આંખને નડે નહિ પણ શાતા આપે તેવું હતું.બેઠાં બેઠાં બધું જોઇ લીધું ત્યાં ઘંટનાદ અને ઝાલરના સ્વરો ઉપર લગાવેલા યંત્રમાંથી ગૂંજી ઊઠ્યાં - સોમનાથની જેમ. બહાર મૂકેલાં લાઉડ સ્પીકરોએ આસપાસના વિસ્તારોમાં પડઘા પાડ્યા. થોડી વારે લોકો આવવા માંડ્યાં. અહીંના ધર્મસંઘનાં ફાધરો, બ્રધરો, સિસ્ટરો પણ હતાં. ઉપરાંત સાધારણ ખ્રિસ્તી ભાવિકો હશે તેમ જ હિંદુ ગુજરાતીઓ પણ એકઠાં થતાં હતાં. યુવતીઓ અને પ્રૌઢ મહિલાઓ વધારે હતી. જાણવા મળ્યું કે અહીંની સંધ્યાઆરતી આસપાસમાં વિખ્યાત છે. સાંજ ઢળી ગઇ. ખ્રિસ્તીધર્મનું સ્થાનિક રૂપાંતર માણતાં માણતાં માહૌલ ભક્તિસંગીતમાં ડૂબી ગયો.

દિવસનો અંત આવ્યો હતો. 'પ્રેમ મંદિર'ના અતિથિનિવાસમાં મંડળીનો ઉતારો હતો. સ્નાન-વાળું વગેરે પરવારીને મજાના ચોતરા ઉપર આસપાસની લાઇટ્સનાં અજવાળે ફિડબેક મીટિંગ મળી. કનુભાઇએ પ્રેમમંદિરની આરતીમાં હોંશભર ભાગ લીધો હતો પણ મિટીંગમાં ગુલ્લી મારીને આરામ કરવો પસંદ કર્યો હતો. સ્વાભાવિક રીતે રણૂંજાથી ચર્ચાની શરૂઆત થઇ અને એમાં પણ, કનુભાઇના હિંદુકરણથી. શેખરે આ મુદ્દાને જરા જૂદા પ્રકાશમાં જોયોઃ ''મને આમાં કંઇ નવાઇ લાગતી નથી. દલિત સમાજનો મોટામાં મોટો પ્રશ્ન છે કહેવાતા મુખ્ય પ્રવાહમાં એમનો સ્વીકાર. આર્થિક કે રાજકીય સદ્ધરતા ઉપરાંત એમને ઘણીવાર સાંસ્કૃતિક સધ્ધરતા કે સ્વીકાર વધારે આકર્ષક અને જરૂરી લાગે છે. એટલે લગભગ આ જ ઝંખના સાથે દરેક વાર વહેતી ગંગામાં ડૂબકી મારીને ઊજળા દેખાવાની કોશિશ કરતા રહે છે.'' ''ખરી વાત.એમના દેખીતા ધર્મપરિવર્તન પાછળ પણ આ જ ઝંખના કામ કરે છે. યાદ કરો, સૌથી પહેલાં દલિતોએ ખ્રિસ્તીધર્મ સ્વીકારેલો - કેમ? ત્યારે અંગ્રેજોનું - ખ્રિસ્તીઓનું રાજ હતું અને ખ્રિસ્તીધર્મનો સ્વીકાર એમને સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક બધી રીતે સદ્ધર બનાવશે એવો વિશ્વાસ હતો. જેનાં ઘણાં સકારાત્મક પરિણામો આવ્યાં પણ ખરાં. પછી બાબાસાહેબ આંબેડકરની સાથે હજારો દલિતો બૌદ્ધ બન્યા કેમ કે ડો. આંબેડકર પોતે એમની દૃષ્ટિએ તેમ જ ત્યારના રાજકીય પરિવેશમાં વિદ્વાન, વિચારવાન, સફળ નેતા હતા; લગભગ નંબર વન હતા. ત્યાર પછી હવે જ્યારે હિંદુઓ પોતાને જોરાવર-





સત્તાધારી અને વગદાર પ્રજાજનો તરીકે સ્થાપી રહ્યા છે ત્યારે દલિતોને લાગે છે કે ના, આ જ મુખ્ય પ્રવાહ!'' રચનાએ મુદ્દાને વધારે સ્પષ્ટ કર્યો.

''મગર યે ભૂલ કૈસે સકતે હૈં કિ ઇન્હી હિંદુઓને ઉન્હેં જાનવરોં સે ભી ઝ્યાદા બદતર સમઝા થા ઔર આજ ભી ઝ્યાદા ફર્ક કહાં પડા હૈ?'' હમિદ અકળાયો. ''હમિદ, આમ જુઓ ને તો દલિતો એક રીતે મુખ્ય પ્રવાહના હિંદુઓની સાથે રહેવા ટેવાયેલા છે- મતલબ કે ગામના છેડે તો છેડે, પણ આખરે તો એક જ ગામમાં! ઓછામાં પૂરું આપણી વસવાયાં-પ્રથાએ એમને કહેવાતા સવર્ણો ઉપર આર્થિક રીતે આધારિત કરી દીધાં હતાં; જૂની વાત છે પણ ક્યાંક ને ક્યાંક એ લાચારી ટકી ગઇ.'' 'વસવાયાં' શું છે, બહેન?'' વંદનાના અભ્યાસક્રમમાં આ શબ્દ નહોતો આવ્યો! ''જ્યારે ગામ વસતાં ત્યારે શાસકો, ગામના વડીલો દરેક કોમને આમંત્રણ આપીને ગામ કે નગરમાં વસાવતાં. દલિતોને મજૂર, ખેતમજૂર, વણકર, ચમાર, મેલું ઉપાડનાર, મૂએલાં ઢોર ખેંચી જનારા સમુદાય તરીકે ગામેગામ વસવા મળ્યું. શોષણ તો ભરપૂર થતું હતું પણ જીવન ટકી જતું હતું.'' ''અરે, યે જીના ભી ક્યા જીના હૈ!'' આમિર દિલથી બોલી પડ્યો પણ બધાંને બચ્ચનનો ડાયલોગ સંભળાયો-પળવાર હો-હા... શેખર થોડો વંકાયો. ''પ્લીઝ, મુદ્દો ગંભીર છે. મને કદાચ આજે આટલી સ્પષ્ટતા થઇ રહી છે.દલિતો એક રીતે કહેવાતા સવર્ણોને ઇર્ષાથી જોતા હશે, પોતાની પાસે જે નથી તે પેલાઓ પાસે- સ્વમાન, સંપત્તિ, સ્વીકાર વગેરે વગેરે. છે, પરિણામે 'એ' મેળવવું એ જ એમનું ધ્યેય થઇ પડ્યું!''

''બિલકુલ આ મુદ્દાથી જ તો તેં શરૂઆત કરી હતી... અને એક બહુ સ્વાભાવિક વલણ છે આપણી પાસે જ્યારે 'એ' આવે છે ત્યારે આપણે પણ એમનાં જેવાં થઇ જઇએ છીએ... જેમણે આપણું શોષણ કર્યું હતું. મતલબ કે શોષિત પણ અમુક હદે શોષકો જેવા બની જાય છે.'' રચનાએ ટૂંકામાં બહુ જાણીતી, પાઓલો ફ્રેઅરેની થિયરી સમજાવી દીધીઃ 'પેડેગોજી ઓફ ધી ઓપ્રેસ્ડ!'આમિરે પોતાનું આર્થઘટન કાઢ્યું- યે તો વૈસા હી હુઆ ના... 'સાસ ભી કભી બહુ થી!'' વળી હો... હા... ''બોલિવુડમાંથી હોલીવુડ, ઢોલીવુડ

અને ટેલિવુડ પણ!...'' તો સરવાળે કનુભાઇ અને તેમનો સમાજ કેમ ધરમ-તહેવાર-ઉજવણી-વિધિઓ... બધાંમાં હિંદુઓ જેવાં જ થવા જાય છે તે ઠીકઠીક સમજાયું.વિલ્સને વળી પોતાના સમાજની વાસ્તવિકતા સાથે જોડ્યું ''તદ્દન સ્પષ્ટ સમજાયું.જુઓને, અમારો સમાજ? અમે પણ પશ્ચિમની ઢબછબ, રહેણી-કરણી બધું જ અપનાવ્યું છે ને? આ જુઓને, મારું નામ વિશાલ કે વિનોદ નહિ વિલ્સન રાખવામાં આવ્યું!'' તાલિયાં!!!

ધીરજે જલાબાપાનું ધામ યાદ કર્યું- ''આ સદાવ્રતવાળી વાત મને ખરેખર, વિચિત્ર લાગે છે. લોકો ત્યાં વધારે હતા; કદાચ મફતનું ખાવા મળે છે, એટલે? પણ સાલું, માણસને સ્વામાન ના હોય?'' બધાં જરા ચૂપ થઈને, વિચારમાં પડી ગયાં! ''ધીરજકુમાર, એવા લોકોનો વિચાર કરો જેમને એક ટંક સુદ્ધાં ખાવા નથી મળતું! ભૂખ ભૂંડાથી ભૂંડી છે ભાઇ! સ્વમાનબમાન ભરેલાં પેટવાળાના ખેલ છે!'' શેખરે આ કહ્યું ત્યારે ફરી બધાં વિચારમાં પડી ગયાં અને હકારમાં માથુંય ધૂણાવવા માંડ્યાં.રચના પણ કંઇક જુદા વિચારમાં હતી. એણે શેખરના શબ્દો વિશે પળવાર વિચાર્યું પછી બોલી, ''શેખર! તું પણ? મને તો એમ કે..''

''ના બહેન, માણસને ભૂખ્યાં રાખો- કાલે ક્રાંતિ થશેઃ એવા ભોળપણમાં હું નથી માનતો.'' જરાક આપવડાઇ હતી એના શબ્દોમાં અને ઢબછબમાં.'' ''પણ ક્રાન્તિ થઇ છે.ભૂખ્યાંઓએ જ કરી છે. દંતકથા નથી, ઇતિહાસ છે- ફ્રાન્સ, ચીન, રશિયા, ઇંગ્લાંડ... આપણા દેશમાં પણ જેમને ખૂંખાર કહેવામાં આવે છે એવા નક્સલવાદી-માઓવાદીઓએ ભૂખના માર્યાં જ હથિયાર ઊઠાવ્યાં છે!'' ''એ આ દેશમાં નહિ બને'' ધીરજે સપાટ સ્વરે કહ્યું. ''કેમ?'' ઘણાંએ પૂછ્યું. ''ધરમના નામે, પાપ-પુણ્યના નામે, સંસ્કારના નામે, નમ્રતાના નામે... અન્યાયની સામા થવાને પાપ કહે છે. માણસ જાતની કરોડરજ્જૂ ભાંગી નંખાઇ છે, તે તેય આ સદાવ્રતિયાઓએ!'' જે જુસ્સાથી ધીરજે વાતનો વિસ્તાર કર્યો, એમાં પણ મંડળીએ માથું ધૂણાવ્યું- ખરી વાત - ખરી વાત!

''ધીરજ બહુ સચોટ મુદ્દે વાત કરી રહ્યો છે. જીવદયા-કરૂણા-પરોપકાર વગેરે એવાં મૂલ્યો થઇ પડ્યાં છે કે માણસ માથું જ ના ઊંચકી શકે. સામેનાંના ઉપકાર





નીચે દબાતો જ જાય. રાજાઓને 'અન્નદાતા'કહીને એમનો જુલમ વેઠી લીધો, શેઠિયાઓને 'મહાજન'કહીને એમનું શોષણ સહી લીધું... 'મહારાજો' તો 'બાપજી' જ થયા... બાપાની સામું તો બોલાય પણ નહિ! બસ! વર્ષોથી આ 'મહાજન સંસ્કૃતિ' આપણા દેશનું લક્ષણ બની છે. ભલે જલાબાપાનું ધામ આમ તો નિર્દોષ લાગે છે ને આર્થિક શોષણ પણ નથી થઇ રહ્યું છતાં એક ખતરો તો હોય જ છે- ભાવનાના સંસ્થાકરણનો.જલાબાપાને દીકરો નહોતો. દીકરીપક્ષનાં વારસદારો ચૂપચાપ આ પરમાર્થવૃત્તિ ચલાવી રહ્યા છે અને કંઇક ગુપ્તદાનથી પણ રામરોટીનો ખજાનોયે ખૂટતો નથી. પણ એમના કેટલાંક 'ચાલાક' ભક્તોએ સંસ્થા બનાવી- ટ્રસ્ટ બનાવ્યું- અમદાવાદમાં જબરું મોટું મંદિર બનાવ્યું ને ધીકતો ધંધો ચાલે છે.'' ''હા-હા, પાલડી રેલ્વેક્રોસિંગ પાસે છે ને, એ મંદિર! ગુરૂવારે તો શું ભીડ જામે છે?'' વંદનાને ખબર હતી. ''એટલું જ નહિ 2000ની સાલમાં જલાબાપાને 200 વર્ષ થયાં એટલે જન્મોત્સવ, રેલી વગેરે તો કાઢેલું; ઉપરાંત સરકારી રજા પણ જાહેર કરાવેલી. એ તો પછી મૂળ વારસદારોના હસ્તક્ષેપથી અટકી ગયું પણ મંદિર નામે દુકાન તો ચાલે જ છે.'' રચનાએ પૂરું કર્યું.

હમિદે જરા સંકોચથી કહ્યું, ''બેન, પતા હૈ- કાફી લેટ હો ગયા હૈ, પર એક વાત મેરે મનમે સે હટતી નહીં હૈં- પૂછ લૂં?'' બધાંની ઉત્સુકતા વધી ગઇ. ''વો પ્રેમમંદિર કે હિંદુકરણ કે બારેમેં જાનના થા.''

રચના હસી પડી. ''મને ખબર હતી, આ વાત નીકળશે.આને હિંદુકરણ જરૂર કહી શકાય પણ આ એક જાતની 'અહીંના / સ્થાનિક થઇ રહેવાની ઇચ્છા' છે.(સેન્સ ઓફ બિલોંગીંગ) જો કે ખ્રિસ્તી સમુદાયો / પાદરીઓમાં પણ આને વિશે અલગ અલગ માન્યતા છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓની સંસ્કૃતિ પ્રમાણે દેવળો બન્યાં છે, ઉત્તર ગુજરાતમાં ત્યાંનાં શ્રમિકોને પોતીકાં લાગે એવાં ઊંટેશ્વરીમાં છે... આપણે બંને પ્રકારનાં ચર્ચ જોઇશું.આ ત્રીજા પ્રકારનું છે- કહેવાતું સવર્ણ હિંદુ ચર્ચ! ખેર, એ વાત વિસ્તારથી આપણે જ્યારે ઊંટેશ્વરી જોઇશું ત્યારે કરીશું.'' બધાંએ મન વાળ્યું.પણ રચના હજી ઊભી ના

થઇ! ''છેલ્લે એક પ્રશ્ન પૂછું છું - વિચારતા રહેજોઃ આપણે સર્વધર્મ સમભાવની ઘણી વાતો કરી, સ્થળો પણ જોયાં... પણ એક પ્રશ્ન મને થતો રહ્યો છે- પીરોની દરગાહો આવાં સમન્વયનાં ધામો કહેવાય છે; ત્યાં હિંદુ શ્રદ્ધાળુઓ-દલિતો-શ્રમિકો ભક્તિભાવથી દર્શને આવે છે. આ રામદેવજીને પણ 'પીર'કહેવાય છે; એ ધામમાં આપણે મુસ્લિમ શ્રદ્ધાળુને જોયા?!''

ઊંઘ ઊડાડી દે એવો પ્રશ્ન સાથે લઇને સૌ છૂટાં પડ્યાં.વળતી સવારે રાજકોટની બે વિશિષ્ટ જગ્યાઓ જોવાની હતી.

## ગુજરાતમાં કલકત્તા

રાજકોટના હાર્દસમા યાજ્ઞિક રોડ ઉપર, રામકૃષ્ણ મિશનના પ્રાંગણમાં મંડળી ઊભી હતી. સામે નહિ મંદિર- નહિ સભાગૃહ છતાં કંઇક ધાર્મિક અનુભૂતિઓ જગાડતું 'મિશન' ઊભું હતું. આ ઇમારતનું સ્થાપત્ય વળી સાવ અનોખું હતું. ગઇ કાલે જોયેલા 'પ્રેમ-મંદિર' માં આના જેવું કંઇક લાગતું હતું પણ આ તો સદંતર વિશિષ્ટ લાગતું હતું. બધાં કંઇ કંઇ ગણગણતાં હતાં. રચનાએ સરસ બગીચાનો એક ખૂણો પસંદ કર્યો. હરિયાળી લોન, ઘટાદાર વૃક્ષો, રંગબેરંગી ફૂલછોડથી જગ્યા સુંદર અને રળિયામણી પણ લાગતી હતી. રચનાએ કહ્યુંઃ ''આ મંદિરની શૈલી આજ સુધી આપણે જોઇ હોય તેનાં કરતાં ખાસી અલગ છે. ગૂર્જર-નાગર-રાજસ્થાની શૈલીનું નહિ; આ બંગાળી, પૂર્વભારતની સ્થાપત્ય શૈલી છે. એમાં પણ ત્યાંની ગ્રામીણ શૈલીનો પ્રભાવ છે.''

આમ ધીમા સ્વરે વાતચીત ચાલતી હતી છતાં, મિશનની ઓફિસમાં બેઠેલા એક સંન્યાસી બહાર આવ્યા અને મંડળી પાસે આવીને નમસ્કાર કર્યા. રચનાએ પ્રવાસનો હેતુ કહ્યો, મંડળીના વૈવિધ્ય વિશે જણાવ્યું.સંન્યાસી ખુશ થયા. એમણે જ મિશનનો પરિચય આપવા માંડ્યોઃ ''કલકત્તામાં ગંગાતટે- હુગલીને ગંગા પણ કહેવાય- બેલૂર નામે ગામ- સ્વામી રામકૃષ્ણ પરમહંસનો ત્યાં મઠ - બેલૂરમઠ કહેવાય. આ મંદિર એની જ મિની પ્રતિકૃતિ છે.''

''મઠ એટલે તો સાધુઓનો આશ્રમ ને?'' બાદલે પૂછ્યું.





''હા, પણ રામકૃષ્ણ મિશન સાધુસંસ્થાની સાથે સાથે સેવા-સંસ્થા પણ છે.અમે સંન્યાસીઓ સમાજસેવાનું કામ પણ કરીએ છીએ.'' ''દાખલા તરીકે?'' શેખરથી ન રહેવાયું.'' બંગાળમાં દુષ્કાળ, જળસંકટ વરંવાર આવે. ત્યાં સંન્યાસીઓ બચાવકામ કરતા. એ જ રીતે ગુજરાતની જ વાત કરું તો મોરબીની મચ્છુ નદીમાં 1979માં મોટું પૂર આવ્યું ત્યારે, 1986-'87ના દુષ્કાળ વખતે, 2001ના ભૂકંપ વખતે અમે હંમેશા પહોંચી ગયા. પણ પહેલાં એ કહું કે આ અહીંના મઠની સ્થાપના 1934માં થઇ.'' ''ઓહો! અંગ્રેજોના જમાનામાં?'' ''હા, પણ મોરબી અને રાજકોટના રાજાઓએ આ વિચાર કર્યો અને મકાન બંધાયું. 1935માં અહીંના અંગ્રેજ ગવર્નર જનરલના હાથે ઉદ્‌ઘાટન થયું. સાધના અને સેવાભાવનાના સૂત્ર સાથે આ મિશન ત્યારથી સક્રિય છે''. મીઠી-બંગાળી છાંટવાળી ગુજરાતી-હિંદીમાં સ્વામીજી બોલતા હતા.

''યાં પે રામ ઔર કૃષ્ણ દોનોંકા મંદિર હૈગા?'' યાસ્મિનના પ્રશ્નથી મંડળી હસી પડી. ગંભીર જણાતા સ્વામીને પણ હસવું આવ્યું. ''નહિ, નહિ રામકૃષ્ણદેવ પોતે એક મહાત્મા હતા. સર્વધર્મસમભાવમાં માનતા હતા. ઉપર એક ચિત્રશાલા (પિક્ચરગેલેરી) છે ત્યાં એમને થયેલા સાક્ષાત્કારનાં ચિત્રો છે.એક બીજી મહત્વની ઓળખાણ કે રામકૃષ્ણદેવ, સ્વામી વિવેકાનંદના ગુરૂ થાય.'' ''આમ તો આ મિશનની સ્થાપના વિવેકાનંદે જ કરી. સંન્યાસીઓ ફક્ત ધર્મ અને અધ્યાત્મમાં જ રચ્યાપચ્યા જ રહે એને બદલે, દુન્યવી દુઃખો અને તકલીફો સમજે અને સહાયરૂપ થાય, શિક્ષણ-આરોગ્ય જેવા સમાજકલ્યાણનાં કાર્યોમાં પણ હસ્તક્ષેપ કરે તે સ્વામી વિવેકાનંદની જ વિચારધારા. એટલે તેઓ સંન્યાસી નહિ પણ કર્મયોગી કહેવાય છે.'' ''હવે આપણે અંદર, હોલમાં જઇશું?'' રચનાએ વાત ટૂંકાવીને મંડળીને દોરી. સ્વામીજીનો આભાર માન્યો. તેમણે કહ્યું કે ''મંદિર જોઇને પુસ્તકાલય અને પુસ્તક કેન્દ્રમાં આવજો.'' સૌ હૉલમાં પ્રવેશ્યા. આ એક ધ્યાનમંદિર હતું. લાલ પથ્થરના મકાનની બાંધણી સાદી છતાં કલાપૂર્ણ હતી. ધ્યાનમંડપના એક છેડે રામકૃષ્ણદેવની મૂર્તિ હતી. ધૂપદીપફૂલોથી મૂર્તિમાં દેવત્વ સ્થપાયું હતું. પચીસ-ત્રીસ જેટલાં સ્ત્રી-પુરુષો શાંતિથી એકાગ્ર ચિત્તે ધ્યાન કરી રહ્યાં હતાં.

યુવાનો-યુવતીઓ પણ દેખાતાં હતાં. પાછળથી 'ઓમ્'નો નાદ સતત સંભળાતો હતો. મંડળીને પણ વાતાવરણ ગમી ગયું. થોડો સમય સૌ વાતાવરણનો અનુભવ કરતાં અંદર બેઠાં.

બહાર નીકળ્યા પછી લગભગ બધાએ એક સૂરે કહ્યું- આ તો મંદિર જેવું જરાય નહોતું! કેટલી શાંતિ હતી! જાણે ચર્ચમાં હોઇએ તેવી! ઐસી શાંતિમેં હી કુછ અચ્છા લગતા હે..

"બહેન, આ ચર્ચ જેવો હૉલ, ચર્ચ જેવી શાંતિ અને નામ પણ મિશન... કંઇ કનેક્શન?" વિલ્સને ધીમેથી પૂછ્યું.

"મને હતું જ કે તને આ મુદ્દો સૂઝશે જ. હા, 19મી સદી આ દેશમાં પૂર્વ અને પશ્ચિમના વિચારો અને આચારોના સમન્વયની સદી હતી. યુરોપનો જ્ઞાનપ્રકાશ (રેનેસાં) , ધર્મસુધારણા (રેફર્મેશન), આધુનિકતાનાં હકારાત્મક મૂલ્યો અહીં લગભગ ત્રણસો વર્ષ પછી આવ્યાં. અલબત્ત, અંગ્રેજો અને અંગ્રેજી શિક્ષણની એ અસરો હતી. બંગાળમાં એનો પ્રભાવ સૌ પ્રથમ ઝિલાયો અને વિવેકાનંદ જેવાઓએ સાધના અને સેવા, જ્ઞાન-વૈરાગ્ય અને કર્મઠતાનો સમન્વય કરવાની કોશિશો શરૂ કરેલી. પશ્ચિમનું તે ઊંચું ને પૂર્વનું તે નીચું નહિ પણ પરસ્પરના હકારાત્મક તત્ત્વોની આપ-લેનો એ સમય હતો... એટલે "આશ્રમ" નહિ પણ 'મિશન'ની ભાવનાથી આ સંન્યાસીઓએ સંસ્થા શરૂ કરેલી."

"પણ ક્યાં બંગાળ, ક્યાં ગુજરાત? એમાંયે આ રાજકોટ? એ કેમ કરીને બન્યું?" શેખરના પ્રશ્નનો જવાબ હતો કે વિવેકાનંદ નવા હિંદુત્વની ખોજમાં ભારતભ્રમણ કરતા હતા, લોકો, વિદ્વાનો અને રાજકર્તાઓને મળતા હતા. સ્વામીજીએ કહ્યું કે આ વિસ્તારના રાજાઓએ મિશન શરૂ કરાવ્યું તે વિવેકાનંદની પ્રેરણાથી."

રાજકોટ જેવાં શહેરમાં, થોડાક મધ્યમ-ઉપલા વર્ગના, ચીલાચાલુ ધર્મને બદલે કંઇક નવો વિકલ્પ શોધનારા માટે, રણમાં વીરડા જેવું આ કેન્દ્ર જોઇને બીજો આનંદ એ પણ થયો કે ગુજરાતમાં કલકત્તા પણ માણવા મળ્યુ.





## વોટ્સન મ્યુઝિયમ



રાજકોટની વિદાય લેતાં પહેલાં એક વિશિષ્ટ સંગ્રહાલયની મુલાકાત યાદગાર બની. 'જયુબિલી બાગ' વિસ્તારમાં અંગ્રેજી સ્થાપત્યના સુંદર નમૂના સમી એક ઈમારત 'વોટ્સન મ્યુઝિયમ'ના નામે વિખ્યાત છે. રામકૃષ્ણ મિશનના પરિચય વખતે જે વાત થઇ એ અહીં રાજનૈતિક સંદર્ભમાં સાકાર થાય છે. અંગ્રેજ રાજકર્તાઓ અને અંગ્રેજી શિક્ષણના કારણે હિંદુસ્તાનમાં અને ખાસ તો રાજપૂતી રાજ્યોમાં (દેશી રજવાડાં) નવા વહીવટીતંત્રની સ્થાપના થઇ હતી. શિક્ષણ અને આરોગ્યનાં સંસ્થાનો સ્થપાયાં હતાં. રાજકોટ કેન્દ્રસ્થાને હતું. એક તરફ સામંતી વંશપરંપરા અને બીજી તરફ ધીમા પગલે પ્રવેશેલી પશ્ચિમપ્રેરી આધુનિકતા... આજથી 200-250 વર્ષ પહેલાંની આ સાંસ્કૃતિક સંક્રાન્તિ જોવા મળી આ વોટ્સન મ્યુઝિયમમાં. રચના અને મંડળી ભવ્ય ઈમારત આગળ જઇ ઊભાં. "આ ઈમારત ઇ.સ.1888માં સ્થાપાઇ.જેમના નામ ઉપરથી આ

મ્યુઝિયમનું નામ પડ્યું, તે કર્નલ વોટ્સન સૌરાષ્ટ્રના પોલિટકલ એજન્ટ હતા. તેમણે રાજકાજ કરતાં કરતાં સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ડોકિયું કર્યું. ખમીરવંતી જાતિઓ અને વૈવિધ્યપૂર્ણ ઇતિહાસમાં રસ પડતાં પુષ્કળ પ્રવાસો, સંશોધન અને વાંચન કર્યું. તેમણે મહાગ્રંથ કહેવાય એવું પુસ્તક લખ્યું - ''કાઠિયાવાડ સર્વસંગ્રહ''; આજે પણ અભ્યાસુઓ માટે એ અજોડ અને ફરજિયાત સંદર્ભગ્રંથ છે. જીવન આખું સૌરાષ્ટ્રમાં ધરબી દેનાર આ 'સાહેબ'નું અવસાન પણ અહીં થયું. સૌરાષ્ટ્રના રાજાઓ અને એમના શુભચિંતકોએ તે સમયમાં પચાસ હજાર રૂપિયાનું ભંડોળ એકઠું કરીને સૌરાષ્ટ્રના ઇતિહાસને મૂર્ત કરતું આ સંગ્રહાલય બનાવડાવ્યું અને વોટ્સન સાહેબની સ્મૃતિને સમર્પિત કર્યું.''

''આપણે અહીં શું શું જોવાનું?'' મીનાને કાયમી પ્રશ્ન.

''ફરતાં જઇએ અને જોતાં જઇએ.''

પહેલા વિભાગમાં બસો વર્ષ દરમ્યાન સૌરાષ્ટ્રમાં કાર્યરત અંગ્રેજ અધિકારીઓનાં મોટાં તૈલચિત્રો જોવા મળ્યાં. સૌરાષ્ટ્રમાં શિક્ષણ, શહેરીકરણ, યંત્રોદ્યોગ, રેલવે વગેરે દાખલ કરીને પુરાણપ્રાચીન ભૂમિને નવા જમાનાનો પ્રકાશ ચીંધવામાં એમનો મોટો ફાળો હતો. ભાટ-ચારણ-બારોટો પાસેથી મળેલા મૌખિક ઇતિહાસને આધાર રાખીને, જાતપ્રવાસ કરીને એ લોકોએ સૌરાષ્ટ્રના લોકજીવનનું સંશોધન-અધ્યયન કરીને પુસ્તકો લખ્યાં. જેના ઉપરથી એવું નહિ કહી શકાય કે આ લોકો હિંદને જંગલીઓનો દેશ કે સાપ-સાધુઓનો દેશ માનતા હતા! ઉલટું આપણા પ્રજાકીય વૈવિધ્ય અને વીરતા ઉપર એમણે પ્રકાશ ફેંકીને એને પુસ્તકાકારે દુનિયા સમક્ષ આણ્યાં.

બીજા વિભાગમાં સૌરાષ્ટ્રનાં તમામ રજવાડાંના ઇતિહાસની ઝાંખી છે. જેમાંના અગ્રગણ્ય રાજ્યોની વિગતવાર માહિતી હતી; તેમાં ભાવનગર અને ગોંડલ ઉલ્લેખનીય છે.ભાવનગર મધ્યમ કક્ષાનું બંદર કહેવાતું હતું પણ રજવાડા તરીકે એની પ્રથમ કક્ષામાં ગણના થતી. ગોહિલવંશની સત્તાને લીધે એને 'ગોહિલવાડ' કહેવાતું. અંગ્રેજોના વખતથી ભાવનગરે નવી તરાહનો વિકાસ





અપનાવવા છતાં પોતાની હિંદુસ્તાની ખાસિયતો જાળવી રાખી હતી તેની માહિતી પણ છે. તદુપરાંત છેલ્લાં 75 વર્ષની ભાવનગરની ઝાંખી પણ કંઇક અંશે મળે છે. રાષ્ટ્રીય ચળવળમાં ભાવનગરના રાજકર્તાઓનો ફાળો નોંધપાત્ર હતા. ખાદી તો ત્યાં ગૃહઉદ્યોગ હતો પણ સ્વદેશી ચળવળમાં ઘેર-ઘેર રેંટિયાની વ્યૂહરચના ભાવનગરે આદરી હતી. તો અમદાવાદ પછી, બીજા નંબરની કાપડમિલ ભાવનગરમાં શરૂ થઇ હતી. કેળવણી; ખાસ કરીને બાળકેળવણીમાં ગિજુભાઇ-નાનાભાઇથી માંડીને ' દર્શક' નો ઉલ્લેખ થયો છે. ગુજરાતમાં ઔદ્યોગિક કામદારોનાં યુનિયન પણ ભાવનગરમાં થયાં. ડાબેરી પક્ષ ત્યાં આજે પણ જીવંત છે. રજવાડું હોવા છતાં સ્વાતંત્ર્ય સંગ્રામની હિંસક અને અહિંસક ધારાની લડતોમાં ભાવનગર સતત સક્રિય રહ્યું. સમગ્ર રીતે ગાંધીવિચારનું મથક એવું ભાવનગર ' લો-પ્રોફાઇલ સ્ટેટ' હોવા છતાં સંસ્કાર ધામ હતું તે મ્યુઝિયમમાં સરસ રીતે રજૂ થાય છે.

ગોંડલ પોતાના વર્તમાન કરતાં ઇતિહાસ માટે અગત્યનું બની રહે છે. મિત્રોને ફોટામાં તથા લખાણો દ્વારા માહિતી મળી કે ગોંડળનું પૌરાણિક નામ ' ગોમંડલ' હતું. ગોંડલી નદીકિનારાની ફળદ્રૂપતાને કારણે અને તેથી ગાયોભેંસોની બહોળપને કારણે આ વિસ્તાર દૂધ-ઘીથી સમૃદ્ધ હતો; તેથી 'ગોમંડળ'. આ શહેરનો પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ તુઘલખ સાથે જોડાયેલો છે. ઇ. 1350ના અરસામાં સિંધ ઉપર ચડાઇ કરવા નીકળેલો તુઘલખ માંદો પડ્યો અને અહીં લાંબું રોકાણ કર્યું એમ એના ઇતિહાસકાર બરનીએ નોંધ્યું છે. ત્યાર પછીનો ઉલ્લેખ 16મી સદીનો છે; જ્યારે અમદાવાદના સુલતાન મુઝફ્ફરશાહે અહીં શહેરને આબાદ કર્યું. પણ અહીંના મૂળે રાજપૂત હિંદુ રાજાઓએ છેવટે જૂનાગઢ અને અમદાવાદના મુસ્લિમ શાસકોને હઠાવીને પોતાનું રાજ્ય સ્થાપ્યું.

ગોંડલ શહેરના ફોટોગ્રાફ જોતાં તેના સ્થાપત્ય ઉપર કેટલો બધો અંગ્રેજી પ્રભાવ હતો તે દેખાયું. બાગ, બગીચા, શાળા, પોસ્ટઓફિસ, રેલ્વેસ્ટેશન જેવી ઇમારતો જોતાં જાણે 'ફોરેનના ફોટા' જોતાં હોઇએ તેવું લાગ્યું.

ગોંડલ સ્ટેટના જ ભાગ એવાં બે રૂપકડાં શહેરોના ફોટા પણ જોવા મળ્યા. ઉપલેટા અને ધોરાજી. અહીં હિન્દુ-મુસ્લિમ સ્થાપત્યનું પ્રચૂર મિશ્રણ છે. મૂળે નવાબી એવાં આ બંને શહેરો ગુજારાતની મિશ્ર સ્થાપત્યકળા અને સમન્વયની સંસ્કૃતિનાં અદ્‌ભુત ઉદાહરણો લાગ્યાં. ગુજરાતના આ વૈવિધ્યને માત્ર લાક્ષણિકતા જ નહિ, અનોખું ચરિત્ર (યુનિક કેરેક્ટરિસ્ટિક) કહેવાય. પ્રશ્ન એ થયો કે આજનું ગુજરાત ખરેખર આવું અનોખું કે આગવું રહી શક્યું છે?!

વળી પાછી, ગાંધીયુગના ગોંડલની તસવીરો જોઇ એમાં ઘણી નવી નવી માહિતી મળી. ગોંડલના છેલ્લા રાજવી ભગવત્‌સિંહજીએ કરેલાં પ્રજાકલ્યાણનાં કામોના ફોટા જોયા- રાજમાર્ગો, ડબલ ફિલ્ટર વોટર લાઇન, અંડરગ્રાઉન્ડ વીજળીવાયર, પાવર હાઉસ અને 150-160 માઇલના વિસ્તારમાં સક્રિય ટેલિફોન સુવિધા જેવી આધુનિક સવલતો પોતાના રાજ્યમાં આણનાર ભગવત્‌સહિંજીનાં બીજાં કાર્યો પણ જોવા જેવાં છેઃ પ્રજાવત્સલ ગણાતા આ રાજાએ પ્રજાની જકાતમાફી, લેણામાફી, વિઘોટી માફી કરેલી. રાજ્યમાં છાપખાનું પણ હતું. કન્યાકેળવણી ફરજિયાત હતી એનો ઉલ્લેખ ખાસ કરવો જોઇએ. પોતે યુરોપનો પ્રવાસ કરેલો, હિંદનો પ્રવાસ કરેલો; તેનાં પ્રવાસ વર્ણનનું લેખન સાંસ્કૃતિક ક્ષેત્રે બહુ મહત્વનું કહી શકાય. 'ભગવદ્‌ગોમંડળ' નામે ગુજરાતી ભાષાનો વિસ્તૃત શબ્દકોશ તૈયાર કરાવ્યો જે હિંદુસ્તાનનો પહેલો શબ્દસંગ્રહ હતો; જેમાં થિસોરસ / ડિક્ષનરી / રેફરન્સ બુક ત્રણેનો સમન્વય હતો. આજે પણ એની ડિઝાઇન અને સંગ્રહ અજોડ જ ગણાય છે.

ગાંધીજી સાથે ગોંડલ અને ગોંડલ નરેશના સંબંધની વાત કર્યા વગર આ પરિચય અધૂરો કહેવાય. ગાંધીજી જયારે આફ્રિકામાં સત્યાગ્રહ ચલાવી રહ્યા હતા ત્યારે ભગવત્‌સિંહજીએ 35000/- રૂા. નું દાન કરેલું. જેનો આભાર માનવા ગાંધીજી જયારે 1915માં કાયમ માટે ભારત પાછા ફર્યા ત્યારે, ગોંડલ આવીને રૂબરૂ મળેલા. એમ નોંધાયું છે કે આ મુલાકાતમાં ગાંધીજીને 'મહાત્મા'નું સંબોધન કરવામાં આવ્યું હતું.





પ્રવાસીમિત્રોને વોટ્‌સન મ્યુઝિયમમાં ઇતિહાસ-શિક્ષણ તો મળ્યું જ; પણ આટલા દિવસોથી ચાલતા સૌરાષ્ટ્ર પ્રવાસનું વિશ્લેષણ કરવા માટે એક મહત્વની સંદર્ભ-ભૂમિકા પણ સાંપડી.

સૌરાષ્ટ્રે મંડળીને ઘણું બધું શીખવાડ્યું, ઘણું બધું શીખેલું ભૂલવાની પ્રક્રિયામાં મૂક્યાં. ડી-લર્નિંગની આ પ્રોસેસમાં ધર્મવિચાર, માન્યતાઓ અને આચાર... ના મુદ્દા જાણે પ્રાથમિકતા ઉપર હતા અને એ જ મુદ્દામાં નવો પ્રકાશ પણ પડ્યો. વૈવિધ્યપૂર્ણ આયોજન હોવા છતાં ધાર્મિક સ્થળોની સંખ્યા વધારે લાગી પણ એનું કારણ પણ સમજાયું કે ધર્મે માનવજીવનને ઘાટ આપ્યો પણ છે અને ગોબાચારી પણ કરી જ છે. વિવિધ જાતિપ્રજાતિઓથી ભરપૂર સૌરાષ્ટ્રમાં જ્ઞાતિવાદ અમુક જ શહેરો-રાજકોટ જેવામાં વકરેલો દેખાયો જયાં રાજકારણના સ્વાર્થી સમીકરણોનું વર્ચસ્વ વધારે છે; બાકી સંતો-પીરોની પરંપરાએ અને કંઇક અંશે વ્યાપક શ્રમિક જીવન પદ્ધતિને કારણે જ્ઞાતિસંસ્થાની ચુંગાલ ઓછી જ મજબૂત લાગી. કહેવાતા ઉજળિયાતોએ જેને 'કાંટિયુંવરણ' કહીને ઊતારી પાડ્યા છે એ શ્રમજીવી સમુદાયોનું ભાવનાત્મક જીવન વધારે મોકળાશવાળું અને સહિષ્ણુતાવાળું છે એવું, કમ સે કમ ધાર્મિક-ઐતિહાસિક સ્થળે સમજાયું.

એક વાત અંકે કરવા જેવી છે કે સામંતશાહીના લાંબા ગાળા(સ્પેલ) ને લીધે 'રૈયત'પણું હજી પણ છે, રજવાડાંને માન આપવાનું, રજવાડાંનું ગૌરવ કરવાનું અને એના વંશવારસ હોવાનું ગૌરવ કરવાનું વલણ પણ ખાસું દેખાયું. સામા પક્ષે 19મી સદીમાં આવેલા નવજાગરણ, શિક્ષણ અને ટેકનિકલ શોધખોળો પ્રત્યે ઉદાસીનતા લાગી. માર્ગદર્શનનો અભાવ હતો એવું નથી, માર્ગદર્શકો કંઇક અંશે દેશી-પૂર્વપ્રેમી કે પશ્ચિમવિરોધી અને સર્વધર્મસમભાવના કંઇક અતિરેકને કારણે પ્રગતિશીલ ઓછા અને પરંપરાપ્રેમી વધુ જણાયા. પરંપરાપ્રેમ જાણે સૌરાષ્ટ્રની લાક્ષણિકતા પણ છે અને મર્યાદા પણ!

આ તો આટલા દિવસની ફિડબેક મિટીંગના મહત્વના મુદ્દા નોંધ્યા છે જે રચનાએ મિત્રો સાથેના સંવાદ-વિમર્શમાંથી મેળવ્યા હતા.

છેલ્લે એક ઉત્સાહની નોંધ લઇને પૂરું કરીએ કે, મિત્રોને આ પ્રવાસને કારણે અલગ અલગ મુદ્દે ઊંડી તપાસ, ઊંડો અભ્યાસ, કરીને સમાજને જાણવાની પ્રક્રિયાને ફક્ત વ્યાપક જ નહિ, એકાગ્ર અને કેન્દ્રીકૃત કરવાની ઈચ્છા થઇ. જેમ કે, સૌરાષ્ટ્રનો હિંદુ-મુસ્લિમ સહિયારો વારસો, અમુકતમુક જાતિનું લોકજીવન-લોકસાહિત્ય દા. ત. ખારવા સમાજ. વગેરે. પુરાતત્વની સમજણ સામે દંતકથાઓનો વિરોધાભાસ, મ્યુઝિયમોનું મહત્વ અને વર્તમાન સ્થિતિ, વિકાસ અને વિસ્થાપન, ધાર્મિક સ્થળો અને સ્ત્રીઓ, પૂજારીઓના વર્તન દ્વારા ધર્મની ઊભી થતી છાપ, ધર્મ એક અફીણ... વગેરે. સરવાળે પ્રવાસે મિત્રોની ચેતના સંકોરી અને વૈવિધ્યપૂર્ણ પ્રકૃતિની વચ્ચે પાંગરેલી વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિનો આછો પરિચય જરૂર મળ્યો. પૂર્વગ્રહોની ગાંઠો છૂટવાની આંતરિક પ્રક્રિયા શરૂ થઇ એને એક મહત્વું પ્રસ્થાન કહેવાય.

અંગત રીતે જોઇએ તો જૂથનું વૈવિધ્ય પણ આંખે ઊડીને વળગે તેવું છે- એમાં પણ આટલા દિવસનું સહજીવન અને સમૂહજીવન એમને વ્યક્તિગત સમભાવ તરફ દોરવાની પ્રક્રિયામાં લઇ ગયું.

હજી ગુજરાતના બીજા વિસ્તારોનો પ્રવાસ બાકી છે. ભૂલ્યાં ત્યાંથી ફરી ગણવાની તક છે. ફિડબેકને વધુ ગંભીરતાથી લઇને એનો શૈક્ષણિક ઉપયોગ કરવાનું વલણ ઘડવાની જરૂર છે, છતાંય પ્રવાસ આનંદયાત્રા પણ બનવો રહ્યો.

★★★





# ... અને થોડું પછી

## (સમાપન-સફરનામા : સૌરાષ્ટ્ર)

સૌરાષ્ટ્ર-સફરથી પાછાં ફરેલાં મિત્રો ચિંતન અને રચના સાથે બેઠાં હતાં. લાંબી મુસાફરીનો થાક હતો પણ ખુશ હતાં. ચિંતનભાઇ જોડે પ્રવાસની પહેલી છાપ(ફર્સ્ટ ઈમ્પ્રેશન) વાળું આદાનપ્રદાન તો થઇ ગયું હતું છતાં ચિંતનની અપેક્ષા હતી કે થોડા ઊંડાણથી કંઇક વિચારાયું હોય તો તે બહાર આવે.

‘‘આમ તો રોજેરોજની ફિડબેક મિટીંગમાં ઘણી બધી ચર્ચા, વાતો, માહિતીથી માંડીને વિશ્લેષણ (એનેલિસિસ) કરતાં જ હતાં. એ છતાંય- અથવા તો એ જ કારણથી કદાચ, સૌરાષ્ટ્રના પ્રવાસે અમને આપણી સંસ્કૃતિનાં બે મહત્વનાં લક્ષણો શીખવ્યાં તે સૌથી પહેલાં શેર કરવાનું મન થાય છે; એક તો સમાજનું બહુરંગીપણું(પ્લુરાલિઝમ) અને કદી ન ખૂટે તેવી ધર્મશ્રધ્ધા.’’ વંદનાએ શરૂઆત કરી.

‘‘પાછી મજાની વાત એ લાગી કે અમુક-તમુક ધર્મશ્રદ્ધાને લીધે બહુરંગીપણાની સહિષ્ણુતા રહેતી નથી- કહો કે જોખમાય છે! પણ સૌરાષ્ટ્રની છાપ અપવાદરૂપ લાગી કે અહીં બંને- પ્લુરાલિઝમ અને ધર્મશ્રદ્ધા સાથે સાથે ચાલે છે, ચાલી શકે છે. ‘‘- બાદલે એ જ મુદ્દાને આગળ વધાર્યો.

‘‘એક તરહ સે દેખા જાયે તો સૌરાષ્ટ્ર કે લોગોં ને અપને લંબે ઈતિહાસ સે શાયદ બહુત કુછ સિખા હોગા. કઇ સારી સભ્યતા-સંસ્કૃતિયાં ઈસ ભૂખંડમેં

આતી રહી- સમાતી રહી હૈ. સમાજને સદિયોં સે સાથ સાથ જીનેકા નમૂના સેટ કર લિયા હૈ.'' હમિદે સાર કાઢ્યો. ''હાસ્તો, સૌરાષ્ટ્રના લોકો કેટલો લાંબો ઈતિહાસ જીવ્યા છે અને જીવતો રાખ્યો છે! છેક અશોક પ્રિયદર્શીથી માંડીને આરઝી હકૂમત સુધી! ધર્મો પણ કૃષ્ણથી માંડીને સૈયદ કિરમાણી-રામદે'પીર અને પેલા પ્રેમમંદિરવાળા ઈસુ ભગવાન, રાજકોટવાળા રામકૃષ્ણ પરમહંસ સુધીનું વૈવિધ્ય છે અહીં.'' ધીરજે મુદ્દાને ઘૂંટ્યો.

''આખા સૌરાષ્ટ્રમાં મહાન ગણાતાં ધામો જોયાં એમાં શ્રદ્ધા-ભક્તિ ઉપરાંત કેટલી બધી તરાહનું શિલ્પ-સ્થાપત્ય જોવા મળ્યું?! સોમનાથને ખૂબ પ્રાચીન તીર્થ કહેવાય છે પણ હાલનું સ્થાપત્ય તો સાદું જ લાગ્યું; પણ જૂના સોમનાથના પેલા અવશેષોની કળા અદ્‌ભૂત હતી. દ્વારકાનું મંદિર ખરેખર પુરાણી ભવ્યતાનો નમૂનો છે. એની શૈલીમાં પરંપરા છે અને ક્યાંક તેનો અભાવ છે; તો એ અભાવ કેમ છે એની ચર્ચા પણ કરી હતી. બેટ દ્વારકાની હવેલીનું સ્થાપત્ય નવી ભાત પાડે છે તો ગઢડાનું સ્વામીનારાયણ મંદિર રંગબેરંગી કાષ્ઠશિલ્પોનું સૌન્દર્ય પ્રગટ કરતું દેખાયું. રાજકોટના પ્રેમમંદિરમાં હિંદુ-ખ્રિસ્તી-બૌદ્ધ અને ઈસ્લામનું મિશ્રણ જોવા મળ્યું અને રામકૃષ્ણ મિશનનો ધ્યાનમંડપ બંગાળની લોકકળા અને ખ્રિસ્તી-સભાગૃહોની શૈલીના મિશ્રણ સમો લાગ્યો. સૌરાષ્ટ્રમાં કેટલી બધી કલા-શૈલીનો સમન્વય થયો છે, એ જોવાની મને તો ખૂબ મઝા પડી.'' વિલ્સન જાણે હજી આનંદતરંગમાં હતો- વંદનાએ જાણે એને ઢંઢેળ્યો- ''ભૂલકણા! પાલિતાણા જ ભૂલી ગયો ને! ચિંતનભાઈ, ખરી ગૂર્જર સ્થાપત્ય કળા તો જૈન-મંદિરોમાં સચવાઈ છે. જૂનાં હોય કે નવાં-બારીક કોતરણી અને વિશાળ-શાંત દહેરાસરોથી કોઈ પણ પ્રભાવિત થઈ જાય તેવું છે.'' વંદના સાથે સૌ કોઈ સંમત હતા. ''ઔર વહ દીવ કા કિલ્લા ઔર ચર્ચ ભી મેરે ખયાલ સે અપને યહાં કી શાનદાર ઈમારતેં કહલાતી હૈગી''... યાસ્મિને પણ ઈમારતી સૌન્દર્ય ને ખાસ્સું માણ્યું હતું.

''તમારા અભિપ્રાયો સૌન્દર્યલક્ષી હોવાની સાથે સાથે વૈવિધ્યનો ખ્યાલ પણ આપે છે. કલાની સમજ અને કલાનો આનંદ વ્યક્તિત્વ વિકાસનો સ્રોત છે.





આપણા પ્રવાસનો એક હેતુ આ પણ છે જ કે કલાને માણવાની સૂઝબૂઝ ખીલે. વળી તમે તો બંધાવનાર ઉપરાંત બાંધનાર કસબી-કારીગરોનો મહિમા કરતાં જ રહ્યાં હશો એટલે ખોટી રીતે અંજાઈ જવાની ભૂલ તો થાય જ નહિ. આ કેળવણી પણ જરૂરી છે.'' ચિંતને પ્રવાસના હેતુનું વૈવિધ્ય પણ ઉજાગર કરી આપ્યું.

''મને તો પેલા જલાબાપા, બાપા સીતારામ, રામદે'પીરના સ્થાનકોનું સદાવ્રત... એવી બધી જગ્યાઓ ઉપર જે માનવધર્મ દેખાયો એ બહુ મોટી વાત લાગી. મોટેભાગે ત્યાં નાતજાતને લગતો પેલો સવાલ કદી સાંભળવા મળ્યો નહિ- ''તમે કેવા?'' સમાજમાં નાતજાતના ભદ્દા ભેદભાવ હશે પણ સ્થાનકોમાં તે નથી દેખાતા એ પણ પેલા બહુરંગીપણા અને માનવધર્મની જીત લાગી!'' મીનાએ કહ્યું.

હવે શેખરે પોતાની વાત મૂકી: ''મને શું લાગે છે, કહું? ઈતિહાસની જાણકારી કરતાં કહેવાતી ધર્મશ્રદ્ધાના આ પ્રતાપ છે. આમ તો આ બધાં જનરલ(સાધારણ) માનવતાંના મૂલ્યો છે- મહેમાનગતિ, ઉદારતા, મદદ કરવાની વૃત્તિ, મળતાવડાપણું, જીવદયા વગેરે... આ ગુણોને ધર્મ સાથે સાંકળીને જ શા માટે આગળ ધરવામાં આવતાં હશે એના ઉપર વિચાર કરીએ તો સામાન્ય લોકોનું અજ્ઞાન અને ધાર્મિક વડાઓ, ગુરૂઓ-બાબાઓ અને સંસ્થાગત ધર્મોની ચાલાકી મને તો દેખાય છે- માનવતા 'ધર્મ' રહે તે સારું છે પણ 'ધંધો'બની જાય એમાં તકલીફ!''

રચનાએ મુદ્દો ઉપાડ્યો- ''શેખરની પેલી વાત સાથે હું સંમત છું - ઈતિહાસને દંતકથાને દંતકથાઓ કેવી રીતે બનાવી દેવાય એ સૌરાષ્ટ્રનાં લોકોની વિશિષ્ટ કળા છે! હજારો વર્ષોના ઈતિહાસમાં લોથલને ઉમેરીએ તો તો છેક પ્રાગ્-ઈતિહાસ સુધી જવાય! સવાલ એ છે કે સૌરાષ્ટ્રવાસીઓને આ પ્રાચીનતમ સંસ્કૃતિ, બૌદ્ધ વિરાસત કે બહુસાંસ્કૃતિક ભૂતકાળ વિશે સભાનતા છે ખરી? એને બદલે પ્રત્યેક જાતિ-પ્રજાતિની ચમત્કારી ઉત્પત્તિ, પરાક્રમો અને ચમત્કારોની દંતકથાઓમાં જાણે વધારે વિશ્વાસ છે! ખાલી મ્યુઝિયમો-ખાલી

ખંડેરો અને માનવ મહેરામણથી છલકતાં યાત્રાધામો આની સ્પષ્ટ સાબિતી આપે છે.'' રચનાએ પોતાના મુદ્દાને બહાલી આપતાં એક અંગત સ્મરણ શેર કર્યું: ''મારા પ્રોફેસર કહેતા કે સૌરાષ્ટ્રમાં 'ફોકલોર' નું (લોકસાહિત્ય) ભારે જોર દેખાય છે પણ એનાં કરતાંયે વધારે જોર ત્યાં 'ફેકલોર'(ગપ્પાંશાસ્ત્ર) નું છે અને ફોકલોર-ફેકલોરની ભેળસેળ એવી થઇ ગઇ છે કે તથ્યો શોધવાં હોય તો ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવી કસરત કરવી પડે!''

''ઐસા ક્યોં હોતા હૈગા?'' યાસ્મિનનો મૂળ પ્રશ્ન!

''એક રીતે જુઓ તો વાસ્તવિકતાથી ભાગી છૂટવાના આ ઉપાયો છે! સૌરાષ્ટ્રમાં હવામાન વિષમ છે. વરસાદની અછત એટલે પાણીની ઉણપ છે. કૃષિસંસ્કૃતિની હાલ માઠી દશા ચાલે છે ને યંત્રસંસ્કૃતિનું વરવું રૂપ વિકરાળ બનતું જાય છે એ પણ તમે જોયું-જાણ્યું હશે! હજારો વર્ષની સામંતી માનસિકતાએ લોકમાનસને પોતાની પક્કડમાંથી હજી મુક્ત નથી કર્યું... આવાં કારણોસર પણ કાલ્પનિક બહાદૂરી, અને ઈશ્વરકૃપાની અતાર્કિક રોમાંચકતા આશ્વાસનરૂપ બનતી હોય છે.'' ચિંતને વ્યાપક સમીક્ષા કરી આપી. રચનાએ મિત્રોના અનુભવ સાથે અનુસંધાન કરી આપ્યું -''ભાતીગળ ધર્માચરણ, અનેક જાતની રૂઢિઓ, વ્રતો-નિયમો, ભજન-કીર્તન, ઉત્સવ-ઉજવણીઓ લોકોને માટે આધાર જેવાં હોય છે. જેને આપણે ઘેનઘારણ કહીએ છીએ, અફીણ કહીએ છીએ, ઝનૂન અને હિંસા તરફ દોરી જનારી કટ્ટરતા કહીએ છીએ તે તો વિપરીત સંજોગોમાં ટકી રહેવાના ટેકા હોય છે.''

''એનો અર્થ એ કે આવા લાગણીવેડાને આપણે બહાલી આપવાની?!'' શેખરે વેધક સવાલ કર્યો.

''બિલકુલ નહિ! બલ્કે આ પ્રવાસ તો એ અફીણ અને ઘેનઘારણના મક્કમ વિરોધની શરૂઆત છે. વારસાને ઓળખીએ ને પછી એનું વિશ્લેષણ કરીએ તે વિરોધ કરવાની બૌદ્ધિક તૈયારી છે. ત્યાંથી શરૂ થતો રસ્તો જ સક્રિય વિદ્રોહ તરફ લઇ જાય. આપણી લડત લાંબી હશે, સંઘર્ષ લાંબા ગાળાનો હશે... બની





શકે કે આપણે જીત કે હાર જોવા ના પણ રહીએ. સૌરાષ્ટ્ર પ્રવાસે તમને આપણા સમાજની આ તસ્વીર ખુલ્લી પાડી આપી છે.'' ચિંતને કહ્યું.

''મારો બીજો સવાલ નાતજાતના ભેદભાવ વિશેનો છે. સદાવ્રતોમાં કે તીર્થધામોમાં ભલે ન દેખાયા હોય પણ રાજકારણ તો નકરા જ્ઞાતિવાદી ધોરણો ઉપર જ ચાલે છે. એટલું જ નહિ, અ જ્ઞાતિ વિરૂદ્ધ બ જ્ઞાતિનું ઝનૂન સરેઆમ હિંસક હુમલા અને ખૂનામરકી સુધી છાશવારે જાય છે એનું શું?'' શેખરના અવાજમાં તપારો હતો. બાદલે એક સવાલ મૂકીને એને વળ ચડાવ્યો.

''ધર્મઘેલછા, ધર્માન્ધતા, જ્ઞાતિભેદ, સ્ત્રી-પુરુષ ભેદભાવ... બધી સામંતી માનસિકતા અને મૂલ્યો છે. સૌરાષ્ટ્રમાં સદીઓથી 300થીએ વધારે રજવાડાં હતાં ને હમણાં સુધી એના પડછાયા લંબાયા છે એ તમે જાણો છો - ત્યારે આ માનસિકતા અને મૂલ્યો દૂર થતાં- બદલાતાં સમય લાગે. વળી આખા દેશમાં, ખાસ કરીને ગુજરાતમાં તો એવી કોઇ ચળવળ, કોઇ ઝુંબેશ નથી ચાલી કે આઝાદી પછી 'રૈયત'નું નાગરિક-ઘડતર થાય. ધર્મનિરપેક્ષતા, સમાનતા, વૈજ્ઞાનિક અભિગમ... બધ્ધાનો એજન્ડા અધૂરો જ રહી ગયો છે. નાગરિક બનવાની પ્રક્રિયા ધીમી અને ધીરજ માગી લે તેવી હોય છે. એને માટે તંદુરસ્ત ચર્ચાઓથી વાતાવરણ ઊભું કરવું પડે. નવી પેઢી પાસે અપેક્ષા રાખવી થોડી અઘરી વાત તો છે પણ અશક્ય નથી.'' ચિંતને લગભગ સમેટવાના મૂડથી કહ્યું.

''સહી કહા. નયી સોચ ફૈલાના મુશ્કિલ હો સકતા હૈ પર નામુમિકન નહિ!'' આમિરે સમેટ્યું ત્યારે, કાફલો જાણે આશાસ્પદ વળાંકે આવીને ઊભો હતો.

★★★

# પરિશિષ્ટ - 1

## પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ

ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસમાં ઇતિહાસ, પુરાતત્વ વિશેનાં સંશોધનો વિશે ઘણા ઉલ્લેખો થયા છે. જોવાલાયક જગ્યાઓના સંદર્ભે, સાંસ્કૃતિક આદાન-પ્રદાન સંદર્ભે અને કલાઓની સુરક્ષા, પ્રોત્સાહન તેમ જ વહીવટી નિર્ણયો લેનારા 18 અને 19મી સદીના યુરોપિયન સંશોધકો, ભારતીય સંસ્કૃતિના તજજ્ઞો, ભાષાવિજ્ઞાનીઓ, કલારક્ષકોનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.અહીં એમાંના કેટલાક મહત્વપૂર્ણ વિદ્વાનોનો ટૂંકો પરિચય આપીએ છીએ.

### 1. સર એલેક્ઝાન્ડર કનિંગહામ (Alexander Cunningham)



**જન્મ:** 1814, લંડન.

**અવસાન:** 1893, લંડન


મૂળે બ્રિટીશ એન્જિનીયર સર એલેક્ઝાન્ડરની નિમણૂંક બેંગાલ એન્જિનીયર ગ્રૂપમાં કરવામાં આવી હતી. જેના નેજા નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વને લગતાં સંશોધનો શરૂ થયાં હતાં. આગળ જતાં તેમણે પુરાતત્વનાં ઉત્ખનન/ખોદકામ અને સંશોધનોને વ્યવસ્થિત રૂપ આપ્યું અને ‘આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા’ની સ્થાપના કરી- ઇ.સ.1861.

સર એલકેઝાન્ડર કનિંગહામના સંશોધન-અહેવાલો અને પુસ્તિકાઓના પ્રભાવ નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વ-સંશોધનનાં અસંખ્ય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા. તેમને પુરાતત્વીય સંશોધનના જનક કહી શકાય.





### 2. સર જહોન માર્શલ (John Marshall)



**જન્મ:** 1876, ચેસ્ટર, ઇંગ્લંડ.

**અવસાન:** 1958, ગિલફોર્ડ, ઇંગ્લંડ.

સર જહોન માર્શલ ઇતિહાસ અને પુરાતત્વના ક્ષેત્રે બહુ મોટું નામ કહેવાય. ‘આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા’ના નિર્દેશક(ડાયરેક્ટર)પદે 1902થી 1928 સુધી કામગિરી બજાવનાર આ વિદ્વાન સંશોધકે જ હડપ્પા અને મોંએં-જો-દડોના ઉત્ખનન-સંશોધન કરાવ્યાં હતા. તદુપરાંત સાંચી, સારનાથ અને તક્ષશિલા જેવાં બૌદ્ધ સ્થાનકોના સંશોધન-ઉત્ખનનમાં તેઓ અગ્રેસર હતા. આ તમામ સંશોધનોના અહેવાલો અને અભ્યાસ ગ્રંથો એમનું અત્યંત મહત્વનું પ્રદાન કહી શકાય. ભારત / હિંદુસ્તાનના ઇતિહાસ-સંસ્કૃતિ અને પુરાતત્વના ક્ષેત્રે આર્યપૂર્વેની મહાન સિંધુ સભ્યતાના દરવાજા ખોલી આપનાર આ સંશોધકે નવી જ દિશાઓ ખોલી દીધી; જેને કારણે હિંદુસ્તાન તરફના દષ્ટિકોણ અને મૂલ્યાંકન ઉપર મોટો પ્રભાવ પડ્યો.

### 3. પ્રો. રાખાલદાસ બેનરજી (R. D. Banerji)




**જન્મ:** 1885, બહેરામપોર- બંગાળ(બ્રિટીશ ઇંડિયા)

**અવસાન:** 1930, કલકત્તા-બંગાળ(બ્રિટીશ ઇંડિયા)

સિંધુ-સભ્યતાના સંશોધક પ્રો. રાખાલદાસ બેનરજી હિંદુસ્તાનના ઇતિહાસ-પુરાતત્વ-પ્રાચ્યવિદ્યાઓ-અભિલેખ વિદ્યાનાં પ્રથમ હિંદુસ્તાની તજજ્ઞ વિદ્વાનનું સન્માન ધરાવે છે.

સિંધુ સભ્યતાની જગ્યાઓની શોધખોળમાં તેઓ અગ્રેસર હતા. બનારસ હિંદુ
. .... ...... ... .. .... ... .. .. . . . . . . ........ . .... . . ........ 19મી
સદીના નવજાગરણકાળના એક અગત્યના ઈતિહાસવેત્તા તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે.

## 4. ડો.એસ.આર.રાવ (Dr. S. R. Rao)




**જન્મ:** 1922, કર્ણાટક.

**અવસાન:** 2013, કર્ણાટક.

ડો.એસ.આર.રાવનું નામ પણ સિંધુ-સભ્યતાનાં ઉત્ખનન-સંશોધન સાથે સંકળાયેલું છે. ખાસ તો 1954માં ગુજરાતમાં લોથલ ઉપરાંત રંગપુર-રોઝડી-દેશલપર વગેરે નાનીમોટી સાઈટ્સ ઉપર ખોદકામ કરાવીને પ્રાપ્ત નમૂનાઓનું પંજીકરણ, વર્ગીકરણ, વગેરે કરાવીને સંગ્રહાલય યોગ્ય સામગ્રી બનાવડાવવામાં તેમનો મોટો ફાળો છે. અમદાવાદ જિલ્લાનું 'લોથલ મ્યુઝિયમ' ડો. રાવનું મહત્વનું પ્રદાન કહી શકાય.

બેટ દ્વારકાનું ઉત્ખનન-સંશોધન એ બીજું મહત્વનું પ્રદાન છે. જ્યાં સિંધુસભ્યતાની સમાંતર સભ્યતાની નગરીના અવશેષો મળ્યા છે- ખાસ તો દીવાલ, લંગર, પાટડા આદિ. પરંતુ આ સંશોધનને મહાભારત જેવા અર્ધ ઐતિહાસિક સાહિત્ય સાથે જોડીને અહીં જ શ્રીકૃષ્ણે સ્થાપેલી કુશસ્થલી-દ્વારકા હતી એમ પ્રચાર કરવામાં આવે છે.

ડો. એસ.આર.રાવે સિંધુસભ્યતાની લિપિ ઉકેલવાનો દાવો કરીને આને ભારતીય આર્ય ભાષા સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો છે, જે વળી મૂળમાં જ સિંધુસભ્યતાના આવિર્ભાવ સાથે મેળ ખાતો નથી. એમનો આ દાવો ચર્ચાસ્પદ છે અને હજી સર્વસ્વીકૃત બન્યો નથી. આમ છતાં, ડો.એસ.આર.રાવનું નામ ગુજરાતના પુરાતત્વ-સંશોધનના ક્ષેત્રે અગ્રગણ્ય રહેશે.





## 5. જેમ્સ બર્જેસ (James Burgess)



**જન્મ:** 1832, ઈંગ્લેન્ડ.

**અવસાન:** 1916, ઈંગ્લેન્ડ.

જેમ્સ બર્જેસ પુરાતત્વ, ભારતીય વિદ્યા(ઇન્ડોલોજી), ઈતિહાસ અને હિંદુસ્તાનની ભૂગોળવિદ્યાના ક્ષેત્રનું એક જ્વલંત નામ.કલકત્તા અને મુંબઈમાં એમની પ્રાધ્યાપક તરીકે નિમણૂંક કરવામાં અવી હતી. 1868થી 1873 સુધી તેઓ 'બોમ્બે જ્યોગ્રોફિકલ સોસાયટી'ના મંત્રીપદે રહ્યા હતા. 1873માં વેસ્ટર્ન ઇન્ડિયાના 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા'ના અધ્યક્ષપદે હતા અને સાઉથ ઇન્ડિયાના- 1881 દરમ્યાન આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાના નિર્દેશક તરીકે(ડાયરેક્ટર) 1886-89 સુધી રહ્યા.

તેમણે ભારતીય વિદ્યા અને પુરાતત્વક્ષેત્રે અસંખ્ય ગ્રંથો લખ્યા છે; જેમાં ગુજરાત વિશેનાં કેટલાંક ઉલ્લેખનીય પુસ્તકો છે-

1. શત્રુંજય
2. સોમનાથ-જૂનાગઢ-ગિરનાર.
3. સિનરી એન્ડ આર્કીટેક્ચર ઈન ગુજરાત-રાજસ્થાન.
4. ડભોઈ.
5. જૈનધર્મ.

ગુજરાત વિશેના આ ગ્રંથોએ ગુજરાતના ઈતિહાસ-પુરાતત્વના અભ્યાસુઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

## 6. પ્રો. રશબ્રૂક વિલિયમ્સ

**જન્મ:** 1890.

**અવસાન:** 1973

કચ્છના આ ઈતિહાસલેખક મૂળે તો બ્રિટીશ સરકારે નિમેલા કચ્છના કલેક્ટર હતા. પણ પૂર્વની સભ્યતા-સંસ્કૃતિ પ્રત્યેના એમના લગાવને કારણે, જિજ્ઞાસા

અને સન્માનને કારણે તેમણે પોતાના કાર્યક્ષેત્ર-કચ્છ-નો રાજકીય-સાંસ્કૃતિક ઇતિહાસ લખ્યો- ‘ધ બ્લેક હિલ્સ.’

આ ઉપરાંત આજે પાકિસ્તાનમાં છે એવા પ્રદેશોમાં પણ તેમણે વહીવટી અધિકારી તરીકે કામ કર્યું હતું. મધ્યપૂર્વના દેશોમાં પણ કામ કર્યું હતું. તેમણે જે તે પ્રદેશોના અનુભવો, સાંસ્કૃતિક ઇતિહાસ તેમ જ રાજકીય ચરિત્ર વિશે ખાસ્સું લખ્યું છે; જેમાંનાં કેટલાંક પુસ્તકો જાણીતાં છેઃ

1. પાકિસ્તાન અન્ડર ચેલેન્જ.
2. વૉટ અબાઉટ ઇન્ડિયા?
3. ઇન્ડિયા ઇન 1921-22,
4. એથ્નીક ડાયવર્સિટી ઇન ઇન્ડિયા.
5. હેન્ડબુક ફોર ટ્રાવેલર્સ ઇન ઇન્ડિયા, પાકિસ્તાન એન્ડ નેપાલ.
6. ધ ઇસ્ટ પાકિસ્તાન ટ્રેજેડી,
7. ગ્રેટ મેન ઓફ ઇન્ડિયા
8. ધ સ્ટેટ ઓફ ઇસ્રાયેલ... વગેરે

પ્રો. રશબ્રૂક વિલિયમ્સ ‘ઓક્સફર્ડ ફેલો’હતા. તેમણે અલ્હાબાદ યુનિવર્સિટીમાં અર્વાચીન ભારતના ઇતિહાસનું અધ્યાપન પણ કર્યું હતું. B.B.C.ના ઇસ્ટર્ન સર્વિસીઝના નિયામક રહ્યા તેમ જ ‘લંડન ટાઇમ્સ’ના સંપાદકમંડળમાં પણ હતા. ‘રોયલ સેન્ટ્રલ એશિયન સોસાયટી’ અને ‘એન્સાઇક્લોપિડિયા બ્રિટાનિકા’માં લેખન પણ કર્યું હતું. સૂફીવાદ પ્રત્યેના તેમના આકર્ષણે સૂફીઓના સંપર્ક અને સૂફી સાહિત્યના અનુવાદનું પ્રદાન પણ કર્યું.

રશબ્રૂક વિલિયમ્સ ‘પૌરસ્ત્ય વિદ્યાઓ (પૂર્વની વિદ્યાઓ)ના વિદ્વાન આશિક’ હતા એમ કહી શકાય.





## 7. (Max Müller)




**જન્મ:** 1823

**અવસાન:** 1900,

જર્મનીમાં જન્મેલા મૅક મૂલરનું પ્રાથમિક તેમ જ ઉચ્ચ શિક્ષણ લિપઝિગ-જર્મનીમાં થયું. ઇંગ્લેંડમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાનના વિદ્વાન પ્રાધ્યાપક તરીકે કારિકર્દી ઘડાયા પછી પૌરસ્ત્યવિદ્યા-ભારતીય વિદ્યાઓની શાખા અને તુલનાત્મક ધર્મના અભ્યાસની વિદ્યાશાખા ત્યાં તેમણે શરૂ કરાવી. પોતે પ્રાચ્યવિદ્યા અને ભારતીય વિદ્યાઓ વિષયક પુસ્તકો લખ્યાં અને લખાવ્યાં. હિંદુ ધર્મનાં ગ્રંથોના અંગ્રેજી અનુવાદના 50 પુસ્તકો ‘સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ’ના નામ તૈયાર કરાવ્યાં.

સંસ્કૃત ઉપરાંત ગ્રીક, લેટિન, અરેબિક અને ફારસી ભાષાના તેઓ નિષ્ણાત ભાષાશાસ્ત્રી કહેવાયા.

## 8. પ્રો.એ.બી.કીથ (Arthur Berriedale Keith)




**જન્મ:** 1879, સ્કોટલેન્ડ.

**અવસાન:** 1944.

આ સ્કોટીશ વિદ્વાન મૂળે બંધારણ-નિષ્ણાત હતા અને વિશ્વના ઘણા બધા દેશોના બંધારણ વિશેના અભ્યાસ ગ્રંથો તેમ જ સમીક્ષાગ્રંથો તેમણે લખ્યા છે. તદુપરાંત સંસ્કૃતભાષાના આ પંડિત ભારતીય વિદ્યાઓના પણ પ્રધ્યાપક હતા.

એડિનબરો યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાઓના અધ્યાપન દરમ્યાન તેમણે જે અનેક ગ્રંથો લખ્યા તેમાંના મહત્વના છે- 1.ઇન્ડિયન માયથોલોજી, 2.રિલિજીયન એન્ડ ફિલોસોફી ઓફ ધ વેદ અને ઉપનિષદ. 3.બુદ્ધિસ્ટ ફિલોસોફી ઇન ઇન્ડિયા અને 4.હિસ્ટ્રી ઓફ સંસ્કૃત લિટરેચર.

## 9. સર વિલિયમ જોન્સ (William Jones)



**જન્મ:** 1746, વેલ્શ.

**અવસાન:** 1794, કલકત્તા.

આ અંગ્રેજ ભાષાશાસ્ત્રી ભારતીય પ્રાચ્યવિદ્યાના વિદ્વાન તરીકે પ્રખ્યાત થઇ ગયા. ભારતીય આર્ય અને યુરોપિયન ભાષાઓના અસ્તિત્વ અને પરસ્પર સંબંધ વિષે વિચારનારા, આ પુરોગામી વિદ્વાને 'એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ'ની સ્થાપના કરી અને નવીન વિદ્યાશાખાઓ અને સંશોધનોની શરૂઆત કરી.

18મી સદીથી જ પર્શિયા, તુર્કસ્તાન અને મધ્ય પૂર્વના દેશોના અધ્યાપનની શરૂઆત કરનાર આ પંડિતે વિશ્વને પૂરવાર કરી આપ્યું કે હિંદુસ્તાન મદારીઓ, સાધુઓ અને રાજાઓનો જ દેશ નથી પણ ભવ્ય સાંસ્કૃતિક પરંપરા ધરાવતી પ્રાચીન ભૂમિ છે. કહી શકાય કે હિંદુસ્તાન પ્રત્યે પશ્ચિમના દૃષ્ટિકોણને બદલવાની એમણે પહેલ કરી હતી.

## 10. જેમ્સ ટોડ (James Tod)

**જન્મ**: 1782, ઇંગ્લેન્ડ

**અવસાન**: 1835, લંડન, ઇંગ્લેન્ડ

લેફનન્ટ કર્નલ જેમ્સ ટોડ બ્રિટીશ અધિકારી હતા પણ પૌરસ્ત્યવિદ્યાઓના વિદ્વાન પણ ખરા જ. પોતાની પદવી(પોસ્ટ)ના સંદર્ભે તેમણે પશ્ચિમ ભારત-રાજસ્થાન તેમ







જ બીજે પણ ઠીકઠીક પ્રવાસો કરેલા. ઇતિહાસ અને સંસ્કૃતિમાં રસ ધરાવનારા આ અધિકારીએ રાજપુતાનાનો ઇતિહાસ લખ્યો. 'રાજસ્થાન'નામે; જે ખૂબ ચિત્રાત્મક અને મનોરંજક પણ બન્યો છે. ઘણા ઇતિહાસકારોએ એમની પૂર્વ પ્રત્યેની પક્ષપાતની નીતિની ટીકા કરી છે પરંતુ 18મી સદીના હિંદુસ્તાનના ઇતિહાસ-લેખનમાં એમનો અનન્ય ફાળો એટલે પણ છે કે માત્ર રાજસ્થાન જ નહિ-કચ્છ, કાઠિયાવાડના રાજપૂત વંશોનાં મૂળ અને કૂળ વિશેની માહિતી પણ એમાં વિગતવાર મળે છે. વિરલ હિંદપ્રેમીઓમાં કર્નલ ટોડની ગણના અચૂક થતી રહેશે.

## 11. રવીન્દ્રસિંગ બિષ્ટ (Ravindra Singh Bisht)



**જન્મ**: જાન્યુઆરી, 1944, ઉત્તરપ્રદેશ, ભારત.

સિંધુ ઘાટી સંસ્કૃત વિષેના તજજ્ઞોમાં ડો. રવીન્દ્રસિંગ બિષ્ટનું નામ જાણીતું છે. તેનાં ઉત્ખનન, સંશોધન અને અધ્યયનના ક્ષેત્રે ખાસ તો ધોળાવીરામાં કરાવેલું એમનું કાર્ય મહત્વનું છે. તે ઉપરાંત હરિયાણા, જમ્મુ અને કાશ્મીરમાં થઇ રહેલા પુરાતત્વીય સંશોધનના સંચાલક ડો.બિષ્ટ છે. નાલંદા, વૈશાલી જેવા બિહારના સ્થાનકો તેમ જ લુધિયાના-પંજાબમાં પણ આ સંદર્ભે ઉત્ખનન સંશોધન શરૂ થઇ ગયાં છે; જેમાં તેઓ માર્ગદર્શક છે. આ ઉપરાંત દેશભરનાં પુરાતત્વીય સંગ્રહસ્થાનોના નિર્માણ અને સંશોધનમાં પણ તેમનો મહત્વનો ફાળો છે. ભારત સરકારે તેમને 'પદ્મશ્રી' પુરસ્કાર આપ્યો છે.

ધોળાવીરા વિષયક લેખો અને સંશોધન ગ્રંથો એમનું મુખ્ય પ્રદાન છે.

## 12. એલેક્ઝાન્ડ કિનલોક ફોર્બ્સ (ફારબસ સાહેબ)

## (Alexander Kinloch Forbes)



**જન્મ:** 1821

**અવસાન:** 1865.

ફારબસ સાહેબના નામે જાણીતા આ અંગ્રેજ હાકેમે અમદાવાદના અને એક તબક્કે સમગ્ર ગુજરાતના સાંસ્કૃતિક જગતને 'આધુનિકતા'ના માર્ગે ચડાવવામાં કદાચ પહેલો પ્રથમ અને મહત્વનો ફાળો આપ્યો હતો.

1843માં બોમ્બે પ્રેસિડેન્સીના વહીવટી અધિકારી તરીકે ભારત આવેલા માનવતાપૂર્ણ અભિગમ ધરાવતા ફૉર્બ્સ સાહેબ અંગ્રેજોની ટીકાના પાત્ર બન્યા હતા.

1848માં અમદાવાદમાં તેમની નિમણૂંક થઇ ત્યારે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિનો અભ્યાસ તેમણે ગુજરાતીના જાણીતા કવિ દલપતરામ પાસે કર્યો. ત્યારથી જાણે ગુજરાતી ભાષા-સાહિત્ય-સંસ્કાર જગતને નવો વળાંક આપવા પ્રતિબદ્ધ થયેલા ફારબસ સાહેબે 1848માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની (હાલ ગુજરાત વિદ્યાસભા) સ્થાપના કરીને ભાષા સાહિત્યમાં સંશોધન-અભ્યાસોની શરૂઆત કરાવી. એમણે અમદાવાદની પહેલી મહિલાશાળા, પહેલું ગુજરાતી સામયિક (બુદ્ધિપ્રકાશ) શરૂ કરાવ્યાં ઉપરાંત પહેલું પુસ્તકાલય (આપારાવ ભોળાનાથ લાયબ્રેરી) ની સ્થાપના કરાવી. ગુજરાતના વિદ્વાનો, મહાજનો અને પ્રજાજનો સાથે મળીને શિક્ષણ જગતમાં પણ ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરૂ કરાવી.

કવિ દલપતરામની સાથે મળીને, ગુજરાત-સૌરાષ્ટ્રનો પુરાતત્વીય-લોકવિદ્યાના સંશોધન માટેનો લાંબો પ્રવાસ ખેડીને 'રાસમાળા-1,2'ના નામે ગુજરાત-સૌરાષ્ટ્રના મૌખિક સાહિત્યનો ગ્રંથ પ્રગટ કર્યો જે આજે પણ 1000 વર્ષના ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસ (8મી સદીથી 19મી સદી સુધી) તરીકે અજોડ અને અનોખું પ્રદાન ગણાય છે.

★★★





# પરિશિષ્ટ - 2

## સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ


| | પુસ્તકનું નામ | લેખક/સંપાદક |
|---|---|---|
| 1. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસઃ ગ્રંથ -7 | રસિકલાલ પરીખ / હરિપ્રસાદ શાસ્ત્રી |
| 2. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસઃ ગ્રંથ - 8 | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 3. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસઃ ગ્રંથ - 9 *(શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન - સંશોધન કેન્દ્ર)* | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 4. | ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (સલ્તનત અને મોગલકાળ) *(એન.બી.એસ. બુક ડિપો)* | મૌલાના સઈદ અબુઝફર નકવી |
| 5. | ઇતિહાસનાં પાનાં પર રક્તછાંટા *(પીપલ્સ બુક હાઉસ)* | ભગવતશરણ ઉપાધ્યાય |
| 6. | મારૂં હિંદનું દર્શન *(નવજીવન પ્રકાશન મંદિર)* | જવહરલાલ નહેરૂ |
| 7. | સંસ્કૃતિ દર્પણ | ડો. આર.ટી. સાવલિયા |
| 8. | ગુજરાતમાં પ્રવાસન *(ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય)* | ડો. મેહબૂબ દેસાઈ |
| 9. | યાત્રાપર્વ *(ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય)* | વાડીભાઈ જોશી |
| 10. | ગુજરાત અને ગુજરાતી *(નવભારત સાહિત્ય મંદિર)* | ચંદ્રકાંત બક્ષી |
| 11. | .મહાજનોની યશગાથા *(આર.આર. શેઠની કંપની)* | મકરન્દ મહેતા |

12. હિંદુ-મુસ્લિમ સપ્રમાણતા અને માનવીય જોડાણઃ સાંસ્કૃતિક અહેવાલ
    અજાણ્યું ગુજરાત
    (*ઉત્થાન, સફર અને સમર્થ*)

13. ગુજરાતની અસ્મિતા — રજની વ્યાસ
    (*અક્ષરા પ્રકાશન*)

14. સંસ્કૃતિ સંદર્ભ — રઘુવીર ચૌધરી

15. ગુજરાતની કીર્તિગાથા — ક.મા. મુનશી

16. આપણો સહિયારો સાંસ્કૃતિક વારસો — મોહન દાંડીકર
    (*યજ્ઞ પ્રકાશન*)

17. પ્રવાસનઃ સિધ્ધાંત અને વ્યવહાર — ડો. મેહબૂબ દેસાઈ
    (*ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય*)

18. ગુજરાતની હિંદુદેવીઓનું પ્રતિમા વિધાન — ડો. રામજીભાઈ સાવલિયા, આશુતોષ સાવલિયા

19. ગુજરાત- સાંસ્કૃતિક પ્રવાસ (ટૂંકો પરિચય) — ડો. સરૂપધ્રુવ
    (*સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ*)

20. તીર્થભૂમિ ગુજરાત — રઘુવીર ચૌધરી
    (*રંગદ્વાર પ્રકાશન*)

21. મિરાતે અહમદી — મીરઝા મોહમ્મદ હસન.
    અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી
    (*સરખેજ રોઝા કમિટી*)

22. તારીખે અવાલિયા-એ-ગુજરાત — મીરઝા મોહમ્મદ હસન.
    મિરાતે અહમદી (પુરવણી) ભાગ- 3
    અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી
    (*એન.બી.એસ. બુક ડિપો*)

23. મિરાતે સિકંદરી — મોહમ્મદ સિકંદર
    (સિકંદરકૃત ગુજરાતના સુલ્તાનોનો ઇતિહાસ)
    અનુઃ આત્મારામ મોતીરામ દિવાનજી
    (*સરખેજ રોઝા કમિટી*)





**પુસ્તકનું નામ — લેખક/સંપાદક**

24. ગુજરાતનું ગૌરવઃ ઇતિહાસ સામે પડકારો — ડો. મંગુભાઈ પટેલ
    (ગુજરાત ઇતિહાસ પરિષદ 25મું અધિવેશન, જયપુર)
    (પ્રમુખ પ્રવચન)
    (*ગુજરાત ઇતિહાસ પરિષદ*)

25. ઇતિહાસ અને સાહિત્ય — ભોગીલાલ સાંડેસરા
    (*ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય*)

26. ઇતિહસઃ સ્વરૂપ અને પધ્ધતિ — રસિકલાલ પરીખ
    (*ગુજરાત યુનિવર્સિટી*)

27. ગુજરાતના ઘડવૈયાઃ સ્વ-વિકાસની પ્રયોગશાળા — મકરંદ મહેતા
    (13મી સદીથી19મી સદી સુધી, ગ્રંથ-1)
    (*અરૂણોદય પ્રકાશન*)

28. ગુજરાતની ઇતિહાસ સંશોધન પ્રવૃત્તિનું સિંહાવલોકન — હીરાલાલ પારેખ
    (ગુજરાતી સાહિત્ય સંમેલન : 12મું અધિવેશન)
    (*ગુજરાતી સાહિત્ય સંમેલન*)

29. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન — હીરાલાલ પારેખ

30. ઐતિહાસિક સંશોધન — દુર્ગાશંકર શાસ્ત્રી
    (*ગુજરાતી સાહિત્ય પરિષદ*)

31. સંપ્રદાયવાદ અને ભારતીય ઇતિહાસ લેખન — રોમિલા થાપર, હરબંસ મુખિયા, બિપિન ચંદ્ર
    (*લોકવાંગ્મય ગૃહ*)

32. તસ્વીરે ગુજરાત — વિષ્ણુ પંડયા
    (*પાર્શ્વ પ્રકાશન*)

33. 21મી સદીનું ગુજરાત — પ્રવીણ શેઠ અને બલદેવ આગજા
    (*પાર્શ્વ પ્રકાશન*)

| | |
|---|---|
| 34. ગુજરાતમાં સૂફી ઓલિયાઓએ લખેલા ફારસી ગ્રંથો (*એન.બી.એસ.બુકડિપો*) | દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી |
| 35. પુરાણોમાં ગુજરાત (*ગુજરાત વિદ્યાસભા*) | ઉમાશંકરજોશી |
| 36. તારીખે સલ્તનત-એ-ગુજરાત | |
| 37. તારીખે અવાલિયા - એ- ગુજરાત (મિરાતે અહમદી) ભાગ-3 | |
| 38. સૌરાષ્ટ્રનો ઇતિહાસ (1948 થી 1956) (*દર્શક ઇતિહાસ નિધિ*) | એસ.વી. જાની |
| 39. ગુજરાત અને દરિયો (*દર્શક ઇતિહાસ નિધિ*) | મકરંદ મહેતા |
| 40. A Cultural History of India | Basham |
| 41. The Shaping of Modern Gujarat - Plurality, Hindutva and Behind. (*Penguin Books*) | AchyutYagnik, Suchitra Seth |
| 42. Sufism & Bhakti in South Asia (*Orient Blackswann*) | Kavita Punjabi |
| 43. An Introduction to the study of Indian History (*Popular Prakashan*) | D. D. Kosambi |
| 44. Aryan Invasion Theory - Fabrications and Fallouts (A Distinctive Cultural Magazine of India, Vol-40, No-1, Issue-79) | Ed. P. Parameshwaram |
| 45. History of International Trade and Customs Duties in Gujarat (*Darshak Ithihas Nidhi* ) | Makrand Mehta |






# પરિશિષ્ટ - 3

## સૌરાષ્ટ્ર સંદર્ભ સૂચિ


| સંખ્યા | પુસ્તકનું નામ | લેખક / સંપાદક / અનુ. |
|---|---|---|
| 1. | સૌરાષ્ટ્ર | મનસુખલાલ દૂધરેજિયા |
| 2. | ઉપરકોટ | યોગેન્દ્ર દેસાઇ |
| 3. | દ્વારિકા (*રંગદ્વાર પ્રકાશન*) | રઘુવીર ચૌધરી |
| 4. | ગિરનાર (*રંગદ્વાર પ્રકાશન*) | સંજય ચૌધરી |
| 5. | શ્રી શત્રુંજય મહાતીર્થ દર્શન (*મહાવીર શ્રુતિમંડલ*) | મહેન્દ્રભાઇ ગોળવાલા |
| 6. | તસ્વીરોમાં જૂનાગઢ (પ્રવીણ પબ્લિકેશન) | પ્રદ્યુમ્ન કાચર |
| 7. | સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઇતિહાસ (*પ્રવીણ પબ્લિકેશન*) | પ્રદ્યુમ્ન કાચર |
| 8. | સોરાષ્ટ્રનો ઇતિહાસ (1807 -1948) (*રંગદ્વાર પ્રકાશન*) | એસ.વી. જાની |
| 9. | ઊર્મિ નવરચનાઃ સૌરાષ્ટ્રની ધર્મ સાધના | ઇશ્વરલાલ દવે, જયમાલ પરમાર |
| 10. | જૂનાગઢ | શંભુપ્રસાદ દેસાઇ |
| 11. | શ્રી સોમનાથ દર્શન (*ઓમ બુક સ્ટોર્સ*) | કમલેશ પટેલ |
| 12. | દ્વારિકા દર્શન અને મહાત્મ્યની કથા (*અજય પબ્લિકેશન*) | પ્રવીણ જોશી |
| 13. | Lothal (*Archaeological Survey of India*) | S.R. Rao |
| 14. | Understanding Harappa Civilization in the Greater Indus Valley (*Tulika Books*) | Shirin Ratnagar |

## અમારાં પ્રકાશનો

1. **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) — સંપાદન : ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 25.00
2. **'દસ્તાવેજ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — મૌન બલોલી — રૂા. 25.00
3. **'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
4. **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો** — ડો. સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી અને મયંક ઓઝા (અપ્રાપ્ય)
5. **'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્યસંગ્રહ) — સંપાદન અને અનુવાદ : હિરેન ગાંધી — રૂા. 150.00
6. **હસ્તક્ષેપ** (જનવાદી કાવ્યસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 125.00
7. **સહિયારા સૂરજની ખોજમાં** (જનવાદી ગીતસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
8. **કાળમુખો અંધાર ભેદવા** — અનુવાદ-સંપાદન : સરૂપ ધ્રુવ અને ડો. રાજકુમાર નાગર.

   (યુદ્ધ અને હિંસા વિરોધી વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહોનાં છ પુસ્તકો)

   1. **કારણ છે મારે જીવવાનું** — ગુજરાતી કાવ્યો (અપ્રાપ્ય)
   2. **હિંસક સમયમાં** — હિંદીમાંથી અનુવાદિત કાવ્યો — રૂા. 25.00
   3. **એ લોકો અને આપણે** — વિશ્વસાહિત્યનાં પસંદિત કાવ્યો — રૂા. 25.00
   4. **મંઝિલ ભણી** — ગુજરાતી વાર્તાઓ (અપ્રાપ્ય)
   5. **માહૌલ ખરાબ છે** — હિંદીમાંથી અનુવાદિત વાર્તાઓ — રૂા. 25.00
   6. **એક સરહદી ઇચ્છા** — અન્ય ભારતીય ભાષાઓ તથા વિશ્વસાહિત્યની પસંદિત વાર્તાઓ — રૂા. 25.00





9. **ઉમ્મીદ હોગી કોઇ(2009)** — સરૂપ ધ્રુવ
   (2002ના જનસંહાર પછીની સત્યઘટનાઓ)
   (રાજકમલ પ્રકાશન, દિલ્હીથી મેળવી શકાય.) — રૂા. 150.00
10. **કાવતરું ખરું; પણ કોનું ? (2011)** — રૂા. 20.00
    (તહેલકામાં પ્રકાશિત શ્રી. આશિષ ખેતાનનો અહેવાલ)
11. **આધુનિકતાની ખોજમાં –પુસ્તક શ્રેણીનાં ૭ પુસ્તકો (2013)**
    1. **આધુનિકતા એટલે...** — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
    2. **ભારતનું બંધારણ અને આધુનિકતા** — ગિરીશભાઇ પટેલ — રૂા. 75.00
    3. **મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા** — સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 75.00
    4. **વિજ્ઞાન અને આધુનિકતા** — ડો. રવિ સિંહા અને ડો. ઉમાશંકર તિવારી. — રૂા. 75.00
    5. **ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા** — **સરૂપ ધ્રવ** — રૂા. 125.00
    6. **દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા** — **સુભાષ ગાતાડે** — રૂા. 75.00
    7. **મૂડીવાદ અને આધુનિકતા** — **હિરેન ગાંધી**, **ડૉ. વિભૂતિ પટેલ** — રૂા. 125.00
12. **કામદારોની દુનિયા – દુનિયાનું ભવિષ્ય (2013)**
    (ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનું ઘોષણાપત્ર) — રૂા. 20.00
13. **શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતિક સંસ્કૃતિ (2014) (લેખ સંગ્રહ)** — હિરેન ગાંધી — રૂા. 50.00
14. **સ્ટ્રીટ થિયેટર(2014) (અનુભવો અને સંવેદનો)** — હિરેન ગાંધી — રૂા. 50.00

## નાટકોની CD / DVD

1. **સુનો ! નદી ક્યા કહતી હૈ ...(2004)** સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી
રૂા. 50.00
(રિવરફ્રન્ટના મુદ્દે થયેલા વિસ્થાપનના તથ્ય ઉપર આધારિત નાટક)
2. **હમ (2008)** રૂા.100.00
(-2002ની અસરગ્રસ્ત મહિલાઓ વિશેની સત્યઘટનાઓ ઉપર આધારિત નાટક...)
3. **ઐસા ક્યોં ? (2010)** રૂા. 150.00
(સ્ત્રી અને હિંસા વિષેનાં ઐતિહાસિક ક્રમને નિરૂપતું નાટક.)
4. **ઘિરે હૈં હમ સવાલ સે (2010)**
(આદિવાસીઓના સવાલો નિરૂપતું નાટક) રૂા. 150.00

**વેબ સાઈટ : www.darshanahmedabad.org**

**: પ્રાપ્તિસ્થાન :**

**1. 'દર્શન'**
પહેલે માળે, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટી પાસે,
જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ-380051.
**રજિ. સરનામું :**

**2. હિરેન ગાંધી**
9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વેસ્ટેશન રોડ,
જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-380051.